# દર્શનાચાર




: પ્રવચનકાર :

પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (પંડિત મ.સા.)

# દર્શનાચાર

આશીર્વાદદાતા

ષડ્દર્શનવિદ્, અધ્યાત્મગુણસંપન્ન સ્વ. પ.પૂ. મુનિરાજ શ્રી

**મોહજિતવિજયજી મ.સા. (મોટા પંડિત મહારાજ)**

પ્રવચનકાર

સિદ્ધાંતમહોદધિ, કર્મસાહિત્યનિપુણ સ્વ. આચાર્યદેવેશ **શ્રીમદ્**
**વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ,
સુવિશાલગચ્છાધિપતિ આચાર્યદેવેશ **સ્વ. શ્રીમદ્ વિજય**
**રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**
સૂક્ષ્મતત્ત્વવિવેચક, દર્શનપ્રભાવક પ.પૂ. ગણિવર્ય
**શ્રી યુગભૂષણવિજયજી મ.સા. (નાના પંડિત મહારાજ)**

વી.સં. ૨૫૨૬ · વિ.સં. ૨૦૫૬ · ઈ.સ. ૨૦૦૦ · નકલ-3000

પ્રકાશક

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચંટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી,
અમદાવાદ-૭.

# આમુખ

આત્માની ઉપર જડ કર્મો ચોંટવાથી તેનો જે શુદ્ધ સ્વભાવ છે, તેને કેવો કાબરચીતરો વિવિધરંગી કરે છે, તે આ ચિત્ર દર્શાવે છે. આત્મા અરૂપી છે તો વિવિધ રંગે રંગાયો કેમ? અને આ રંગો દૂર કરવા અને શુદ્ધ અરૂપી સ્વરૂપ પામવા કરવું શું? જ્યાં જ્યાં સફેદ રંગ થોડો પણ જણાય છે, ત્યાં કર્મોના સામ્રાજ્યમાં ઓટ આવી છે અથવા તો આત્માના ગુણો પ્રગટવાની શરૂઆત થઇ છે.

આ આત્મા બે પ્રકારનો પુરુષાર્થ કરે છે. એક આંતરિક અને બીજો બાહ્ય. આંતરિક પુરુષાર્થનું ફળ આંતરિક ચાર આચારોની પ્રાપ્તિ છે જ્યારે બાહ્ય આચારથી આંતરિક ગુણોનું પ્રાગટ્ય થાય છે.

| આંતરિક આચાર | | બાહ્ય આચાર | |
|---|---|---|---|
| નિઃશંકિતતા | જિનવચનમાં શંકા ન હોવી | ઉપબૃંહણા | મિથ્યાત્વીની પ્રશંસા ન કરવી |
| નિઃકાંક્ષા | અન્યમતની વાંછા ન કરવી | સ્થિરીકરણ | જિનમતધારીને ધર્મમાં સ્થિર કરવો |
| નિર્વિચિકિત્સા | ધર્મના ફળમાં સંદેહ ન કરવો | વાત્સલ્ય | સર્વ આરાધક જીવો માટે વાત્સલ્ય ભાવ રાખવો |
| અમૂઢદૃષ્ટિ | મિથ્યાત્વીની પ્રવૃત્તિમાં મોહિત ન થવું | પ્રભાવના | મને જે સદ્ધર્મ મળ્યો છે તે સૌને મળે તેવો ભાવ |

જે જીવો આ વિષયની સમજ કેળવશે તેમની જિનવચન પ્રત્યેની શ્રદ્ધામાં જમીન આસમાન જેટલો ફેર પડી જશે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું આ અમોઘ સાધન છે. ધર્મનું ફળ ધર્મ રૂપે મળશે અને પરંપરાએ મોક્ષપ્રાપ્તિનું કારણ બનશે.

એ જ લિ.
શ્રી ઉત્તમભાઇ આર. ગાંધી (સોલીસીટર્સ)

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ.પૂ.આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષો તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મ.સા. તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવાંમાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વ જિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વ જિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યજ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે તેવી આશા સહિત-

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટી ગણ
ગીતાર્થ ગંગા

**પુસ્તકની ૧૦૦૦ નકલ માત્ર આઠ દિવસ જેટલાં ટૂંકાં સમયમાં જ વેચાઇ જવાથી દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત થઇ રહી છે.**

# 卐 પ્રાપ્તિ સ્થાન 卐

-: ગીતાર્થ ગંગા :- **AHMEDABAD**
૫, જૈન મર્ચંટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭. ફોન નંબર - ૬૬૦ ૪૯ ૧૧

-: નિકુંજભાઈ ર. ભંડારી :- **MUMBAI**
વિષ્ણુમહલ, ત્રીજે માળે, ગરવારે પેવેલીયનની સામે, ડી રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.
ફોન નંબર - (૦૨૨) - ૨૮૧ ૪૦ ૪૮, ૨૮૧ ૦૧ ૯૫

-: શૈલેષભાઈ બી. શાહ :- **SURAT**
૯, દિવ્યજ્યોતિ એપાર્ટમેન્ટ, ઘોડાદોડ, અઠવા લાઈન્સ, સુરત.
ફોન નંબર - (૦૨૬૧) - (ઘર) ૬૬ ૬૩ ૫૨ (ઓ) ૪૩ ૯૧ ૬૦, ૪૩ ૯૧ ૬૩

-: નટવરભાઈ એમ. શાહ, (આફ્રીકાવાળા) :- **AHMEDABAD**
૯, પરિશ્રમ બેંક ઓફ ઇન્ડીયા સોસાયટી, વિજયનગર ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩.
ફોન નંબર - ૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

-: કમલેશભાઈ દામાણી :- **RAJKOT**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન નંબર - (૦૨૮૧) - (ઘર) ૨૩૩૧૨૦

-: ઉદયભાઈ શાહ :- **JAMNAGAR**
C/o, મહાવીર અગરબત્તી વર્ક્સ, C- 9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે, જામનગર.
ફોન નંબર - (૦૨૮૮) - ૬૭૮૫૧૩

-: વિમલચંદજી :- **BANGALORE**
C/o, જે. નેમકુમાર એન્ડ કંપની, કુંદન માર્કેટ, ડી.એસ. લેન, ચિકપેટ ક્રોસ, બેંગલોર-૫૬૦ ૦૫૩.
ફોન નંબર. - (૦૮૦) - (ઓ.) ૨૮૭૫૨૬૨, (ઘર) ૨૨૫૯૯૨૫.

મૂલ્ય :- રૂા. ૧૦-૦૦

卐 卐 卐


: મુદ્રક :
મુદ્રેશ પુરોહિત
સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઇટ-બોપલરોડ, અમદાવાદ-૫૮.

**સ્થળ : નવરંગપુરા ઉપાશ્રય, અમદાવાદ.**

**વ્યાખ્યાન : ૧** **તા. ૨૨-૦૧-૯૮, પોષ વદ નોમ, ૨૦૫૪, ગુરૂવાર**

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને આત્માના પૂર્ણ સુખની પ્રાપ્તિ કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટિએ આત્માનું સુખ એ જ પામવા જેવું સુખ છે. જગતના જીવો સુખને ઝંખે છે પણ તેમના સુખની દૃષ્ટિ ભૌતિક છે અને મહાપુરુષો સુખ પ્રદાન કરવા આત્માના સુખની વાત કરે છે. માટે જેને આત્મસુખની સમજ અને આત્મસુખની પ્રાપ્તિ માટે ઝંખના જાગે તેવા જીવો આત્મકલ્યાણના માર્ગ પર ચડી જાય. હવે તે આત્મસુખ પામવા જીવે આત્માના ગુણોનો વિકાસ કરવાનો છે. તેમાં પણ ક્રમ છે કે ગમે તે ગુણથી શરૂઆત કરવાની છે? તો **શાસ્ત્ર કહે છે કે ગમે તે ગુણથી નહિ પણ ગુણપ્રાપ્તિ માટેનો ચોક્કસ ક્રમ છે અને તે ક્રમમાં પહેલાં ભગવાનના શાસનમાં દર્શનગુણ આવે છે. માટે ભગવાને દર્શાવેલા આખા ધર્મમાં પહેલાં દર્શનાચાર આવ્યો.** વળી મોક્ષમાર્ગમાં પણ પહેલાં સમ્યગ્દર્શન મૂક્યું છે. આનો અર્થ એ કે દર્શનગુણથી ધર્મમાં વિકાસની શરૂઆત થાય છે. માટે સાચી ઉત્ક્રાંતિ કરવા માટે પહેલાં દર્શનગુણની પ્રાપ્તિનો પ્રયત્ન કરવો જોઈએ. નાનું બાળક પણ ધર્મક્ષેત્રમાં આવશે તો પહેલાં તેને દેવ-ગુરુ-જ્ઞાનનાં દર્શન કરાવાશે; એટલે પહેલાં આરાધ્ય તત્ત્વનાં દર્શન, પૂજન, બહુમાન કરાવાય છે. તમે પણ દર્શન-પૂજન-બહુમાનથી શરૂઆત કરી. નવો નવો પહેલો પ્રવેશ કરે તેના માટે પણ પહેલાં દર્શન-પૂજન-વંદન જ આવે. કેમ કે ધર્મક્ષેત્રમાં આવતો થાય, **બહુમાનપૂર્વક દર્શન-પૂજન કરે, પછી સમજ-જિજ્ઞાસા વધે તેમ સમજતો જાય, એટલે જ્ઞાન આવે, અને પછી પ્રવૃત્તિરૂપ ચારિત્રાચાર આવે.** તમારામાં કોઈ એવો નહિ હોય કે જેણે દેવ-ગુરુ-ધર્મનાં દર્શન-પૂજન નહિ કર્યાં હોય. ઉપાશ્રયમાં આવનારાઓમાં કોઈ એવો ન હોય જે પરમાત્માનાં દર્શન-પૂજન ન કરે. પછી કોઈ અપવાદ નીકળે કે હું ભગવાનને નથી માનતો, પણ ધર્મ સમજવો છે, તો સાંભળવા જાઉં. પણ સામાન્ય રીતે તો દર્શન-પૂજન કરનારો જ આવે. તમે દર્શન કરો છો પણ શાસનમાં જે દર્શનાચાર બતાવ્યો છે, તે તમારા જીવનમાં છે ખરો? તમે દર્શન અને દર્શનાચારને એક સમજો છો કે જુદા સમજો છો?

અમારે ત્યાં આઠ પ્રકારનો દર્શનાચાર, આઠ પ્રકારનો જ્ઞાનાચાર, આઠ પ્રકારનો ચારિત્રાચાર અને તપાચાર ૧૨ પ્રકારનો મૂક્યો છે. પંચાચારરૂપ ધર્મમાં દર્શનાચારના આઠ પ્રકાર પાડ્યા. પ્રતિક્રમણમાં પણ 'વંદિત્તુ સૂત્ર' વગેરેમાં દિવસ દરમ્યાન થયેલા અતિચારોનું શુદ્ધિકરણ પ્રાયશ્ચિત્ત જ છે ને! દૈનિકમાં તો છે જ પણ પક્ખીપ્રતિક્રમણમાં તો વિશેષરૂપે છે. અતિચાર મૂક્યા છે, તેમાં પંચાચારના અતિચારોનું શુદ્ધિકરણ હોય છે. તેમાં દર્શનના અતિચાર પણ આવે છે. શ્રાવકે અષ્ટવિધ દર્શનાચાર અવશ્ય પામવો જોઈએ. **આત્મામાં દર્શનગુણની પ્રાપ્તિ, સ્થિરતા, દૃઢતા, વિકાસ કરવામાં આ આઠ પ્રકારનો આચાર પ્રબળ સાધન**

**છે. દર્શનગુણ પામ્યા વિના ધર્મનો પ્રારંભ નથી. તે ગુણ પામવાના સાધન તરીકે રોજ દર્શન-પૂજાની ક્રિયાઓ કરાવીએ છીએ.** આ દર્શનગુણને પામવા-ટકાવવા વગેરેમાં સપ્લીમેન્ટરી-કોમ્પલીમેન્ટરી થઇ શકે, માટે આઠ પ્રકારનો દર્શનાચાર બતાવ્યો અને તે શ્રાવકે પાળવો જોઇએ. વ્યવહારથી પણ શ્રાવકપણું કે જૈનપણું રાખવા આ દર્શનાચાર જરૂરી છે. અમે વ્યવહારથી સાધુ કહેવાઇએ છીએ, તો મારે કહેવું પડે કે આ સાધુના આચાર છે; તેમાં હું જે ન પાળું તે મારી નબળાઇ, ખામી છે. સાધુ તરીકે સાધુ માટે જેમ મિનિમમ સાધ્વાચાર છે, તેમ તમારા માટે પણ મિનિમમ શ્રાવકાચાર આવે ને? હા, તમે બધા મહાશ્રાવકના શ્રાવકાચારની ભૂમિકામાં નથી, પણ મિનિમમ શ્રાવકાચાર તો આવે ને? કે તેની પણ કોઇ આવશ્યકતા-જરૂરિયાત નથી? આપણે ત્યાં વ્રતધારી શ્રાવક હોય કે ન હોય, પણ દર્શનાચાર પાળનાર શ્રાવક તો જોઇએ જ. દર્શનાચાર ન પાળતો હોય, તે તો શ્રાવકના લેબલમાં આવે જ નહિ. માટે અષ્ટવિધ દર્શનાચાર તો ફરજિયાત છે. પણ તમને ભગવાનનું ફરજિયાતપણું ફાવે કે ડૉક્ટરનું ફરજિયાતપણું ફાવે? ત્યાં તો પાછા નમ્રતા સાથે કહો, 'બીજી પણ કોંઇ સૂચના હોય તો કહો.' તમારા જીવનમાં ભગવાન કરતાં ડૉક્ટરનું સ્થાન વધારે છે ને?

**સભા :-** ડૉક્ટરનું સ્થાન તો હોય જ ને!

**સાહેબજી :-** એટલે ભગવાનને છેલ્લે રાખ્યા છે? એક પછી એક બધાના નંબર આવી જાય. પછી છેલ્લી કેટેગરીમાં ભગવાનનો નંબર આવે ને? એટલે ભગવાનનું મોસ્ટ ડીવેલ્યુએશન છે ને? ડૉક્ટર જે કાંઇ કહેશે તે તમામ શરીરની બાબતમાં જ હશે ને? અને શરીરની બાબતમાં અગત્યની સલાહ પાળવા કેટલા તૈયાર છો? પણ ભગવાનની સલાહ માનવાની બાબતમાં શું છે? ડૉક્ટરની સલાહનું બરાબર પાલન કરો, તેનો અર્થ એ કે તમે શરીરની ખૂબ જ સાર-સંભાળ કરનારા છો. શરીરના પૂજારી કહું તો પણ ચાલે ને? આત્માની ચિંતા કેટલી?

શ્રાવક બનવું હોય તો દર્શનાચાર ફરજિયાત જ છે. **શ્રાવકના જીવનમાં જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર ઓછો-વત્તો હોઇ શકે, પણ દર્શનાચાર ન હોય અને તે શ્રાવક બની શકે, તે તો ત્રણ કાળમાં શક્ય જ નથી.** એટલે દર્શનાચાર સૌથી પહેલી પ્રાયોરીટી છે. **અત્યારે તમે જીવનમાં દર્શન-પૂજા રાખ્યાં છે, પણ દર્શનાચાર તો ભૂલી ગયા છો ને?** અહીં બેઠેલામાંથી કોઇ આઠ પ્રકારના દર્શનાચાર ગણાવી શકશે? આઠ પ્રકારના દર્શનાચારને સેવ્યા વિના તમારે જૈનશાસનમાંથી જે લાભ મેળવવાનો છે, તે કદી નહિ મેળવી શકો. તમને ઊંચામાં ઊંચું શાસન મળ્યું તેનો પ્રાથમિક લાભ પણ ક્યારે મળે? આઠ પ્રકારનો દર્શનાચાર પાળો તો. શાસ્ત્રમાં ઉત્તમ શ્રાવકનાં દૃષ્ટાંત આવે, તેમના જીવનમાં આઠ પ્રકારનો દર્શનાચાર તો વણાયેલો જ હોય. આજ સુધીમાં અનંતા જીવોએ મોક્ષમાર્ગ પર ચઢી આત્મકલ્યાણ કર્યું, તે બધાએ પહેલાં જીવનમાં દર્શનગુણ કેળવ્યો. તે કેળવવા પ્રવેશદ્વાર તરીકે દર્શન-પૂજનની ક્રિયા શાસ્ત્રમાં બતાવવામાં આવી છે. નાનું બાળક પણ સવા મહિનાનું થાય એટલે તેને ભગવાન અને ગુરુનાં દર્શન કરાવે. તમારા માટે પ્રણ દેવ-ગુરુનાં દર્શન, ધર્મ, ધર્મક્રિયાઓ વગેરે દર્શનગુણ પામવાના લક્ષ્યથી જ છે.

દર્શનગુણ વિનાનો જીવ ધર્મક્ષેત્રમાં આંધળો છે. અરે આંધળાથી પણ આકરી ઉપમાઓ

શાસ્ત્રોમાં આપી છે. આંધળો તો સારો, બહુ બહુ તો સામેની વસ્તુ જુએ નહિ. જ્યારે મિથ્યાદૃષ્ટિ તો ખરાબ, કારણ કે જે છે તેના કરતાં ઠીક ઊંધું જુએ છે. ન જુએ તે સારું કે ઊંધું જુએ તે સારું? આંધળો તો ભીંત વગેરેને જોતો જ નથી, જ્યારે મિથ્યાદૃષ્ટિ તો ભીંતની જગ્યાએ દરવાજો અને દરવાજાની જગ્યાએ ભીંત જુએ છે, એટલે પહેલો અથડાય.

દર્શનગુણ પેદા કરવાનું સાધન આ દર્શનાચાર છે. **દર્શનગુણ એટલે ધર્મ જેવો છે તેવો તેને દેખાય. ભગવાનને હાથ જોડવા તે તો દર્શનની ક્રિયા છે, પણ તીર્થંકરોએ પ્રરૂપેલો કલ્યાણનો માર્ગ જાણે નજરોનજર સામે દેખાય, તે દર્શનગુણ છે.** બહારની દૃષ્ટિ સ્પષ્ટ હોય તેને બહારની દુનિયા સ્પષ્ટ દેખાય; તેમ દર્શનગુણ પ્રગટ્યો, તેનામાં આંતરદૃષ્ટિ આવી. પછી તેને ભગવાને કહેલો ધર્મ જેવો છે તેવો દેખાશે. **ભગવાને કહેલો ધર્મ જેને સ્ફુરણારૂપે દેખાય છે, એવા જીવે તીર્થંકર શબ્દ ન સાંભળ્યો હોય તો પણ જગતમાં સાચો ધર્મ, તેનું સ્વરૂપ અને તેના આચરણ બાબતમાં તેને ગેરસમજ હોય જ નહિ.** જે જેવું છે તેવું ધર્મનું સ્વરૂપ તેને સ્પષ્ટ સમજાય. તેવા મહાન દર્શનગુણને પામવા આઠ પ્રકારનો દર્શનાચાર બતાવ્યો. તેનું પાલન કરતાં કરતાં દર્શનગુણ પામ્યાનાં શાસ્ત્રમાં અનેક દૃષ્ટાંત છે. તમને કોઇ પૂછે, "જૈનશાસનમાં દર્શનગુણ પામવાનો ઉપાય શું?" તો અષ્ટવિધ દર્શનાચાર. આ એક એક આચાર તમારા જીવનમાં છે કે નહિ તેની તપાસ કરવા જેવી છે અને ન હોય તો પામવા પ્રયત્ન કરવા જેવો છે. વળી તેનું વર્ણન સાંભળશો તો થશે કે દુનિયામાં સત્ય, સત્યના ઉપાસક, સત્યગુણના ગ્રાહક બનવું હોય તો આ સિવાય કોઇ વિકલ્પ નથી. દુનિયામાં કોઇપણ સત્યધર્મની ઉપાસના માટેનો આચાર શોધો તો તે આ આઠ પ્રકારના દર્શનાચારમાં જ આવે.

જૈનદર્શનમાં આચારનાં ધોરણ એ પ્રકારનાં મૂકેલ છે કે જિનશાસનમાં રહેલી વ્યક્તિને સમ્યગ્દર્શનગુણ પામવો સહેલો પડે. હવે એક એકના નામ લઇ વ્યાખ્યા કરીશ. ક્યાંક યુક્તિ-દૃષ્ટાંત પણ આપીશ. તમારા અતિચારમાં સંક્ષેપમાં તેનો સંગ્રહ પણ છે. પણ તમારે ત્યાં સંઘમાં અતિચાર ભણેલા શોધવા પડે ને? હોય તો રેકોર્ડ ગણાય.

**સભા :-** એટલું અધઃપતન નથી થયું હજી!

**સાહેબજી :-** તમારા સંઘમાં ૨૦-૨૫ અતિચાર ભણેલા નીકળશે? અતિચાર તો પ્રાથમિક જ્ઞાન છે. તમારા સંઘમાં ડૉક્ટર્સ, એન્જીનીયર્સ, સી.એ.વાળાનું લિસ્ટ કરો તો? કેમ કે સંસારમાં આની માંગ છે ને? આ અતિચારો ગુજરાતીમાં છે, છતાં વ્યાખ્યાનમાં બાર મહિના નીકળી જાય એટલું તત્ત્વ તેમાં છે.

દર્શનાચારમાં પહેલા ચાર આચારનાં નામો આ પ્રમાણે છે. ૧. નિઃશંકા ૨.નિષ્કાંક્ષા ૩. નિર્વિચિકિત્સા. ૪. અમૂઢદૃષ્ટિ.

### ૧. નિઃશંકા દર્શનાચાર

દર્શનાચાર પાળવા શ્રાવકે પહેલાં નિઃશંકપણું અને પછી નિષ્કાંક્ષાપણું પામવાનું છે. આ શબ્દો પણ એટલા જ નવા લાગશે. કેમ કે તમે માત્ર શરીરથી ભારતીય રહ્યા છો. આ

જગતમાં જે પણ સાચો ધર્મ હોય તેને અણીશુદ્ધ રીતે સમજવો, અને તે બાબતમાં નિઃશંક=શંકારહિત બનવું, એટલે સાચા ધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ, સુનિશ્ચિત અને આસ્થાવાળા બનવું. જગતમાં સાચું તત્ત્વ હોય તેના પરની આસ્થા બંધાઇ જાય તો કામ થઇ જાય. જ્યાં સુધી સાચા પર શ્રદ્ધા ન થાય અને ખોટા પરથી આસ્થા તૂટે નહિ, ત્યાં સુધી કામ ન થાય. પણ અત્યારે તમને શંકા-કુશંકા સંસારમાં વધારે કે ધર્મમાં? તમને ડૉક્ટર કહે તેમાં વધારે શંકા-કુશંકા થાય કે ભગવાન કહે તેમાં વધારે શંકા-કુશંકા થાય? સંસારમાં પણ ઘણા સલાહકારો છે. ત્યાં ફી ચૂકવી સલાહ લો છો. પણ ત્યાં શંકા-કુશંકા વધારે કે ધર્મના ક્ષેત્રમાં શંકા-કુશંકા વધારે? પ્રાણાંતે પણ, ગમે તેવી કટોકટી, વિપરીત સંયોગોમાં પણ, સાચા ધર્મ પર આસ્થા છે અને રહેવાની જ, તેવું કહી શકો ખરા? વળી ભગવાન ગમે તે ધર્મ સ્વીકારવાની વાત કરતા નથી. ધર્મ ઓળખી-પારખીને સ્વીકારવાનો છે. તત્ત્વની દૃષ્ટિએ ખોટું હોય તેના પર આસ્થા-વિશ્વાસ કરવાનાં નથી. સાચું અને સારું છે, ૧૦૦% નક્કર વસ્તુ છે, તેના પર જ વિશ્વાસ-શ્રદ્ધા કેળવવાની છે. તેથી નિઃશંકઆચારવિષયક અતિચારમાં લખ્યું કે "દેવ-ગુરુ-ધર્મ તણે વિષે નિઃશંકપણું ન કીધું." ધર્મક્ષેત્રમાં મુખ્ય તત્ત્વ તરીકે દેવ-ગુરુ-ધર્મ આવશે. દુનિયાના કોઇ પણ ધર્મમાં આ ત્રણ તત્ત્વની જ વાત આવશે અને આખો ધર્મ સાંગોપાંગ રીતે આ ત્રણ તત્ત્વમાં સમાવિષ્ટ થાય છે. તત્ત્વત્રયીથી બહારની વાત ક્યાંયે નથી. **બધે ઇશ્વર-ગુરુ-ધર્મની વાત છે. આ ત્રણમાં તમારે નિઃશંક બનવાનું, અને તે બનો તો પહેલો દર્શનાચાર તમારા જીવનમાં આવે. વળી આ દર્શનાચાર માત્ર દેરાસર-ઉપાશ્રયમાં જ નહિ, પણ ૨૪ કલાક પાળવાનો છે.** તે જીવનમાં ક્યારે વણાઇ જાય? કે જ્યારે મગજમાં બેઠું હોય કે આ પ્રાણરૂપ શ્રાવકાચાર છે. શ્રાવકપણા સાથે દર્શનાચારનો અતૂટ સંબંધ છે. આ ટેલી કરવા જાતનું નિરીક્ષણ કર્યા કરવાનું. તમને કોઇ એકાંતમાં પૂછે કે, ઈશ્વરતત્ત્વ બાબતમાં તમે નિઃશંક છો? પરમાત્મતત્ત્વ જ આરાધ્ય-ઉપાસ્ય છે, તેને છોડી જગતમાં ઊંચું કાંઇ છે જ નહિ, તેવો અડીખમ વિશ્વાસ ખરો? કે હજી પરમાત્મા કેવા હશે? કોણે જોયા છે? ભગવાનની વાત કરે છે પણ ભગવાન છે જ નહિ, તેવાં ગૂંચળાંઓ છે? વળી જૈનધર્મ અમુક ઈશ્વરતત્ત્વનું વર્ણન કરે છે, તે સાચું - સારું લાગતું હોય તો તેને સમર્પિત થાઓ, ભક્તિ-ઉપાસના કરો, પણ તે નિઃશંકપણે કરો. અત્યારે પગે લાગો છો પણ વિશ્વાસ કેટલો તે પ્રશ્ન છે. બાકી હાથ તો તમે ગમે ત્યાં જોડી આવો તેવા છો. પણ પછી કોઇ પૂછે કે હૃદયમાં તેના પર શ્રદ્ધા-વિશ્વાસ કે સત્યતાની પ્રતીતિ છે? તો શું જવાબ આપશે? જેના પ્રત્યે તમને સદ્ભાવ-વિશ્વાસ નથી, તેને હાથ જોડો, તે એક પ્રકારનો દંભ છે કે બીજું કાંઇ? **મને હાથ જોડે તે મારા પ્રત્યે સદ્ભાવવાળો છે એવું માનું, તો મારે થાપ જ ખાવાની આવે ને? ધર્મક્ષેત્રમાં તમે પ્રમાણિક છો કે અપ્રમાણિક તેની આ નિશાની છે. પ્રમાણિક હોય તો ગમે ત્યાં હાથ ન જ જોડે.**

**સભા(શિષ્ય) :-** અમને થોડો સદ્ભાવ છે, તમારે પૂરેપૂરો જોઇએ છે.

**સાહેબજી :-** થોડો સદ્ભાવ તેનો શું અર્થ? તમારા બચાવ માટે મહારાજે ટકાવારી પાડી. તમને ગમતું હોય તેના પ્રત્યે જ બહુમાનની ક્રિયા કરવાની છે. માટે સાચું-સારું નથી લાગતું

છતાં તેને હાથ જોડો, ભક્તિ કરો તો તે એક પ્રકારનો મિથ્યા દંભ-છેતરપીંડી છે. કડક લાગશે પણ હકીકત છે. **શાસ્ત્ર કહે છે-જે ધર્મ, ઇશ્વર સાચા-સારા લાગે તેની આરાધના કરવી.**

**સભા :-** બીજાના ભગવાનને પગે ન લાગીએ, એ એક પ્રકારનો તિરસ્કાર નથી?
**સાહેબજી :-** ના, પગે ન લાગો તો તિરસ્કાર જ કર્યો એમ કહેવાય તેવું નથી.

**સભા :-** મંદિર તરીકે નહિ, પણ ફરવા નીકળીએ અને જઇએ તો શું વાંધો?
**સાહેબજી :-** ધર્મસ્થાનકો હરવા-ફરવાનાં સ્થળ નથી. તે તો ઉપાસનાનાં સ્થળ છે. માટે ન માનતો હોય તેણે ફરવાની દૃષ્ટિથી ધર્મનાં સ્થાનોમાં જવાની જરૂર જ નથી.

**સભા :-** તેમના સાધુ પ્રત્યે આદર નહિ કરવાનો?
**સાહેબજી :-** આદર કરવાનો પણ તે કોનો? સાચું કે સારું લાગે તેનો કે બીજાનો?

**સભા :-** 'અતિથિ દેવો ભવ' કહ્યું છે ને?
**સાહેબજી :-** તે સૂત્ર જૈનશાસનનું નથી. વૈદિકધર્મવાળાએ લખ્યું છે. આપણા મહાપુરુષોએ તેનું ખંડન કર્યું છે. જૈનધર્મમાં અતિથિનો સત્કાર કરવાની વાત છે, અતિથિ દેવની વાત નથી. હા, તમારા આંગણે અભ્યાગત-દીન-દુઃખી-અતિથિ-મહાપુરુષો-સાધુ-સંતો આવે અને શ્રાવકનાં દ્વાર અભંગ કહ્યાં છે, માટે કોઇને જાકારો ન મળે, પણ બધાની કેટેગરી સરખી નથી. અતિથિ દેવ નથી. અતિથિ સત્કારપાત્ર છે. આવે તો લાગણીપૂર્વક બોલાવે, બેસાડે, પાણી વગેરે આપે, કામ વગેરે સૌમ્યતાથી પૂછે. તેમને ત્યાં 'અતિથિ દેવો ભવ' કહ્યું, તો આપણાં શાસ્ત્રોએ કહ્યું કે અતિથિ તરીકે આવેલા બધા સાધુ-સજ્જન-સંત ન હોય; અને ભગવાનની કેટેગરીમાં અતિથિને મૂકો તો ભગવાનની આશાતના છે. જૈનશાસનમાં આનું ખંડન કરતાં કહ્યું કે, આ એક પ્રકારનું મિથ્યાત્વ છે. **કદી પણ અતિથિને ભગવાનનું સ્થાન ન અપાય.** મારી તો વાત એ છે કે જે વ્યક્તિ સામે આવે તેના પ્રત્યે જે ભાવ હોય તે પ્રમાણે વર્તન કરાય. તેનાથી વિપરીત ભાવ પ્રગટ કરો તો દોષ લાગે છે.

તમને જે ધર્મ કે તેના ઇશ્વર આદિ પ્રત્યે હૃદયમાં પૂજ્યભાવ નથી, છતાં તેમના ધર્મસ્થાનકમાં જાઓ ત્યારે ઔપચારિકતા ખાતર હાથ જોડો કે વંદન-નમસ્કાર કરો તો તે દંભ છે અને ધર્મમાં દંભ કરવો તે મોટું પાપ છે. જીવનમાં શ્રાવકે-સદ્ગૃહસ્થે તે ન કરવું. માટે તમને જેના પર સદ્ભાવ હોય તેના પ્રત્યે જ હાથ જોડવા. પણ તેનો અર્થ એ નથી કે બીજા પ્રત્યે તિરસ્કાર છે. હા, તેની સાથે ગેરવર્તણુંક કરો તો તિરસ્કાર છે. **જૈનશાસન તો કહે છે "જે સાચું-સારું લાગે તેની સાથે સદ્ભાવપૂર્ણ વ્યવહાર કરો અને સાચું-સારું ન હોય તો તેનાથી દૂર રહો",** પણ અન્ય ધર્મનાં સ્થાનકો વગેરેની નિંદા-તિરસ્કારની વાત નથી, સાથે સાથે બધાની ઉપાસનાની વાત પણ નથી, સાચા-સારાની જ ઉપાસના કરવાની. તમારે તમારી ઉન્નતિ કરવી હોય તો ઊંચું અને સારું લાગતું હોય તેનું જ આલંબન લેવું પડશે.

માટે ઊંચું, સારું શું? તે બાબતમાં સુનિશ્ચિત બનો. દેવ-ગુરુ-ધર્મની શોધ-પરખ કરી, તેમની બાબતમાં નિઃશંક બનો.

તમે આ દર્શનાચાર પામી ગયા છો? સાચા-સારાની શોધ કરી તે બાબતમાં નિશ્ચિત છો? અમારે ત્યાં શંકાના પણ પ્રકાર પાડ્યા. ઘણાને થાય કે શાસ્ત્ર કોણે રચ્યાં? બધા મહારાજ સાહેબ જુદું જુદું બોલે છે. ધર્મમાં પણ મતભેદો-વિચારો ઘણા છે. તેમાં આપણે શું માનવું ? વગેરે ભાવો થાય છે. ધર્મક્ષેત્રમાં શંકા-કુશંકાના વિકલ્પો છે, તે બધાને પાર પામી ગયા છો કે તેમાંથી કોઇને કોઇમાં ફસાયેલા છો? તમારામાં નિઃશંકપણું આવશે તે દિવસે ધર્મનો સાચો પાવર આવી જશે. કેમ કે દેવ-ગુરુ-ધર્મનો નિર્ણય, નિશ્ચયપૂર્વકની શ્રદ્ધા કરી હોય પછી વિશ્વાસ-દૃઢતા કેટલાં હોય? પ્રસંગે કહે, આ જ શરણ છે. આ સિવાય તરવાનો કોઇ માર્ગ નથી. અત્યારે તમારા માટે ગતિ-મતિ-આલંબન બધું ભગવાન જ છે? નિઃશંકપણું આવશે ત્યારે જ આ બધું તમારામાં ઘટશે.

આ આઠ પ્રકારનો દર્શનાચાર જેનામાં ન હોય તે કદી સત્ય ધર્મનો સાચા અર્થમાં ઉપાસક હોય જ નહિ. સત્ય ધર્મના સાચા ઉપાસકની ઓળખ આ આઠ પ્રકારના દર્શનાચારમાં જ આવશે. જેનામાં દર્શનાચાર નથી પ્રગટ્યો એવાએ તો ઉપાસક બનવાની હજી મહેનત કરવી પડે. આઠમાં પહેલા ચાર ભાવાત્મક છે, પાછળના ચાર પ્રવૃત્તિપ્રધાન છે. ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય, પ્રભાવના આ ચારમાં આચાર-પ્રવૃત્તિ આવે. ઉપબૃંહણા=પ્રશંસા-પ્રોત્સાહન. સાચો ધર્માત્મા જગતમાં ક્યાંય પણ જાય તો સાચા-સારાને તેના દ્વારા પ્રોત્સાહન મળે, ખોટાને તેના દ્વારા પ્રોત્સાહન મળે જ નહિ. કુટુંબ-ઘરમાં પણ તમે કોની વધારે ઉપબૃંહણા કરો? જે વધારે ગુણીયલ-સદાચારી હોય તેની જ વધારે ઉપબૃંહણા હોય, કે કોઇ ડીગ્રીવાળો હોય, ખૂબ કમાતો હોય, સમાજમાં પણ ખોટાં કામ કરી આવતો હોય તેની ઉપબૃંહણા હોય? સાચા ધર્માત્માનું જીવનના હરેક ક્ષેત્રમાં માનસ કેવું હોય તેની વાત છે. તેની સાથે તમારું મેચીંગ ક્યાં છે તે જુઓ. વેપાર, જાહેરજીવન દરેકમાં તમારી ઉપબૃંહણા સાચી જગ્યાએ ન હોય તો સીધો દર્શનાચાર તૂટવાનો. વળી આ એવો યુનિવર્સલ એથીક્સ(વૈશ્વિક સદાચાર) છે કે જગતના સાચા-સજ્જન વ્યક્તિને તેમાં વાંધો જ ન હોય.

આ આઠે પ્રકારના દર્શનાચાર જીવનના તમામ પાસામાં ટેલી કરવાના છે. તમે દર્શન-પૂજા કરો છો પણ દર્શનગુણના સાધક દર્શનાચારને પામ્યા છો કે નહિ? સદ્ધર્મના ઉપાસક બન્યા છો કે નહિ તે વિચારવાનું છે.

**સભા :-** ઓઘથી દર્શનાચાર હોઇ શકે?

**સાહેબજી :-** આ ઓઘથી દર્શનાચારનું વર્ણન છે ને? ઓઘ એટલે સામાન્ય. તમારા જીવનમાં ગુંડાઓ, બદમાશ, પાપી, અધર્મીને પ્રોત્સાહન મળે તેવું વર્તન-વિચાર હોય, તો ઓઘથી દર્શનાચારમાં આવવાનો? કે દર્શનાચારમાં કલંક આવે?

**સભા :-** તેના માટે પણ જ્ઞાન જોઇએ ને?

**સાહેબજી :-** બધાં શાસ્ત્રો કે બધી તત્ત્વની વાતો સમજતો ન હોય, પણ સામાન્યથી ભગવાનના

વચન પર વિશ્વાસ છે કે, 'પૂર્ણજ્ઞાની એ જ અલ્ટીમેટ ઓથોરીટી છે અને મને તો પૂર્ણજ્ઞાનીનું વચન જ પ્રમાણ છે; તેનાથી વિરુદ્ધની વાતો મારા માટે અસત્ય, અવિશ્વસનીય જ છે'. હા, પૂર્ણજ્ઞાનીનું વચન વિસ્તારથી સમજ્યો ન હોય, પરીક્ષા ન થઇ હોય, પણ શ્રદ્ધા હોય. ઓઘશ્રદ્ધા કાંઇ પોલી શ્રદ્ધા નથી. ઓઘશ્રદ્ધા પણ હોય તો પાકી જ. માત્ર વિસ્તૃત-વિશદ્ સમજણ નથી. વિશદ્ સમજણપૂર્વકની શ્રદ્ધા તે સ્પષ્ટશ્રદ્ધા છે. આઠ પ્રકારનો દર્શનાચાર શ્રાવકજીવનમાં ૨૪ કલાક વણાયેલો હોય. તેના પર જ તમારા વિકાસની આધારશીલા છે. દર્શનાચાર વિના દર્શન-પૂજા કરતા હશો તો માનીએ કે ફોતરાં હાથમાં લઇને ફરો છો. માટે નિઃશંકપણું પામવાની પ્રક્રિયા ચાલુ કરો. દર્શનાચાર પામવાની પ્રક્રિયા ચાલુ કરી તે પામી જાઓ એટલે દર્શનાચાર આવી જાય.

**સભા :-** ત્રણેયમાં દેવ-ગુરુ-ધર્મમાં પૂરેપૂરી શ્રદ્ધા જોઇએ?

**સાહેબજી :-** હા, નિઃશંકપણે. એટલે જ શાસ્ત્રમાં ઘણા શબ્દો નેગેટીવ આસ્પેક્ટથી (નકારાત્મક દૃષ્ટિકોણથી) આપ્યા છે. કેમ કે નેગેટીવ સ્ટેટમેન્ટમાં (નકારાત્મક વિધાનમાં) ૧૦૦% બોલવું પડે. દા.ત. આ હોલમાં માણસ નથી, એમ ક્યારે બોલી શકો? એક પણ માણસ અહીં ન હોય તો, અને માણસ છે તેમ બોલવું હોય તો ૧-૨૫ ગમે તેટલા હોય તો પણ બોલી શકો. માટે ઓછી શંકા કે વધારે શંકા ન લખી અને **દેવ-ગુરુ-ધર્મ પર વિશ્વાસ રાખવો તેમ ન કહેતાં નિઃશંકપણું રાખવું એમ કહ્યું. કેમ કે વિશ્વાસ રાખવો શબ્દ બોલે તો તમારા જેવા ઘૂસી જાય અને કહે, સાહેબ! થોડો વિશ્વાસ છે. પણ અહીં નિઃશંક શબ્દ વાપર્યો. એટલે થોડી પણ શંકા હોય ત્યાં સુધી પ્રવેશ ન મળે.** એટલે મહાપુરુષોએ શબ્દો બહુ જ વિચારી વિચારીને વાપર્યા છે. આ વાત સમજો તો વ્યવહારમાં પણ એક પણ અયોગ્ય, અધર્મી, ખોટાને પ્રોત્સાહન મળે તેવું વર્તન આવ્યું, તો સમજવાનું કે દર્શનાચારમાં ખામી આવશે.

❀ ❀ ❀

**વ્યાખ્યાન : ૨** **તા. ૨૩-૦૧-૯૮, પોષ વદ દશમ, ૨૦૫૪, શુક્રવાર**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ પરમ કલ્યાણકારી ધર્મની પ્રાપ્તિ કરાવવા માટે આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જ્ઞાનીઓની દૃષ્ટિએ આ જગતમાં સારરૂપ જો કોઇ તત્ત્વ હોય તો તે ધર્મ છે. અનંતીવાર આ જીવ દુર્ગતિમાં રખડ્યો પણ તેને વ્યવહારથી પણ ધર્મ મળ્યો નહિ. મનુષ્યભવ, સંજ્ઞીપંચેંદ્રિયપણું વગેરે અમુક જ ભવો છે જેમાં વ્યવહારથી પણ ધર્મની પ્રાપ્તિ થાય છે. અસંજ્ઞીના તમામ ભવો વ્યવહારથી પણ ધર્મપ્રાપ્તિ માટે અયોગ્ય છે. અસંજ્ઞી અવસ્થામાં કોઇ પણ જીવ કદી પણ ધર્મ પામવા લાયક નથી, પછી તે તીર્થંકરનો આત્મા હોય કે ગણધરનો આત્મા હોય; પણ અસંજ્ઞી અવસ્થામાં હોય તો તત્કાલ તે ભવ પૂરતો ગેરલાયક જ છે. વળી જગતમાં કે **શાસ્ત્રમાં એવાં કોઇ દૃષ્ટાંત નથી કે અસંજ્ઞી દશામાં કોઈ જીવ ધર્મ પામ્યા**

**હોય.** એકેંદ્રિયથી અસંજ્ઞી પંચેંદ્રિય સુધીના ભવોમાં જ મોટાભાગની જીવરાશિ સબડે છે. **કુલ જીવસૃષ્ટિમાંથી ૯૯.૯૯% જીવો અસંજ્ઞી અવસ્થામાં સબડે છે.** સંજ્ઞી પંચેંદ્રિયમાં તો મહાસાગરમાં બિંદુ કરતાં પણ ઓછા છે. ધર્મ પામે તો સંજ્ઞી અવસ્થામાં જ પામે. હવે સંજ્ઞી અવસ્થામાં પણ પશુસૃષ્ટિ કૂતરાં-બિલાડાં-દેડકાં-કબૂતર વગેરે કેટલાં? તે જીવોને ધર્મનો પડછાયો પણ જીવનમાં મળતો નથી. કેમ કે પશુભવ એવો છે કે જ્યાં પ્રાયઃ કરી ધર્મસામગ્રીનો અવકાશ નથી. નરકગતિમાં ધર્મ પામનારા ઓછા. એટલે એક મનુષ્યભવ જ એવો છે, જ્યાં ધર્મપ્રાપ્તિનો અવકાશ-સામગ્રી વધારે મળે છે. પણ અહીં પણ સંપત્તિ, સત્તા વગેરે બીજી બીજી વસ્તુની જરૂરિયાત મહત્ત્વની લાગે છે, પણ ધર્મની આવશ્યકતા-ભૂખ બહુ ઓછા જીવોને હોય છે. માટે આ ભવમાં પણ ધર્મની શોધ કરનારા કે શુદ્ધ ધર્મનું આચરણ કરનારા કુલ માનવસૃષ્ટિના ૦.૧% પણ ન આવે. તેમાં પણ મોટા ભાગનાને તો ધર્મ ન મળ્યો હોય તો પણ વાંધો નથી. ઘણાને વારસામાં જે મળ્યો હોય તે પકડી લે. વળી વારસાથી મળેલા ધર્મને પણ Mature(પરિપક્વ) થઇ સમજે નહીં કે આ જ ધર્મ કેમ પાળવાનો, બીજો કેમ નહિ? **ધર્મનું રહસ્ય વગેરેનો વિચાર કરી, ધર્મની ઓળખ કરી ધર્મની પસંદગી કરનારાં દુનિયામાં કેટલા? સાચા ધર્મના શોધક કેટલા? જીવનમાં ખોરાક-પાણી વિના ન ચાલે તેમ જીવનમાં ધર્મ વિના પણ ન ચાલે તેવું માનનારા કેટલા?** આવું માને અને તેના કારણે ધર્મની ભૂખ-જરૂરિયાત લાગે તો પણ, તેમાં તપાસી-શોધી સ્વીકારનારા ઓછા મળશે.

જૈનશાસનમાં દર્શનાચારમાં તો પાયામાં ધર્મની શોધક વ્યક્તિની જરૂરિયાત ઊભી થાય છે. કેમ કે પહેલો જ દર્શનાચાર શું છે? દેવ-ગુરુ-ધર્મના વિષયમાં નિઃશંક અને એકાંત નિશ્ચયવાળા થવાની વાત છે. આનો અર્થ શું? દેવ-ગુરુ-ધર્મ ત્રણેયની પરીક્ષા કરી, તેમને ઓળખી, તેમના સ્વરૂપને સમજી તેમની બાબતમાં સુનિશ્ચિત દઢ નિર્ણયવાળા બનવાનું છે. તેમના સિવાય આરાધવા-ઉપાસવા લાયક કોઇ તત્ત્વ સંસારમાં છે જ નહિ, તેવો હાડોહાડ તત્ત્વનિર્ણય થવો જોઇએ. અને તે થાય તો જ સમજવાનું કે જીવનમાં પહેલો દર્શનાચાર આવ્યો. દર્શન-પૂજન કરતાં જીવનમાં દર્શનાચાર પામ્યા કે નહિ તે તપાસવા માટે આ પહેલી કસોટી છે. જીવનની ઘણી બાબતોમાં તમે ચોક્કસ નિર્ણય કરી બેઠા છો કે, આમ જ કરાય, આમ જ થાય, આના વિના તો ન જ ચાલે; તેમ ધર્મના વિષયમાં દેવ-ગુરુ-ધર્મતત્ત્વના ચોક્કસ નિર્ણય બંધાઇ ગયા છે? કે બાંધવાના બાકી છે? ઇશ્વરના સ્વરૂપ બાબતમાં ચોક્કસ નિર્ણય છે? કે ડગુમગુ છો? પૂ.હેમચંદ્રાચાર્યજી મ. લખે છે કે આ દુનિયામાં અમને તો ખાત્રી થઇ ગઇ છે કે, વીતરાગ સિવાય બીજા કોઇ પરમાત્મા હોઇ શકે જ નહિ. તેઓનો જમાનો નાસ્તિકોનો જમાનો નહોતો. અત્યારે તો નાસ્તિકોનો યુગ છે. ધર્મની વાત કરનારો આજે વેદિયો, અંધશ્રદ્ધાળુ ગણાય. હાઇલી એજ્યુકેટેડ ક્લાસમાં દા.ત. ૫-૨૫ ડૉક્ટર્સ, એન્જીનીયર્સ વચ્ચે જઇ તમે કહો કે હું ઇશ્વરમાં માનું છું, તો તેમના પર તમારી શું છાપ પડે? વેદિયો આવ્યો છે, તેમ જ ને? આનો અર્થ ધર્મમાં શ્રદ્ધા રાખવી તે પછાતપણાની નિશાની છે ને? આવા યુગમાં બીજા ધર્મવાળા અને જૈનધર્મવાળાને શાસ્ત્રાર્થનો પ્રશ્ન નથી. જયારે **પૂ.હેમચંદ્રાચાર્યજીના યુગમાં દરેક ધર્મવાળા પોતપોતાના ધર્મની શ્રદ્ધામાં દઢતાવાળા**

**હતા. માટે ડગલે-પગલે શાસ્ત્રાર્થ કરવાનો પ્રસંગ ઊભો થતો. અનેકવાર રાજસભામાં શાસ્ત્રાર્થ વગેરે કરી જૈનશાસનની સ્થાપના માટે બૌદ્ધિક પરિશ્રમ પડ્યો હોય. માટે તેઓશ્રી સામાન્ય રીતે બોર્ડ જ મારી રાખતા કે આ દુનિયામાં વીતરાગને છોડી કોઇ દેવ અમને લાગતા નથી અને તે વાતમાં જેને મતભેદ હોય તો તે ચર્ચા કરી શકે છે.** જૈનશાસન ચોક્કસ વ્યક્તિને ભગવાન કહેતું નથી, ભગવાનના સ્વરૂપની વાત કરે છે. માટે વીતરાગતાને સામે રાખી તેઓ બોર્ડ રાખતા. આ શું બતાવે છે? **દેવ-ગુરુ-ધર્મની બાબતમાં તેઓનું નિઃશંકપણું હતું અને બીજાને પણ નિઃશંક કરવા આવી વાતો કરતા.** તમને આવા નિર્ણયો સમજણથી (શ્રદ્ધાથી નહિ) બેઠા છે? આ બેસી જશે તો નિઃશંકપણું આવી જશે.

જગતમાં ગમે તેટલી મહાન વ્યક્તિ હોય પણ તેનામાં રાગ-દ્વેષ હોય તો તેનામાં પરમેશ્વરપણું ન હોઈ શકે. રાગ-દ્વેષ આવે એટલે તટસ્થતા ચાલી જાય અને આવી વ્યક્તિ સત્યને યોગ્ય ન્યાય ન આપી શકે. શાસ્ત્ર કહે છે પૂર્ણ મધ્યસ્થતા વીતરાગમાં જ આવે. અને ધર્મ સત્યમાં સમાય છે અને સત્યને બરાબર ન્યાય રાગ-દ્વેષથી રહિત પૂર્ણ મધ્યસ્થ હોય તે જ આપી શકે. તેથી આવી વ્યક્તિ જ ધર્મનું પ્રતિપાદન કરવા અધિકારી છે. તમારામાં કોઇના પણ પ્રત્યે રાગ આવ્યો એટલે તે બાજુ ઢળાવ આવશે. **આજે તમે તમારા જીવનમાં યોગ્ય નિર્ણય નથી કરી શકતા, તેમાં કારણ તમારા મનમાં રહેલા રાગ-દ્વેષ જ છે.** ભૌતિક દૃષ્ટિએ ખોટા નિર્ણય બંધાયા છે તેમાં પણ મોટે ભાગે રાગ-દ્વેષ જ કારણ છે. વળી ધર્મમાં તો પારમાર્થિક સત્યોની પ્રરૂપણા કરવાની છે, માટે પૂરી તટસ્થતા જોઇએ. માટે જ **શાસ્ત્ર કહે છે કે, સર્વજ્ઞ, વીતરાગ સિવાય કોઇ ધર્મઉપદેશના સ્વતંત્ર અધિકારી નથી. અમારે તો તેમના વચનનું વ્યાખ્યાન-વિવેચન-સમજણ આપવાની છે. અમે સ્વતંત્ર રીતે એક પણ વસ્તુ કહીએ તો ઉત્સૂત્ર ભાષણ કહેવાય.** ઈવન ગણધરો પણ ઉપદેશ આપે તો શું કહે? "પૂર્ણ જ્ઞાની, સર્વજ્ઞ, વીતરાગ ભગવાને આવું કહ્યું." આપણે ત્યાં આગમમાં ઠેર ઠેર **સુધર્માસ્વામી કહે: "મેં પ્રભુ પાસેથી આમ સાંભળ્યું છે". મારી બુદ્ધિ આમ કહે છે તેવું લખાણ નહિ મળે.** અહીં તો સ્વતંત્ર બોલવાનો અધિકાર વીતરાગ-સર્વજ્ઞને જ છે. તેઓ જ પૂર્ણતાને કારણે પૂર્ણ સત્યનું પ્રતિપાદન કરી શકે. જિનશાસનમાં પરમેશ્વરનું જે સ્વરૂપ બતાવ્યું છે તેમાં તમારી જેટલી નિઃશંકતા હશે, તેટલા તમે સાચા ધર્મી બનશો.

હવે પરમેશ્વરતત્ત્વ ધર્મનું ઉદ્ગમબિંદુ છે, જ્યારે ગુરુતત્ત્વ એવું છે જેની નિશ્રામાં રહી, માર્ગદર્શન લઇ કલ્યાણના માર્ગે આગળ વધવાનું છે. માટે ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ પણ પારખવાનું આવે. આ ત્રણેયમાં નિઃશંક બનો એટલે પહેલો દર્શનાચાર આવી ગયો. આવી વ્યક્તિ વ્યવહારથી સમકિતની ભૂમિકામાં આવી ગઇ છે. હવે દર્શનગુણ ખીલી શકે તેવું માળખું તૈયાર થઇ ગયું છે. આવો જીવ સંસારના કોઈપણ ક્ષેત્રમાં જાય, પણ દેવ-ગુરુ-ધર્મ પરની નિઃશંકતાનો પડઘો પડ્યા વિના નહિ રહે. તમે ગમે ત્યાં જાઓ પણ ભગવાનના છો એવું અમે કહી શકીએ? દેવ -ગુરુ-ધર્મ પરની નિઃશંક શ્રદ્ધા હશે, તો દેવ-ગુરુ-ધર્મની વિરુદ્ધ કાંઇ પણ વાત હશે તો તમારે મતભેદ થશે જ. **તમારે બધાની સાથે બધાની વિચારસરણીમાં મેળ થાય (હરવા-ફરવા કે ખાવા પીવાના મેળની વાત નથી) તો**

**દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે નિઃશંકપણું નથી આવ્યું. કારણ શાસ્ત્ર કહે છે, સમકિતીના વિચારો સમકિતી સાથે જ મેચ થાય.** પૂ.ઉપાધ્યાયજી મહારાજ સાહેબે લખ્યું કે "આ દુનિયામાં અમે ઠેર ઠેર નજર નાખીએ તો મિથ્યાદૃષ્ટિઓનો રાફડો ફાટ્યો છે." "મિથ્યામતિ બહુ જન હૈ જગમેં પદ ન ધરત ધરણી". વળી તે કાળમાં ૩૫૦ વર્ષ પહેલાં આટલી નાસ્તિકતા ન હતી, છતાં આવું લખવું પડ્યું. એટલે ધર્મને સાચા અર્થમાં પામ્યા હો તો બધા સાથે મેળ ખાય જ નહિ. પહેલો દર્શનાચાર ઘણો કઠિન છે અને જીવનના હરેક ક્ષેત્રમાં ગોઠવવો તમારા માટે કસોટી છે. **કલિકાલમાં બધા દર્શનાચાર જીવનમાં ગોઠવવા હોય તો તમારી પાસે ઘણી સાત્ત્વિકતા માંગે તેમ છે.**

## ૨. નિષ્કાંક્ષા દર્શનાચાર

હવે નિઃશંકતા પછી બીજો દર્શનાચાર નિઃકાંક્ષા આવે છે. કાંક્ષા શબ્દ સંસ્કૃતમાં 'કામના' અર્થમાં વપરાય છે. નિઃકાંક્ષા હોય તો અન્યધર્મમાં-મિથ્યાધર્મમાં કાંક્ષા પેદા ન થવી જોઇએ. પહેલો દર્શનાચાર એ હતો કે જીવનમાં સાચો ધર્મ શોધો, સમજો અને દઢતાપૂર્વક પકડી રહો. હવે તેની વફાદારીરૂપે બીજો ગુણ શું જોઇએ? નિઃકાંક્ષા. એકવાર ઊંચું-સારું મળ્યું, પછી તો હલકાની-તુચ્છની વાતો પ્રત્યે આકર્ષણ-અભિલાષા ન થવાં જોઇએ. જગતના અન્યમતો પર અભિલાષા થાય કે, આ ધર્મમાં આ વાતો ઊંચી અપનાવવા લાયક, વખાણવા લાયક છે; તો માનવાનું કે તમારામાં કાંક્ષા નામનો અતિચાર-દોષ આવે. દુનિયાના બીજા ધર્મોની વાતો સાંભળીને જો તમે ખોટા લેવાઇ જાઓ કે આ પસંદ કરવા લાયક, મેળવવા લાયક, જાણવા લાયક, પામવા લાયક છે; અથવા જૈનશાસન અને બીજા ધર્મો પ્રત્યે ઈક્વલ ફીલિંગ(સમાનભાવ)નો ભાવ થાય તો આ અતિચાર લાગે. ઘણા કહે, "બધા ધર્મોમાં અહિંસા-સત્ય-નીતિ-કલ્યાણ-મૈત્રી-પુણ્ય-પાપની વાતો તો આવે જ છે, માટે બધે તત્ત્વ તો કોમન છે, બધા ધર્મો સાચા-સારા છે અને ખાલી પેકીંગમાં જ તફાવત છે." આવી વિચારધારા ઘણી છે. આ વિચારધારાની અસરથી કાંક્ષારૂપ અતિચાર આવે, કેમ કે બધા ધર્મોને સમાન માન્યા. હા, સમાન હોય અને સમાન માનો તો અમને વાંધો નથી, પણ સમાનતા ન હોય અને સ્વીકારો તો મિથ્યાભાષણ થયું. કોઇ બીજા ધર્મની અમુક વાતો સાંભળીને ઈમ્પ્રેસ થઇ (અંજાઇ) જાઓ અને તે વાત અપનાવવાની ઇચ્છા થઇ જાય, તે રીતે કાંક્ષાપૂર્વક જે અન્ય ધર્મમાં જતા હોય છે, તે બધાને મિથ્યાત્વનું દૂષણ લાગે છે. ઘણા કહે, "ક્રિશ્ચિયનના ચર્ચમાં પીન ડ્રોપ સાઈલન્સ. ત્યાં શાંતિનો અનુભવ થાય અને આપણા દેરાસરમાં તો ઘોંઘાટ-ધમાલ હોય. આરાધનામાં શું મઝા આવે?" આવી વાત કરે તો તેટલા અંશમાં તેઓ લેવાઇ ગયા છે અને જરૂર પડે તો કાંક્ષા થઇ ગઇ છે.

**સભા :-** તો પછી ધર્મમાં ખામી દૂર કરવાની નહિ?

**સાહેબજી :-** ખામી તેનાં ધોરણોથી નક્કી થાય ને? **ગુણ-સદ્‌ગુણના બેરોમીટરથી મપાય કે પર્સનલ બેરોમીટરથી મપાય?** કોઇ કહે શાંતિ હોય, પણ શાસ્ત્ર કહે છે જિનમંદિરો ગાજતાં હોય. હા, ધ્યાન-કાયોત્સર્ગ માટે શાંતિ જોઇએ. **ઘણીવાર ભાવનાની અભિવ્યક્તિ**

**માટે પણ બીજી ક્રિયાઓ હોય છે.**

**સભા :-** ઘણાંને શાંતિથી પૂજા કરવી ગમતી હોય તો?

**સાહેબજી :-** તો ઘરદેરાસર બાંધે. આપણે ત્યાં ગૃહમંદિરની વાત છે ને? તેને ઘરમાં ભગવાન રાખવા નથી અને સંઘ પાસે અપેક્ષા રાખે છે કે, હું જાઉં તો સંઘ એકદમ શાંતિની વ્યવસ્થા રાખે, તો ન ચાલે. સામૂહિક સંઘના દેરાસરમાં તો સામૂહિક જ ભક્તિ હોય, તેમાં પીન ડ્રોપ સાઈલન્સ ન હોય. જો તમને પણ ખરેખર શાંતિની અપેક્ષા હોય તો વ્યક્તિગત વ્યવસ્થા રાખો, પણ સમૂહના ક્ષેત્રમાં આવી અપેક્ષા ન રખાય. વળી ધર્મમાં સીધું ધ્યાન-અનુષ્ઠાન નથી. સમૂહમાં પ્રાથમિક કક્ષાના જીવો વધારે હોય અને તેમના માટે ગાવું-બોલવું વગેરે, ભાવોની અભિવ્યક્તિ માટે જરૂરી છે. તમે તીર્થયાત્રામાં એકલા જાઓ તો કેવા ભાવો આવે અને સમૂહમાં જાઓ તો કેવા ભાવો આવે? **આરાધકોને સમૂહમાં ભાવોલ્લાસની વૃદ્ધિ અને પરસ્પર પ્રેરણા મળતી હોય છે. સામાન્ય જીવ માટે ધ્યાન-જાપની સીધી વાત નથી.** ધર્મના ક્ષેત્રમાં સમજ્યા વિના અન્ય ધર્મ સાથે સરખામણી કરતાં તેની અભિલાષા થાય, તો બીજો અતિચાર લાગશે. તમે કોઈ પણ જગ્યાએ જાઓ, પણ એ રીતે અભિલાષા ન થવી જોઈએ. **વાસ્તવમાં બધા ધર્મો સમાન નથી, અને બીજા ધર્મો સાથે જેટલી સમાનતા છે તેને તો ભગવાને સ્વીકારી જ છે. પણ સમાનતા ઓછી છે અને અસમાનતા ઘણી છે.** વળી પાયામાં એટલી મોટી અસમાનતા છે કે, આ વસ્તુ મિથ્યા છે તેમ કહેવું પડે. તમને કોઈ પણ અન્ય ધર્મની ઉપાસના-આરાધના માટે પૂજ્યભાવ-અહોભાવ થાય, તો દર્શનાચારનો અતિચાર આવે. સાચા દેવ-ગુરુ-ધર્મને છોડી બીજા પ્રત્યે પૂજ્યભાવ-ઉપાસ્યની બુદ્ધિ સ્વપ્નમાં પણ ન થાય, તો તમે નિઃકાંક્ષ બની શકશો. આનો અર્થ ઘણા ઊંધો કરે છે કે, આ તો ચોકઠામાં પૂરવાની, કંઠી બંધાવવાની વાત છે; પણ આ ખોટું છે. જૈનધર્મ તો કહે છે કે, **ધર્મ સાચો અને સારો લાગે તો સ્વીકારો, પણ સ્વીકાર્યા પછી વફાદારીથી વળગી રહો. સાચું-સારું પકડવા તનતોડ મહેનત કરો, પણ તે નક્કી થયા પછી વફાદારીપૂર્વક વળગી રહો,** ઢોચકાની જેમ ફર્યા ન કરો. **નિઃકાંક્ષાપણામાં વફાદારી માંગે છે.** બીજાની અભિલાષા ન જોઈએ. હા, આ ખોટું લાગતું હોય અને બીજું સાચું લાગતું હોય તો તેને પકડો. નહિતર જીવનમાં સાચું મેળવવા છતાં ફેરફુદરડીની જેમ ફર્યા કરે તો તેનું કલ્યાણ ન થાય. ખરેખર, નક્કર સત્ય લાગતું હોય તો બરાબર પકડી આગળ વધો. તમારા જીવનમાં સત્યધર્મની જ નિષ્ઠા-કામના રહે તેવું મનોબળ કેળવાયું હોય, તો ઉત્તમ ભૂમિકા તૈયાર થઈ જાય. ઘણા તો બીજાનું વખાણવા જતાં જૈનધર્મની સાચી-સારી વાતો વખોડી કાઢશે. પોતાના મનનો ભાવ કેવી રીતે વળાંક લે છે, તે પણ ખબર નહિ પડે. જેવો સદ્ભાવ ટ્રાન્સફર થયો તેવો કાંક્ષા અતિચાર આવ્યો. **કાંક્ષા અતિચારવાળા જીવો દર્શનગુણને નિર્મળ નહિ કરી શકે.** આ ભાવો ચોવીસ કલાક ગૂંથાયેલા જોઈએ, કાયમ ખાતે મનમાં નિઃશંકપણું, નિઃકાંક્ષાપણું જોઈએ. તેના વગરના જીવ દર્શનાચારથી વંચિત છે.

### ૩. નિર્વિચિકિત્સા દર્શનાચાર

સંસ્કૃત ભાષામાં ચિકિત્સા શબ્દ છે, જેનો અર્થ રોગ માટેની ઔષધ ક્રિયા થાય છે. આયુર્વેદમાં પણ ચિકિત્સા શબ્દ વાપર્યો છે. જેમ શરીરના દ્રવ્યરોગની ચિકિત્સા માટે ઔષધક્રિયા છે, તેમ **આત્માના ભાવરોગની ચિકિત્સા માટે ધર્મક્રિયા છે.** તીર્થંકરો-સદ્ગુરુઓ આ ચિકિત્સા બતાવે છે. પણ આપણો આત્મા ભાવરોગથી ઘેરાયેલો છે, તેવું સતત ફીલિંગ હોય તો જ આ વાત બેસશે. લોગસ્સમાં 'આરુગ્ગ બોહિલાભં' બોલો છો ને? લોગસ્સ સૂત્ર વર્તમાન ચોવીશીના તીર્થંકરોનાં નામસ્મરણ કરવા માટેનું સૂત્ર છે. તેમાં બધા તીર્થંકરોની સ્તવનાપૂર્વક નામસ્તવના છે અને ત્યાર પછી પ્રાર્થના રૂપે માંગો છો કે, મને આરુગ્ગ બોહિલાભ મળે. ત્યાં આરુગ્ગ શબ્દનો અર્થ કરતાં પૂ.ભદ્રભાહુસ્વામીજી મહારાજ સાહેબે કહ્યું : "અહીં દેહનું આરોગ્ય નથી લેવાનું." જો કે **તમને શરીરની તંદુરસ્તીની વધારે જરૂર છે, પણ આત્માની તંદુરસ્તીની જરૂર જ નથી.** આમાં શરીર ગૌણ છે, ૫-૨૫ વર્ષ જ છે, જ્યારે આત્મા નિત્ય છે. કર્મથી થતા શરીરના રોગો મૂળભૂત આત્માના રોગનું નિદાન કરનારા છે. પરમાત્મા પાસે આત્માનું આરોગ્ય માંગો, તેનો અર્થ ધર્મ દ્વારા આત્માની ચિકિત્સાની અભિલાષા છે. જીવનમાં ધર્મનો ઉપયોગ આત્માના ઔષધ તરીકે કરવાનો છે. આત્માના વિકારો-દોષોના નાશ માટે ઔષધ તરીકે ધર્મરૂપી દવાનું સેવન કરવાનું છે. પણ ઘણા દર્દીઓ કેવા હોય? પાર વિનાની ફરિયાદો ચાલુ જ હોય. પછી ડૉક્ટર દવા આપે. પછી શું કહે? આ દવા લઇશ એટલે દર્દ મટી જશે ને? બધી તકલીફ શાંત થઇ જશે ને? એટલે ચિકિત્સાની વાત આવી ત્યારથી શંકા-કુશંકા ચાલુ થાય. તેમ **ધર્મ કર્યા પછી તેનું ફળ શું મળશે, તે બાબતમાં તેને ખાતરી નથી. આવા દર્દી દવા કરતા જાય પણ રોગ મટશે કે નહિ તેમાં શ્રદ્ધા જ ન હોય.** વળી ઘણા તો એકની દવા પૂરેપૂરી ન કરે, ફર્યા જ કરે, માટે દર્દ મટે જ નહિ. બધામાં કારણ શું? ફળમાં શંકા હોય. તમે જીવનમાં દેવ-ગુરુ-ધર્મની પરમશ્રદ્ધા સાથે અને આ જ કલ્યાણકારી છે એવા નિર્ણયરૂપ વફાદારીથી ઉપાસના કરો છો? **આ ન હોય તો "ધર્મના ફળતણે વિષે સંદેહ કીધો" અતિચાર લાગશે.** આ ડૉક્ટર-વૈદ્ય સારા છે તેમ માનો, પણ પછી તો બધી પરેજી પાળવી પડે. કષ્ટ પણ હોય, એટલે સહન કરવાનું આવે ત્યારે ઊંચો-નીચો થાય. તમને પણ આમને આમ ભગવાનના વચન પર શ્રદ્ધા રાખવી સહેલી છે, પણ પાળવાનું આવે તો શંકા-કુશંકા ઊભી થાય.. અત્યારે અમે કહીએ, **તમારા આત્મા પર એટલો ગાઢ રોગ છે કે કઠોર તપ-ત્યાગ-સંયમ વગેરે સાધના કરવાની ખૂબ જરૂર છે.** પહેલાં તો તૈયાર જ ન થાઓ અને કદાચ તૈયાર થાઓ તો પણ શું થાય? કે આનું ફળ શું મળશે? આ ત્રીજો અતિચાર, જે ધર્મમાં ભોગ આપે છે તેના માટે છે. ભોગ વધારે આપે તેને ફળની ચિંતા વધારે ને? અત્યારે તમે ચોવીસ કલાકમાંથી અડધો કલાક ધર્મ કરો એટલે ધર્મમાં તમને બધી રીતે ફેસિલિટી(અનુકૂળતા) હોય. સ્કોપ હોય તો ભોગ આપો, એટલે અત્યારના ધર્મમાં ફળ મળે કે ન મળે તેની ચિંતા ન હોય. પણ જે ચોવીસ કલાક ધર્મ કરતો હોય, મેક્ષીમમ(ઉત્કટ) ભોગ આપતો હોય તેવાને થાય કે, મને ફળ મળશે? માટે શાસ્ત્રે કહ્યું: મહાસાધકો પણ સાવચેત ન હોય તો થઇ જાય કે, આટલું કર્યા પછી ફળ મળશે કે નહિ? આ અતિચાર પહેલા નિઃશંકા દર્શનાચારમાં દઢ થયેલાને પણ આવે. ઘણાને તો ધર્મના ફળ પર જ

શ્રદ્ધા-નિર્ણય નથી. તેઓને તો કાયમ માટે ત્રીજા દર્શનાચારમાં અનાચાર જ રહેવાનો છે.

અત્યારે તમે સામાયિક-પ્રતિક્રમણ-પૂજા-દર્શન-તપ-ધ્યાન-વંદન વગેરે કરો છો. આ બધાનાં ફળ શાસ્ત્રમાં લખેલાં છે. તે ફળમાં તમને વિશ્વાસ બેઠો છે?

**સભા :-** ધર્મનાં જે ફળ કહ્યાં છે તે માટે પરિણામો પણ જોઇએ ને?

**સાહેબજી :-** તે વાત જુદી છે. શાસ્ત્રમાં વિધવિધ અનુષ્ઠાન-કેટેગરી બતાવી છે. શાસ્ત્રમાં બધાં ફળ બતાવ્યાં છે. કઇ કેટેગરીનું અનુષ્ઠાન કરે છે, તે પ્રમાણેનું ફળ બતાવ્યું છે. પણ ધર્મનું ફળ તો છે જ, એવી પૂરેપૂરી શ્રદ્ધા છે? કે તમે માનો છો કે અત્યારે કરીએ છીએ, પણ ભવિષ્યમાં શું ફળ મળશે, ખબર નથી. **તમે દાન કરો ત્યારે સંપત્તિ જઇ રહી લાગે છે કે આવી રહી લાગે છે? જઇ રહી લાગે છે તેનો અર્થ દાનના ફળની શ્રદ્ધા-વિશ્વાસ નથી.** આવા એક એક અનુષ્ઠાનના ફળ વિષયમાં ખાતરી થયેલી જ જોઇએ. જ્યાં શંકા-કુશંકા છે ત્યાં અતિચાર છે. તમે બધા ધર્મના ફળના વિષયમાં નિઃસંદેહ બુદ્ધિવાળા થયેલા છો? તમને થાય કે આ મહાપુરુષો ઊઠાં ભણાવનાર નહોતા? ગપ્પાં મારવામાં રસ નહોતો? પૂર્ણ ફળનું વર્ણન બતાવ્યું છે? જેમ જેમ સમજે તેમ તેમ ધર્મનાં ફળ ચોક્કસ ખાતરીપૂર્વક સિદ્ધ થઇ શકે તેમ છે.

ફળની શંકાથી મિથ્યાત્વ જ બંધાય, કેમ કે **ધર્મ એ કુદરતની વ્યવસ્થાનું અંગ જ છે અને આ કુદરતમાં સારું વર્તન કરે તેને કુદરત સારું ફળ આપે જ છે. ધર્મના ફળ વિષે શંકા-કુશંકા એટલે વિશ્વવ્યવસ્થાના ફળ વિષે જ શંકા છે.** આપણે ત્યાં ધર્મ તીર્થંકરોએ પેદા નથી કર્યો. **ધર્મ તે તીર્થંકરોની પેદાશ નથી, તીર્થંકરો તો ધર્મના દર્શક છે. સારાનું સારું ફળ, ખરાબનું ખરાબ; તે વિશ્વવ્યવસ્થા છે.** એટલે તેની વિરુદ્ધ કે તરફેણમાં વર્તન કરનારને તે તે રૂપે ફળ મળશે. ધર્મ તમારી પાસે સારું વર્તન કરાવે છે. તમે બીજા પ્રત્યે સારું વર્તન કરો અને કુદરત તમને પ્રતિભાવરૂપે સારું ફળ ન આપે, તે ત્રણ કાળમાં શક્ય જ નથી. **ઘણાને થાય કે આટલું બલિદાન-ભોગ આપીએ પણ આપણને શું મળશે? આનો અર્થ પરોપકારની પ્રવૃત્તિના ફળમાં તમને વિશ્વાસ નથી.**

**સભા :-** કર્તવ્યબુદ્ધિથી કર્યું હોય તો?

**સાહેબજી :-** પણ પરોપકારનું કાર્ય કર્તવ્યબુદ્ધિથી પણ કેમ કરવાનું?

**સભા :-** ભગવાને કહ્યું તે માટે.

**સાહેબજી :-** હા, તો ભગવાને વિચારીને કહ્યું છે. હવે ભગવાને કહ્યું છે માટે કરો છો, તો પછી ભગવાને તેનું ફળ પણ કહ્યું છે ને? તો તે ફળમાં વિશ્વાસ કેમ નથી? વળી આવો વિશ્વાસ હોય છે માટે બેંક, ઇન્સ્યોરન્સ વગેરેમાં નાણાં ભરો છો, પણ ભગવાનની કોઇ સ્કીમમાં વિશ્વાસ ખરો? બેંક, ઇન્સ્યોરન્સ કંપની આપી આપીને કેટલું આપશે? તેમાં તો દોડાદોડ કરી મૂકો છો. તો અહીં તો ફળ કેટલા ગણું બતાવ્યું છે! છતાં દોડાદોડ નથી તે શું બતાવે છે? વિશ્વાસ જ નથી ને? **એક સામાયિકનું ફળ જો તમારા મનમાં બેસી જાય તો કદી**

**સામાયિક વિના નવરા બેસો જ નહિ.** અત્યારે સામાયિકનું નામ લેતાં-સાંભળતાં તાવ આવી જાય છે. કેમ?

**સભા :-** પણ તેને યોગ્ય ભાવ જોઇએ ને?

**સાહેબજી :-** હા, પણ સામાયિકમાં બેસશે તો તેને યોગ્ય કંઇ તો પામવાનો ને? મોટા ફળના નામથી મોટું પણ ન મળે અને નાનું પણ ન મળે તેવા રખડતા રહેવું છે? ઘણા લોકો લાખનો સોદો કરે નહિ અને કરોડનો કરી શકે નહિ, તો હવા ખાતા રહી જાય. પણ તમને વિશ્વાસ છે કે આ કુદરતમાં કોઇનું પણ સદ્વર્તન એળે ગયું નથી અને હું પણ જેટલું સદ્વર્તન કરીશ તેનું ફળ મળશે, મળશે અને મળશે જ? અને તે પણ ગુણાકારરૂપે મળવાનું, તેવો દૃઢ વિશ્વાસ છે? આવા આચાર જીવનમાં આવે તો સમજવાનું કે દર્શનગુણ દીપશે. અમે તો કહીએ, માત્ર દર્શનાચાર પાળનારો શ્રાવક હોય તો પણ જ્યાં જાય ત્યાં તેના આચાર-વિચારનો પડઘો પડ્યા વિના નહિ રહે. ઝબકતો-તેજસ્વી જૈન હોય, પણ તે ક્યારે? આઠ પ્રકારના દર્શનાચાર પાળવામાં આવે તો. આઠ પ્રકારના **દર્શનાચારને ભણી ગયેલો નહિ, પણ તેનું જીવનમાં ઈમ્પ્લિમેન્ટેશન(અમલ) કરનારો જીવનમાં ક્ષણે ક્ષણે મિથ્યાત્વને તોડતો હોય.**

❁ ❁ ❁

**વ્યાખ્યાન : ૩** **તા. ૨૪-૦૧-૯૮, પોષ વદ ૧૧, ૨૦૫૪, શનિવાર**

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને પારમાર્થિક સત્યોનો બોધ કરાવવા માટે આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

ધર્મ એટલે જગતમાં જે કુદરતની વ્યવસ્થા છે તેનું યોગ્ય રીતે અનુસરણ કરવું તે. આ જગતમાં જડ અને ચેતન એટલે પુદ્ગલ અને આત્મારૂપી દ્રવ્યો છે. આ બંને દ્રવ્યોનાં સંયોજન એકબીજા પર અસર કરનારાં છે અને તેમાંથી આખો સંસાર ઊભો થાય છે. જડની ચેતન પર અસર થાય છે અને ચેતનની જડ ઉપર અસર થાય છે, માટે મન-વચન-કાયાની પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ યોગ્ય હોય તો ધર્મરૂપ બને છે અને અયોગ્ય હોય તો અધર્મ બને છે. તમે ત્રણે યોગની જે યોગ્ય પ્રવૃત્તિ કરો છો તે ધર્મ છે અને જે અયોગ્ય પ્રવૃત્તિ કરો છો તે અધર્મ છે. આ અપેક્ષાએ ધર્મ એટલે સારું વર્તન અને ખરાબ વર્તન તે અધર્મ. પણ સારું વર્તન કરવા જગતના જીવો તૈયાર નથી થતા. આજે ધર્મની નજીક રહેનારા કેટલા? અને ધર્મથી દૂર રહેનારા કેટલા? વળી જે કોઇ ધર્મનો પ્રશ્ન છે, તે માનવસૃષ્ટિમાં છે. ત્યાં પણ ધર્મનું આચરણ કરનારા કેટલા? મોટા ભાગનો વર્ગ ધર્મનો પડછાયો પણ ન લે તેવો છે. હવે ધર્મ કોઇ ખરાબ વસ્તુ નથી, છતાં લોકો ધર્મથી દૂર કેમ ભાગે છે? તો કહે છે કે, ધર્મ કરતી વખતે મન-વચન અને કાયાનું જે કાંઇ સારું વર્તન કરવું પડે છે, તેમાં ભોગ આપવો પડે છે અને તેનું સારું ફળ છે તેવી લોકોને શ્રદ્ધા નથી. હું જે સારું કરું તેનું ગુણાકારરૂપે ફળ છે અને સમ્યક્ પુરુષાર્થ કદી એળે નહિ જાય, તેવો દૃઢ વિશ્વાસ તેમને નથી. તમારી પણ લગભગ બધી સમય-શક્તિ અધર્મના માર્ગમાં જાય છે. આનો અર્થ એ કે તમને ધર્મની પ્રવૃત્તિ કે ધર્મના અનુષ્ઠાનના

ફળમાં વિશ્વાસ ઓછો છે.

**સભા :-** ફળની અપેક્ષાએ ધર્મ કરાય?

**સાહેબજી :-** ફળની અપેક્ષા રાખી ધર્મ ન કરાય, તે વાત ઊંધા સંદર્ભમાં જોડી છે. **શાસ્ત્ર કહે છે ભૌતિક ફળની અપેક્ષાએ ધર્મ ન કરવો, પણ આત્મકલ્યાણની કામનાથી, આત્માના વિકાસની કામનાથી, અધ્યાત્મ ફળોની ઇચ્છાથી અવશ્ય ધર્મ કરવો જોઇએ. આપણી હાલની કક્ષામાં ફળની કામના વિનાનો ધર્મ નથી.**

**સભા :-** તો પછી તે ફળ તો દેખાતું નથી.

**સાહેબજી :-** તે તત્કાલ નથી દેખાતું પણ લાંબે ગાળે તો દેખાય જ છે. પુણ્ય-નિર્જરારૂપ ફળ તત્કાલ નથી દેખાતાં, પણ તમને હજી એવો વિશ્વાસ નથી થયો કે જીવનમાં જે કાંઇ સારું કરું છું તેનું ફળ મળશે જ. અત્યારે પણ જે સારું છે તે ભૂતકાળમાં સારું કરેલાનું જ ફળ છે. ગુપ્ત રીતે પણ સારા-ખરાબ વિચાર કરશો તો તેનું ફળ છે જ.

આત્માના ભાવરોગનું નિવારણ કરવા ધર્મ ઔષધના સ્થાને છે, માટે ધર્મને 'ચિકિત્સા'ની ઉપમા આપી છે. તેના ફળમાં શંકા-કુશંકા થાય તે 'વિચિકિત્સા' કહેવાય, હું આરાધના-સદ્અનુષ્ઠાન કરું છું, તેનું ફળ મને મળશે કે નહિ મળે? ઉપવાસ કરો એટલે તે વખતે તો પેટમાં ભૂખ લાગે. ત્યારે શું થાય? આટલું કષ્ટ વેઠી ઉપવાસ કર્યો, પણ તેનું ફળ કાંઇ મળશે કે નહિ? એટલે શંકા-કુશંકા થાય. આધ્યાત્મિક ફળ દેખાય તેવી શાર્પ ક્રિસ્ટલ ક્લિયર વિઝનવાળાને તો સામાન્ય ફળમાં શંકા જ નથી થવાની. પહેલાં સ્થૂલનો વિચાર કરાય પછી સૂક્ષ્મનો વિચાર કરાય. તમે પહેલાં કયું ફળ વિચારો? જેને પુણ્ય-પાપની શ્રદ્ધા નથી, તેને તો કુદરતની પાયાની વ્યવસ્થા જ બેઠી નથી, તેને આધ્યાત્મિક ફળની શ્રદ્ધા ક્યાંથી બેસવાની? પુણ્ય-પાપ ન માનો તો અર્થ શું થાય? કે અત્યારે જે લોકો લુચ્ચાઇ-ખરાબ કૃત્ય કરે છે અને વર્તમાનમાં સફળતા પણ મળે છે, ત્યારે શું થાય છે? આ ફાવી ગયો, હું રહી ગયો! એટલે ઊંડે ઊંડે માથામાં શું ભમતું હોય છે? તે વખતે બુદ્ધિમાં પોલ ક્યાં આવી? સીધી બુદ્ધિ હોય તો તે સલવાઇ ગયો લાગે; પણ તમે તે વખતે વિચારતા નથી કે જગતમાં કોઇનું પણ ખરાબ કર્યું હશે, તો તે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ચૂકવવું પડશે. પણ આ બુદ્ધિ ન થવી જોઇએ ને? અત્યારે તમારી બુદ્ધિમાં જંગલનો કાયદો દેખાય છે ને? જંગલમાં જંગલી જનાવર નબળાને ફોલી ખાય, તેવા ન્યાયથી આ સંસાર ચાલે છે, તેમ તમે માનો છો? તમે એટલું નથી વિચારી શકતા કે ઘણા શરીરથી નબળા હોય પણ જીવનમાં ઊણી આંચ ન આવી હોય? અને શરીરથી જબરા હોય છતાં કુટાઇ ગયા હોય તેવા પણ કેટલા દાખલા મળશે? છતાં પુણ્ય-પાપનો જોઇએ તેવો વિશ્વાસ નથી, એ પુણ્ય-પાપમાં શ્રદ્ધા નથી તો ઊંચા આધ્યાત્મિક ફળમાં શ્રદ્ધા ક્યાંથી થવાની?

પુણ્ય-પાપ તો ધર્મનાં સ્થૂલ ફળ છે. અંદરમાં શુભાશુભની અનુભૂતિથી થતાં ફળ તે સૂક્ષ્મ ફળ છે. પણ તમારે તો પાપ ખુલ્લું પડી જાય તેની જ ચિંતા ને? જ્યાં સુધી તમારી દુષ્ટતા દુનિયાની નજરમાં ન આવે તેવી ગુપ્ત હોય, ત્યાં સુધી તો સબ સલામત લાગે ને? આનો અર્થ

એ કે અશુભનું ફળ અશુભ અને શુભનું ફળ શુભ તેમાંજ તમને વિશ્વાસ નથી; અને આ ન હોય તો ત્રીજો અતિચાર કાયમ લાગ્યા જ કરે.

જેટલો પણ જૈનશાસનનો ધર્મ છે તેમાં કોઇ ખરાબ પ્રવૃત્તિ બતાવી જ નથી. એક પણ અનુષ્ઠાનમાં એવું નહિ હોય જેમાં બીજા જીવનું બગાડવાનું હોય. **કોઇના પણ પ્રત્યે ખરાબ ભાવ, દુષ્ટ વર્તન કરવાનું ધર્મ સૂચવે છે? ધર્મ દ્વારા તમારે સારું કામ જ કરવાનું છે. તમારા જીવનમાં ધર્મનું આચરણ આવ્યું એટલે સુકૃતનું આચરણ આવ્યું.** સદ્વર્તન-વાણી-વિચાર તે જ ધર્મનું મૂળભૂત સ્વરૂપ છે; છતાં ધર્મ કરવાથી લોકો દૂર દૂર ભાગે છે અને જે ધર્મના ક્ષેત્રમાં આવે છે, તે પણ પૂરેપૂરી સામગ્રી-શક્તિ ધર્મમાં રોકવા તૈયાર નથી. તમે ૫૦% શક્તિ પણ તેમાં રોકો છો? ના, કેમ કે ફળમાં વિશ્વાસ નથી. તેનો અર્થ એ કે જીવનમાં પૂર્ણરૂપે દર્શનાચાર આવ્યો નથી. પાયાનું ગણિત જ બેઠું નથી.

અત્યારે ૧૨ મહિનાના બાળકને ટી.બી., કેન્સર થતું હોય છે. આમ જુઓ તો થાય કે આ ભવમાં તો કોઇનું ખરાબ નથી કર્યું, છતાં આવું ફળ કેમ મળ્યું? પછી **Rule of Causality**(કારણતાનો સિદ્ધાંત) વિચારો તો ખબર પડે. અરે! તમારા જીવનમાં પણ એવું બન્યું હોય કે, તમારો કાંઇપણ વાંક ન હોય, છતાં તમે કૂટાઇ ગયા હો? અરે! કુટુંબીઓથી પણ અસંતોષ છે? ખરેખર તમને કોઇ અન્યાય કરતું હોય તો તેનું કારણ તો વિચારવું પડે ને? તે શું? ભૂતકાળમાં આપણે કોઇનું ખરાબ કર્યું છે. સારાનું ફળ સારું, ખરાબનું ફળ ખરાબ; તે તો ડગલે-પગલે વિચારવું પડે. **સમકિતીને તો એવી શ્રદ્ધા હોય છે કે, મેં આ ધર્મ કર્યો તેનાં આ બધાં ફળ; ભૌતિકદૃષ્ટિએ, આત્મિકદૃષ્ટિએ, પરલોકની દૃષ્ટિએ, આલોકની દૃષ્ટિએ એમ બધાં ફળ દેખાય.** દર્દીને ડૉક્ટર, **diagnosis**(નિદાન), દવા પર વિશ્વાસ હોય તો કેટલા વિશ્વાસથી દવા લે. તે ન હોય તો દવા લે તો પણ અંદરમાં કેટલો રઘવાટ હોય. શાસ્ત્ર કહે છે, ધર્મના ફળમાં જેને વિશ્વાસ નથી તે ધર્મ કરતી વખતે **Wavering Mind**(ચંચળ મન)વાળો જ હોય(સ્થિર મનવાળો ન હોય). આંશિક વિચિકિત્સા કેવી હોય? તો કહે "શાસ્ત્રમાં કઠોર સાધનાનું વર્ણન છે, તે તો મહાપુરુષો કરી શકે. આપણે તો મામૂલી ધર્મ કરીએ છીએ. તેનું ફળ મોક્ષ નથી". હવે ઊંચો ધર્મ કરવાની તાકાત નથી અને કરીએ છીએ તેનું ફળ નથી, તો ધર્મને મૂકો પડતો; આવું થાય તો પણ દર્શનાચારનો વિચિકિત્સા અતિચાર લાગી જાય.

**સભા :-** ધર્મમાં શ્રદ્ધા બેસે તેવું કાંઇ દેખાય તો ધર્મ સારી રીતે કરીએ.

**સાહેબજી :-** શ્રદ્ધા બેસે તેવું તો ડગલે ને પગલે દેખાય છે. આ ૬૭ વર્ષના થયાં. જન્મ્યા ત્યારથી અહીં સુધી પહોંચ્યા ત્યાં સુધી તમારી હોશિયારીથી પહોંચ્યા? તમારા કરતાં કેટલાય નાના સંસારમાં ક્રિપલ્ડ થઇ રહ્યા છે, કે કેટલાય ઊપડી ગયા છે, તેમાં કારણ શું? ૬૭ વર્ષ સુધી પહોંચ્યા કઇ રીતે? તમારા જીવનમાં કાંઇ જોખમ આવ્યાં જ નહિ હોય? તે વખતે બચાવ્યા કોણે? રોડ ક્રોસ કરતા હોય ત્યારે તમારા કરતાં વધારે સાવચેતીથી ચાલનારા હડફેટમાં આવી ગયા અને તમે હડફેટમાં ન આવ્યા, તો તે તમારી હોશિયારીથી? બુદ્ધિના દરવાજા બંધ રાખો તો કાંઇ સમજ ન પડે. તમારું હાર્ટ બરાબર ફંકશન કરે છે, કેટલાયનું બંધ પડી ગયું,

તેમાં કારણ શું?

**સભા :-** પુણ્ય.

**સાહેબજી :-** હા, પણ પુણ્ય માનો છો કે મને સમજાવવા બોલો છો? પુણ્ય તો ધર્મ સિવાય છે જ નહિ. પણ તમારે શું છે? દુનિયામાં જોઇએ છીએ કે ઘણા લુચ્ચાઇ કરે છે અને તેમાં કેટલાક ફાવી ગયા અને ઊંચા આવી ગયા. બસ, અત્યારે થાય કે ધર્મ કરનારા પાછા રહી જાય છે અને લુચ્ચા ફાવી જાય છે! તમારું ઓબ્ઝર્વેશન ઘણું ખોટું છે. દુનિયામાં લુચ્ચાઇ કરનારા ફાવી જતા હોય તો લુચ્ચાઇ કરનારા વધારે છે કે સજ્જનો વધારે છે? ૯૯.૯૯% લુચ્ચાઇ કરનારા છે? હવે તમારી દૃષ્ટિએ ૯૯.૯૯% લોકો ફાવી ગયા હોવા જોઇએ. પણ સંસારમાં ૧% લોકો જ ફાવે છે. જૂઠું બોલવાથી શ્રીમંત થવાતું હોય તો ૯૯% ગરીબો જૂઠું બોલવા તૈયાર છે. પણ નથી બોલતા, કેમ કે જાણે છે એક ધોકો ઉપરથી પડશે. પણ તમે વિચારતા નથી કે જૂઠું બોલે છે તેમાં પણ ૧ ટકો જ ફાવે છે. વળી આ ફાવે છે તેમાં પણ કારણ બીજુ જ કાંઇ છે. હરામખોરી કરવાથી જીવનમાં સફળતા મળે અને માણસ આગળ વધી શકે તેવું સ્થાપિત કરી આપો, તો અમે માનીએ કે તમે કાંઇ નવું સ્થાપિત કર્યું. આ સંસારમાં સારું કરે અને સારું ફળ ન મળે અને ખરાબ કરે અને તેનું ખરાબ ફળ ન મળે, એવું માનશો તો એટલા પ્રશ્નો ઊભા થશે કે, તેનો કોઇ જવાબ નહિ મળે. તમે જુઓ છો કે **૧૦૦ જૂઠું બોલનારામાંથી એકાદ સફળ થાય છે અને ૯૯ નિષ્ફળ થાય છે, તે બતાવે છે કે ખોટું બોલનારને પણ સફળ થવામાં બીજું કાંઇ પીઠબળ જોઇએ છે. શાસ્ત્ર કહે છે આ બીજું પીઠબળ તે પુણ્ય જ છે.** આજના નાસ્તિકો પણ શું કહે છે? બધા સરખું કરતા હોય તેમાં પણ નસીબદાર ફાવી જશે. નસીબ એટલે શું? **પુણ્ય-પાપની શ્રદ્ધા હોય તો પણ ધર્મનું પ્રાથમિક ફળ બેસી ગયું.**

દરેક સદ્પ્રવૃત્તિમાં બીજાનું સારું થાય તેવું જ હોય છે. તમે શંકા-કુશંકાનું જે કારણ છે તે એક એકનો વિચાર કરો. તમે સામાયિક કરો તો વિચારો : કોઇના પણ માટે અંતઃકરણમાં ખરાબ કરવાની ભાવના પડી છે, તે બધાને હું વોસિરાવી દઉં છું. તમને થવું જોઇએ કે આ બે ઘડી માટે મારું વર્તન એટલું ઉત્તમ છે કે, કુદરતમાં આવું વર્તન કરનારને અવશ્ય બદલો મળશે જ. વળી એક જીવ માટે શુભ ભાવથી શું ફળ મળે તેનાં દૃષ્ટાંત છે, તો પછી સામાયિકમાં તો જીવમાત્ર પ્રત્યે શુભ ભાવ કરવાના છે. તેનું કેટલું ફળ હોય! આમ, સામાયિકનું જે ફળ છે તે વિચારો અને શ્રદ્ધા હોય તો એક મિનિટ સામાયિક વિનાની જાય? આજે મોટા શ્રીમંતો દેરાસરમાં કે ઉપાશ્રયમાં હોય?

**સભા :-** બોલવવા પડે.

**સાહેબજી :-** કોણે બોલાવવા પડે? અમે તો તેમની પાસે જે છે તે છોડી નીકળ્યા છીએ. અમારે તેમનું શું કામ છે? પણ માણસ વિચારક હોય તો જેમ શ્રીમંતાઇ આવે તેમ માણસનો ધર્મભાવ વધતો જાય, કેમ કે તેને થાય કે મારા કરતાં હોશિયાર ઘણા છે, જે બિચારા રખડે છે; પણ મેં ભૂતકાળમાં સદ્કાર્યો કરેલાં તેનું આ ફળ છે. ધર્મ કરનારમાં ૯૦% વર્ગ એવો છે કે જેને

ધર્મ-અધર્મનું શાસ્ત્રમાં ફળ બતાવ્યું છે, તેના પર પૂર્ણ વિશ્વાસ નથી. જો વિશ્વાસ હોય તો ધર્મઅનુષ્ઠાન કરવા પડાપડી કરે. અમે વ્યાખ્યાનમાં ધર્મઅનુષ્ઠાન કરવા સ્હેજ આગ્રહ કરી પકડી પકડીને બેસાડવાનું ચાલુ કરીએ તો શું થાય? બહાર જઇ મને પણ વગોવોને? અત્યારે ધર્મમાં ઓછેથી પતાવવાની વૃત્તિ હોય છે, કેમ કે હજી ફળનો વિશ્વાસ નથી. સંસારમાં ફળનો વિશ્વાસ છે તેના દસમા ભાગનો પણ ધર્મના ફળમાં વિશ્વાસ નથી. તેથી તમે નિર્વિચિકિત્સા દર્શનાચારથી ઘણા દૂર છો.

**અષ્ટવિધ દર્શનાચાર આવી જાય તેને તો થાય કે, જેણે ધર્મનું શરણ સ્વીકાર્યું છે, તેનો કોઇ વાળ વાંકો કરી શકે તેમ નથી.** જે કાંઇ કષ્ટ આવે છે તે અધર્મનું ફળ જ લાગે. તેને થાય કે ભૂતકાળમાં અધર્મ કર્યો છે તેનું આ ફળ છે. આ કષ્ટથી દૂર થવું હોય તો ચોવીસ કલાક મારે ધર્મના શરણે રહેવું જોઇએ. તમારે સંસારમાં કાંઇ હોય તો માંગલિક સાંભળવા માટે આવો છો, ત્યારે અમે માંગલિકમાં શું બોલીએ છીએ? તેમાં અમે કહીએ છીએ: જેનું ધર્મમાં ચોવીસ કલાક મન છે, તેને દેવતા પણ નમસ્કાર કરે છે; લેભાગુને નહિ. ધર્મમાં મનનો અર્થ સમજો છો? શાસ્ત્ર કહે છે કે, જે કોઇ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા ભગવાનની આજ્ઞા પ્રામાણે જીવન જીવે, તો તેનું ચોવીસ કલાક ધર્મમાં મન છે. **શ્રાવકો ચોવીસ કલાક પ્રવૃત્તિથી ધર્મમાં ન રહી શકે, પણ તેનું મન ચોવીસ કલાક ધર્મમાં રહી શકે છે.** કેમ કે સંસારી છો એટલે સંસારમાં પાપની પ્રવૃત્તિ કરવી પડે, પણ તમે ધારો તો મન ચોવીસ કલાક ધર્મમાં રાખી શકો છો. તે ભૂમિકામાં રહેલાને દેવો પણ નમસ્કાર કરે છે. કેમ કે દેવતાને પણ થાય છે કે અમે જે નથી કરી શકતા તે આ કરે છે. વળી પૂજ્યભાવ કોને કોના પર થાય? પોતાનાથી વધારે લાયકાતવાળા પર જ થાય ને? પણ તમારા જીવનમાં દેવતા ન કરી શકે તેવી વિશેષ આરાધના-સત્ત્વ છે? તે હોય તો દેવતા પણ આવે. ધર્મના ફળ-મહિમા તરીકે આ પણ એક વાત છે.

તમે માંગલિક સાંભળો છો પણ અમે જે ફળ બોલીએ છીએ તેમાં પણ તમને વિશ્વાસ ખરો? તત્કાલ શું ફળ? તો શુભભાવથી શાંતિ. લાંબે ગાળે પુણ્ય-પાપરૂપે તેના ગુણાકાર રૂપે ભૌતિક ફળો પણ મળશે. તે ફળની ઇચ્છાથી ધર્મ કરો તેમ કહેતો નથી, પણ તે ફળનો વિશ્વાસ ન હોય તો શંકા-કુશંકા વિચિકિત્સા સૂચવે છે. અનુષ્ઠાન કરતી વખતે ફળનો વિચાર કરી કરીને જ પ્રવૃત્તિ કરવાની છે. સફળ પ્રવૃત્તિ તે જ સમજણ-ડહાપણની નિશાની છે. ડાહ્યા-શાણા કોઇપણ પ્રવૃત્તિ કરે તો તેમાં ફળનો વિચાર કરીને જ કરે છે.

**સભા :-** તો ગીતામાં કેમ કહ્યું હશે "ફળની આશા ન રાખ."

**સાહેબજી :-** ગીતામાં કહ્યું છે ને? જૈનધર્મમાં ક્યાં કહ્યું છે? હા, ગીતાની સારી-સાચી વાતો અમે સ્વીકારવા તૈયાર છીએ.

**સભા :-** કયા રેફરન્સથી આ વાત સત્ય છે?

**સાહેબજી :-** ફળની કામનાથી ખોટા રાગ-દ્વેષ કે કલુષિત મન ન કરવું, તેટલા અર્થમાં એન્ગલ(સંદર્ભ) જોડો તો વાત જુદી છે. બાકી અત્યારે તો આપણી ભૂમિકામાં, ભગવાન કહે

છે, શુભફળની આકાંક્ષા રાખવાની.

**સભા :-** નિયાણું ન કહેવાય?

**સાહેબજી :-** ના, **નિયાણામાં તો ભૌતિક ફળની વાત છે, અહીં આત્મિક ફળની વાત છે. હું મુક્તિની કામના કરું તો તેનાથી મારા આત્માને પુણ્યબંધ-નિર્જરા થાય.** પણ આ ચારિત્રથી ભૌતિક કામના કરું તો તેનાથી મને પાપ બંધાય. માટે **ભૌતિક કામનાને અશુભ ગણી છે અને આત્મિક કામનાને શુભ ગણી છે.** એક પાપબંધનું કારણ છે, બીજું પુણ્યબંધનું કારણ છે. દા.ત. આ ભવમાં હું બ્રહ્મચર્ય પાળું છું, તેના બદલામાં મને થાય કે મારું શરીર તગડું થાય, વીલ પાવર વધે એવા સાઈડ બેનીફિટ્સ વિચારી બ્રહ્મચર્ય પાળું તો તેના કારણે મને પાપ બંધાય. તેના બદલે શુભાશય હોય કે, મારે આત્માનું ઉત્થાન કરવું છે, તેમાં બ્રહ્મચર્ય ગુણ છે, જેના કારણથી આત્મામાં સત્ત્વ ખીલે; જેમ જેમ વીર્યાંતરાયકર્મનો ક્ષયોપશમ થાય, તેમ તેમ સત્કાર્યમાં વધારે ને વધારે સમય-શક્તિ પરોવાય, તેવી ભાવનાથી બ્રહ્મચર્ય પાળું તો પુણ્યબંધ ચાલુ થાય. પ્રવૃત્તિ એકની એક પણ ભાવ ફર્યો એટલે ફળ ફરી જાય. આ બધા આલોકના ભૌતિક ફળની વાત કરી, તેવી રીતે પરલોકના ભૌતિક ફળની ઇચ્છાથી ધર્મ થાય તો પણ તેવો જ દોષ આવે.

ભગવાનની પૂજા દ્વારા તમે ઇચ્છો કે, આ **પરમાત્માની પૂજા કરતાં કરતાં મારા અંતરાય તૂટે, જેનાથી હું આગળ આગળ ધર્મપ્રવૃત્તિ કરી શકું, તો તે શુભ ભાવ છે.** માટે ખાલી કર્મ કરે રાખો અને ફળની ઇચ્છા નહિ રાખવાની તેવું ન વિચારશો. **રોજ ધર્મ કરતાં શુભ ફળની ઇચ્છા રાખજો. મારે સમકિત પામવું છે, આત્મવિકાસ કરવો છે વગેરે ઇચ્છા નહિ રાખો તો, ધર્મ કરો છો તેની પાછળ Aimless(ધ્યેય વિનાની) પ્રવૃત્તિ થઇ જશે.** અહીં ફળ વિચારવું નહિ તેવું નથી લખ્યું, પણ ફળનો સંદેહ કરવો તે અતિચાર છે. ફળ વિષે નિઃસંદેહ બનવું. ધર્મના બદલામાં ભૌતિક સુખની ઇચ્છા રાખો તો સોદો કહેવાય. તમે માંદાની સેવા કરો અને કહો કે હું માંદો પડું તો સેવા કરજે, તેવું કહો તો સોદો કહેવાય. પણ તેના બદલામાં એવું કહો કે મેં તને સાજો કર્યો છે, પણ હવે જીવનમાં મને ક્યાંય દુર્બુદ્ધિ સૂઝે તો માર્ગ પર લાવજે, મારું હિત વિચારજે, મારી હિતચિંતા કરજે એવી અપેક્ષા રાખો, તો ક્યાં સોદો છે? તે ગીવ એન્ડ ટેઈક નથી. બીજા પાસેથી સારી ભાવનાની અપેક્ષા રાખું તો તે Plus Point(જમા પાસું) છે. સારા મહાત્માની સેવા કરો પછી શું ભાવના રાખવાની? સાહેબ! ભવિષ્યમાં અમારું અહિત થતું હોય તો અટકાવજો. શું અશુભ ભાવના કહેવાય? પણ તમને તો મહારાજની ભક્તિ કર્યા પછી તમુ... તકલીફમાં મહારાજ ઊભા ન રહે તો મહારાજ કેવા લાગે?

**સભા :-** સારા લાગે.

**સાહેબજી :-** સાચુ બોલજો! અરે! ભગવાનની ભક્તિ કરો... ભાંડો તેવા છો. પણ ત્યારે તમને થાય કે ભગવાને... પણ તેમની કૃપા છે જ? શાસ્ત્ર કહે છે કોઈપણ...

રાખી શકો છો. રોજ ભગવાનને કહો, મારું ધ્યાન રાખજે, સતત આત્મકલ્યાણ, ઉન્નતિ માટે તમારું આલંબન મળતું જ રહેજો. પણ તમારે શું જોઇએ? ભગવાન પાસે સોદારૂપે જોઇએ છે. શાસ્ત્રમાં પરસ્પર શુભભાવ રાખવાની વાત છે. તમને જીવમાત્ર પ્રત્યે હિતભાવ કરવા કહ્યું અને બીજા પાસેથી પણ હિતભાવનાની જ અપેક્ષા રાખવાની.

સંસારમાં કે ધર્મમાં ભૌતિક ફળની માંગ તે જ બદલો ગણાય છે. આત્મિક ફળની કામના તો રાખવાની છે અને તે ફળની કામનાથી જ ધર્મ કરવાનો છે; પણ ફળમાં નિશ્ચિંત બની ધર્મ કરવો કે, આટલું સત્કાર્ય કર્યું એટલે આટલું ફળ તો મળવું જ જોઇએ. અહીં ઊંચાં સત્કાર્ય કરશો, હલકું સત્કાર્ય કરશો, એક જીવ પર સત્કાર્ય કરશો, અનેક જીવ માટે સત્કાર્ય કરશો તો તે પ્રમાણે ફળ મળશે. પ્રમાણસર ફળ છે. આડેધડ વાત નથી. ફળના નામથી લલચાવવાની વાત નથી. મારે તમને શું કામ લલચાવવાના? તમે જે કાંઇ માથે લઇ ફરો છો તે તો અમે છોડી બેઠા છીએ. પાંચ પૈસા પણ મારે લેવા છે? મારે જે કાંઇ જોઇએ છે તેમાંનું તમારી પાસે કાંઇ છે નહિ. અમારી દૃષ્ટિએ તમે બાવાજી છો! મારે જે ગુણસંપત્તિ જોઇએ છે, તે અમારાથી ઊંચા મહાત્મા પાસે છે. અમારાથી ઊંચા સદ્ગુરુ-મહાત્મા પાસે જે છે તે અમારે જોઇએ છે, તેનો તલસાટ છે. માટે રોજ તેમની ભક્તિ બહુમાન કરીએ છીએ. તમારી પાસેથી મારે લેવાનું નથી, આપવાનું છે. મહાત્મા પાસે જાઓ તો થવું જોઇએ કે, આમની પાસેથી મારે કાંઇ લેવાનું છે. માથામાં હોય કે મહાત્માનું કામ કરવા જઇએ છીએ, મહારાજને સહાય કરવા જઇએ છીએ, તો સમજવાનું કે સદ્ગુરુ સાથે કેવો વ્યવહાર કરવો તે તમે જાણતા નથી. સાધુઓ બહુ બહુ તો તમારી પાસેથી આહાર-પાણી-વસ્ત્ર લેશે. તે તો મામૂલી છે. તેનાથી તમને થતું હોય કે અમે ઘણું કરી દીધું છે, તો તે તમારી ભૂલ છે. અમને ભગવાને કહ્યું છે કે, ધર્મનું એક પણ ખોટું ફળ બતાવી ... લચાવશો તો તમને મૃષાવાદનું પાપ લાગશે. તેથી તમને લલચાવી ... અને હું પોતે મૃષાવાદનું પાપ બાંધું તેવું કોણ કરે?

... રીતે રજુઆત કરાવી અઠ્ઠમ
... જાય, અને છેતરપીંડીનું પાપ
... મહાવ્રત સાચવવામાં લાભ
... હજાર રૂપિયા મેળવ્યા જેવું
... મગજમાં નથી.

..., ૨૦૫૪, રવિવાર.

... સ્થાનો સમ્યક્ પ્રબોધ

પરમાત્માના શાસનમાં, આ જગતનું કઇ રીતે નિર્માણ થયું છે, તેનું સંચાલન કેવી રીતે થાય છે અને સંસારના સંચાલનના પાયાના નીતિ-નિયમો શું છે, તેનો જે રીતે પ્રબોધ કરાવાય છે, તેને સામે રાખીને આપણે પણ વિચાર-વિમર્શ કરીએ તો ખ્યાલ આવે કે, સંસારમાં જે કાંઇ બને છે તે ચોક્કસ નીતિ-નિયમોથી બને છે. તમે માનો કે આકસ્મિક કાંઇ થયું, પણ વાસ્તવમાં આ દુનિયામાં કાંઇ આકસ્મિક બનતું જ નથી. શાસ્ત્ર કહે છે, જો કોઇ વસ્તુ આકસ્મિક કે વગર કારણે બને તો કાર્ય-કારણભાવનો સનાતન સિદ્ધાંત છે, તેનું ઉલ્લંઘન થાય. વળી આ સૃષ્ટિમાં કાર્ય-કારણભાવનો સિદ્ધાંત અચલ-ચોક્કસ છે. જે કાંઇ સંસારમાં સામે દેખાય છે, તે ઘટનાનું પૃથક્કરણ કરશો તો લાગશે કે, આવાં કારણો ઊભાં થયેલાં અને તેનાથી જ આ ઘટના બની છે. **પણ તમને પદાર્થવિજ્ઞાનની દૃષ્ટિએ વિચારવાનો દૃષ્ટિકોણ જ નથી; માટે ઘણું તેવું બને છે જે તમે જોઇ લ્યો છો, પણ તેની પાછળનું રહસ્ય વિચારતા નથી.** જેને કાર્ય-કારણભાવનો સિદ્ધાંત ન બેસે, તેને આપણો કર્મવાદ, પાપ-પુણ્યના સિદ્ધાંત, કશું બેસશે નહિ; કેમ કે ચોક્કસ કારણ બતાવવું હશે તો પુણ્ય-પાપની વાત આવીને ઊભી રહેશે.

દુનિયામાં ઘણું બને છે કે કર્મને ન માનો તો તે ઘટનાનો સંબંધ જોડી ન શકો. દા.ત. છ મહિનાનું બાળક હોય પણ આકસ્મિક માંદગી આવે, ક્રીપલ્ડ થઇ જાય, જ્યારે ઘણા ૭૦ વર્ષ સુધી હરતા ફરતા રહે છે. બંને ઘટના સ્પષ્ટ દેખાય છે. હવે આ બંનેમાં કારણ તો માનવાં જ પડશે. આવી તો કેટલીય હકીકતો મળશે. એકનું હૃદય જુવાનજોધ હોય છતાં એકાએક બંધ પડી જાય છે અને બીજાનું ૬૦ વર્ષે પણ બરોબર કાર્ય કરે છે. આ બધુ શું બુદ્ધિથી ચાલે છે? સંસારમાં જે બને છે તેની પાછળનાં કારણોની શોધ કરશો તો પુણ્ય-પાપની શ્રદ્ધા થશે. જેને પુણ્ય-પાપની શ્રદ્ધા થાય છે તેને મગજમાં બેસી ગયું કે, આ દુનિયામાં સારા-ખરાબ કાર્યનું ફળ છે; અને પુણ્ય-પાપને નથી માનતો તેને પોતે સારું-ખરાબ કરે છે તેના ફળમાં વિશ્વાસ નથી અને દુનિયામાં બધું આડેધડ થાય છે તેવું માને છે. વિજ્ઞાન આવા પ્રસંગે શું જવાબ આપે? ઊડતો જ. વળી આ સંસારમાં સારાં-ખરાબ કામ કરનારા માણસો છે, દુષ્ટ મનોવૃત્તિવાળા માણસો પણ છે અને સજ્જન-બુદ્ધિવાળા માણસો પણ છે. પુણ્ય-પાપ ન માનનારાને તો સજ્જને સજ્જનતા કરી અને દુષ્ટ માણસે દુષ્ટતા કરી તેમાં એકના સુકૃતનું અને બીજાના દુષ્કૃતનું ફળ જ ન હોય. પણ તે વાત બુદ્ધિમાં બેસે છે? ટૂંકમાં તમને એટલું તો બેસવું જ જોઇએ કે આપણો બીજા જીવો પ્રત્યે જેવો ભાવ-વર્તન હોય તેવું જ તેનું ફળ મળે છે. આ સિદ્ધાંતની બાબતમાં અટલ વિશ્વાસ જોઈએ. તેમાં જેટલા શંકાશીલ-ઢચુપચુ હશો તેટલા ધર્મઅનુષ્ઠાનો કરતા હશો તો પણ તેમાં આગ્રહ નહીં રહે.

**સભા :-** કર્મનું તાત્કાલિક ફળ મળે છે?

**સાહેબજી :-** તાત્કાલિક ફળ મળતું હોય તો મારે આ પાટ પર બેસી ઉપદેશ જ ન આપવો પડત. જૂઠું બોલો ને પાછળથી ધોકો પડતો હોત તો મારે ઉપદેશ આપવો પડત? હા, શાસ્ત્રમાં ઉત્કૃષ્ટ-જઘન્યસ્થિતિ બતાવી છે. આપણે જનરલી જે કર્મ બાંધીએ છીએ તેનો જઘન્ય અબાધાકાળ સો વર્ષનો છે. તમે સો વર્ષ જીવવાના?

**સભા :-** ચોથા આરામાં તો લાંબું આયુષ્ય હોય ને?

**સાહેબજી :-** હા, ચોથા આરામાં બની શકે છે કે તે જ ભવમાં કરેલાં કર્મ તે જ ભવમાં ઉદયમાં આવે. પણ તેમાંય શું બને કે ઉદયની શરૂઆત થાય, પણ ઉત્કટબિંદુ લાંબા ગાળે આવે. અત્યારે તમારા આત્મા પર કર્મનો ભોગવટો ચાલુ જ છે, ક્ષણે ક્ષણે કર્મ ભોગવી રહ્યા છો. તેને ભોગવવા છતાં વિચાર નથી, કેમ કે તેવી દૃષ્ટિ નથી. તમારું અત્યારે જે સ્વરૂપ છે તે કર્મની જ પ્રોડક્ટ છે. અહીં બેઠા છો તે બધાનાં મોં એકસરખાં છે? તે સિવાય પણ હૃદય-હાથ-પગ-નસો વગેરેમાં કેટલા ફેરફાર? એવું બને કે એક નસમાં બરાબર લોહી ફરતું નથી, બીજી બરાબર હોય. આ આંગળી પણ બરાબર હલે છે, તેમાં કારણ તમારી હોશિયારી છે? મોટો વૈજ્ઞાનિક પણ આવો દાવો કરી શકશે? આમાં પુણ્યનો ઉદય કારણ છે. હવે તે રીતે વિચારો તો પુણ્ય-પ્રકૃતિનો કેટલો ઉદય છે. તેમ તકલીફોનો વિચાર કરશો તો પાપ કર્મનો કેટલો ઉદય છે. તમે સમજો કે ન સમજો પણ અંદરનું તંત્ર જે બરાબર ચાલુ છે, તે અસંખ્ય કર્મોના ઉદયનું કારણ છે. વળી આ બધું તર્કબદ્ધ છે. દા.ત. તમે એક શાખામાં ગયા. તમે તેનું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કર્યો, પણ એવું બને કે તમારા કરતાં પાછળથી તેમાં જોડાયેલા તમારા કરતાં જલદી આગળ નીકળી જાય! તેમાં શું કારણ? તમને તે વિષયનું જ્ઞાનાવરણીયકર્મ નડે છે. વળી દુનિયામાં કલાઓ ઘણી છે. તેમાંથી અમુક માંડ-માંડ શીખી શક્યા છો. બીજી નથી શીખી શક્યા. તેમાં કારણ શું? તે તે વિષયનાં જ્ઞાનાવરણીયકર્મ નડે છે. આ રીતે વિચારો તો જ્ઞાનાવરણીયકર્મનો ઉદય જ કેટલો થશે? એનો જથ્થો વિચારશો તો આશ્ચર્ય પામી જશો. કુદરતમાં કર્મ નજરે દેખાતું નથી, પણ કર્મનાં ફળ તો નજરે જ દેખાય છે. પણ જીવનમાં એક વિશ્વાસ જોઇએ કે કોઇ જાણે કે ન જાણે, મારાં સારાં-નરસાં કર્મનું ફળ શુભ-અશુભ મને મળશે જ. તમે ખૂણામાં બેસીને પણ કોઇના માટે સારો-નરસો ભાવ કર્યો હશે, તો તે વ્યક્તિ પણ જાણે કે ન જાણે, પણ કુદરત તમને સારું-નરસું ફળ આપશે જ.

હવે દર્શનાચારનો પહેલો આચાર ૧. દેવ-ગુરુ-ધર્મની બાબતમાં નિઃશંક બની જવું. બીજો આચાર ૨. સાચું-સારું જાણ્યા પછી હલકાની ઇચ્છા ન થવી જોઇએ. હલકા ધર્મનો અભિલાષ થાય તો બીજા દર્શનાચારમાં ખામી આવે. પહેલામાં સાચું-સારું ઓળખવાની જરૂર છે, બીજામાં સાચું-સારું સમજ્યા પછી તેમાં નિષ્ઠા-વફાદારી-પ્રમાણિકતાની જરૂર છે. તમારામાં ધર્મના વિષયમાં પ્રમાણિકતા ખરી? તટસ્થતાથી આ સાચું છે, સારું છે, એમ પકડી આગળ ચાલો અને તે સાચું-સારું લાગ્યા પછી તેમાં ભેળસેળ ન જોઇએ. પહેલામાં પ્રમાણિકતા આવે, બીજામાં સમર્પણ આવે. પણ પ્રમાણિકતા સાથે ધર્મની ભૂખ પણ જોઇએ. પણ તમારે જીવવા શું જોઇએ?

**સભા :-** ભૌતિક સુખનાં સાધનો.

**સાહેબજી :-** એટલે નાસ્તિક છો? આત્મા નથી માનતા? ભૌતિક વસ્તુ તો દેહ-ઇંદ્રિયોને તૃપ્તિ આપશે પણ આત્માનું શું? જેને આત્માની પાકી શ્રદ્ધા છે, તેને જીવનમાં ધર્મની જ સાચી ભૂખ હોય અને તેઓ જ સાચા દેવ-ગુરુ-ધર્મને શોધવા નીકળશે અને તેઓ જ કાંઇ પામશે, બાકીના

તો હવા ખાંતા રહેશે. "મારે તરવું છે, મારા આત્માનું કલ્યાણ કરવું છે, માટે મારે પૂર્ણ પુરુષ એવા પરમાત્માનું આલંબન જોઇએ, માર્ગદર્શન માટે સદ્‌ગુરુ જોઇએ અને આરાધવા સાચો ધર્મ જોઇએ," આવી ભાવનાથી પણ, આવું શોધ્યા પછી પણ જીવો આરાધના કરે, વર્ષો સુધી ધર્મ કરે અને ધર્મ તો હંમેશાં પહેલો ભોગ માંગશે જ. પૂ.હરિભદ્રસૂરિજીએ લખ્યું, સરળ-ટૂંકી ભાષામાં, "પરપીડાનો પરિહાર તેનું નામ ધર્મ." સર્વ સજ્જનોને નિર્વિવાદ રીતે માન્ય થાય તેવું આ ધર્મનું સ્વરૂપ છે. પણ પરપીડાનો પરિહાર કરવા તો તમારે ભોગ આપવો પડે ને? કેમ કે ધર્મમાં હંમેશાં સત્કૃત્ય આવશે અને તેના માટે તો ભોગ જ આપવો પડે. માટે ધર્મની વાતો કરનારા પણ ધર્મનું આચરણ આવશે ત્યારે તો ભાગી જ જશે. પરંતુ શ્રદ્ધા બેઠા પછી કદાચ ભોગ આપી ધર્મ આરાધના ચાલુ કરે, તો તેમાં ત્યાગ કરવો પડે, વર્ષોનાં વહાણા વાય, ઘણો ધર્મ કરે, વળી આગળનો ધર્મ કરે તેમ કઠોરતા વધુ આવે. પછી થાય કે આટલું કરીએ છીએ પણ તેનું ફળ હશે કે નહિ?

**સભા :-** ધર્મ કરે તેમ કઠોરતા વધે?

**સાહેબજી :-** હા, કઠોરતા એટલે બાહ્ય અનુકૂળતા ઓછી થતી જાય. તમારા કરતાં અમે વધારે ધર્મ સ્વીકાર્યો, તો અમારે વધારે કઠોરતા આવીને? તમે અમારાથી દૂર કેમ રહો છો? તમે ભલે પગે લાગો, પણ રહો દૂરને?

**સભા :-** સંયમજીવન ગમે ખરું.

**સાહેબજી :-** સાચું બોલજો, તમે અનુમોદના તો એટલે કરો છો, કે જાણો છો કે અનુમોદનાથી ફળ મળશે; પણ આ જીવન પામવા જેવું અને મળી જાય તો સારું તેવું માનસ છે?

**સભા :-** સિદ્ધાંત તરીકે સ્વીકારીએ છીએ.

**સાહેબજી :-** પણ સાયકોલોજીમાં ફીટ નથી થયું, એમ ને? જે વસ્તુ ગમે, તેનો તલસાટ થયા કરે. અહીં આવતાં ગભરાઓ છો તેમાં કારણ શું છે? અહીંની હાર્ડશીપ જ છે ને? બાકી સાધુને તો બધા પગે જ લાગે ને? તમે જે છોકરાને રમાડી-પંપાળી મોટા કર્યા, લોહીનાં પાણી કર્યા, તે પણ તમને પગે નથી લાગતા, તો અહીં તો ગામના છોકરા પગે લાગશે, છતાં કેમ ગમતું નથી?

**સભા :-** કઠોરતા છે માટે.

**સાહેબજી :-** બસ, એ જ કહું છું. અમારી પ્રતિજ્ઞાઓ કેટલી? છૂટી પાડી વિચારો તો કરોડો પ્રતિજ્ઞાઓ ઓછી પડે. દા.ત. જીવનભર વનસ્પતિને અડવાનું નહિ, તો તેના દ્વારા થતી કેટલી પ્રવૃત્તિઓનાં અમારે પચ્ચક્ખાણ આવે? અમે પંદર દિવસે મહિને જ્યાં વિહાર કરીને પહોંચીએ, ત્યાં તમે સડસડાટ પહોંચી જાવ. હવે આવું સહન કર્યા પછી મને થાય કે આનું ફળ હશે કે કેમ? પણ તમે કાંઈ ન કરો એટલે તમને ફળની ચિંતા જ ન રહે. માટે ધર્મ કરનારે પહેલાં ફળની બાબતમાં સુનિશ્ચિત બની ધર્મ કરવો જોઇએ. નિઃસંદેહ બુદ્ધિ ન રાખે તો

ધર્મઅનુષ્ઠાનનો પાવર તૂટી જાય.

મારું વાહન છોડવા પાછળનું કારણ શું? તમે જાણો છો આ વાહનો રાક્ષસો છે. કેટલાયનું જીવન બરબાદ કરી નાંખે તેવા છે. વાહનમાં બેસીને જતી વખતે બીજાને મારવાનો હિંસાનો જે ભાવ છે, તેનું કુદરત તમને ફળ આપશે જ. છતાં તમારો ભાવ શું? અને હું સાધુ તરીકે શું વિચારું? બીજાને દુઃખ-હિંસા ન થાય તે રીતે પહોંચવું છે. આપણી અનુકૂળતા ખાતર બીજાનો કચ્ચરઘાણ કાઢી ન નંખાય.

**સભા :-** એવી ભાવના નથી હોતી.
**સાહેબજી :-** તમને ખબર છે કે બીજા જીવો મરે છે, છતાં બેસો છો, તો તે મારવાની ભાવના નથી? વળી તમે નીકળતા હો અને કોઇ જ્યોતિષી મળે અને કહેઃ આજે નીકળો છો પણ અકસ્માત થઇ જશે, તો પાછા ઘરમાં પેસી જાવ ને?

**સભા :-** આ રીતે વિચારતાં તો સાધુ પણ વિહાર ન કરે તો, વધારે અહિંસા જ થાય ને?
**સાહેબજી :-** ના, એક જગ્યાએ સ્થિર રહેવામાં વધારે દોષ છે. એ વિષે શાસ્ત્રવચનો વાંચો તો આફરીન થઇ જશો. ભગવાને અમારા જીવનમાં એવો આચાર મૂક્યો છે કે, સાધુની એક એક પ્રવૃત્તિ વિચારપૂર્વકની હોય છે. એક જગ્યાએ રહે તો પ્રીતિ થાય. પછી રાગ-અનુરાગ-મમત્વ વગેરે થાય. વળી એક જગ્યાએ રહેવાથી તેના (સાધુ) દ્વારા જગતને જે ઉપકાર કરવાનો છે તે નહિ થાય. તેનાથી કેટલાય લાયક જીવો ધર્મ પામે અને તે દ્વારા દુનિયામાં કેટલાય સત્ય-અહિંસા-સદાચાર ફેલાય, તે નહિ થાય. અમે આખો સંસાર છોડી નીકળ્યા પછી ભગવાનની આજ્ઞા મુજબ સારા સાધુ હોઇએ તો જાતે વાણી-વર્તન દ્વારા સદાચાર-સત્ય-અહિંસા પાળવાના અને બીજાને પળાવવાના. આ રીતે વિચારીએ તો વિહાર દ્વારા જ સત્ય-અહિંસાનો વધારે ફેલાવો થાય તે સિદ્ધ થશે. હા, તમે આથી વધારે અહિંસક વ્યવસ્થા બતાવી શકો તો અમે વિચારવા તૈયાર છીએ. પણ અમને ખબર છે કે **અમારા તીર્થંકરો જે વ્યવસ્થા બતાવી શક્યા તે બીજા બતાવી જ નહિ શકે. જગતમાં સર્વ પાપોથી છૂટવા આ સિવાય બીજો કોઇ વિકલ્પ જ નથી.**

આ વાત શાસ્ત્રમાં તર્કબદ્ધ સમજાવી છે, એટલી ઊંડી સમીક્ષા છે કે બીજે આવી વાતો સાંભળી-વાંચી નથી. દા.ત. અમે ક્યાંક ગામમાં ગયા, ઉપાશ્રય ન હોય અને કોઇ રાજીખુશીથી જગ્યા આપતું હોય, તે પણ તેની ઇચ્છાથી; વળી યોગ્ય જગ્યા હોય અને અમે ત્યાં ઊતરીએ. હવે ઓચિંતું કૂતરું-ગાય, કોઇ પશુ-જાનવર દોડતું આવે તો તે વખતે સાધુએ શું કરવું? કૂતરું ગૃહસ્થના ઘરમાં જાય અને ખાવા-પીવાનું બગાડે તો તે વખતે સાધુ તે કૂતરાને ભગાડે તો શું? ન ભગાડે તો શું? તેના વિકલ્પો કરી મૂકો તો થાય કે બીજે આવી અહિંસા વિચારી નહિ હોય. અટકાવે તો કૂતરું ભૂખ્યું રહે, તેમાં અંતરાય થાય. ભગાડે તો રસ્તામાં જે પણ કીડી-મંકોડા મરે તે બધાને મરાવવાનું પાપ સાધુને લાગે; તો પણ દરવાજો બંધ કરી દે તો? તો ત્યાં પણ કહ્યું કે દરવાજો બંધ કરવાથી, વારંવાર ખોલવાથી આટલી હિંસા-દોષ થાય. હવે કૂતરું આવી ખાઇ જાય તો માલિકને થાય મહારાજ ધ્યાન નથી રાખતા. એને અપ્રીતિ થાય તો પણ સાધુને

પ્રાયશ્ચિત્ત લાગે. આવા વિકલ્પો તમે વિચાર્યા હશે? બીજા ધર્મમાં આટલી હિંસા-અહિંસા કલ્પનાનો વિષય છે ને? જ્યારે આપણે ત્યાં આ બધું આવે છે. અહિંસક જીવનની ટોપ લિમિટ સુધીની વાત છે. માટે વિહાર નહિ જ કરવો તેમાં દોષ છે.

**સભા :-** પછી પેલા કૂતરાનું શું કરવાનું?

**સાહેબજી :-** ત્યાં લખ્યું કે સાધુ પહેલેથી ખુલાસો કરે કે "ભાઈ! તું જગા આપે છે પણ અમે ચોકીદાર નથી, અને અમે ચોકી કરીએ એવી અપેક્ષા હોય તો જગા નહિ આપતો. તને લાગતું હોય કે આ મહાત્મા પવિત્ર છે, પવિત્ર સદાચાર પાળવાના છે, તને લાગતું હોય કે સંતોને આપવાથી જગા પવિત્ર થશે, તેવી અપેક્ષા હોય તો જ જગ્યા આપજે". આવી ચોખવટ કર્યા પછી કાંઈપણ થાય તો અપ્રીતિનો સવાલ આવે? કેમ કે અમારા માટે તો કૂતરું હોય કે બીજો જીવ હોય બધાં સરખાં છે. આ પહેલો વિકલ્પ, પછી પણ બીજા વિકલ્પ આપ્યા. કારણ કે શક્ય અહિંસા પળાવવી છે, માટે હિંસા-અહિંસા બતાવવી પડે.

મોટરમાં બેસીને જવામાં તમને અગવડતા નથી, પણ બીજાની અગવડતાનો પાર નથી. છતાં તમે જાઓ છો તો તેનો દોષ લાગશે, અનેક જીવોની હિંસાનું ફળ ભોગવવાનું આવશે. માટે ધર્મ-અધર્મનાં ફળ કઈ રીતે વિચારવાનાં? કોઈ પણ જીવને ત્રાસ આપ્યા વિના મારે પહોંચવું છે, તેવો સાધુનો ભાવ એને કેટલું ફળ આપે? આમ જેમ જેમ જીવ અહિંસા વધારે પાળે તેમ તેમ ફળનો ગુણાકાર થાય. એક જીવને બચાવવાનું આટલું ફળ, તો સામાયિકમાં આટલા જીવોને બચાવવાનું ગુણાકારમાં કેટલું મોટું ફળ આવે? આ રીતે જો વિચારો તો થાય કે એક સામાયિકના ફળનું જે વર્ણન છે તે યોગ્ય જ છે. પણ તમને ધર્મના ફળમાં વિશ્વાસ નથી, માટે જ ધર્મ કરવામાં પાવર આવતો નથી. સારાનું ફળ સારું, ખરાબનું ફળ ખરાબ; એટલો મૂળ નિયમમાં વિશ્વાસ હોય, તો પણ ધર્મના દરેક અનુષ્ઠાનોનાં ફળોનું વર્ણન છે, તે ઓટોમેટીકલી(આપમેળે) બેસી જ જશે. વળી ફળમાં વિશ્વાસ બેઠો હશે તો કરતી વખતે કેટલો ઉત્સાહ- ઉલ્લાસ હશે! તમને સંસારમાં ઉછાળા આવે છે કે ધર્મમાં? તમને તો "હું સારું કરું છું તેનું અવશ્ય ફળ મળશે જ," તેમાં જ ગડમથલ છે. એક કીડી માટે પણ શુભાશુભ ભાવ હશે તો તેનું શુભાશુભ ફળ અવશ્ય મળશે જ.

**સભા :-** કીડી માટે એવો ભાવ ન હોય પણ જોઈને અરુચિ થાય છે, માટે ભગાડીએ છીએ.

**સાહેબજી :-** તમને જોઈને કોઈને અરુચિ થાય અને તમને ભગાડે તો વાંધો નહિ ને? તે જીવો સ્વતંત્ર રીતે જીવે છે, તેમાં તમે શું કામ ડખલ કરો છો? તમે ધર્મનું ફળ ભૂલી જાઓ છો તે તમારી મૂઢતા છે. બાકી કુદરતનો તો અટલ નિયમ છે કે જેવું વર્તન તેવું ફળ મળશે જ. પણ હજી શંકા-કુશંકાથી જ મન ઘેરાયેલું છે.

**આ દુનિયામાં જો બીજાને મારવાથી ભવિષ્યમાં મરવારૂપ ફળ ન હોય તો, આ દુનિયામાં મારનારા-મરનારાની સંખ્યા સરખી કેમ?** જો કોઈને બચાવવાનું ફળ પોતે મરવાનું હોય અને કોઈને મારવાથી પોતાને બચવાનો લાભ મળતો હોય તો, દુનિયામાં બચાવનારા ઓછા છે અને મારનારા વધારે છે, તે કેમ? આ અમદાવાદમાં અનંતા જીવો ક્ષણે

ક્ષણે મરે છે. આટલા મરનારા કેમ છે ? ત્યાં શાસ્ત્રમાં દલીલ આપી છે કે, મારવાનું ફળ મરવાનું જ છે, માટે મારનારા વધારે છે અને મરનારા પણ વધારે છે. **અત્યારે જે મારનારા છે તે ભવિષ્યમાં મરનારા છે, અને અત્યારે મરનારા છે તેમનું પુણ્ય આવશે તો મારનારા જ બનશે.** પણ આમાંથી કોણ બચશે? **જે શુભ ભાવનામાં જઇ ધર્મમાં આવશે તેને શુભ ફળ મળવાનાં ચાલુ થશે.** આપણે ત્યાં એક-બે-ચાર જીવ માટે સારી ભાવના કરો તો તે બધાનું ફળ ચોક્કસ છે.

**સભા :-** દેરાસર જવાનો વિચાર કરવો, પગ ઉપાડવો, જવું, દર્શન કરવાં વગેરેનાં ફળ અમુક ઉપવાસ બતાવ્યા છે, તે શું?
**સાહેબજી :-** બધું સંદર્ભ સાથે લખ્યું છે. પહેલાં તો ઉપવાસનું ફળ ખબર છે? ઉપવાસ એટલે શું ચીજ છે?

**સભા :-** બધી વસ્તુનો ત્યાગ.
**સાહેબજી :-** બધી વસ્તુનો ત્યાગ નહિ. આ ઉપવાસ કર્યા પછી પફ-પાવડર, સોફામાં બેસવું, વાહનમાં ફરવું વગેરે નહિ કરો? હા, બધી ખાવા-પીવાની વસ્તુનો ત્યાગ. દુનિયામાં જેટલી ખાવા-પીવાની વસ્તુઓ છે, તેનો ચોવીસ કલાક પૂરતો ત્યાગ. તે પણ સંપૂર્ણપણે નથી કરતા. ઉપવાસ કર્યો હોય અને મહેમાન આવે તો બનાવો ખરા ને? એટલે તમે પોતે ખાઓ-પીઓ તેમાં થતી હિંસાનો જ ઉપવાસમાં ત્યાગ. હવે દુનિયામાં ખાવા-પીવાની વસ્તુ કેટલી? તે બધી બનાવવામાં, રાખવામાં જે લાખો કરોડો જીવોની હિંસા હોય, તે બધી હિંસાનો તમે એક દિવસ પૂરતો તમારા પૂરતો ત્યાગ કર્યો. પણ ઉપવાસ કરતાં જે ત્યાગ કર્યો તેના કરતાં, તે ભગવાનનાં વિધિપૂર્વક દર્શન કરવા જાય, તેમાં ઘરેથી નીકળે તે જ વખતે શું ભાવ હોય? કે પૂર્ણ અહિંસાના સ્થાપક એવા પરમાત્માનાં દર્શન-પૂજા-ભક્તિ કરવા જાઉં છું; અને જાઉં છું ત્યારથી રસ્તામાં પાપના ભાવ નહિ કરવા તેવી ભાવનાપૂર્વક, જયણાપૂર્વક ચાલતા ચાલતા જાય, તેમાં ઉપવાસ કરતાં ઘણો ઊંચો ભાવ આવશે. પછી દેરાસરમાં પેસતાં "નિસીહિ" કરશે, જેમાં સંસારનાં તમામ પાપોનો મન-વચન-કાયાથી ત્યાગ આવશે. આ બધા પાસે ઉપવાસનો ત્યાગ તો ટીપું થઇ જાય. માટે વિધિપૂર્વક પૂજા કરનારને છ મહિનાના ઉપવાસનું ફળ મળે તે ગપ્પાં નથી. તમે જે ધર્મ કરો છો તે શું છે? શા માટે કરો છો? તેનું ફળ શું? તેનો તમે ક્યારેય વિચાર કર્યો જ નથી. પૂજામાં અહિંસા-ત્યાગ ઘણો વધારે થવાનો. યોગ્ય આચરણ ન કરો, એટલી ખામી હોય, તેટલું ઓછું ફળ મળે છે; પણ યોગ્ય આચરણનું ફળ તો મળશે જ. સદાચાર-દુરાચારનું ફળ નહિ માનો તો આખી વિશ્વવ્યવસ્થા પડી ભાંગશે. સાચો ધર્માત્મા એ કે જેને ધર્મના ફળમાં શ્રદ્ધા હોય. તે તો ધર્મઅનુષ્ઠાન કરવા તલસતો હોય.

**સભા :-** ધર્મનું તાત્ત્વિક ફળ શું?
**સાહેબજી :-** અરે! આટલું સ્થૂલ ફળ તો વિચારો. આટલું સ્થૂલ ફળ વિચારશો તો પણ મને નથી લાગતું કે તમે ઘેર બેસી રહેશો. બાકી તાત્ત્વિક ફળ તો ઘણું ઊંચું છે. શાસ્ત્ર તો કહે છે કે

**સમકિતી ધર્મ કરતો જાય અને આત્માના સુખનો તત્કાલ અનુભવ કરતો જાય, તેવો તાત્ત્વિક રોકડિયો ધર્મ છે.** પણ અત્યારે શુભ ભાવ જો સ્થૂલ હશે તો પણ આટલું ફળ છે અને તેમાં વિશ્વાસ બેસી જાય તો પણ ધર્મમાં જોડાઇ જાવ. આંતરિક ફળ અનુભવે પછી તો શાસ્ત્ર કહે છે કે, **સમકિતીને સામાયિકના ફળનો એવો અનુભવ થાય કે, તે જાતે કહે કે દુનિયાના કોઇ પણ ભૌતિક પદાર્થમાં આવું સુખ આપવાની તાકાત નથી.**

વળી આત્માના સુખમાં ઊંધું છે. **સંસારનું સુખ જેમ ભોગવો તેમ ઘટે, જ્યારે આત્માનું સુખ જેમ ભોગવો તેમ વધે.** શરબત પીઓ તો પીતાં પીતાં સુખ ઘટે અને છેલ્લે શૂન્ય આવી જાય, અને પછી પણ આપે તો?

**સભા :-** વોમીટ ચાલુ થાય.

**સાહેબજી :-** જોયું? તમે પણ છો, શરબત પણ છે, બંને તે જ છો, પણ સુખ ચાલ્યું ગયું; જ્યારે આત્માનું સુખ તો ભોગવો તેમ વધે. આત્માના સુખની ઇચ્છા કરો ત્યારથી જ નિર્જરા ચાલુ થાય, કેમ કે આત્માનું સુખ તે શુદ્ધ ભાવ છે. જેમ જેમ વિકારો ઘટે, તેમ તેમ આત્માનું સુખ ભોગવવા મળે અને તેથી નવો નવો કર્મનો ક્ષયોપશમ થાય અને તે દ્વારા ફરી નવું આત્માનું સુખ પ્રગટે. દા.ત. શાસ્ત્ર કહે છે કે બે પ્રકારની લક્ષ્મી હોય. પુણ્યાત્માની લક્ષ્મી, એક પૈસો બીજા પૈસાને લાવે તેવી હોય; જ્યારે પાપાત્માનો પૈસો, ભવિષ્યમાં ગરીબીને લાવે તેવો હોય. તેમ આત્માનું સુખ બીજા સુખને લાવવાનું કારણ છે, માટે જેમ જેમ ભોગવો તેમ તેમ સુખનો ગુણાકાર થશે; જ્યારે ભૌતિક સુખમાં સુખ જેમ જેમ ભોગવો તેમ સુખનો ભાગાકાર થશે. પૂ. ઉપાધ્યાયજી મહારાજ સાહેબ ફરમાવે છે કે ઊંચાં આત્મસુખો ભોગવનારા મહાત્માઓ, લોકો પાસે આત્મસુખની વાત કરશે તો તે કેવી લાગશે? તો ગામડાના માણસ પાસે અમેરિકાના મહાલયોની વાત કરે તો જેમ આશ્ચર્ય લાગે, તેમ અહીં થશે.

જે જીવ માર્ગે ચઢ્યો તેને પહેલાં એક ગુણ પ્રગટે, અને તેનાથી જ આગળ આગળ ક્ષયોપશમ થાય અને અનેક ગુણો પ્રગટે. નયસારના ભવમાં એક ગુણ હતો, પણ તે એવો ખીલેલો કે નયસારથી મહાવીર બન્યા ત્યાં સુધીમાં અનેક ગુણોનો ગુણાકાર થયો. શ્રેયાંસકુમારને પૂર્વે અનામિકાના ભવમાં સ્ટાર્ટીંગ પોઇન્ટ(પ્રારંભ બિંદુ) સ્વરૂપ ગુણસ્થાનકની પ્રાપ્તિ થઈ. તે અનામિકા એવો પાપનો ઉદય લઇને આવી છે કે તે ઘરમાં માબાપને જ અણગમતી હતી. સાત બહેનો પર આઠમી જન્મી. એનો બાપ અકળાયો છે, તેથી સમાચાર સાંભળી ઘર છોડી ચાલ્યો ગયો. મા પણ ગાળો આપે છે. કેવી રીતે મોટી થઇ હશે? આયુષ્યબળ એટલું કે મોટી થઇ. બચપણથી ડફણાં, ઠપકો ખાઇ ખાઇ મોટી થઇ. તેમાં એક દિવસ બધા મોજમજા કરે છે. તે જોઇ તેને થયું કે બધા કેવું સરસ ખાય છે. એટલે માને કહે છે, મને પણ લાડુ આપ. મા ધમકાવી કહે છે, કામ કર. હતાશ થઇ બહાર નીકળી છે. પહાડ પર લાકડાં કાપવા જાય છે. પણ આ સ્થિતિમાં ધર્મની સામગ્રી મળી. એક ગુણ પ્રગટ્યો પછી વિકાસ ચાલુ થશે. પુણ્ય એવું કે પહાડ પર શુભધ્યાનમાં મગ્ન મહાત્મા કેવલજ્ઞાન પામતાં દેવતા મહોત્સવ કરવા આવ્યા છે. પેલી ચકળ-વકળ જુએ છે. બધાની જેમ મહાત્માને પગે લાગે છે. ભૂખ-તરસ ભૂલી ગઇ. મહાત્મા દેશના આપે છે. થોડું ગ્રહણ કર્યું. સાંત્વન થાય તેવા શબ્દો સાંભળી

થોડી શાંતિ થઇ. તેને થયું, આ જ્ઞાની પુરુષ છે, એટલે પૂછે છેઃ "ભગવન્! મારા જેવું કોઇ દુઃખી હશે?" ત્યારે કેવલી કહે છે, "તને તો દુઃખ જ નથી. તું ઘણી સુખી છે." આ એન્ગલ(દૃષ્ટિ) તમારી પાસે પણ નથી. વાસ્તવમાં આ ભવમાં જે દુઃખ આવે છે તે સાવ મામૂલી છે. કેમ કે જે વખતે દુઃખ આવે છે તે વખતે પણ હજારો પુણ્યપ્રકૃતિઓનો ઉદય ચાલુ હોય છે. પણ તમે તો વાગોળી વાગોળીને દુઃખને જ મોટું કરી દો ને? તમને દુઃખ વધારવામાં રસ છે કે દુઃખ ઘટાડવામાં? તમે તો જીવનમાં ઘણું સારું હોવા છતાં થોડાને કારણે બધું બગાડો છો. મહાત્મા કહે છેઃ "તારે તો રહેવા ઘર છે, પશુ-પંખીને રહેઠાણ પણ નથી. તને પાંચે ઇંદ્રિયો પરિપૂર્ણ છે. તું કામ કરી કમાઇ ખાઇ શકે છે. વળી નાનાં ક્ષુદ્ર જીવજંતુઓની તો વાત જ નથી. તે બધાનાં દુઃખ પાસે તારું દુઃખ કોઇ વિસાતમાં નથી. વળી મનુષ્યમાં પણ રોગિષ્ઠ-ખોડ-ખાંપણવાળા જન્મે છે. તું તો હાથે-પગે સાજી-નરવી છો." પેલી તેનું દુઃખ ભૂલી ગઇ. પૂછે છેઃ આવું કેમ? પછી કેવલીએ પુણ્ય,પાપ,આત્મા,પરલોક એવા સમજાવ્યા કે તેને બેસી ગયું કે, આ બધું દુઃખ દુષ્કૃતનું જ ફળ છે. પછી મહાત્મા કહે છે, આ દુઃખોની ચિંતા ન કર. પણ સંસારમાં જેને સુખ માને છે તે પણ નિઃસ્સાર છે. હકીકતમાં આત્મકલ્યાણ જ કરવા જેવું છે. પછી બોધિબીજ પામી અને આરાધક બની. પણ આ બધું બન્યું કેમ? સાચી જિનવચનની શ્રદ્ધા, સાચો વૈરાગ્ય આવી ગયો. હવે Angle(દૃષ્ટિકોણ) જ બદલાઇ ગયો. કૃત્રિમ દુઃખ આપમેળે ચાલ્યું ગયું અને કર્મના પસાયે જે બાહ્ય દુઃખ હતું તે સમજી ગઇ. આ કેમ બન્યું? કેમ કે ધર્મનું ફળ વિચાર્યું માટે જ.

✿ ✿ ✿

**વ્યાખ્યાન : ૫ તા. ૨૬-૦૧-૯૮, પોષ વદ તેરસ, ૨૦૫૪, સોમવાર**

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવોને આ ભવચક્રનો અંત કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

મહાપુરુષોની દૃષ્ટિએ તીર્થંકરો જે શાસન સ્થાપે છે, તે સ્થાપવા પાછળ એક માત્ર ઉદ્દેશ એ છે કે, ભવચક્રમાં રખડતા જીવોના ભવચક્રનો અંત કરાવી પરમપદે પહોંચાડવા. તીર્થંકરો સંસારનો ઉચ્છેદ કરાવવા શાસનની સ્થાપના કરે છે, પણ મોટા ભાગના જીવોને સંસારનો ઉચ્છેદ કરવાની ઇચ્છા જ નથી. તેમને તો વિષય-કષાયો-વિકારોથી યુક્ત જગતમાં જ રચ્યાપચ્યા રહેવું છે. માટે તીર્થંકરો જે કલ્યાણ કરવા માંગે છે, તે કલ્યાણની કામનાવાળા જીવો જવલ્લે જ નીકળવાના. આજ સુધી અનંતા તીર્થંકરો થયા. બધાએ જગતના જીવોને તારવાની ઇચ્છા કરી, છતાં ૦.૦૦૦...૦૦૦૧ જીવોને જ તારી શક્યા છે. કુલ જીવસૃષ્ટિમાં નિગોદને છોડી બહાર જે જીવો છે, તે તો એક નિગોદના અનંતમા ભાગે પણ નથી. બાકી તો બધા નિગોદમાં જ સબડ્યા કરે છે. બહાર નીકળેલા પણ વિષયકષાયમાં જ મશગુલ પડ્યા છે અને સંસારમાંથી બહાર નીકળવાની કોઈને સૂઝબૂઝ નથી. આમ સંસાર એવો છે કે જોતાં આવડે તો જીવને ફફડાટ થઇ જાય. હા, મનુષ્ય વગેરે ભવોમાં ધર્મસામગ્રી મળે છે, પણ અહીં પણ સાચો ધર્મ પામનાર ઓછા નીકળે છે, કેમ કે ધર્મની ભૂખ નથી. માટે લગભગ

જીવો તો સાચો ધર્મ પામ્યા વિના એમ ને એમ મરી જાય છે. **અરે! જૈનશાસનમાં જન્મેલા પણ સાચો ધર્મ પામ્યા વિના જ પરલોકમાં પહોંચી જાય છે, કેમ કે તેમને ધર્મની ભૂખ જ નથી.** પરંતુ જીવ ધર્મનો શોધક બને, દેવ-ગુરુ-ધર્મને ઓળખે અને તેમના વિષયમાં નિઃશંક દૃઢ નિર્ણયવાળો બને, ત્યારે પહેલો દર્શનાચાર આવે. સ્વપ્નમાં પણ ઈશ્વર-ગુરુ-ધર્મતત્ત્વ બાબતમાં કદી શંકા-કુશંકા-વિમાસણનો પ્રશ્ન ન આવે. આ વાતમાં નિર્ણીત બનો એટલે પહેલો દર્શનાચાર.

**કાંક્ષાદોષ :-** હવે આ તત્ત્વની બાબતમાં સુનિશ્ચિત બની બીજાની ઇચ્છા ન થવી જોઇએ. તે થાય તો કાંક્ષારૂપ બીજો અતિચાર લાગે. એટલે બીજા દર્શનાચારમાં ઊંચો-સારો ધર્મ પકડ્યા પછી હલકાની અભિલાષા છોડી દેવાની છે. પણ આ દોષ કેમ લાગે છે? હલકું છે છતાં પસંદ કરવાનું મન થયું માટે તે દોષ છે, બાકી પારકાનું છે માટે અભિલાષા નથી કરવાની તેમ નહિ.

તમે જૈનધર્મમાં જન્મ્યા છતાં બીજાના હોળી, બળેવ વગેરે તહેવારો ઊજવવાનું મન થાય તો પણ આ કાંક્ષા દોષ લાગે. આપણે ત્યાં ધાર્મિક તહેવારોની જે રીતે ઉજવણી છે તેવી બીજે ક્યાંય નહિ મળે. તે પર્વો પાછળના પવિત્ર આદર્શો અને તેને અનુરૂપ ઊજવણીના ચોક્કસ પ્રકારો છે, તેવું બીજે મળે એમ નથી. **અન્ય ધર્મોના પર્વોમાં ધાર્મિકતા અને સામાજિકતાની ભેળસેળ થઇ ગઇ છે. આપણે ત્યાં બધાં ધાર્મિક પર્વો શુદ્ધ રાખ્યાં છે. તેમાં ફેરફાર થાય તો શાસ્ત્રો, સદ્ગુરુ ધ્યાન દોરે.** પ્રભુવીરને થયે ૨૫૦૦ વર્ષ થયાં, છતાં પણ અહીં જેટલી અણીશુદ્ધતા છે તેવી બીજે નહિ મળે. છતાં તમને હલકા પર્વોની ઊજવણીની ઇચ્છા થાય તો કાંક્ષા દોષ આવે ને?

**સભા :-** અણસમજ/અજ્ઞાનને કારણે તે ધર્મોની ઇચ્છા થાય તો?

**સાહેબજી :-** અણસમજના કારણે ઇચ્છા થાય તો તો પછી તેનામાં પહેલો દર્શનાચાર જ નથી. કેમ કે જગતમાં સાચા દેવ-ગુરુ-ધર્મને ઓળખી તેમાં સુનિશ્ચિત બનો એટલે પહેલો દર્શનાચાર આવે.

**સભા :-** કોઇ આનંદ-પ્રમોદની દૃષ્ટિએ ઊજવે તો?

**સાહેબજી :-** આનંદપ્રમોદની દૃષ્ટિએ કાંઇ ન મળ્યું તે ધાર્મિક પર્વો મળ્યાં? કોઇનાં ધર્મસ્થાનોને અપવિત્ર કરવાં તે પાપ છે, તેમ કોઇનાં ધાર્મિક પર્વોને અપવિત્ર કરવાં તે પણ દોષ છે. ધાર્મિક પર્વો મોજમજા માટે છે? **આમનું કહેવું છે કે લોકોમાં ધાર્મિક પર્વો અપનાવવાં હોય તો સહેજ મોજમજા કરાવો, પણ અમારે તેવું નથી કરવું.**

**સભા :-** તપ-ત્યાગ-સંયમમાં પણ આનંદ આવે તેવું વાતાવરણ હોય તો મજા આવે ને?

**સાહેબજી :-** આત્મિક, નિર્દોષ, શુભભાવનો આનંદ મેળવાય તે રીતે આરાધના ગોઠવો તો વાંધો નથી. પ્રસંગે દેરાસરમાં સંગીત-નૃત્ય-વાજિંત્રોનો ઉપયોગ કરાય જ છે ને? પણ તે શા માટે? શુભ ભાવની વૃદ્ધિ માટે કરવાનો; પણ ઇંદ્રિયોની તૃપ્તિ, મોજમજા માટે ધાર્મિક પર્વો

ગોઠવશો તો ધર્મ નીકળી જશે. હા, **બધી લલિતકલાનો પ્રશસ્ત રીતે ઉપયોગ કરવાની છૂટ છે. ઊજવણી જોનારના શુભ ભાવની વૃદ્ધિ થાય તેવી રીતે ઊજવાય. માટે જ જૈનધર્મનાં પર્વોને છોડી બીજાનાં પર્વો ઊજવવાનું મન થાય તો કાંક્ષા નામનો અતિચાર છે.** અત્યારે ધર્મના ક્ષેત્રમાં સાચું-સારું પકડીને આગળ વધવું છે તેવો આગ્રહ નથી હોતો, બધું ચાલે તેવી ભાવના પડી છે, તેનાથી કાંક્ષાદોષ લાગે.

**વિચિકિત્સા ફળનો સંદેહ :-** ત્રીજા દર્શનાચારમાં, તમે જે પણ ધર્મ આરાધના સાચી-સારી માની કરો છો, તે કરતી વખતે કે કર્યા પછી તેના ફળનો સંદેહ ન થવો જોઇએ. વળી આ ધર્મ સ્વેચ્છાએ કરો છો છતાં તેમાં શંકા-કુશંકા થાય, કે ફળ મળશે? કેટલું મળશે? ક્યારે મળશે? વગેરે કરો તો ત્રીજો અતિચાર લાગે.

**સભા :-** ધર્મ સમજ્યા પછી ધર્મ કરીએ તો આવું ન થાય.
**સાહેબજી :-** ધર્મ સમજવામાં વર્ષોનાં વર્ષો વીતશે. ત્યાં સુધી ધર્મ વિનાના રહેશો?

**સભા :-** જ્ઞાનાચાર કહ્યો છે ને?
**સાહેબજી :-** પણ સાથે જ ચારિત્રાચાર પણ કહ્યો છે ને? ધોળાં આવી ગયાં છે. કેટલું સમજ્યા? એક ભાઇ આવેલા. કહે: "સાહેબ! મેં નક્કી કર્યું છે કે સમજીને ધર્મ કરવો." તો મેં કહ્યું: "આ વીતરાગનું સ્વરૂપ ઓળખતાં કેટલાં વર્ષ થશે? સંસારમાં એકલું જ્ઞાન રાખ્યું છે કે જ્ઞાન-ક્રિયા સાથે રાખ્યાં છે?" હા, અમે કહીએ, જેટલા જલદી સમજો તેટલા અમે રાજી છીએ પણ ન સમજો અને આરાધના મૂકી દેશો તો રખડી પડશો. જન્મ્યા ત્યારે શું ખાવું, શું ન ખાવું તેની સમજ હતી? ત્યારે શરીરને લાભદાયી શું છે તે સમજ્યા પછી જ ખાવું તેવું નક્કી કર્યું હોત, તો અત્યાર સુધી જીવ્યા હોત? માટે ભલે સમજ્યો નહિ હોય, પણ સારી ક્રિયા-સારી આરાધના કરશે તો તે જીવને લાભ જ છે. અમે કહીએ છીએ, આરાધના કરતા જાઓ અને સાથે સમજતા જાઓ. તે રીતે કરતા જશો તો ધીમે ધીમે જ્ઞાન-ક્રિયા બંનેનો વિકાસ થતો રહેશે, નહિતર સમયસર યોગ્ય વિકાસ નહિ થાય. ઘણા સમજના નામે આરાધના કરતા નથી; ઘણા આરાધના કર્યા કરે છે, પણ સમજતા નથી; તેથી વિકાસ થતો નથી. બેય સાથે જરૂરી છે, માટે તો "**ज्ञानक्रियाभ्याम् मोक्षः**" એ પ્રમાણે શાસ્ત્રમાં લખ્યું છે. તેમાં જ સ્યાદ્વાદ છે.

**સભા :-** ત્રીજા અતિચારમાં ફળ માત્રની શંકા ન જોઇએ કે ઉત્કૃષ્ટ ફળની શંકા ન જોઇએ?
**સાહેબજી :-** ત્રીજા અતિચારમાં નાના-મોટા બંને ફળની શંકા તે શંકા જ છે. તેના માટે શાસ્ત્રમાં "દેશશંકા" "સર્વશંકા" શબ્દો વાપર્યા છે. દેશશંકા પણ ખરાબ છે અને પાયામાંથી શંકા હોય તે તો ભયંકર જ છે, કેમ કે ધર્મનું ફળ અવશ્ય હોય તે બાબતમાં જ વિમાસણ છે. ધર્મ તમને હંમેશાં સુકૃતની પ્રેરણા આપે છે અને સુકૃત એટલે સ્વ-પરનું ભલું કરવાનું વર્તન. હવે એક જીવનું પણ ભલું કરો, એક પણ જીવને બચાવો તો તેના ફળની બાબતમાં તમને અટલ વિશ્વાસ જોઇએ. અત્યારે પ્રસંગે દયા-દાન બધું મામૂલી કરો છો, પણ જેટલું કરો છો તે કરતી વખતે સારું છે માટે કરો છો, પણ આનું ફળ શું મળશે તે બાબતમાં શંકા રહે છે. પણ

પાયાનો સિદ્ધાંત બેઠો હોય કે, આ કુદરતમાં જે કોઇ સારું-ખરાબ કરે છે, તેનું તેને શુભ-અશુભ ફળ અવશ્ય મળે જ છે, તો આવી શંકા ન થાય. આ વાત ન બેસે તો શાસ્ત્રમાં તર્કબદ્ધ કારણો બતાવ્યાં છે. જો એનાથી વાત બેસે તો સાદાં ફળ બેસી જશે, પણ ઊંડાં ફળ બેસાડવા ગણિત કરવું પડે. ક્રમ ગોઠવવો પડે કે, એક જીવનું ભલું કરવાથી આટલું ફળ તો હજારો-લાખો-કરોડોનું ભલું કરવાથી શું ફળ મળે? આ બધું વિચારતાં ઇરિયાવહીનું ફળ પણ બેસી જશે, કેમ કે તેમાં તો જગતના તમામ જીવોનું ભલું કરવાની ઇચ્છા છે.

**સભા :-** મનનું પરિવર્તન થવું જોઇએ ને?

**સાહેબજી :-** હા, પણ ઇરિયાવહિયામાં મનનું પરિવર્તન થાય તેવી જ વસ્તુ મૂકી છે ને? વળી થોડું પરિવર્તન થાય તો થોડું ફળ તો મળશે જ ને? માટે અમે કહીએ છીએઃ વિધિપૂર્વક કરો તો આ ફળ, હલકી કક્ષાનું કરો તો આ ફળ-ઓછું ફળ; પણ **સુકૃત કરે અને ફળ ન મળે તેવું તો ત્રણ કાળમાં ન બને.** પાયામાંથી વિશ્વવ્યવસ્થાના નિયમો સમજો. તેવી રીતે દુષ્કૃત-નાના જીવ માટે પણ અશુભ ભાવ કર્યો હશે, તો અવશ્ય અશુભ ફળ મળશે જ. કોઇપણ જીવ પ્રત્યે "જેવો વ્યવહાર તેવો ભાવ અને જેવો ભાવ તેવો કર્મબંધ". કર્મબંધ એટલે તમારા ભાવનું નોટિંગ છે. અને જે પ્રકારનું નોટિંગ છે તે રીતે વિપાક મળશે, ફળ મળશે જ. આમાં જેટલો દઢ વિશ્વાસ હશે એટલો બધે વિશ્વાસ રહેશે. તમને થશે કે આ સુકૃત કરું છું અને લાભ ખાટી રહ્યો છું. પછી દાન કરતાં તાકાત આવશે, હાથ ધ્રૂજશે નહિ. ફળમાં વિશ્વાસ હશે તો કોઇપણ સત્કાર્ય કરતી વખતે વિશ્વાસ રહેવાનો જ. ઉલ્લાસ-ઉત્સાહ વધવાનો જ. ફળમાં નિઃશંકતા આવે એટલે ત્રીજો અતિચાર દૂર થાય છે.

**મુનિજીવન પ્રત્યે વિચિકિત્સા :-** નિર્વિતિગિચ્છાનો એક અર્થ, ૧. ધર્મના ફળમાં નિશ્ચિતતા. જ્યારે બીજો અર્થ એવો પણ કર્યો છે કે, ૨. ચિકિત્સા એટલે ઔષધપ્રયોગ. તેમાં વિકૃતિ એટલે વિચિકિત્સા. આ ચિકિત્સા કયા અર્થમાં લીધી છે? શાસ્ત્ર કહે છે, જગતમાં જીવતો જાગતો ધર્મ એટલે મુનિનો આચાર, તે જ પૂર્ણ ધર્મનું સ્વરૂપ. તે જ અહિંસામૂલક પૂર્ણ જયણામય ધર્મ, જેનો સાક્ષાત્ આચાર મુનિજીવનમાં છે. સાધુના આચારને જ પૂર્ણ ધર્મ તરીકે ઓળખાવ્યો છે. પૂર્ણ ધર્મ સાધ્વાચારમાં સમાય છે, તેમ અનંતા તીર્થંકરોએ કહ્યું છે. કેમ કે ધર્મનું સ્વરૂપ તે નિષ્પાપતાપૂર્વકનો સદાચાર. તે પરાકાષ્ઠાનો જૈનમુનિના જીવનમાં છે. માટે જૈનમુનિનું જીવન જ જીવતો જાગતો ધર્મ છે. શ્રાવકનું જીવન તો તેના સાધન તરીકે, તે પામવા માટે પગથિયારૂપ છે. આ પૂર્ણ ધર્મરૂપ મુનિજીવન પ્રત્યે વિચિકિત્સા એટલે શંકા-કુશંકા, વિપરીત ભાવ થાય, કે તેમના આચાર-વિચાર પ્રત્યે સૂગ-અણગમો થાય, કે જોઇએ તેવો સદ્ભાવ ન થાય તો પણ તે એક પ્રકારની વિચિકિત્સા છે. અતિચારમાં કહો છો નેઃ "સાધુ-સાધ્વીનાં મલ-મલિન ગાત્ર દેખી દુર્ગંચ્છા કીધી..." વગેરે. તે કેમ? પૂર્ણ ધર્મ છે તે રીતે જ, ઉત્તમ જીવન તરીકે હૃદયમાં બેસવો જોઇએ. પૂર્ણ ધર્મનો આચાર સાધ્વાચારમાં બતાવ્યો છે, પણ તેનું પાલન દેખાવમાં કેવું લાગે? તમારા શબ્દોમાં કહું તો ભૌતિક રીતે સંપૂર્ણપણે બરબાદ થઇ જવું તે સાધુધર્મ ને? ભગવાનની આજ્ઞા પ્રમાણે જિનકલ્પી મહાત્મા, તે તો જંગલમાં સાધુધર્મ પાળતા હોય. અત્યારે તો તે માર્ગનો ધર્મ જ નથી. જિનકલ્પી સાધુ

ભલે રાજકુટુંબમાંથી નીકળ્યા હોય, પણ મેલાં-ઘેલાં કપડાં હોય, પાસે કાંઇ ન હોય, દિવસોના દિવસો સુધી સ્નાનાદિ તો કરતા જ ન હોય, શરીરની સારસંભાળ લીધી ન હોય, એટલે ભિખારી જેવા બહારથી દેદાર દેખાય. શ્રેણિક જેવા શ્રેણિકને દૂરથી અનાથીમુનિને જોઇને હમદર્દીનો ભાવ જાગ્યો. કેમ કે આકૃતિ કેવી છે? રાજકુટુંબના નબીરા છે, પણ કપડાં મેલાં છે, એકલા-અટૂલા છે, ધ્યાનમાં છે. આગળ પાછળ કાંઇ ન હોય એટલે શ્રેણિકને આવો ભાવ થયો ને? તપાસ કરીને કહે છે, તકલીફ હોય તો કહો. હમદર્દીથી કહે છે, "નાથ થવા તૈયાર છું." આવો ભાવ કેમ થયો? તો સાધુ આત્મિક દૃષ્ટિએ ગમે તેટલા સમૃદ્ધ હોય, પણ ભૌતિક દૃષ્ટિએ તો બધો જ ત્યાગ. તમારા શબ્દોમાં તો પાયમાલ જ થવાનું આવે. તેમાં અસ્નાનધર્મ, શરીર પ્રત્યે પણ નિઃસ્પૃહ રહેવાનું વગેરે જોઇને કોઇને થાય, અરે! કેવો આચાર છે? અત્યારે ઘણા જૈનો છે, જે માને છે કે સાધુ-સાધ્વી મેલાં-ઘેલાં ન રહેતાં થોડાં વ્યવસ્થિત રહે તો સારું. તેથી સાધુનો અસ્નાનધર્મ તેમને ન ગમે. પણ અમારે તો આંતરશુદ્ધિ માટે પ્રયત્ન કરવાનો છે. છતાં આવું જોઇ કોઇને થાય કે આ કેવો આચાર? તેમના પ્રત્યે સૂગ થાય. વળી પડિલેહણાદિ-પૂંજના-પ્રમાર્જના જોઇ થાય, આ બધી શી કડાકૂટ? તે શું સૂચવે છે? તેને પૂર્ણધર્મરૂપ આચાર મગજમાં પેસતો નથી. તમને સમજાવું જોઇએ કે શુદ્ધધર્મ આમાં જ સમાયેલો છે. નિર્વિચિકિત્સા=વિચિકિત્સાનો સંપૂર્ણ અભાવ. "નિ" શબ્દ દ્વારા ભાર મૂકવો છે. માટે બધે "નિ" મૂક્યા છે. **ધર્મના એક પણ આચારમાં વિચિકિત્સા હોય ત્યાં સુધી તમારામાં નિર્વિચિકિત્સા નામનો દર્શનાચાર ન જ આવે. માટે સંપૂર્ણપણે મુનિજીવનનો આખો આચાર અંતરમાં ગમવો જોઇએ, તમારી શક્તિ ન હોય અને અપનાવી ન શકો, તે જુદી વાત. પણ પવિત્ર જીવન આ જ છે તેમ રોજ થવું જોઇએ; પણ તે આચારમાં અભાવ-અણગમો-સૂગનો ભાવ વગેરે ન જોઇએ.** સાધુ-સાધ્વીના કોઈપણ આચારમાં સહેજ પણ અણગમો થાય તો તમે ત્રીજા અતિચારથી સબડો છો.

ભગવાને અમને દીક્ષા અપાવી ત્યારથી અમારી પાસેથી બધા પરિગ્રહનો ત્યાગ કરાવ્યો, માટે અમારે ભિક્ષાવૃત્તિ આવી. પણ આ સદાચાર તમને ન ગમે, માંગી માંગીને ખાવાનું તમને ઓશિયાળું જીવન લાગે, તો આ અતિચાર લાગે. એક ભાઇ મને મળેલા. કહે, મારે સારી પ્રવૃત્તિ કરવી છે. તો મેં કહ્યું "તમે સાધુ થઇ સારામાં સારી પ્રવૃત્તિ કરી શકો છો." તો મને કહેઃ "મારે મારી જાત પર જીવવું છે. સાધુ જીવનમાં તો ઓશિયાળા બનવું પડે." એટલે અમારી ભિક્ષાવૃત્તિરૂપ આચાર તેમને નથી ગમતો. ઘણા એવા હોય કે આમ સાધુ-સાધ્વીની ભક્તિ ગમે, પણ ભિક્ષારૂપ આચાર ગમે નહિ. અમારો આચાર કેવો મૂક્યો? ભગવાને કહ્યું, તમારે તમારી પાસે કાંઇ રાખવું નહિ, પણ જરૂર પડે તો લોકો પાસેથી મેળવવાનું. તે કેવી રીતે? જઇ આશીર્વાદરૂપે ધર્મલાભ આપવો અને તેમાં તે આપે તેમાંથી જરૂર પડે તે વસ્તુ લેવી. **દુનિયામાં સંપૂર્ણ અહિંસામય-નિષ્પાપ જીવન જીવવા ચક્રવર્તીઓએ ચક્રવર્તીપણું ત્યાગ કરી ભિક્ષાવૃત્તિ સ્વીકારી. અમારે જે પવિત્ર અહિંસક જીવન જીવવું છે, તે ભિક્ષા સિવાય જીવી જ ન શકાય. ભિક્ષા અને ભીખ એ બેમાં જમીન-આસમાનનો તફાવત છે. શાસ્ત્રમાં ભિક્ષાને ધર્મ કહ્યો છે, ભીખને નહિ.** લખ્યું છે કે સાધુ, ભગવાનની આજ્ઞા પ્રમાણે ગોચરીએ જાય તો પુણ્યાનુબંધી પુણ્ય

બંધાય, નિર્જરા થાય અને ઊંચા ગુણોનો વિકાસ થાય છે. તેમ અસ્નાન, અદત્તત્યાગ, વિહાર વગેરે આચાર બતાવ્યો. તેની પાછળ પણ રહસ્ય છે. પવિત્ર જીવન જીવવા માટેનો માર્ગ આ જ છે. તેથી બધા સાધ્વાચાર ગમવા જોઇએ. તમારે અપરિગ્રહી બનવું હોય, પૂર્ણ બ્રહ્મચારી બનવું હોય, ચોરીના પાપનો સંપૂર્ણ ત્યાગ કરવો હોય તો પણ મુનિજીવન સિવાય શક્ય નથી. શાસ્ત્ર કહે છેઃ પુણિયા શ્રાવકના જીવનમાં પણ અણુ જેટલી ચોરીનો જ ત્યાગ છે, અને પહાડ જેટલી ચોરી ચાલુ છે.

**સભા :-** કેવી રીતે?

**સાહેબજી :-** શાસ્ત્રમાં એક ઠેકાણે લખ્યુંઃ સાધુ ગરમીમાં જતો હોય અને ઠંડક મેળવવા ઝાડ નીચે ઊભો રહે તો પણ તેને અદત્તાદાનનું ચોરીનું પાપ લાગે. માટે સાધુએ ઝાડની છાયામાં ઊભા રહેવા માટે ઝાડના માલિકની સંમતિ લેવા "અણુજાણહ જસ્સુગ્ગહો" કહી પછી ઊભા રહેવું પડે. આવાં કેટલાંય Aspects(પાસાં) છે. ફળ તોડો તો તો ચોરી જ છે. તમે શાકભાજી ખરીદી સમારી ખાઓ છો, તેનું ચોરીનું પાપ તો તમને લાગે જ છે ને? શાક પર માલિકી ઝાડની હતી. તેને પૂછ્યું છે?

**સભા :-** અમે પૈસા આપી શાક ખરીદીએ છીએ ને!

**સાહેબજી :-** શાકવાળાનો શાક ઉપર હક્ક હતો? તે ચોરી લાવ્યો હતો, તે તમે ખરીદ્યું. માટે તે ચોર તમે ઘંટીચોર.

**સભા :-** આપ શાક વાપરો એમાં દોષ ન લાગે?

**સાહેબજી :-** ખરીદનાર તમે બધાએ તે શાક ઉપર પ્રોસેસ કરી આમ ને આમ તેનું શરીર વઘારી નાખ્યું. એ નિર્જીવ થયા પછી જીવનું કલેવર છે. તેમાં જીવની હિંસાનો પ્રશ્ન જ નથી. વળી, તે શરીરનો માલિકીહક્ક ધરાવનાર જીવ તો પરલોકમાં ચાલ્યો ગયો હોવાથી, હાલમાં વ્યવહારથી તેનો જે માલિક હોય તેની જ પરમીશન લેવાની રહે. જેમ અત્યારે તમારા શરીર પર તમારો હક્ક છે, પરંતુ મર્યા પછી વ્યવહારથી હક્કદાર એવા તમારા કુટુંબીઓ તમારા શરીરનો અગ્નિદાહ આદિ રૂપે યોગ્ય નિકાલ કરી શકે છે, પણ જીવતાં તેવો વ્યવહાર કરે તો અપરાધી ગણાય છે. માટે નિર્જીવ કલેવરમાં વ્યવહારથી માલિકની જ સંમતિ લેવાની હોય છે. માટે નિર્જીવ વસ્તુને વહોરતાં સાધુને દોષ નથી.

**સભા :-** તૈયાર શાક લાવીએ તો?

**સાહેબજી :-** બજારમાંથી તૈયાર શાક લઇ આવો તો પૈસા આપશો અને પૈસા આપશો એટલે તેની ચોરી, હિંસામાં પ્રોત્સાહન આપ્યું. વળી તેમાં હિંસાનું ઓછું પાપ લાગશે પણ અભક્ષ્યનું મોટું પાપ લાગશે. પાપના પ્રકારો મગજમાં હોવા જોઇએ. માટે પવિત્ર-નિષ્પાપ જીવન જીવવા જગતમાં મુનિજીવન સિવાય છૂટકો જ નથી. તીર્થંકરોને પણ નિષ્પાપ જીવન જીવવા મુનિજીવન સ્વીકારવું પડ્યું. બાકી આપણા ભગવાન તો સંસારમાં હતા ત્યાં સુધી પણ બધાનું

ભલું જ કર્યું છે. ઋષભદેવ ભગવાને દીક્ષા લીધી તો આખી પ્રજા રડી છે. છતાં સંસારમાં રહીને નિષ્પાપ જીવન જીવી ન શક્યા અને નિષ્પાપ જીવન જીવવા સંસારનો ત્યાગ કરવો જ પડ્યો. માટે મુનિજીવન સિવાય પૂર્ણ ધર્મ છે જ નહિ. તેથી પૂર્ણ ધર્મનો આચાર સંપૂર્ણપણે તમને ગમવો જોઇએ. તેમાંનું કોઇ પણ પાસું ન ગમે એટલે વિચિકિત્સા આવે. માટે સારા સાધુ-સાધ્વીની નિંદા-અરુચિ-જુગુપ્સા-ઉપેક્ષા કરો તો પણ વિચિકિત્સારૂપ અતિચાર લાગે જ છે. ઘણા તો ચાર ભેગા થાય એટલે સાધુ-સાધ્વીની જ વાતો બોલે. બે ચાર સાધુના કડવા અનુભવથી આખી સાધુસંસ્થા માટે બોલવાનું ચાલુ કરે. તે કારણે આ અતિચાર આવી ઊભો રહી જાય. હા, ખરાબ-શિથિલાચારી સાધુ-સાધ્વીની ભક્તિ-બહુમાનની વાત નથી, પણ સારા સાધુ-સાધ્વી પ્રત્યે પણ ઉપેક્ષા-અણગમો હોય તો નક્કી વિચિકિત્સા આવવાની. માટે સાધુ અને સાધુજીવન પ્રત્યે અનન્ય બહુમાન ટકે તેવી રુચિ તમારે રાખવાની છે.

## ૪. અમૂઢદૃષ્ટિ દર્શનાચાર

અષ્ટવિધ દર્શનાચારમાં તો ધર્મનો ઉપાસક કેવો હોય અને તેનું ધર્મ પ્રત્યે માનસ કેવું હોય તેનું સંપૂર્ણ વર્ણન છે. આપણે ત્યાં લખ્યું: "સમ્યગ્દૃષ્ટિ જયાં જાય ત્યાં હીરાની જેમ ઝળકે." પણ તમે ઝળકો છો? તમારી વિશેષધર્મી તરીકેની છાપ-છાયા પડે છે? કેમ નથી પડતી? આઠમાંથી એકેય આચારનું ઠેકાણું નથી. વળી આગળ જશો તેમ એક કરતાં એક કઠણ આચાર આવવાના. આ આઠમાં દર્શનગુણનો સાંગોપાંગ આચાર આવી જાય.

હવે દર્શનગુણ પામેલા શ્રાવકમાં કદી મૂઢદૃષ્ટિપણું ન હોય. દૃષ્ટિ એટલે ધર્મમાં આસ્થા, ધર્મની સમજ, ધર્મ પ્રત્યેના Clear(સ્પષ્ટ) દૃષ્ટિકોણ. અન્ય ધર્મ કે અધર્મના પ્રભાવમાં મૂઢતા ન હોય તો અમૂઢદૃષ્ટિ, મૂઢતા હોય તો મૂઢદૃષ્ટિવાળા.

ઘણા ધર્મના ક્ષેત્રમાં આવે પણ બીજી બીજી વાતોથી પ્રભાવિત થઇ જાય. સાચો ધર્મ છોડી બહારના પુણ્ય- ચમત્કાર-ફટાકા જોઇ અંજાઇ જાય તો તે મૂઢદૃષ્ટિવાળા કહ્યા. ઘણાને મહારાજ કે ભગવાન ચમત્કારિક જોઇ તરત છાયા પડે કે ભક્તિમાં ઉછાળો આવે. બોલો છો ને અતિચારમાં કે "અનેરા દર્શનિયાતણો કષ્ટ મંત્ર ચમત્કાર દેખી પરમાર્થ જાણ્યા વિના ભૂલ્યા વ્યામોહ્યા." દુનિયાના બીજા ધર્મોમાં, જેમાં સચ્ચાઇની વાત ઓછી હોય પણ જાહોજલાલી હોય, ચમત્કારની વાતો હોય, તેમના ગુરુઓ પણ વાતવાતમાં ચમત્કાર દેખાડે, આ બધો ભૌતિક આડંબર છે અને તે આત્મિક વસ્તુ નથી. આ જોઇ જે લોકો અંજાઇને તેનાથી ધર્મમાં લેવાઇ જતા હોય, તે બધા મૂઢદૃષ્ટિવાળા છે. આજે 'પોપ' જયાં જાય ત્યાં લાખો લોકો દર્શન માટે ઊમટે. ફીલીપાઇન્સમાં ચાલીસ લાખ લોકો આવેલા. આજે વધારેમાં વધારે ઝાકઝમાળ ક્રિશ્ચિયનોની છે. આપણા ધર્મમાં ચમત્કારિક મહારાજ જુએ તો ત્યાં ભટકાય. વળી આજે સૌથી મોટો ચમત્કાર આ તમારા વિજ્ઞાનનો છે. ૯૦% લોકો બીજા ધર્મોના ચમત્કારમાં ન અંજાતા હોય તે પણ વિજ્ઞાનના ચમત્કારમાં તો અંજાઇ જ જાય. વિજ્ઞાન કહે છે, હવે તો માણસ પેદા કેવો કરવો તે પણ લેબોરેટરીમાં નક્કી થશે. લેબોરેટરીમાં જોઇએ તેવા કૂતરા-બિલાડા-માણસો પેદા કરવાનું ચાલુ થશે.

**સભા :- ઘેટી લેબોરેટરીમાં બનાવી દીધી!**

**સાહેબજી :-** તે તો પ્રારંભિક છે. જથ્થાબંધ પેદા કરતાં કરતાં તો દમ નીકળી જશે. આ ઘેટી કેટલી મોંઘી પડે છે? પણ આ બધું જોઇ તમે અંજાઇ જતા હો તો તમારામાં મૂઢદષ્ટિપણું છે. **જૈનશાસ્ત્ર પ્રમાણે આ વાતો અશક્ય નથી. પણ તમે આવું કાંઇ જુઓ એટલે મોં પહોળું થઇ જાય. પછી તમને ધર્મશાસ્ત્રો જૂનાં લાગે અને વિજ્ઞાન બ્રહ્મવાક્ય લાગે. પહેલાં તો આ શોધખોળો ભૌતિક ચમત્કાર છે. પહેલાં મંત્ર-તંત્ર દ્વારા થતું હતું, હવે આ યંત્રો દ્વારા કરે છે, પણ બધું છે ભૌતિક.** તમને આત્માનાં સ્વરૂપ, ગુણો, ઐશ્વર્ય, રિદ્ધિસિદ્ધિ જડબેસલાક બેઠાં હોય, આત્મા સમજ્યા હો, તો ભૌતિક રિદ્ધિસિદ્ધિનો અંજાઇ જાઓ તેવો પ્રભાવ પડે ખરો? આ પ્રભાવ પડે છે, કેમ કે તમે હજુ સાચા અર્થમાં ધર્મ પકડ્યો નથી. વિજ્ઞાન રીપ્રોડક્ષન કરે છે, ક્રિએશન કરી શકતું નથી. ઘેટી પેદા કરવા પણ ઘેટીના શરીરમાંથી સેલ લેવા પડશે. સેલ પેદા કરી શકશે વિજ્ઞાન? હકીકતમાં તો એક શોધ પાછળ મેનપાવર, ટેલેન્ટ, મની કેટલા રોકાયા અને છેવટે શું મળે? 'ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર' એના જેવું જ થયું ને? ધર્મનો તમારા મન પર પ્રભાવ પડતો નથી, અને એક પ્રકારના ચમત્કારની અસર પડે છે, માટે તમારામાં મૂઢદષ્ટિપણાનો અતિચાર છે. તમે લોકો ચોથા દર્શનાચારમાં આવી શકશો કે રદબાતલ જ થાઓ તેમ છો? ધર્મમાં સુવ્યવસ્થિત સ્થિર બનો તો જ આ બધા દર્શનાચાર આવશે. અષ્ટવિધ દર્શનાચારમાં પહેલા ચાર મનના ભાવ સાથે અને છેલ્લા ચાર આચાર સાથે સંકળાયેલા છે.

સાચો દર્શનગુણ પામેલો શ્રાવક દુનિયાના કોઇપણ ખૂણામાં જાય પણ તેના મન પર સાચા ધર્મ સિવાય કોઈ પ્રભાવ પાડી ન શકે. આવું માનસ થાય તે અમૂઢદષ્ટિ માનસવાળો થયો. આ આઠે આઠ આચાર ગોખી મગજમાં સ્થિર કરશો તો દર્શનગુણ પામશો. અત્યારે તો ભગવાનનાં દર્શન કરો છો પણ દર્શનગુણ પામ્યા નથી. દર્શનની ક્રિયા કરો છો પણ આઠમાંથી એકેય દર્શનાચાર નથી. દર્શનની ક્રિયા દર્શનાચારપૂર્વક કરવાની છે. શાસ્ત્ર કહે છે, દેરાસરમાં વિધિપૂર્વકનો પ્રવેશ કોણ કરી શકે? જેના હૃદયમાં આ આઠેય પ્રકારનો દર્શનાચાર હોય તે જ. જે પરમાત્મા મંદિરમાં બેઠા છે તેમના વચન-આચાર-વિચાર પ્રત્યે પૂર્ણશ્રદ્ધા, નિષ્ઠા, વિશ્વાસ હોય અને તેમનાથી જ પ્રભાવિત થયા હોય તો જ પ્રવેશવાનો અધિકાર છે અને દર્શનાચાર હોય તો જ ઠસ્સાપૂર્વક પ્રવેશ કરી શકે અને તેનું દર્શન પણ અલૌકિક હશે. અત્યારે તો તમે ભગવાનને ઓળખ્યા-સમજ્યા નથી. તે જ સર્વસ્વ છે તેવું માનસ નથી. તે પામવા દર્શન-પૂજન કરનાર માટે પાયાનો ઉપયોગી આચાર દર્શનાચાર છે. આ અષ્ટવિધ દર્શનાચાર પામો તો તમારો મનુષ્યભવ સફળ થયા વિના રહેશે નહિ. **દર્શનાચાર તે તો શ્રાવકાચારનો મિનિમમ કોડ ઑફ કન્ડક્ટ છે.** ઊંચા શ્રાવકાચારમાં ૧૨ વ્રત અને તેની આગળ આગળની વાત માંગી. **જેનામાં દર્શનાચાર જ નથી તેનામાં કદી શ્રાવકપણું હોય જ નહિ.**

**સભા :-** ભગવાનનાં દર્શન-પૂજન દર્શનગુણવાળાએ શા માટે કરવાનાં?

**સાહેબજી :-** તમે જે દિવસે અપ્રમત્તની ભૂમિકા પામી જાઓ, તે દિવસે તમારે ભગવાનનાં દર્શન-પૂજનની કોઇ જરૂર નથી. પણ પહેલાં તે ભૂમિકા આવવી જોઇએ ને? ગૌતમમહારાજ

પણ અપ્રમત્તભૂમિકા નહોતા પામ્યા, માટે અષ્ટાપદ યાત્રા કરવા ગયા. આમ ચૌદપૂર્વી, ચાર જ્ઞાનના ધણી, ચારિત્રગુણનો પાર નથી છતાં અપ્રમત્તભૂમિકા પામવાની બાકી હતી, તો તે ભૂમિકા બચ્ચાંના ખેલ છે? ભગવાન કહે છે જ્યાં સુધી નિરાલંબન ધ્યાનમાં ન જઇ શકો ત્યાં સુધી આલંબનની જરૂર છે. અત્યારે મંદિરમાં આટલાં સરસ આલંબન-વાતાવરણ છે ત્યાં પણ તમે સીધા નથી રહેતા, તો નિરાલંબનમાં શું કરશો? દુનિયાના કોઇ ધર્મવાળાએ ધર્મસ્થાનકોમાં પ્રવેશ માટેની આટલી કડક શરતો મૂકી જ નથી. **બીજે તો ધર્મસ્થાનકોમાં પાપપ્રવૃત્તિની પણ છૂટ છે, મસ્જિદમાં જ નિકાહ પટાવે, ચર્ચમાં જ લગ્ન સંબંધી ક્રિયા કરાવે. જ્યારે આપણે ત્યાં તો સંસારની પ્રવૃત્તિ તો નહિ જ, પણ સંસારના ભાવોની-વિચારની પણ વાત નથી.** ધર્મસ્થાનકોમાં તો અધર્મનો વિચાર પણ ન કરાય. હવે આવાં પવિત્ર સ્થાનોમાં પણ તમે ઠરીઠામ નથી રહેતા, તો બીજે શું થશે? અમે પણ એ જ ભૂમિકામાં છીએ. હું પણ રોજ દેરાસર દર્શન કરવા જાઉં છું.

તમને ક્યાંય પણ વિજ્ઞાન કે બીજા ધર્મનો પ્રભાવ પડે તો વિચારજો કે, આ ભૌતિકતામાં હું કેમ આટલો લેવાઇ જાઉં છું? **વિજ્ઞાનની એકપણ શોધખોળ હજી સુધી એવી નથી, જે જૈનધર્મના સિદ્ધાંતને બાધિત કરે. અશક્ય એવું કશું વિજ્ઞાને કરી બતાવ્યું નથી, તો શું કામ લેવાઇ જાઓ છો?** અમૂઢદષ્ટિપણું ગુણને એવી રીતે કેળવો કે દર્શનગુણ ઝળકે, માટે દર્શનાચારમાં ધીમે ધીમે આગળ વધો.

❋ ❋ ❋

**વ્યાખ્યાન : ૬ તા. ૨૭-૦૧-૯૮, પોષ વદ ચૌદશ, ૨૦૫૪, મંગળવાર.**

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવોને વિશુદ્ધ ધર્મની પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ સંસારમાં ભટકતાં ભટકતાં જીવો ધર્મની સામગ્રી જ બહુ ઓછા ભવોમાં પામે છે. વળી તે ભવમાં પણ સામગ્રી પામે એટલે ધર્મ પામી જ જાય તેવું નથી. એ વાત અત્યારે પ્રત્યક્ષ છે. મોટાભાગના જીવોમાં ધર્મસામગ્રી પામેલા જ ઓછા છે અને જે ધર્મસામગ્રી પામેલા છે તેમાં પણ ધર્મ પામી જનારા બહુ ઓછા નીકળવાના. જૈનકુળમાં જન્મ અને જન્મથી જ ઊંચી ધર્મસામગ્રી મળી છે, તેમાં પણ સાચો ધર્મ પામનારા કેટલા નીકળવાના? કહેવાનું તાત્પર્ય શું છે કે, પહેલાં તો ધર્મસામગ્રી જ દુર્લભ છે. તે મળ્યા પછી વિશુદ્ધ ધર્મ પામવો દુર્લભ. તે વિશુદ્ધધર્મ પામ્યા છે, સાચો ધર્મ પામ્યા છે તેની નિશાની શું? તો શાસ્ત્રો કહે છેઃ તમે સાચો ધર્મ પામ્યા હો તો તમારામાં દર્શનાચારના ભાવો આપમેળે જ સ્ફુરવાના, તેમનો આચાર-સદાચાર આવો જ હોય. તમે ધર્મ પામ્યા છો કે નથી પામ્યા તેની નિશાની તરીકે જ આ દર્શનાચારનો વિચાર કરવાનો છે. તમે તમારા આત્માને પૂછોઃ અમે વર્ષોથી ધર્મ કરીએ છીએ, પણ પામ્યા છીએ ખરા? ધર્મ કરવો જુદી વસ્તુ છે અને ધર્મ પામવો તે જુદી વસ્તુ છે.

શાસ્ત્ર કહે છેઃ સદ્ધર્મના બીજની આત્મામાં વાવણી થાય ત્યારથી સમજવાનું કે જીવ

ચઢ્યો. કેટલો Broad base(વિશાળ પાયો) છે કે સાચો ધર્મ ન પામ્યો હોય પણ સાચા ધર્મનું બીજ પામે ત્યારથી જ ચઢ્યો ગણે છે, કેમ કે બીજ અને ફળ વચ્ચે ઘણી લાંબી પ્રક્રિયા હોય છે. પહેલાં બીજ જમીનમાં જાય, પછી અંકુરો ફૂટે, છોડ વિકસિત થાય, પત્ર, શાખા, સ્કંધ, મૂળ વગેરે આવે પછી ફૂલ વગેરે આવશે. પછી ફળ આવશે ને? એટલે ફળ આવતાં પહેલાં બીજમાંથી ઘણા તબક્કા પસાર થવાના. વળી બધાં બીજ ઊગતાં નથી કે બધામાંથી ફળ પેદા થતાં નથી. પણ જમીનમાં યોગ્ય રીતે વાવણી થાય, પછી જ ફળની શક્યતા ઊભી થાય છે. તેમ શાસ્ત્ર કહે છે, આત્મા પર સદ્ધર્મના બીજની વાવણી થાય ત્યારે સમજવાનું કે જીવ ઉત્ક્રાંતિના માર્ગે ચઢવાનો. પછી જેમ પુરુષાર્થ થાય તેમ સદ્ધર્મની પ્રાપ્તિ થશે. એવી સદ્ધર્મની પ્રાપ્તિ થશે ત્યારે નિશાનીરૂપે આ આઠ પ્રકારનો દર્શનાચાર તેના જીવનમાં સાંગોપાંગ દેખાશે. એટલે સદ્ધર્મની પ્રાપ્તિ થઇ તેની બાહ્ય અભિવ્યક્તિરૂપે આ આઠ ભાવો તેના આત્મામાં આપમેળે ઝળહળશે. તમે ધર્મ કરો છો, ધર્મ આરાધનામાં સમય-શક્તિ આપો છો, પણ વિચારવું જોઇએ કે, આટલાં વર્ષોથી ધર્મ કરીએ છીએ તેના દ્વારા સદ્ધર્મની પ્રાપ્તિ થઇ છે? **તમે ધર્મ કરો છો કે ધર્મ પામ્યા છો? માત્ર ધર્મ કરવાથી સંતોષ નથી માનવાનો, પણ ધર્મ પામવાથી સંતોષ માનવાનો છે. ધર્મ પામો ત્યારે થવું જોઇએ કે હવે ધર્મનું ફળ આત્મામાં પ્રગટશે.** તેની આ જ પ્રક્રિયા છે. શાસ્ત્રમાં ધર્મનાં બીજ, અંકુરા, પાંદડાં, થડ બધાનું વર્ણન છે.

**સભા :-** ધર્મબીજ કોને કહેવાય?

**સાહેબજી :-** ધર્મતત્ત્વ ઉપર અથવા પૂર્ણજ્ઞાનીના વચન પર અંતરંગ બહુમાન તેને સદ્ધર્મનું બીજ કહ્યું છે. દર્શનાચાર દર્શનગુણ પામેલાં જીવે આચરવાનો છે. પણ દર્શનગુણ પામવાની પ્રક્રિયા શું? દર્શનાચાર અને દર્શનગુણ પામવાની પ્રક્રિયા જુદી વાત છે. ધર્મના ક્ષેત્રમાં સ્ટાર્ટીંગ પોઈન્ટ દર્શન છે. તમે બજારમાં જાઓ તો પહેલાં તમે માલ જુઓ, પછી ખરીદવાની વાત ને? તેમ ધર્મના ક્ષેત્રમાં તમારા માટે અહીં પણ શું પ્રક્રિયા? કોની આરાધના કરવાની છે-ઉપાસના કરવાની છે? શું મેળવવાનું છે? તે રીતે દર્શનગુણમાં પરમાત્માનાં દર્શન આવે, પરંતુ બીજ તરીકે શું? જીવમાં ધર્મ પ્રત્યે બહુમાન પેદા થાય તે. તો તમે કદાચ કહેશો કે સાહેબ! અમને બહુમાન છે. પણ બહુમાન શબ્દનો અર્થ શું? ગુજરાતી તો ભણ્યા છો ને? બહુમાનમાં 'બહુ' અને 'માન' બે શબ્દ છે. માન એટલે આદર,સત્કાર, માનથી બોલાવે તો જઇએ એવું કહો ને? માનની અપેક્ષા છે ને? તેની આગળ 'બહુ' શબ્દ લગાડ્યો છે. બહુ એટલે ઘણું. ભગવાન પર બહુમાન છે, તેનો અર્થ શું? ભગવાન પર માન છે તેટલું બીજા કોઇ પર માન નથી. સંસારની બીજી કોઇ વસ્તુ-વ્યક્તિને નથી માનતા, જેટલું ભગવાનને માનો છો. ભગવાન જેટલી આદરપાત્ર વ્યક્તિ-વસ્તુ બીજી કોઈ ન હોય. પણ તમે ભગવાનની વાત પહેલાં માનો કે બીજાની વાત પહેલાં માનો? સંસારની વ્યક્તિને સાચવ્યા પછી ભગવાનની ભક્તિ આવે ને? તમને ભગવાન પ્રત્યે માન છે, બહુમાન છે કે હીનમાન શબ્દ વાપરું? ગુરુ પ્રત્યે બહુમાન છે? પણ પ્રસંગે દીકરો માંદો પડ્યો હોય તો તેની સાર-સંભાળ પહેલાં લો કે સદ્ગુરુની પહેલાં સાર-સંભાળ લો? અમારો નંબર ક્યાં?

**સભા :-** પછી.

**સાહેબજી :-** પછી, પણ કેટલામો? પૂ.હરિભદ્રસૂરિજી મહારાજ સાહેબે લખ્યું: ભગવાન પ્રત્યેનું બહુમાન એટલે સંસાર પર વિરાગ. ભગવાન પર રાગ અને સંસાર પર વિરાગ બંને સાથે ચાલે છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજ સાહેબે એક ઠેકાણે લખ્યું છે: "પુદ્ગલસે ન્યારો પ્રભુ મેરો" આનો અર્થ એ કે આખો સંસાર ભૌતિકતારૂપ છે અને ભગવાન સર્વ ભૌતિકતાને પેલે પાર છે. મોક્ષમાં કોઇ ભૌતિક વસ્તુ છે? ત્યાં કેવલ આત્મા, આત્માના ગુણ અને આત્માની રિદ્ધિસિદ્ધિ જ છે. મોક્ષમાં આનંદ-પ્રમોદ અને મજા છે, પણ તે બધા આત્માના છે. ભૌતિક એવા જડના આનંદ-પ્રમોદ-મોજમજા નથી. એનો અર્થ એ કે "ભગવાન જેને ગમે તેને ભૌતિક જગત ન ગમે" કેમ કે ભગવાન આત્માના સમ્રાટ છે. આત્માનું ટોપ લેવલનું અપાર ઐશ્વર્ય ભગવાનમાં છે, પણ તે ઐશ્વર્યમાં ભૌતિકતાનું નામનિશાન નથી. માટે જેને ભૌતિક જગત ગમે તેને મોક્ષ પ્રત્યે બહુમાન શક્ય નથી. **જેને સંસારનું બહુમાન છે, તેનામાં આત્મા પ્રત્યે બહુમાન ન હોય અને જેને ભગવાન પ્રત્યે બહુમાન હોય તેને સંસાર પર બહુમાન ન હોય.** આ ફીટોફીટ વાત છે, સમાધાનની વાત નથી. માટે મને ભગવાન પર બહુમાન છે તે કહેવા માટે કેવા ભાવોમાં આવવું પડે તે વિચારજો.

ભગવાન પર બહુમાન આવે એટલે સદ્ધર્મનું બીજ આવ્યું. માટે તમને જે ધર્મ મળ્યો છે તે અલૌકિક-લોકોત્તર છે. દુનિયામાં ક્યાંય આવી વ્યાખ્યા, આવી ચોક્કસ ગણતરી સાથેની વાતો નહિ મળે. અહીં ભેળસેળ-ઘાલમેલની વાત નથી. તેની પાછળ તર્કબદ્ધ કારણો બતાવ્યાં છે. માટે પૂ.હરિભદ્રસૂરિજીએ લખ્યું: "સંસારને અસાર માનનારામાં જ વીતરાગનું બહુમાન હોય એવું અમે માનીએ છીએ." **સંસારનું માન કદાચ પડ્યું હોય પણ સંસારનું બહુમાન તો ન જ હોય.** અપુનર્બંધકદશા માટે લખ્યું : **"સંસાર પ્રત્યે જેને બહુમાન છે તે કદી અપુનર્બંધકદશામાં ન હોય."** તે કક્ષામાં સંસાર પ્રત્યે અબહુમાન જોઈએ. ભગવાન પ્રત્યે બહુમાન અને સંસાર પ્રત્યે અબહુમાનનો ભાવ માંગીએ છીએ. જીવે અનેક ભવોમાં સંસારનું બહુમાન પોષ્યું છે, જીવનમાં સંસારનો જ સત્કાર કર્યો છે. હવે તેના પ્રત્યે માન-આદર તૂટવાં જોઈએ. તે થાય તો સદ્ધર્મનું બીજ આવ્યું. આ બીજ દ્વારા વિકાસ કરતો કરતો જીવ સદ્ધર્મને પામે ત્યારે દર્શનાચાર સોળે કલાએ ખીલી ઊઠે. તમે દર્શનાચાર જીવનમાં કેળવ્યો છે? કે ધીમે ધીમે તેની સાધના કરવાની છે? **જે સમ્યગ્દર્શનગુણ પામી ચૂક્યા છે, તેમના માટે આઠે પ્રકારનો દર્શનાચાર સ્વાભાવિક હોય છે.** હવે આજે પાંચમા પ્રકારનો દર્શનાચાર લેવાનો છે.

## ૫. ઉપબૃંહણા દર્શનાચાર

ઉપબૃંહણા સંસ્કૃત શબ્દ છે. ઉપબૃંહણા એટલે પ્રશંસા, પ્રોત્સાહન. આપણે બધા જીવનમાં ધર્મ કરતા હોઈએ, ધર્મના ક્ષેત્રમાં આવતા હોઈએ, સોસાયટીમાં પણ સભ્ય-સંસ્કારી માણસ તરીકે જીવતા હોઈએ તો પ્રશંસામાં શું વ્યવહાર આવે, શું જવાબદારી આવે અને તેમાં પણ ઉપબૃંહણા તરીકે શું આવે તે તમારે જાણવું જોઈએ. હરેક વ્યક્તિના જીવનમાં

કોઇને કોઇ પ્રશંસા-પ્રોત્સાહનનો ભાવ તો હોય જ છે. તમારી આજુબાજુના સર્કલમાં બધે ક્યાંક ને ક્યાંક તમારું માનસ પ્રોત્સાહન-પ્રશંસા-સમર્થનના ભાવવાળું હોય જ છે. આ પ્રશંસાના બે ભેદ પડે છે.

૧.પ્રશસ્ત ઉપબૃંહણા અને ૨.અપ્રશસ્ત ઉપબૃંહણા. હિતકારી પ્રશંસા અને અહિતકારી પ્રશંસા.

હિતકારી પ્રશંસા એ દર્શનાચાર છે અને અહિતકારી પ્રશંસા એ દર્શનાચારનો દોષ છે. પ્રશંસામાત્ર કરવાની નથી પણ તેમાં વિવેક મૂક્યો છે કે, ધર્મના ક્ષેત્રમાં કોની પ્રશંસા-સમર્થન આવે? ગુણિયલની પ્રશંસા કરો તો તે દર્શનાચાર છે, પણ તમે ખોટાની પ્રશંસા કરો, દુર્ગુણીને ટેકો આપો તો તમને અપ્રશસ્ત ઉપબૃંહણાનું પાપ લાગે. ધર્મના ક્ષેત્રમાં જેટલા પણ સદાચારી-ગુણિયલ-સજ્જન ધર્માત્મા હોય, તે બધા માટે પ્રશંસા-બહુમાન-સમર્થનનો બધો આચાર જીવનમાં અભિવ્યક્ત થવો જોઇએ, અને જો તમે ગુણિયલ પ્રત્યે પ્રશંસાનો વ્યવહાર છતી શક્તિએ વ્યક્ત ન કરો, તો દર્શનાચારમાં અતિચાર લાગે. તમારી શક્તિ હોવા છતાં યોગ્ય જીવોની પ્રશંસા ન કરો, તો મિથ્યાત્વનો અતિચાર લાગે. ધર્માત્મા તરીકે ડગલે ને પગલે સારાને પ્રોત્સાહન આપવાનું અને ખોટાને ક્યાંય ટેકો ન મળે તેની સાવધાની રાખવાનું શાસ્ત્ર કહે છે. **છતી શક્તિએ પ્રશંસા ન કરે તો પણ પ્રાયશ્ચિત્ત આવે અને અયોગ્યની પ્રશંસા-બહુમાન કરે તો પણ પ્રાયશ્ચિત્ત આવે.** બંને બાજુ પેક રાખ્યા છે. સંઘમાં સારા-ગુણિયલ જીવોની પ્રશંસા, બહુમાન, ઉત્તમ વ્યવહાર ન કરો તો દોષ લાગવાનો ચાલુ થાય. દા.ત. સાધુ છે, તેમાં જેટલા સદાચારી, સંયમી સાધુ પ્રત્યે પ્રશંસા, બહુમાન, ભક્તિનો વ્યવહાર ન હોય તો પણ પાપ લાગે અને આચાર-વિચારમાં ભ્રષ્ટ સાધુઓને તમારા તરફથી ભક્તિ, બહુમાન, વ્યવહાર દ્વારા પ્રોત્સાહન, સમર્થન મળે તો તેનું પણ પાપ લાગે. જીવનના હરેક ક્ષેત્રમાં તમારા વ્યવહારથી જ્યાં પણ ખોટાને પ્રોત્સાહન આપો તો ત્યાં પાપ લાગે જ. તમારો દીકરો પણ વ્યવહારથી ખોટું કામ કરતો હોય, ધંધામાં ખોટાં કામ કરી સારા પૈસા કમાઇને આપે અને તેની પીઠ થાબડો તો તમને બધું પાપ લાગવાનું. ડિસ્ટિંક્શન મેળવી મોટું સર્ટીફીકેટ લઇ ઘેર આવે તો તમે ખુશખુશાલ થઇ પ્રશંસાનાં પુષ્પોનો વરસાદ કરો, ઉપબૃંહણા કરો તેનાથી પાપ કેટલું બંધાય છે? માટે જીવનના કોઇ પણ ક્ષેત્રમાં ખોટાને સમર્થન આપો, પ્રશંસા કરો તો દર્શનાચારનો અતિચાર લાગે છે.

- કુટુંબમાં વડીલ તરીકે તમારી જવાબદારી શું? તો કુટુંબમાં જે ખોટું-ખરાબ થાય તેને તમારો ટેકો-પ્રોત્સાહન ન હોય અને કુટુંબમાં જે કાંઇ સારું થતું હોય તેમાં ટેકો-પ્રોત્સાહન હોવાં જ જોઇએ. બેય બાજુ તમારો વ્યવહાર જોઈએ, મૌન રહો તે ન ચાલે. **તમારો દીકરો હોટલમાં ફરતો હોય, ગમે તેવા આચાર-વિચાર પાળતો હોય, પણ કમાતો હોય અને સમાજમાં મોભો હોય, તેમાં તમે ફુલાતા હો તો આ અતિચાર લાગે.** ઘણા કહે, મારો દીકરો આ પદવી પર છે, મારો દીકરો ડૉક્ટર છે, જ્યાં જાય ત્યાં ફુલાયા જ કરતા હોય; આવા સ્વભાવના કારણે જ્યાં ત્યાં તેની વાતો કરો તો અપ્રશસ્ત ઉપબૃંહણાનાં કેટલાં પાપ લાગે?

અપ્રશસ્ત ઉપબૃંહણા પાપનું કારણ છે તેમ તમે માનો છો કે તમને જ્યાં લાભ દેખાય

ત્યાં વખાણ કરી લેવાનાં? 'વચને કા દરિદ્રતા?' જો પોતાનું કામ થતું હોય તો બે પ્રશંસાનાં વાક્યો કહી દો.

**સભા :-** ગુણની પ્રશંસા ન કરાય?

**સાહેબજી :-** પણ કોના ગુણની પ્રશંસા થાય? શાસ્ત્ર કહે છે, વેશ્યાના સદાચારની પ્રશંસા ન કરાય અને કરે તો અસદાચારને પ્રોત્સાહન આપે છે.

**સભા :-** કોશ્યાનાં વખાણ કર્યા છે ને?

**સાહેબજી :-** આપણે ત્યાં કોશ્યાને ગણિકા કહી છે. શાસ્ત્રમાં વેશ્યા શબ્દ વાપર્યો જ નથી. તે રાજનર્તકી છે. રૂપજીવીઓ જેવી આ વેશ્યા નથી. આપણે ત્યાં આર્યપરંપરામાં રાજા-મહારાજાની વ્યવસ્થામાં એક રાજનર્તકીનું પદ પણ રહેતું. રાજનર્તકીનાં પણ ખાસ કુલો રહેતાં. શાસ્ત્રમાં ગણિકાના પ્રકાર લખ્યા છે. સમાજમાં તેની સાથે આ રીતે વ્યવહાર હોય. કોશ્યાને ત્યાં સામાન્ય માણસ તો પગ પણ ન મૂકી શકે. તેનું મોં પણ જોઇ ન શકે. રાજસભામાં સ્વાગતના પ્રસંગો, જલસાઓ ગોઠવવાના હોય, તેમાં વ્યક્તિ તરીકે જે સ્ત્રીઓને નૃત્ય માટે રાખતા તે કલાસંપન્ન હોય. કોશ્યા પાસે કલા કેટલી હતી? તેવી સ્ત્રી આજે દુનિયામાં નહિ મળે. તે કામમાં પણ અનપેરેલલ હતી. એટલે તો રથકાર તેના પર ખુશ થયો છે! રાજનર્તકીના મહેલમાં કોઇને પ્રવેશ ક્યારે મળે? રાજા ખુશ થઈને મોકલે ત્યારે, અને રાજા હાલી-મવાલી પર ખુશ થાય? આજ સુધીમાં કોશ્યાને ત્યાં કોણ આવ્યું? નંદરાજાએ ખુશ થઇ મોકલેલ વ્યક્તિ જ, અને આવ્યા પછી પણ તેની સાથે સંબંધ બાંધવો કે ન બાંધવો તેનો કોશ્યા પર આધાર. રથકાર આવ્યો છે. તે કોશ્યાનાં રૂપ-કલા પર આફરીન છે. માટે તેને અનેક રીતે વાર્તા-વિનોદ કરી ખુશ કરવા પ્રયત્ન કરે છે. પણ કોશ્યા સ્થૂલિભદ્રનાં વખાણ કર્યા કરે છે, એટલે તેને થયું કે એવી રીતે પ્રભાવિત કરું કે મારા પર મોહિત થાય. ત્યાં બગીચામાં બેઠાં છે. ત્યાં કલા બતાવવા દૂર દૂર આંબાના ઝાડ પર લૂમ હતી, તેના પર બાણ મારે છે. બાણ લૂમને માત્ર વીંધે છે, આરપાર નથી નીકળતું. રથકાર લક્ષ્યવેધી છે. બીજું બાણ માર્યું. આમ એક પછી એક બાણ મારે છે, એકબીજાને જોડે છે અને કોશ્યા બેઠી છે ત્યાં સુધી બાણની હાર કરી, આંબાની લૂમ તોડી કોશ્યાને આપે છે. સામાન્ય માણસ તો ડઘાઇ જ જાય ને! સ્થૂલિભદ્રજી ગયા પછી તેના આંગણે જે આવ્યા તે બધાને તેણે ધર્મ પમાડીને દીક્ષા જ અપાવી છે! આ પ્રસંગ જોઇ તેણે દાસીને બોલાવી અઢી મણ સરસવનો ઢગલો કર્યો. તેના પર સોય મૂકી. તેના પર ચંપાનું ફૂલ મૂકી, મહેલના પગથિયા પરથી કૂદકો મારી, ચંપાના ફૂલ પર ઊભી રહીને નૃત્ય કર્યું. રથકાર આભો થઇ ગયો. અત્યારે આની કલ્પના કરી શકો? **તમારા વિજ્ઞાનના વિકાસમાં મશીનોની દેન છે, પણ કલાઓનો નાશ થઇ ગયો છે.** આને તમે વેશ્યા કહો તો ચાલે? ધર્મ પામ્યા પહેલાં પણ તેનું કેલીબર હાઇ હતું. પરંતુ અસદાચારી જીવન જીવનારી વેશ્યાના ગુણોની પ્રશંસા કરો તો સમાજમાં અસદાચાર-દુરાચારને પ્રોત્સાહન મળે. માટે પ્રશંસા કરતી વખતે માત્ર ગુણ નહિ પણ વ્યક્તિત્વ પણ જોવાનું છે. યોગ્ય વ્યક્તિત્વ ન હોય તો પ્રશંસા તો ન કરાય પણ ઉપેક્ષા કે આગળ વધી ટીકા-ટિપ્પણ પણ કરવાં પડે. માટે

કુટુંબમાં કોઇ ગેરવાજબી વર્તન કરતા હોય ત્યાં ક્યાંય તમારું સમર્થન ન જોઇએ અને કરો તો અપ્રશસ્ત પ્રશંસારૂપ દર્શનાચારનો દોષ લાગે. યોગ્યની પ્રશંસા નથી કરતા અને અયોગ્યની પ્રશંસા કરો છો, તે બંનેનું જીવનમાં સરવૈયું માંડો તો ખ્યાલ આવે કે આ આચાર પામવાનો કેટલો બાકી છે.

મા-બાપ ભક્તિપાત્ર છે, પણ તેમની પણ મોટી ભૂલ હોય તો તેનું સમર્થન ન કરાય, પ્રશંસા ન થાય. મા-બાપ માટે આવું હોય તો બીજાની ક્યાં વાત રહે છે? **તમારી પત્નીના ગેરવાજબી આચાર-વિચાર-વર્તનની રાગના કારણે પ્રશંસા કરો તો પણ અપ્રશસ્ત પ્રશંસાનો દોષ લાગે.**

પ્રશસ્ત ઉપબૃંહણા કરવા માટે બધા સાચા-સારા આચાર-વિચાર-વર્તન પ્રત્યે લગાવ જોઇએ. ગુણાનુરાગ, સદાચારપ્રિયતા હોય તો જ તમે આ દર્શનાચાર પાળી શકો. દીકરો કમાઇને આવ્યો હોય પણ ગેરવાજબી વર્તન હોય તો ટીકા કરવી જોઇએ. આમ મા-બાપ, દીકરો, તેમ કુટુંબ-ઘર-ગામ-રાષ્ટ્ર બધે જવાબદારી આવે. દેશમાં પણ ખોટું થાય તેમાં તમારું સમર્થન ન જોઇએ. આ ચૂંટણી આવે છે, તેમાં તમે 'મત' આપી આવશો ને? તો તમારું ખોટામાં સમર્થન આવે ને? આ રાજકારણમાં ગુંડાગીરી સિવાય કાંઇ છે? તમે તેને સમર્થન-પ્રોત્સાહન આપી આવો તો પાપ લાગે.

**સભા :-** ખરાબમાં પણ સારો શોધવો પડે ને?

**સાહેબજી :-** ઓછો ગુંડો શોધવાનો? એને સત્તા મળ્યા પછી તે જે ગુંડાગીરી કરે તો તેની જવાબદારી કોની? હવે તો સારા પણ વિચારતા થયા છે.

**સભા :-** તો વધારે ખરાબ આવી રાજ કરે તો દોષ વધારે નહિ?

**સાહેબજી :-** ઓછા ખરાબને તમે નહિ ચૂંટ્યો અને વધારે ખરાબ અહીં આવી જાય, તો તે તમારી જવાબદારી છે? "શકટનો ભાર જેમ શ્વાન તાણે" જેવી વાત કરો છો. હકીકતમાં સારા નાગરિકોએ કહેવા જેવું છે કે, આ પદ્ધતિ જ અમને સંમત નથી. લોકશાહીમાં વિરોધની પદ્ધતિ નથી?

**સભા :-** ક્રાંતિ આવી જાય.

**સાહેબજી :-** પણ તે ઘરેથી શરૂ કરો ને. આ તો બધી બહારથી લાવેલી પદ્ધતિ છે. તેનાં નુકસાન તમે બુદ્ધિથી સમજી શકો તેમ છો. અરે! અમે સમજાવવા તૈયાર છીએ. **લોકશાહી સરકારી સ્તર પર ખૂલી છે. બીજે ક્યાંય છે? ઘરમાં લોકશાહી છે? કોઇ કંપની પણ લોકશાહીથી ચાલે છે? લોકશાહીના કારણે કેટલું નુકસાન થયું? તમે પચાસ વર્ષમાં ઓછું અનુભવ્યું છે? પચાસ વર્ષમાં કેટલાં ડફણાં ખાધાં? છતાં અક્કલ નથી આવતી. માત્ર મત જ ન આપો તેવું નહિ સાથે વિરોધ પણ નોંધાવો.** ધીમે ધીમે તેનો પણ Opinion Build Up(અભિપ્રાય ઊભો) થતો હોય છે. ઓછા ખરાબને લાવવામાં પણ તમે Involve થાવ (સંડોવાવ) તે પણ ન ચાલે. અમારી દૃષ્ટિએ દેશમાં જ્યાં ખરાબ

થતું હોય ત્યાં તમારું સમર્થન ન હોય. દુનિયા-રાષ્ટ્ર-સમાજ-કુટુંબ-પરિવાર કે ધર્મના ક્ષેત્રમાં કાંઈપણ ખોટું થાય તેમાં તમારું સમર્થન ન હોય.

અહીં સાચા-સારા સાધુને જો સમર્થન ન આપો અને શિથિલાચારીને પોષણ આપો તો મહાપાપનો દોષ લાગે છે. માટે ઉપબૃંહણાનું ક્ષેત્ર વિશાળ છે. બદમાશને ટેકો-સમર્થન ન અપાય અને સાચા-સારાની છતી શક્તિએ ઉપેક્ષા પણ ન કરાય. તમે શું માનો છો? આપણે લેવા દેવા નહિ. ફાવે તો સારી વાત કહી દેવી પણ બીજા શું કરે છે તેની પંચાત નહિ. ઘણી વાર આવા ભાવને કારણે ધર્મ ઘણો કરે પણ પાપ એવાં બાંધે કે બધો ધર્મ ધોવાઈ જાય. આગમમાં સુમતિ નામના શ્રાવકનું દૃષ્ટાંત છે. એવો ગુણિયલ હતો કે સમાજ તેનાં વખાણ કરતાં થાકે નહિ. તેને આર્થિક આપત્તિ આવી. દેશ છોડી પરદેશ કમાવા ગયો. રસ્તામાં મહાત્માને જોયા. વૈરાગ્યને કારણે દીક્ષા લેવાનું મન થયું. પરંતુ તે સાધુ શિથિલાચારી છે. તેથી તેનો નાનો ભાઈ કહે છે, "દીક્ષા લેવી છે, પણ આ મહાત્મા ભગવાનના કહ્યા મુજબના આચાર-વિચારવાળા નથી. આવા આચાર-વિચારવાળા હોય ત્યાં ભક્તિ-બહુમાન ન થાય, તેવું મેં ભગવાનના સ્વમુખે સાંભળ્યું છે. માટે ભાઈ! દીક્ષા લેવી હોય તો હું સંમત છું, મારે પણ દીક્ષા લેવી છે પણ અહીં ન લેવાય." પણ આત્મીયતાને કારણે સંબંધ બંધાયો છે, તેથી સુમતિ માનવા તૈયાર નથી અને શિથિલાચારીના અમુક સારા આચારનું સમર્થન કરે છે. શાસ્ત્ર કહે છે, તેનાથી એવું કર્મ બંધાયું કે દીક્ષા લઈ સંયમ પાળી પરમાધામીદેવ થયો. અને ત્યારપછી નરકાદિમાં ભટકી ભટકી અનંતકાળ ગયો. વળી પોતે કાંઈ અનાચાર નથી કર્યો; માત્ર શિથિલાચારીના સમર્થનથી આ થયું. ઘોર સંસારમાં રખડ્યો. આ દૃષ્ટાંત બેસે છે કે બમ્પર જાય છે?

**સભા :-** બધા આચાર-વિચારમાં બરાબર જોઈએ, એમ?

**સાહેબજી :-** બધી રીતની વાત નથી. તમારે ગૌતમ મહારાજા જોઈએ છે. શિથિલાચારીની વ્યાખ્યા ચોક્કસ છે કે, મૂળ મહાવ્રતો અને ઓછામાં ઓછા મુખ્યં મુખ્ય સાધ્વાચારમાં ખામી ન જોઈએ. કોઈ નાની નાની બાબતોમાં તેમના જીવનમાં પણ ખામી હોય છે. બાકી સર્વગુણથી પરિપૂર્ણ ગુરુ માંગો તો ન ચાલે; પણ અમુક સ્તરના દોષ-ખામી ચલાવાય, તેનાથી વધારે દોષ-ખામી ન ચલાવાય. કોઈ સાધુ સારા હોય, કોઈ સાધુને સહેજ ગુસ્સાનો સ્વભાવ હોય, તેટલા માત્રથી નકામા નથી થતા. પણ મુખ્ય મહાવ્રતરૂપ આચાર, સાધ્વાચાર અવશ્ય જોઈએ. તે ન હોય અને ભક્તિ-બહુમાન કરો તો અપ્રશસ્ત ઉપબૃંહણારૂપ મહાદોષ લાગે. વળી સમર્થનમાં શું થાય છે કે ખોટું કુકર્મ-પાપ પેલો કરે અને તેનું ગુણાકારરૂપે પાપ તમને લાગે.

ઘણા છોકરા હોટલોમાં રખડતા હોય. તેના બાપને જો કહે કે આ હોટલમાં રખડે છે, તો તે કહે કે "આ ઉંમરમાં તો આવું કરે" એમ કહી બચાવ કરે! આવા ઉદ્‌ગાર નીકળે એટલે સમજવાનું કે તમે મહામિથ્યાદૃષ્ટિ જીવ છો. તમારી દૃષ્ટિએ ધર્મ કરવાની ઉંમર ઘડપણ જ છે ને? સંસારમાંથી ફોફા જેવા થયા પછી ધર્મ કરવાનો ને? ત્યાં સુધી પાપ-કુકર્મો કરવાનાં? માટે પ્રશંસા-સમર્થન ન કરવાનું હોય ત્યાં કરો અને કરવાનું હોય ત્યાં ન કરો, તો અતિચાર લાગે. ગુણનું સમર્થન કરતાં આવડે તો ઉપબૃંહણા એવો આચાર છે કે જેના દ્વારા તમે અનંતકાળનાં

કર્મો ખપાવો. **ધર્માત્મા તરીકે શું છાપ જોઇએ કે, આ ગમે તેનાં વખાણ કરે જ નહિ અને તે જેનાં વખાણ કરે તે વખાણવા લાયક જ હોય. તમારી માખણિયાની છાપ છે કે આવી છાપ છે? ખરો દર્શનાચાર પાળનારા આવા જ હોય.**

આપણે ત્યાં ભૂતકાળમાં સંઘોમાં અગ્રણી ભણેલા-ગણેલા શ્રાવકો રહેતા. આવા દસ શ્રાવકો જે સાધુનાં વખાણ કરે તે સાધુ માટે આખો સંઘ સમજી જાય કે આ લોકો મહત્ત્વ આપે તે નક્કી ભક્તિપાત્ર હોય. દસ એવા શ્રાવકો હોય, જે બધું પારખી ગયા હોય અને બીજા પણ તેનું અનુસરણ કરે. **અમને આવા વિવેકી શ્રાવકો મળે ખરા, જે પ્રસંગે અમારી પણ ઊલટ તપાસ કરી લે? અગ્રગણ્ય શ્રાવકો સાધુસંસ્થા પર ચેક એન્ડ બેલેન્સનું કામ કરે.**

**સભા :-** અમારામાં ખામી હોય તો બીજાની ખામીઓનો વિરોધ કેવી રીતે કરી શકીએ?

**સાહેબજી :-** તમારામાં શ્રાવક તરીકે ન ચલાવી શકાય તેવી ખામી છે? શ્રાવક-સાધુ બંને માટે ચલાવી શકાય તેવી ખામી હોય ત્યાં સુધી તે નિંદાપાત્ર બનતા નથી. સાધુમાં હોય તે દોષ તમારામાં હોય તેટલા માત્રથી તમે સાધુની પરખ ન કરી શકો તેવું નહિ. મેં સાધુનાં કપડાં પહેર્યાં છે, તમે નહિ. દા.ત. તમારી જેમ હું પાકીટમાંથી પૈસા કાઢું અને ધર્માત્મા તરીકે તમે મને કહો, તે વખતે હું કહું, તું પૈસા રાખે છે મને શું કહે છે? તો તે ચાલે? માટે સાધુ-સાધ્વીનો કેવો વિવેક કરાય, ન કરાય, તેનાં ધોરણ છે. માત્ર સાધુ-સાધ્વી નહિ, બધા આવે. દા.ત. તમારા સંઘમાં કોઇ અયોગ્ય વ્યક્તિ હોય, તેને પ્રોત્સાહન મળે તેવો તમારો વ્યવહાર ન જોઇએ અને સંઘમાં ગુણિયલ-આરાધક વ્યક્તિને આશ્રય-ટેકો મળે તેવો વ્યવહાર જોઇએ જ. એક પણ વ્યક્તિની પ્રશસ્ત-ઉપબૃંહણા ન કરો તો પણ પાપ બંધાય છે. આ બધા ભાવ આવે તો જ તમારું ધર્માત્મા તરીકેનું વ્યક્તિત્વ દીપે.

કુદરતમાં જીવ તરીકે છો, તો જીવ પ્રત્યેની પ્રાથમિક ફરજો આવે. તેમ મનુષ્ય તરીકે જન્મ્યા, તો મનુષ્ય તરીકે તમારી ફરજો ખરી કે નહિ? તમે સંઘના સભ્ય બન્યા છો, તો તમારી ફરજ આવે કે તમારા દ્વારા સંઘમાં સારાને પ્રોત્સાહન અપાય. આ દર્શનાચાર નથી પાળતા એટલે જ સંઘમાં અનેક પ્રશ્નો ઊભા થયા છે. તમે સંઘમાં નક્કી કરો કે ઉપબૃંહણા કેળવીએ, તો સંઘમાં ૯૯% અનિષ્ટો દૂર થઇ જાય. હા, તેના માટે ભોગ આપવો પડે. કેમ કે સંઘમાં મોટા સાધુ આવે ત્યારથી ભક્તોની લાઇન લાગતી હોય, તેવા સાધુના આચાર-વિચારનો પ્રશ્ન હોય તો તેની સામે બોલો? કે પછી "કરશે તે ભરશે" એવું માનો? તમને પ્રશસ્ત ઉપબૃંહણા ફાવે?

આત્મામાં ધર્મનો રાગ આવ્યો એટલે ગુણનો રાગ આવ્યો. તે ગુણ જોશે ત્યાં ઝૂકી પડશે અને દોષ જોશે ત્યાં પણ તે દોષ પ્રત્યેનો વિરોધ વ્યક્ત કર્યા વિના રહેશે નહિ. તમે તો ગુણિયલ ઓછો પુણ્યશાળી હોય તો દૂર રહો અને હીનગુણી પુણ્યશાળી હોય તો પગ ચાટો, પછી દર્શનાચાર ક્યાં રહે? એક એક ગુણ તમારી કસોટી કરે તેવા છે. તમે સાચા-સારાનો જ બચાવ કરો તેવું નક્કી ખરું? કે અમને પણ ખોટાના પક્ષમાં ખેંચી જાઓ તેમ છો? કેમ કે ઘણીવાર ખોટાની પ્રશંસા કરતાં લોકો ફૂલે પૂજે અને સાચાને Support(સમર્થન) કરવામાં

ધોળે દિવસે તારા દેખાડે! તે વખતે અમે પણ વળગી ન રહીએ તો શું થાય? સારા માણસો પણ પ્રસંગે ખોટા પક્ષમાં ખરું માની બેસી જાય, તો જગતમાં સાચા ધર્મનું સ્થાન કેવી રીતે રહે? માટે સાચો ધર્મ પામેલાના જીવનમાં પ્રશસ્ત ઉપબૃંહણા જ જોઇએ અને અપ્રશસ્ત ઉપબૃંહણા ન જ જોઇએ. તે મહાપાપનું કારણ છે તેમ સમજી તેને તિલાંજલિ આપવી જોઇએ.

ઘરે જઇને વિચારાજો કે અપ્રશસ્ત ઉપબૃંહણા ક્યાં ક્યાં કરીએ છીએ. પણ **તમે તો ગમે ત્યાં જાઓ ત્યાં કામનો માણસ લાગે તો વખાણ કરી લો ને?**

**સભા :-** અમારું પુણ્ય ઓછું હોય કે બીજાને સાચું-સારું કહી શકીએ તેવી સ્થિતિમાં ન હોઇએ તો શું કરવું?

**સાહેબજી :-** તે વખતે **સાચું યોગ્ય રીતે ભલે કહી ન શકો, પણ ખોટાંને સમર્થન તો ન જ અપાય.** શાસ્ત્ર કહે છે, શિથિલાચારી સાધુ હોય તેને તમે રોકી શકો, કંટ્રોલ કરી શકો તો મહેનત કરવી જોઇએ, પણ પુણ્ય ઓછું પડતું હોય તો તમે તેનાથી દૂર રહો, ઉપેક્ષા કરો; પણ તેને સમર્થન તો ન જ અપાય. સમર્થન-પ્રોત્સાહનનો વ્યવહાર કરો તો પેલાના પાપની અનુમોદના દ્વારા-ગુણાકાર દ્વારા મહાપાપ તમને બંધાય. તમારો દીકરો હોટલમાં જતો હોય તેનું સમર્થન કરો તો, ઘણીવાર તેના કરતાં વગર ખાધે-પીધે તમને વધારે પાપ લાગી જાય. વળી ઘણીવાર સમર્થનમાં એવો ભમરડો વાળે કે તેનાથી બંધાયેલાં કર્મો ઉદયમાં આવે ત્યારે આત્મા ભોગવી ભોગવીને થાકી જાય. માતાપિતાનો દીકરા પર Control(કાબુ) રહ્યો નથી, છતાં એમના જીવનમાં દીકરાના ગેરવાજબી વર્તનનો અવસરે વિરોધ તો આવે જ ને? હા, ઊલટું પરિણામ ન આવતું હોય તો કડકાઈથી બોલવું જ પડે અને સમર્થન તો ન જ કરાય.

**વ્યાખ્યાન : ૭** **તા. ૨૮-૦૧-૯૮, પોષ વદ અમાસ, ૨૦૫૪, બુધવાર**

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્મા જગતના જીવોને સર્વાંગી સમ્યગ્ ધર્મનો પ્રબોધ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

પરમાત્માના શાસનમાં ધર્મનું જે સ્વરૂપ બતાવ્યું છે, તે સર્વાંગી સમ્યગ્ ધર્મનો બોધ કરાવવા પરિપૂર્ણ હોવાથી જીવનના પ્રત્યેક પાસાને સ્પર્શે છે. અત્યારે ઘણા એવું માને છે કે, ધર્મ એટલે ધર્મસ્થાનકમાં રહી આચરવા લાયક શુભપ્રવૃત્તિ; પણ તે ખોટી ગેરસમજ છે. હકીકતમાં ધર્મ એટલો વ્યાપક છે કે, તમારા જીવનનું એવું એકેય પાસું નથી કે જેને ધર્મ સ્પર્શ ન કરે. જીવનના હરેક ક્ષેત્રમાં સાચું માર્ગદર્શન આપવું તે ધર્મનું ધ્યેય છે. અત્યારે ઘણા કહે છે કે, ધર્મગુરુએ ધર્મની બાબતમાં ઉપદેશ આપવાનો, બીજી બાબતોમાં માથું ન મારવું જોઇએ. અમારે સંસારમાં, કુટુંબમાં કેવી રીતે જીવવું તે માટે સાધુએ માથું ન મારવું જોઇએ. પરંતુ તમારા સામાજિક ક્ષેત્રમાં અને કૌટુંબિક ક્ષેત્રમાં પણ ધર્મની આજ્ઞા શું અને ધર્મ શું અનુશાસન આપે છે, તે કહેવાની અમારી ફરજ ખરી કે નહિ?

તમારે ધંધો કેમ કરવો તે તમને સમજાવવાની જરૂર નથી, પણ ન્યાય-નીતિ-સદાચાર તરીકે ઉચિત કર્તવ્યો ક્યાં? તે સમજાવવાનો અમારો હક્ક ખરો કે નહિ? ધર્મશાસ્ત્રોનું માર્ગદર્શન જીવનના હરેક ક્ષેત્રમાં લેવાનું છે. જીવનનું કોઇ ક્ષેત્ર એવું નથી, જેમાં ધર્મની સલાહ-સૂચન સ્વીકારવાની ન હોય.

જીવનના હરેક ક્ષેત્રમાં તમારાં કર્તવ્ય હોય છે. તે બધાં કર્તવ્યોનું બ્યાન ધર્મ યોગ્ય રીતે આપશે. કેમ કે ધર્મનું કામ એ છે કે, જીવનના દરેક ક્ષેત્રમાં તમારાં જે કર્તવ્યો હોય છે તે અંગે યોગ્ય-સારું વર્તન શીખવવું અને તેનો ઉપદેશ આપવો. વળી કર્તવ્યમાં તો યોગ્ય રીતે વર્તનની જ વાત હશે, તે ધર્મ સ્વરૂપ છે, માટે તેનું માર્ગદર્શન આપવાનું કામ ધર્મશાસ્ત્રોનું છે. તેથી ધર્મનો વિષય ઘણો વિશાળ છે. આથી ઉપબૃંહણા નામનો દર્શનાચાર જીવનના દરેક ક્ષેત્રમાં આવવાનો. તમે જીવનના દરેક ક્ષેત્રમાં પ્રશંસા દ્વારા પણ મોટું કર્તવ્ય ધર્માત્મા તરીકે અદા કરી શકો. તમારે સાચા અર્થમાં ધર્માત્મા બનવું હોય તો સાચો ધર્મ સમજી, તેને વળગીને જીવન જીવવું જોઇએ, અને તમારી ફરજ છે કે દુનિયાના કોઇપણ ક્ષેત્રમાં ધર્મ કે ધર્મની વાત આવે, તો તેને તમારો ટેકો-સમર્થન હોવાં જોઇએ. સાચો ધર્મી એવો હોય કે પોતે ધર્મ કરે ને દુનિયામાં જ્યાં ધર્મ હોય ત્યાં સમર્થન-પ્રોત્સાહન આપે. તમને ધર્મ ગમ્યો તેની નિશાની જ આ છે કે, જ્યાં પણ ધર્મની પ્રવૃત્તિ કે ગુણિયલ જીવ જુઓ એટલે તમારું દિલ તેની પ્રત્યે સદ્‌ભાવ-બહુમાનવાળું થાય જ. તે ન થાય તો સમજવાનું કે હજી ધર્મ હૃદયમાં ઊતર્યો નથી. વળી આ દર્શનાચાર પ્રાથમિક ધર્મ પામેલા આત્મામાં આપમેળે ખીલવાનો છે. કદાચ આ પ્રકારનો દર્શનાચાર ન ભણ્યો હોય તો પણ સાચો દર્શનગુણ પ્રગટે, એટલે ઓટોમેટીક આ બધા આચાર આવવાના. સમકિતીને મનોભાવ જ એવા થવાના કે, આપમેળે આ આચાર આવે. દુનિયામાં સજ્જન માણસો બીજા સારાને જુએ, ત્યાં આપમેળે ઓવારી જાય અને દુષ્ટ માણસો ભટકાય તો વિરોધ પણ કરે જ, કેમ કે સારાને દુર્જન સાથે મેળ ખાય જ નહિ, તેમ ધર્મીને ધર્મી સાથે જ મેળ બેસે. ઘણા કહે, કુટુંબમાં ધર્મ ન કરનાર સાથે ટસલ થાય છે. તો મારે કહેવું છે કે, તે ટસલ થાય તો તે ધર્મ પામ્યાની નિશાની છે. મારામારી, ઝઘડા કરવાની વાત નથી, પણ અભિપ્રાયમાં ફરક તો પડવાનો જ. તમે સાચો ધર્મ પામ્યા હો અને કુટુંબના સભ્યોમાં ધર્મભાવ પ્રગટ્યો ન હોય, તો વૈચારિક મેળ બેસશે જ નહિ, અને બેસે તો તેનો અર્થ એ કે તમે પણ સાચો ધર્મ પામ્યા જ નથી.

પણ અત્યારના અધર્મી, ધર્મ કરનારા પર Compulsion (દબાણ) કરવા માંગે કે, "આટલો બધો ધર્મ ન કરવો, દેરાસર-ઉપાશ્રય નહિ જવું, આખો દિવસ ધર્મ કરો, પછી અમારું કાંઇ કરતા નથી." પણ આ બધી ગેરવાજબી વાતો છે અને તે સ્વીકારવા જેવી હોતી નથી. ઘણા પોતે તો ધર્મ ન કરે, પણ સામેની વ્યક્તિ ધર્મ કરે તો તેની સામે પણ વાંધો હોય, પછી તે વ્યક્તિ, સંસારમાં ગમે તેમ રખડે તો વાંધો ન હોય. કેટલીક વાર અધર્મીઓ ધર્મ કરનાર વ્યક્તિનો કબજો રાખવા માંગે છે. **બાકી શાસ્ત્ર લખે છે કે, કૌટુંબિક ફરજો અદા કર્યા પછી જેને ગમે તે ધર્મ કરી શકે છે, પછી કુટુંબના સભ્યો કહે ફરવા ચાલો, તો તે જવાની ફરજ નથી. એ હોટલમાં જતો હોય અને તમારે ઉપાશ્રયમાં જવું હોય તો તમે જઇ શકો છો.** આવા વખતે મક્કમતાથી તમારી વાતને તમે વળગી

રહો, તો તે યોગ્ય જ છે. કુટુંબ-સમાજના સભ્યના દબાણથી તમારે તમારી ધર્મઆરાધના મૂકવાની જરૂર નથી. ધર્મ બાબતમાં વૈચારિક સ્પષ્ટતા જોઇએ. **હરેકને સ્વતંત્ર રીતે જીવવાનો હક્ક છે, તેમ હરેકને સ્વતંત્ર રીતે ધર્મ આરાધના કરવાનો પણ હક્ક છે.**

કુટુંબમાં પરણ્યા એટલે જીવન વેચી દીધું છે? ધર્મની બાબતમાં સ્પષ્ટતા અને મક્કમતા જોઇએ. **વળી કુટુંબમાં બીજા ધર્મ કરતા હોય તો તેમને સમર્થન મળે તેવું તમારું વર્તન જોઇએ. અને તમે સાચો ધર્મ પામ્યા હશો તો તમારો દીકરો ધર્મ નહિ કરતો હોય અને પારકો ધર્મ કરતો હશે, તો પારકાના દીકરા પર તમને માન થશે.** તમારા જીવનમાં અંગત મમત્વ, રાગ-દ્વેષ કરતાં ધર્મના રાગ-દ્વેષ બધી બાબતમાં Overtake કરશે, (આગળ નીકળી જશે); અને કુટુંબમાં, સમાજમાં, સંસારમાં સાચા ધર્મની વાતો પર જ પ્રશંસા, સદ્ભાવ, પ્રોત્સાહન, સમર્થનના વ્યવહારો તમારા જીવનમાં ખીલશે.

જેમ ધર્મરાગ દૃઢ તેમ આ દર્શનાચાર વધુ વ્યાપક રીતે ખીલશે. હા, સંસારમાં એવી બાબતો આવે જ્યાં સારું-ખરાબ ન સમજો, તો ત્યાં તટસ્થ રીતે મૌન રહેવાનું અને સમજતા હોય ત્યાં દિલથી પ્રશસ્તની પ્રશંસા કરવાની. દર્પણમાં પ્રતિબિંબ પડે તેમ, તમે ધર્મ પામ્યા હશો તો તમારામાં સારા-નરસાનાં પ્રતિબિંબ પડશે જ. ધર્મરાગમાં ઉપબૃંહણા કરાવવાની તાકાત છે. હૃદયમાં આરપાર ધર્મ ઊતર્યો છે અને સ્થિર થયો છે, તેની નિશાનીરૂપ જ આ આઠ પ્રકારના દર્શનાચાર છે.

**સભા :-** કુટુંબના સભ્યો મોજશોખ કરે તો?

**સાહેબજી :-** યોગ્ય રીતના મોજશોખ કરતા હોય, જે કક્ષામાં હોય તેને યોગ્ય મોજશોખ કુટુંબના સભ્યો કરતા હોય, તો તેટલા માત્રથી ટીકા-ટિપ્પણ ન કરાય. પણ ગેરવાજબી મોજશોખ હોય તો અવશ્ય કહેવું પડે કે, આ આપણા માટે યોગ્ય નથી, આપણા કુટુંબને-ધર્મને શોભતી વસ્તુ નથી. તમે જે કક્ષાના ગૃહસ્થ છો, તે કક્ષામાં કયા મોજશોખ યોગ્ય ગણાય, તેનું સ્પષ્ટ ચિત્ર જોઇએ. ગમે તેવા મોજશોખની માંગ કરે તો તે પૂરી કરવાની તમારી ફરજ નથી. કલાઓ, વાર્તા-વિનોદ, મનોરંજન વગેરેના યોગ્ય શોખને રોકી ન શકાય. તમારો દીકરો કહે કેળાવડાં ખાવાં છે તો તે ખાવાની છૂટ છે, પણ કંદમૂળની માંગણી કરે તો ના પાડવાનો હક્ક ખરો ને? અને ન માને તો કડક પણ થઇ શકો. પણ તમે આવા બધા નીતિ-નિયમો રાખ્યા છે? કે ઘરમાં Code of Conduct(આચારસંહિતા) જેવું કાંઇ છે જ નહિ? ઘણાને તો સંતાનો ક્યાં રખડે છે, કોની સાથે ઊઠે-બેસે, હરે-ફરે છે, તે કશાયની માહિતી હોતી નથી. તમારે નામના બાપ રહેવું છે કે સાચા અર્થમાં પિતા બનવું છે? તો આવી બધી ફરજો આવે. તે જો Immature(અપરિપક્વ) હોય અને જીવનમાં હિતાહિત ન સમજતાં હોય તો તેમનું હિત જોવાની જવાબદારી તો આવે જ ને? નહિતર તેમની ભૌતિક બરબાદી કે આત્મિક બરબાદી થાય તેનું પાપ તમને લાગે.

સ્વતંત્રતા આપણે ત્યાં કયા અર્થમાં છે? **યોગ્ય કામ કરવામાં વ્યક્તિ સ્વતંત્ર છે, પણ અયોગ્ય કામોમાં રાચવું એ સ્વચ્છંદતા છે, સ્વતંત્રતા નથી.** પરંતુ ધર્મના ક્ષેત્રમાં તમે પોતે ધર્મ કરો, તમને ધર્મ ગમ્યો અને આરાધના તરીકે એકાસણા-આયંબિલ કરો, તો

પણ કુટુંબને ફરજ ન પાડી શકો; તમે પ્રેરણા આપી શકો, છતાં કોઈ ત્રણ ટાઈમ ખાય તો તપ કરવા માટે Compulsion(જબરજસ્તી) ન કરાય. પણ તેના બદલે તે અભક્ષ્ય ખાય, અપેય પીએ તો તેને અટકાવવાની જવાબદારી તમારી આવે જ. એવી સ્વતંત્રતાની તેને છૂટ નથી. પણ અત્યારે તમે જે રીતે કુટુંબમાં જીવો છો તેનું વર્ણન થાય તેમ છે? તમારે સંસારમાં પણ શું યોગ્ય, શું અયોગ્ય, તેના પર વિચાર કરી ગોઠવવું જોઈએ, તે ગોઠવ્યું નથી. **ધર્મ દ્વારા સાચાં સલાહ-સૂચનો જાણી ગોઠવ્યાં હોત તો તમારું કુટુંબ અત્યારે જુદું જ હોત.** ખાલી પ્રશસ્ત ઉપબૃંહણાનો આચાર સંસારમાં ગોઠવવાનો ચાલુ કરો, તો પણ ધીમે ધીમે કુટુંબ પર તમારી છાયા પણ બદલાઈ જશે. થશે કે હવે આ સાચી-સારી બાબતનો વિચાર કરીને જ સમર્થન આપશે. આવી છાપ ઊભી થશે તો તમને અને તમારા કુટુંબને બંનેને આલોક-પરલોકમાં લાભ થશે જ. તમારી Impression (છાપ) જોઈએ કે અધર્મની બાબતમાં આમનો વાંધો હશે જ. તમે જીવનમાં સાચો ધર્મ સ્વીકાર્યો હોય અને ધર્મ જ તમને સર્વસ્વ લાગતો હોય, અનંતકાળમાં દુર્લભમાં દુર્લભ ધર્મ મળ્યો છે તેવું તમે માનતા હો, તો તમને થાય કે, કોઈ આપણી ધર્મની વિચારધારા ન સ્વીકારે તો કાંઈ નહિ, પણ તેનો કટ્ટર વિરોધી હોય તો તે વ્યક્તિની સાથે મારે શું લેવા દેવા? તમારી તેને ગરજ હોય તો ધર્મ સાથેનો અત્યંત વિરોધ તે દૂર કરશે. આવું માનસ જોઈએ. તે હશે તો જ તમે સત્ય સાથે જીવી શકશો. આ માટે ખુમારીવાળું માનસ જોઈએ.

આવી પ્રશસ્ત ઉપબૃંહણા કરનાર કેટલું પુણ્ય બાંધે તેની કલ્પના છે? **આખો દેશ-પ્રજાનું હિત થાય તેવા તમારા ભાવો હોય અને લોકો જે પાપો-કુકર્મો કરે છે તેનું સમર્થન ન હોય-વાંધો હોય, તો કેટલો પુણ્યબંધ કરી શકો? અને કેટલું અનર્થક અનુમોદનાનું પાપ અટકે?**

**સભા :-** આવા ભાવો કાયમ વ્યક્ત તો ન જ હોય ને?

**સાહેબજી.:-** પણ તે સુષુપ્ત ભાવો પણ પુણ્ય તો બંધાવે ને? કેમ કે તમારું માનસ કેટલું શુભ છે! દા.ત. આ દેશમાં જ્યાં જ્યાં સારી યોગ્ય વાતો હોય, તેની પ્રશસ્ત ઉપબૃંહણાને કારણે પુણ્યબંધ છે અને લોકો જે કુકર્મો કરે છે, પાપાચાર સેવે છે તેની સાથે વિરોધ હોય-સમર્થન ન હોય તો પુણ્ય બંધાવાનું, અને અનુમોદન નથી તેથી પાપ નહિ બંધાવાનું. ખોટી-ખરાબ વાતોનું સમર્થન મનમાં હોવું જ ન જોઈએ, પણ તે ક્યારે બને? આ સારું, આ ખરાબ તે બાબતમાં પહેલી સ્પષ્ટતા જોઈએ. ધર્મ શું ચીજ છે? સદ્‌ગુણ-સદાચારની વાતો તે જ ધર્મ છે. દુનિયામાં સદ્‌ગુણ-સદાચાર જુઓ ત્યાં સદ્‌ભાવ, અને દુર્ગુણ-દુરાચાર જુઓ ત્યાં અણગમો થવો જોઈએ. પણ યાદ રાખો, તમે દુનિયામાં વધારે જીવો છો કે કુટુંબમાં વધારે જીવો છો? એટલે પહેલાં તો ઘરમાં જ જ્યાં જ્યાં અધર્મ હોય ત્યાં ત્યાં વાંધો આવશે. તો જ પ્રશસ્ત ઉપબૃંહણા કરી શકો. જીવનનાં ઘણાં પાસાંઓમાં સારું-નરસું શું તે વિચારો તો આ પ્રશસ્ત ઉપબૃંહણા આવી જાય. આનું Expansion(વિસ્તૃતિકરણ) કરી વિચારશો તો દઢતાથી ઉપબૃંહણા થશે.

જો આ ઉપબૃંહણા આચારમાં આવી જાઓ તો તમારામાં મોટાં પરિવર્તનો આવી

જાય. અત્યારે તમે છો તે પણ બદલાઇ જાઓ અને આજુબાજુ તમારી જે છાયા છે, તે પણ બદલાઇ જાય. કેમ કે વાણી જ હૃદયના ભાવો વ્યક્ત કરવાનું અદ્ભુત સાધન છે. તે દ્વારા ધર્મની પ્રશંસા કરી ધર્મનો ફેલાવો કરી શકો અને અધર્મની નિંદા કરી અધર્મનો વિરોધ કરી શકો અને તે દ્વારા ધર્મનું આખું વાતાવરણ ઊભું કરી શકો અને તે કરી પ્રચુર પુણ્ય બાંધી અદ્ભુત કર્મનિર્જરા કરી શકો; અને પ્રશંસા-નિંદા ન આવડે તો ઘોર પાપો પણ બાંધી શકો છો. માટે જ ઉપબૃંહણાના પ્રશસ્ત-અપ્રશસ્ત બે ભાગ પાડ્યા છે. દા.ત. સંઘના આગેવાન, શિથિલાચારીને સમર્થન મળે તેવો વ્યવહાર કરે, તો છેવટે તેનાથી શાસન-સંઘને કેટલું નુકસાન થાય? અને તે બધું થયું તેનું પાપ પહેલાં કોના કપાળે ચોંટે? આગેવાનના કપાળે. કેમ કે આગેવાન દ્વારા સંયમી સાધુને સમર્થન ન મળે તો જેમ નુકશાન થાય છે, તેમ અયોગ્યને સમર્થન મળે તો પણ નુકસાન થાય છે; કેમ કે તે સાધુ જ્યાં જાય ત્યાં કેટલાયની ધર્મશ્રદ્ધાનો નાશ કરે અને ધર્મની અપભ્રાજના-નિંદા કરાવે. ભગવાનનું શાસન-ભગવાનનો ધર્મ વગોવાય તે બધામાં ફાળો-હિસ્સો કોનો આવશે? ટેકો આપનારનો. પાપ-કુકર્મો સાધુએ કર્યાં અને હિસ્સો સ્વીકાર્યો ટેકો આપનારે. માટે સમર્થન કોને આપવું અને કોને ન આપવું, તે બાબતમાં ચોક્કસ બની જાઓ. સંસારમાં દુષ્ટતા આ રીતે જ પોષાય છે કે જ્યારે સારા માણસો દુષ્ટ સામે ઉપેક્ષા કરે છે. સામાન્ય માણસ ગમે તેની પ્રશંસા કરે તે વાત જુદી, પણ ધર્મી ગમે તેની પ્રશંસા કરે તો વધારે મરવાનો. અમે સાધુ થયા. અમે ગમે તેનાં વખાણ કરીએ તો અમને પણ કેટલાં પાપ લાગે? અમારે પ્રશંસા-ટીકા-ટિપ્પણ કરતાં પહેલાં ખૂબ વિચાર કરવો પડે. અત્યારે દ્વેષથી ટીકા-ટિપ્પણ-નિંદા-કુથલી કરીએ તો અમે પણ ઘોર પાપ બાંધીએ.

અમારે ત્યાં તો આચાર્ય માટે લખ્યું કે, આચાર્ય પણ ઉપબૃંહણા કરવામાં થાપ ખાય તો કેવાં કેવાં પ્રાયશ્ચિત્ત આવી શકે છે. આ દર્શનાચાર અમારા માટે પણ છે. અમારે માત્ર ચારિત્રાચારની જ આરાધના નથી કરવાની, જ્ઞાન-દર્શનની પણ આરાધના છે. અમારે પણ આ દર્શનાચાર આખો ને આખો આત્મસાત્ કરવાનો છે. અમે પણ જ્યાં ચૂકીએ ત્યાં અમને પણ દોષ લાગે. દર્શનગુણ હોય તો મલિન થાય અને ન હોય તો પ્રગટવાનો સ્કોપ મટી જાય. નિષ્કલંક દર્શનગુણ જાળવવો હોય તો તેના માટે પણ અણીશુદ્ધ દર્શનાચાર પાળવો જોઇએ. તે માટે અમારે પણ કસોટી આવવાની. ધર્મની દૃષ્ટિએ સમીક્ષા કરીએ અને જ્યાં સારું લાગે ત્યાં પ્રશંસા અને ખોટું લાગે ત્યાં નિંદા કરવાની આવે. તેમાંય જે સાધુ ઉપદેશક હોય તેની જવાબદારી વધુ આવે. તેમાંય આચાર્ય હોય તો તેથી વધુ. દા.ત. **લોકો ખૂબ અહોભાવથી જોતા હોય તેવા મોટા આચાર્ય ખોટો અભિપ્રાય આપી દે, તો સંઘમાં કેટલો પડઘો પડે? સારા-નરસાનો વિચાર પહેલાં તેમણે કરવો જોઇએ. અમને "પરોપદેશે પાંડિત્યમ્" ભગવાને નથી કહ્યું.** આ આઠ પ્રકારનો દર્શનાચાર તમારા કરતાં અમારો વધારે કડક થશે. અમારી વધારે જવાબદારીના કારણે વધારે કડકાઇ આવશે. માટે ભગવાનના શાસનમાં સાચા આરાધક બનવું હોય તેવા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા બધાં માટે આ અષ્ટવિધ દર્શનાચાર જરૂરી છે. આના અતિચારનું મિચ્છામિ દુક્કડમ્ તમે-અમે બંને આપીએ છીએ. અમે પણ કાઉસ્સગ્ગમાં તેનું ચિંતન કરીએ છીએ. આચાર એકસરખો છે. તમારા કરતાં અમારું ધોરણ ઊંચું છે. માટે સાધુને દેવ-ગુરુ-ધર્મમાં શંકા થાય તો તેના પ્રાયશ્ચિત્તનું વર્ણન

વાંચો તો છાતી બેસી જાય તેવું છે.

**સભા :-** શું પ્રાયશ્ચિત્ત છે?

**સાહેબજી :-** પ્રાયશ્ચિત્ત તો આલોચક સદ્ગુરુ જાણે, આલોચના કરનાર જાણે. જનરલ પબ્લીકનો વિષય નથી. સાવ નાનાં પ્રાયશ્ચિત્તો જાહેરમાં કહી શકીએ. બાકી તો ગીતાર્થ-ગંભીર ગુરુ જ સમજે. બધાને કહેવાનાં ન હોય. સંસારમાં તમારે સામાજિક ક્ષેત્રે શું છે? ગુનાની સજા કરવા કાયદાનું તંત્ર છે. ત્યાં ગુનેગારની ઇચ્છા સુધરવાની હોય કે ન હોય, સજા ફરજિયાત વેઠવી પડે. લૌકિક ન્યાયતંત્રમાં અપરાધીને સજાની વ્યવસ્થા ફરજિયાત છે, તેના હૃદયનું પરિવર્તન કરવાની વાત જ નથી. જ્યારે ધર્મના ક્ષેત્રમાં તો કોઇએ પણ અપરાધ કર્યો હોય તો ખાલી સજામાં રસ નથી, અપરાધીના હૃદયનું પરિવર્તન કરી તેને સુધારવામાં રસ હોય છે. અહીં તો હૃદયથી દોષથી મુક્ત થાય તેવી ન્યાયી વ્યવસ્થાની વાત છે. તેનાં ધારાધોરણો પણ ગંભીર હોય છે. ત્યાં Public(જાહેર)માં સજા ફટકારવામાં આવે, અહીં ગુપ્ત રીતે પ્રાયશ્ચિત્ત કરાવવામાં આવે. **ધર્મના ક્ષેત્રમાં અપરાધીને ઊઘાડો પાડવામાં નહિ, પણ શુદ્ધ કરવામાં રસ હોય છે.** આ ઉપબૃંહણા ગુણ એવો છે કે, કરતાં આવડે તો જીવનમાં પ્રશંસા દ્વારા પણ જબરજસ્ત પુણ્ય બાંધી શકો અને આવતા ભવમાં શાસન મળે તેની ખાતરી ઊભી કરી શકો.

**સભા :-** શ્રાવક કરતાં સાધુને વધારે પાપ?

**સાહેબજી :-** તે તો આવવાનું જ. એક સામાન્ય માણસ ભૂલ કરે તો દેશ ખાડે જાય કે પ્રધાનમંત્રી ભૂલ કરે તો દેશ આખો ખાડે જાય? તેમ મોટો માણસ ભૂલ કરે તો જવાબદારી વધારે. તમારે જવાબદારી ન જોઇતી હોય તો જનાવર બનવું પડે. જેમ તમે માણસ થયા એટલે વિકસિત થયા, તો જવાબદારી વધારે આવે, તેમ ધર્મીની જવાબદારી વધુ આવે.

**સભા :-** પરિણામે બંધ છે ને?

**સાહેબજી :-** તે જ કહું છું. તમે ધર્મ કર્યા પછી અધર્મની પ્રશંસા કરો તો પરિણામ કેટલો નિર્ધ્વંસ થયો? દીકરો ડિસ્ટિંક્ષન લઇને આવ્યો હોય અને પીઠ થાબડો તો કેટલાં પાપ લાગે? કેમ કે દીકરો અધર્મનું શિક્ષણ લઇ આવ્યો છે અને તમે પીઠ થાબડો છો. તમારે કહેવું જોઇએ, બેટા! આ ડીગ્રી પરલોકમાં કામ નહિ લાગે. આ ભવમાં ભૌતિક રીતે કદાચ કામ લાગશે પણ આત્માનું કલ્યાણ નહિ થાય, અને ભણ્યો છે તે સાચું ન માનતો, સાચું માનીશ તો જીવનમાં બરબાદ થઈશ. સાચું જાણવા ધાર્મિક ભણજે અને હું તો તું ધર્મનું ભણીશ ત્યારે જ ખુશ થઇશ.

**સભા :-** શાસ્ત્રો વગેરે વાંચવા પણ ભાષા તો ભણવી જ પડશે ને?

**સાહેબજી :-** આજના શિક્ષણમાં ભાષા એવી છે કે ભાષા ભણાવતાં છોકરાનું માથું સડતું જાય. સ્કુલમાં જે પાઠ આવે છે તેમાં પણ આડકતરી રીતે ધર્મને વેતરવામાં જ આવ્યો હોય.

અમારે એક પાઠ હતો. 'નાખૂન ક્યોં બઢતે હૈ?' તે પાઠમાં સમીક્ષા હતી કે પહેલાં જંગલી મનુષ્યના નખ મોટા હતા, તે અત્યારે પણ હેરીડીટરીના કારણે વધે છે. આપણા માટે આ બિનજરૂરી છે, પણ આપણા બાપ-દાદાઓને નખની જરૂર હતી. વિકાસ પામેલા માણસને નખ બિનઉપયોગી થઇ ગયા, માટે કાપવા પડે છે. આવું ભણનાર પછી આત્મા માને?

ગુજરાતીમાં એક પાઠ હતો. 'ધર્મ ક્યાં છે?' પછી ધર્મના નામથી જે વર્ણન કરવામાં આવે તેનાથી ભાષા ભણતાં ભણતાં કેટલું ઝેર માથામાં આવે? તમારા દીકરા અબૂઝ-મૂર્ખ રહે તેમાં અમને રસ નથી. **શાસ્ત્ર કહે છે શ્રાવકે સુશિક્ષિત બનવું જોઇએ. અમને પણ મૂળ શિક્ષણ સાથે વાંધો નથી, અમે ફક્ત વિકૃતિના વિરોધી છીએ.**

અમને સ્કૂલમાં જૈનધર્મ ઉપર એક પાઠ આવતો હતો. તેમાં પ્રસંગ લીધેલો કે 'જૈનો અહિંસા કેવી પાળે?' તે પાઠમાં વર્ણન હતું કે "મહારાજ સાહેબ વ્યાખ્યાન વાંચતા હતા. સામે ૫-૨૫ ડોસા બેઠા હતા. બે-પાંચ ઝોકાં ખાતા હતા. તેમાં એકને ઘેન ચડ્યું, ઊંઘતા હતા, તેમાં મોં પહોળું થઇ ગયું. તેમાં એક અનાડી છોકરાને મન થઇ ગયું, એટલે નાનું દેડકાનું બચ્ચું લાવી ડોસાના મોંમાં મૂક્યું. દેડકો કૂદ્યો એટલે ડોસો જાગ્યો. મોં બંધ થઇ ગયું, દેડકો અંદર ઉતરી ગયો. લોકોનાં ટોળાં ભેગાં થયાં. પંચેંદ્રિય જીવ બચાવવા ડોસાના પેટ પર ચીરો મૂક્યો." તેમાં જૈનોની અહિંસા પર જે કટાક્ષ કરેલા, તે વાંચી તમારો છોકરો માનતો થાય કે આપણી અહિંસા એટલે વેવલી અહિંસા. આવા કેટલાય પાઠ આવે. આ તો ભાષાની વાત છે, બીજા વિષયોની તો વાત જ નથી. અત્યારે બધું અધર્મ પ્રોષક જ શિક્ષણ છે. અહીં તો મારી વાત એ છે કે તમારા છોકરા ડીગ્રી મેળવી આવે અને તમે પીઠ થાબડો, તો ધૂળ પડી તમારા જીવનમાં.

આપણે ત્યાં જૈનોમાં વિદ્વાન શ્રાવકોનો દુકાળ છે. કોઇ ક્ષેત્રમાં માંગ નહિ હોય એટલી ધર્મના ક્ષેત્રમાં અત્યારે સમાજમાં તેમની માંગ છે. સામાન્ય પંડિતોને ૧૦૦૦૦ રૂપિયા મળે છે, ત્યાં ડીગ્રી મળ્યા પછી ૨૦૦૦ રૂપિયામાં પગ ઘસે છે. છતાં ત્યાં જવા તૈયાર છે, અહીં આવવા તૈયાર નથી, તે આધુનિક શિક્ષણનો ખોટો મોહ સૂચવે છે. **પરંતુ તમે ધર્મી થઇ અધર્મના શિક્ષણની પ્રશંસા ન કરશો.** આ રીતે તૈયાર થશો તો જ પાંચમો ઉપબૃંહણા દર્શનાચાર હસ્તગત કરી શકશો.

## ૬. સ્થિરીકરણ દર્શનાચાર

પાંચમા દર્શનાચાર કરતાં છઠ્ઠા દર્શનાચારમાં ગુણાકાર રીતે ફળ આવવાનું. એક કરતાં બીજો, બીજા કરતાં ત્રીજો, એમ એક એક દર્શનાચાર વધુ ને વધુ ઊંચો છે. એક એક દર્શનાચાર લો તો પુણ્યબંધ-નિર્જરાનો ગુણાકાર થાય તેવી વાતો છે. આ છઠ્ઠો આચાર વ્યવસ્થિત સાંભળો તો ખબર પડશે કે, તમારા માટે આ કર્તવ્યમાં કઇ કઇ જવાબદારી આવે છે. તેના પણ બે ભેદ કર્યા છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત. તમે કોઇને પણ તપ-ત્યાગ-સંયમ-સામાયિક-જાપ-ધ્યાન-ધર્મની આરાધનામાં સ્થિર કરો, તો પ્રશસ્ત સ્થિરીકરણ; અને કોઇને પણ ખોટામાં સ્થિર કરો અથવા ખોટામાં સ્થિર થાય તેવું વર્તન કરો, તો અપ્રશસ્ત સ્થિરીકરણ છે.

પ્રશસ્ત સ્થિરીકરણ ઉત્તમ પુણ્યબંધ અને નિર્જરાનું સાધન છે અને અપ્રશસ્ત સ્થિરીકરણ

મહાપાપનું કારણ છે. તમારા શ્રાવકના અતિચારના અર્થનું વર્ણન કરીએ તો ૧૨ મહિના ઓછા પડે. તમારા માટે ગુજરાતીમાં અતિચાર દ્વારા કેટલું બધું તત્ત્વ સંક્ષિપ્તમાં વર્ણવ્યું. શ્રાવકનાં ૧૨ વ્રતો પર કબાટ ભરાય એટલા ગ્રંથો મળશે. તે સાંભળી-ભણી ન શકો માટે નટશેલમાં સંક્ષિપ્ત કર્યું અને ગુજરાતીમાં અતિચાર મહાપુરુષોએ સંગ્રહરૂપે મૂક્યા; પણ તેનું પણ મંથન કરવાની તમારી તૈયારી નથી. આમ અતિચારના ૧૨૪ ભેદ, પણ તેના પેટાભેદો અસંખ્ય થાય. આ ૧૨૪ અતિચારમાં શ્રાવકજીવનનું એવું એક પાસું નહિ હોય જેનું વર્ણન નહિ હોય.

**વ્યાખ્યાન : ૮ તા. ૨૯-૦૧-૯૮, મહા સુદ એકમ-બીજ, ૨૦૫૪, ગુરૂવાર**

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવોને આચારપ્રધાન એવા શુદ્ધધર્મની પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

પરમાત્માના શાસનમાં જે પણ ધર્મ છે તે આચારપ્રધાન છે. તેનું કારણ એ છે કે, કોઈપણ વ્યક્તિના જીવનમાં ભાવ પેદા થયો કે ગુણ પેદા થયો તેની ખાતરી શું છે? તેનો આચાર. તમારા મનમાં શુભભાવ પેદા થયો હોય તો તે આચારમાં આવ્યા વિના ન રહે. માટે આ જગતમાં જેઓ કોરી ભાવોની વાતો કરનારા છે પણ આચારરહિત છે, તેમના માટે સંશય થાય કે વાતો કરે છે, પણ સાચો ભાવ પકડ્યો છે તેની ખાતરી શું? હૃદયમાં જે ભાવ હોય તેને અનુરૂપ આચાર આપમેળે આવે છે.

**સભા :-** તેવું અધર્મ માટે પણ ખરું ને? તંદુલિયા મત્સ્યનું શું?

**સાહેબજી :-** હા, શક્તિ-અવકાશ હોય તો વ્યક્ત થાય જ. તમે એકલા તંદુલિયા મત્સ્યનું દૃષ્ટાંત પકડો છો, પણ જેના પાપ માટેના સંયોગો અનુકૂળ હોય અને ભાવ હોય તો તે પ્રકારની પ્રવૃત્તિ કર્યા વિના રહે જ નહિ. તંદુલિયો મત્સ્ય વિચારે છે કે આના જેવી મારામાં શક્તિ હોય તો હું શું કરૂં? એકે નાના જીવને જીવતો ન જવા દઉં. તે પોતે મોટા માછલાની આંખની પાંપણમાં પડ્યો છે, પણ પડ્યો પડ્યો શું વિચારે છે? શક્તિ ન હોવા છતાં ભાવ કેવો છે? મારી વાત એ છે કે જીવનમાં જો સંયોગો હોય તો ભાવ અભિવ્યક્ત થયા વિના નહિ રહે.

આચાર એ ભાવને ઓળખવાનું-માપવાનું બેરોમીટર છે. કોઈ કહે દર્શનગુણ પામેલો છે, તો તેની ખાત્રી શું? તેના જીવનમાં દર્શનાચાર કેવો છે, તેનાથી જાણી શકાય. દર્શનાચાર એ દર્શનગુણની અભિવ્યક્તિનો આચાર છે. આચાર દ્વારા જ મોટે ભાગે ભાવોનો ખ્યાલ આવે છે. ભાવો વ્યક્ત કરવાનું માધ્યમ આચાર છે. માટે તમારા જીવનમાં દર્શનગુણ પ્રગટ્યો છે, તે નક્કી કરવા માટે દર્શનાચાર જ બેરોમીટર બનશે. સમકિતગુણ પ્રગટ્યો હોય, તેના જીવનમાં આ બધો દર્શનાચાર વ્યક્ત રીતે વ્યાપક રીતે દેખાશે. આપણે ત્યાં જેટલા મહાશ્રાવકો થયા છે તે બધાના જીવનમાં આ આઠે પ્રકારનો દર્શનાચાર આબેહૂબ મળે. વસ્તુપાલ-

તેજપાલના જીવનમાં આઠેય પ્રકારનો દર્શનાચાર ઝળકતો દેખાય. એકેયમાં ખામી લાગે? અનુપમાદેવીને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે નિઃશંકપણું જબરજસ્ત, નિઃકાંક્ષા પણ તેવી. વસ્તુપાલ-તેજપાલને અજૈનધર્મના ધર્મગુરુ સાથે પરિચય કેટલો? બધા રાજસભામાં આવે, મંત્રી સાથે પરિચયમાં આવે, વળી મંત્રીશ્વરને પ્રભાવિત કરવા પ્રયત્ન કરે અને બહુમાન યોગ્ય વ્યવહાર પણ કરે. આમ સંપર્કમાં આવે, પણ જીવનમાં કાંક્ષા થાય ખરી? કેમ કે કયું ઊંચું-સારું છે, તે સમજે છે. તેમણે વૈદિકધર્મનાં મંદિરો અને મસ્જિદોમાં દાન આપ્યાના ઉલ્લેખો છે. વસ્તુપાલે ૧૪૪૦ વેદપાઠી બ્રાહ્મણો પોતાને ત્યાં રાખેલા. મંત્રી હતા પણ રજવાડીખાતું હતું. તેમના રસોડે રોજની ૫૦૦૦૦ માણસોની રસોઇ થતી. અનુપમાદેવીનો અભિગ્રહ હતો કે ૫૦૦ સાધુ-સાધ્વીઓને નિર્દોષ ભિક્ષા વહોરાવ્યા વિના ભોજન કરે નહિ. વળી વહોરાવે પણ જાતે. તમારે તો બે સાધુ-સાધ્વી વધારે આવે તો માણસને ભળાવી દો ને?

**સભા :-** ૫૦૦ને નિર્દોષ મળે?

**સાહેબજી :-** ૫૦૦૦૦ની રસોઇ થતી હોય તો ૫૦૦ને નિર્દોષ મળે જ ને? તમારી જેમ ગણતરી કરી કરી થોડું કરે? શાસ્ત્ર કહે છે શ્રાવકનાં દ્વારો અભંગ હોય. તેને ત્યાં ગમે ત્યારે દીન-દુઃખી, સાધુ-સંન્યાસી, અતિથિ આવે. વસ્તુપાલ આદિ માટે તેઓ જે પદ પર બેઠા છે તેની ખાલી ઔપચારિક તરીકે જવાબદારી પણ આવે. આપણે ત્યાં સામાન્ય શ્રાવકને માથે આ બધી જવાબદારી ન આવે, પરંતુ તેમના માટે ઔચિત્ય તરીકે પણ દાન આપવાનાં આવે. ત્યાં ધર્મબુદ્ધિથી કે ભક્તિબુદ્ધિથી દાન નથી આપ્યું, "ઔચિત્ય દાન" શબ્દ જ વાપર્યો છે. ઊંચા ધર્મમાં કરોડો-અબજો રૂપિયા ખર્ચાતા હોય, તો પરિચયમાં હોય તેવા બીજા ધર્મવાળા અપેક્ષા રાખે. પણ તેનો દાખલો લઇ તમે ન આપી શકો. કેમ કે તમે કાંઇ Public Figure (જાહેર વ્યક્તિ) નથી. તમારા માટે તો શું આવે? હોળી, નવરાત્રીના ફંડમાં પૈસા ન અપાય. આપણે ત્યાં હરેકની કેટેગરી પ્રમાણે ધર્મમાં વાત આવે છે. વસ્તુપાલ-તેજપાલ-પેથડમંત્રી-ઝાંઝણમંત્રીનાં જીવન જુઓ તો થાય કે ચારે બાજુ દર્શનાચાર વ્યાપક છે. અદ્ભુત રીતે આ બધા ગુણ દેખાય. મંત્રીપત્ની સાધુ-સાધ્વીની ભક્તિ માટે ખડે પગે હાજર. બાકી પોતાના માટે પાણીનો પ્યાલો પણ ન લેતા હોય. વળી સાધુ-સાધ્વીના કડવા અનુભવ થાય તેવું ન બને? છતાં પચાવી જાય. કેમ કે દર્શનગુણ એટલો દૃઢ હોય. દર્શનાચાર સાધનાનું ઉત્તમ અંગ છે.

સ્થિરીકરણના બે ભેદ છે. ૧.અપ્રશસ્ત અને ૨.પ્રશસ્ત. અપ્રશસ્ત સ્થિરીકરણ એટલે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા, તેમના જીવનમાં અધર્મમાં-શિથિલાચારમાં સ્થિર થાય તેવું વર્તન કે પ્રવૃત્તિ કરો તો અપ્રશસ્ત સ્થિરીકરણ નામનો દોષ સેવ્યો કહેવાય. ઉપબૃંહણામાં પ્રશંસા-સમર્થનની વાત આવે, જ્યારે સ્થિરીકરણમાં એવું વર્તન કરો કે તે અધર્મમાં-દુર્ગુણોમાં સ્થિર થાય, તો તે અપ્રશસ્ત સ્થિરીકરણ કહેવાય. શિથિલાચારી સાધુ-સાધ્વી પ્રત્યે બહુમાન-ભક્તિ-વંદન-વિવેક-આદર-સત્કાર કરો, પ્રસંગે જાહેરમાં-એકાંતમાં વખાણ કરો, તો તે અપ્રશસ્ત ઉપબૃંહણામાં આવ્યું. અહીં તેનાથી આગળની વાત આવી. આજે એવા શ્રાવકો ઘણા છે કે, સાધુ-સાધ્વી પાસે જાય અને વિચારે કે મહારાજ અનુકૂળતા કરી આપતા હોય, સંસારની

ભૌતિક અગવડતા દૂર કરી આપે, માર્ગદર્શન આપે, દોરા-ધાગા કરી આપે, સંસારનાં કામ હોય તો સલાહકાર તરીકે Recommend(ભલામણ) કરી આપે તો તે તેમને ગમે. સાધુઓ પાસે પણ શું અપેક્ષા હોય? આચાર્ય મહારાજ સાહેબ કેટલા ઉપયોગી છે! તે વખતે શું વિચારે? મહારાજ સાહેબ અમુક કામ કરી આપે તો અમે અમુક ભોગ આપીશું. તમે આ રીતે સાધુને શિથિલાચારમાં સ્થિર થવામાં અપ્રશસ્ત રીતે સ્થિરીકરણ કર્યું. સાધુને તમે શિથિલાચારમાં સ્થિર કર્યા ને? ઘણા તો શિથિલાચારમાં પ્રોત્સાહન આપે, Scope(અવકાશ) ઊભો કરી આપે અને શિથિલ થાય પછી બરાબર પીઠબળ આપે. આવા લોકો અપ્રશસ્ત સ્થિરીકરણ નામનો ભયંકર દોષ સેવનારા છે. અપ્રશસ્ત સ્થિરીકરણ તમે કર્યું એટલે દર્શનાચારનો અનાચાર તમારા જીવનમાં આવ્યો. આવા ઘણા દૃષ્ટિકોણ છે. જો ધ્યાન ન રાખો તો તમારા જીવનમાં અપ્રશસ્ત સ્થિરીકરણ આવી શકે છે.

સ્થિરીકરણ એટલે તમે સામી વ્યક્તિને તમારી પ્રવૃત્તિ દ્વારા ધર્મમાં સ્થિર કરો તે કે અધર્મમાં સ્થિર કરો તે? જો ધર્મમાં સ્થિર કરો તો પ્રશસ્ત સ્થિરીકરણ અને અધર્મમાં સ્થિર કરો તો અપ્રશસ્ત સ્થિરીકરણ. સારાની પ્રશંસા ન કરવાથી પણ ઘણા શુભપ્રવૃત્તિમાં શિથિલ બને છે. આજે સંઘમાં મોટા ભાગનો વર્ગ કેવો છે? સાધુ શિથિલ બનતો હોય તો પગ પૂજવા તૈયાર, પણ સાધુ સદાચારમાં રહેવા તૈયાર હોય તો કોઇ પ્રોત્સાહન ન હોય. બહુજનસમાજ એવો છે કે સાધુને આચારમાંથી પાડવામાં રસિક છે, કેમ કે જીવનમાં અપ્રશસ્ત સ્થિરીકરણ નામનો જ વ્યવહાર છે. ધર્મી તરીકે તમારી ફરજ શું છે? તમારો સાધુ-સાધ્વી સાથે એવો વ્યવહાર હોય, જેનાથી સાધુ-સાધ્વી તપ-ત્યાગ-સંયમમાં સ્થિર થાય. તેને બદલે ઊંધો વ્યવહાર હોય છે.

**સભા :-** તેમાં કારણ શું?

**સાહેબજી :-** તમે.

**સભા :-** એક હાથે તાળી પડે?

**સાહેબજી :-** ના, હું સાધુનો બચાવ નથી કરતો. હું પણ ઢીલો પડું તો જ હું પડવાનો છું. બે હાથે તાળી પડે, તે મંજૂર કરું છું. પણ તમે સાધુ-સાધ્વીને શું માનો છો? દીક્ષા લીધી એટલે વીતરાગ માનો છો? તેમાંય આ કાળમાં તો અલ્પ સત્ત્વ હોય. ભૂતકાળમાં શિથિલ બને તેને પ્રોત્સાહન નહોતું અને આજે શિથિલ બને તેને પ્રોત્સાહન મળે છે. ઊલટા સંજોગો થઇ ગયા. સાધુ જેટલી ભૂલ કરે છે તેટલાં તે કર્મ બાંધે છે. ભવાંતરમાં આવા સાધુના ડૂચા નીકળી જશે. અમે દુનિયા આખીનો સંસાર ચલાવવા સંસારત્યાગ નથી કર્યો. શાસ્ત્રમાં તેનાં ફળ વાંચો તો છક્કા-છૂટી જાય તેવું છે. સાધુની જવાબદારી છે. અત્યારે સાધુને સંઘે કયા સંયોગોમાં મૂક્યા છે તેનું વર્ણન કરવું પડે એવું છે? વધારે જવાબદારી શ્રાવકોની જ છે. તમારા સંઘમાં સંયમી સાધુ આવે તો કેટલી કિંમત કરો?

**સભા :-** અમે તો સંયમી સાધુને જ માનીએ.

**સાહેબજી :-** તો બહુ સારું. તમે સંયમી સાધુને માનો છો પણ માનવાનો અર્થ શું કર્યો? માત્ર હાથ જોડો તે પૂરતું નથી, તે તો ઉપબૃંહણામાં આવ્યું. સ્થિરીકરણમાં શું આવે છે? તમે ભક્ત કોના? ભક્ત એટલે ખડે પગે ભક્તિ કરનારા. આજે સંયમી સાધુના ભક્ત બનનારા કેટલા? તેમને તો બહુ બહુ તો હાથ જોડનારા નીકળશે.

ધર્મીની ફરજ છે કે અસંયમીથી દૂર રહે પણ સંયમી સાધુની પડખે ઊભા રહે. સંયમી સાધુ માને કે આપણને કાંઇ જરૂર હશે તો આ બધા પડખે ઊભા રહેશે. તેવા શ્રાવકો કેટલા? માત્ર સારો અભિપ્રાય આપી દો તે ઉપબૃંહણા કહેવાય, સ્થિરીકરણ ન કહેવાય. સ્થિરીકરણમાં શું આવે? તો કહે "સાહેબ! તમારા જેવા સારું સંયમ પાળતા હોય તો તમને અડધી રાત્રે પણ કાંઇ કામ હોય તો મને યાદ કરજો અને સંયમની આરાધનામાં કાંઇપણ વિઘ્ન આવે તો અમે પડખે ઊભા જ છીએ, ચિંતા ન કરશો." તમે કદી આવું કહ્યું છે ખરૂં? તમે વિચારો છો કે "સાહેબે અમારા માટે દીક્ષા લીધી છે? એમને પાળવું હોય તો પાળે." આ વાત સાચી છે? તમે સંયમી સાધુને જઇ પૂછો. તેમના અનુભવ શું છે? મારે મારું અંગત કાંઇ કહેવું નથી. અમે પણ આ ક્ષેત્રમાં વર્ષોથી છીએ. દીક્ષા પહેલાં ખબર ન હોય, અત્યારે તો બધું જાણીએ છીએ. સંઘની પરિસ્થિતિ શું છે, પ્રસંગે તપસ્વી-ત્યાગી-સંયમીને શ્રાવક કેટલું મહત્ત્વ આપે છે, બાંધી મુઠ્ઠી લાખની. ખોલવાની ચાલુ કરશો તો ભારે થશે.

**સભા :-** કામ કરનાર કોઇ નથી.

**સાહેબજી :-** કામ કરતાં ધર્મભાવ ઘટ્યો. તમને દીકરા પ્રત્યે જેટલો રાગ છે તેટલો સંયમી સાધુ પર રાગ નથી. હકીકત કહું છું. **દીક્ષા પહેલાં ગુરુમહારાજે કહેલું કહું છું. "અમારો જમાનો તો ગયો, હવે તમારો જમાનો ચાલે છે. તેમાં શાસન-સંઘનું કામ કરવું હશે તો વફાદાર શ્રાવકો મળશે કે કેમ તે પ્રશ્ન છે. આવા શ્રાવકો દુર્લભ થશે."** પણ ત્યારે એટલું બેસતું ન્હોતું, પણ આજે અનુભવીએ છીએ. અડધી રાત્રે કામ પડે તો ઊભા રહેનાર નથી. અમે માનીએ કે આ દેશકાળમાં સારા સંયમીને જીવવું હોય તો આત્મબળ પર જ જીવવું પડે. હું મારી રીતે શક્ય કરીશ તેવું નક્કી કરે તો જ ટકી શકે. ઢીલો પડે તો સમજે કે મારે ટકવું હશે તો મારે પણ મોટા ભગત બનાવવા પડશે.

તમારા દર્શનાચારનાં ઠેકાણાં નથી, તેના કારણે જ સંઘમાં કેટલાં પ્રોબ્લેમ (પ્રશ્ન) થાય છે? તમે દર્શનાચારમાં આવી જાઓ તો સાધુસંસ્થાની રોનક બદલાઈ જાય. વળી અહીં આવે છે તે પણ તમારે ત્યાંથી જ આવે છે ને? સાધુ થયા પછી પણ અમારે તો સમાજમાં જ રહેવાનું છે. આપણે ત્યાં બે પ્રકારના સાધુ લખ્યા. ૧. નિરપેક્ષમુનિ. જે સમાજથી સંપૂર્ણ પર છે અને સમાજ સાથે કોઇ સંબંધ નથી. જિનકલ્પી વગેરે જંગલમાં કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહે. ગોચરી-પાણી માટે ગામમાં આવે. તેમનો આચાર જુદો. સમાજની તેમના પર કોઇ અસર થાય નહિ. પણ આ કાળમાં નિરપેક્ષમુનિનો આચાર વિચ્છેદ પામ્યો છે. આર્ય સુહસ્તિ - આર્ય મહાગિરિના સમયથી વિચ્છેદ થયો છે. અત્યારે સાધુ કેવા છે? ૨.સાપેક્ષમુનિ. એટલે તેમને સમાજ-સંઘ પાસે યોગ્ય અપેક્ષાઓ હોય અને સંઘ-શાસનની સાથે રહે, સંચાલન પણ સંભાળે, સંઘ-સંચાલનનાં કાર્યો યોગ્ય રીતે કરતા હોય. તેવા સાધુ પર સમાજની અસર

થવાની, કેમ કે સાથે રહે છે. તમારી માંગ એ છે કે સાપેક્ષમુનિ ભલે સમાજમાં-સંઘમાં રહે, પણ નિરપેક્ષ રહેવા જોઇએ, આ તમારી ખામી છે.

ઉપબૃંહણા કરતાં સ્થિરીકરણ વધારે કઠણ છે. ઉપબૃંહણામાં તો ખાલી પ્રશસ્ત અનુમોદના કરવાની છે, જરાક સમર્થન કરવાનું છે. અહીં તો ખડે પગે ઊભા રહેવું પડે, સંઘમાં મહાત્મા તપ-ત્યાગ-સંયમમાં સ્થિર થાય તેવી રીતે ઊભા રહેવું પડે.

**સભા :-** ભગવાન ધર્મની ચિંતા ન કરે?

**સાહેબજી :-** તીર્થંકરો નિર્વાણ પામે પછી પોતે શાસનની પણ ચિંતા કરતા નથી. અરિહંતદેવનો કહેલ ધર્મ જગતમાં સ્થિર થાય તેવી પ્રવૃત્તિ સ્થિરીકરણમાં તમારે કરવાની આવે. કેમ કે ભગવાન તો પૂર્ણ છે, વીતરાગ છે, તેમને તો કોઇ અપેક્ષા નથી. તેથી જગતમાં અરિહંત-સિદ્ધનું મહત્ત્વ સ્થાપિત થાય તેવા પ્રકારની પ્રવૃત્તિ આપણે કરવાની આવે છે. લોકમાં જૈનધર્મ વહેતો કઇ રીતે રહેવાનો? આપણે ત્યાં "સંભવામિ યુગે યુગે" છે? **આપણા ભગવાન તો કહે છે કલ્યાણનો માર્ગ આ છે, માર્ગ બતાવું છું, વ્યવસ્થા સ્થાપું છું, હવે મારે કાંઇ નિસ્બત નથી. પોતે પરિપૂર્ણ આત્માની રિદ્ધિસિદ્ધિ પામીને બેઠા છે. કાળની ચઢતી પડતી આવે તો ભગવાને હાથ ઝાલવાની જવાબદારી નથી લીધી.** જૈનશાસન અવતારવાદને નથી માનતું. એમને ત્યાં જે અવતારવાદની વાતો છે, તેનું આપણા આચાર્યોએ ખંડન કર્યું છે. ઇશ્વરને પણ અવતાર લેવો પડતો હોય તો તેમાં અપૂર્ણતા આવી જાય છે. જે કરવાનું હતું તે કરી લીધું, જે મેળવવાનું હતું તે મેળવી લીધું, તેમને કાંઇ અપૂર્ણતા નથી. અપૂર્ણ કોઇ દિવસ ભગવાન હોય નહિ. અવતારવાદનાં ખૂબ જ તર્કબદ્ધ રીતે ખંડન કર્યાં છે.

**એક કાળચક્રમાં આવા વિશિષ્ટ પુરુષો જન્મી શકે તેવાં મુહૂર્ત-સમયો જ ૪૮ આવે છે. એવા કાળને ચક્રની ઉપમા આપી છે.** આપણે ત્યાં કાળ પર પણ ગ્રંથોના ગ્રંથો ભરાય તેટલું સાહિત્ય છે. તમારું વિજ્ઞાન તો ટાઇમ(સમય)ની વ્યાખ્યા પણ કરી શક્યું નથી. આપણે ત્યાં તો ખૂબ જ સમીક્ષા છે. ટાઇમની અસરના કારણે ધર્મની હાનિ-વૃદ્ધિ માની છે, પણ તીર્થંકરો તે ધર્મની હાનિ-વૃદ્ધિની અસર નથી લેતા. આપણા ભગવાન આખા જગતનું દર્શન કરે પણ આખા જગતથી અલિપ્ત રહે છે. તે સંસારનું અવલોકન કરે છે પણ આત્મરસમાં મગ્ન છે. હવે તેમને દુનિયાની સાથે કાંઇ લેવાદેવા નથી. આપણે ત્યાં ભક્તની ભીડ ભાંગવા પોતે હાજર થાય તેવા ભગવાન માન્યા નથી. આવું દેવતત્ત્વ કોઇએ વિચાર્યું પણ નથી. પરંતુ પ્રભુએ સ્થાપેલું શાસન સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા દ્વારા જગતમાં પ્રવાહરૂપે ચાલુ રહેવાનું.

પ્રભુશાસનની મૂળ સંસ્થા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા છે. એટલે તેમાં સતત સ્થિરીકરણ કરે એટલે જૈનધર્મનું સ્થિરીકરણ થઇ ગયું. આ ચારને યથાશક્તિ સ્થિર કરતા હો તો સમજવાનું તમે તમારા દર્શનાચારમાં દૃઢ છો. તે કરવા તમારે હંમેશાં જોવું પડે કે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા કોણ છે? અને તેઓ માટે તમારો વ્યવહાર એવો હોય કે જેનાથી તેઓ તેમના ધર્મમાં દૃઢ બને. તમે ભગવાનનું શાસન સ્વીકાર્યું હોય, તેના પર આસ્થા-શ્રદ્ધા બંધાઇ હોય, અને આવો ઊંચો ધર્મ જગતમાં ફેલાય-ટકે તેમાં જ સર્વનું કલ્યાણ છે, તેવું તમે માનતા હો, તો આ શાસનને વધારેમાં વધારે સ્થિર કરવા, સાધુ-સાધ્વીને દૃઢ કરવાની તમારી

જવાબદારી ખરી ને? ઘણા કહે, મહારાજ મહારાજનું ફોડી લેશે. આમેય તમે સાધુથી ધરાયેલા છો. તમને શું થાય? અમારે જ્યારે ધર્મ આરાધના કરવી હોય ત્યારે કરી લઇ ચાલતા થવાનું. આવા લોકો તો સ્થિર કરવાના પ્રસંગે પણ અસ્થિર કરશે. સ્થિર કરવા કેટલો દઢ ભાવ જોઇએ? શાસ્ત્ર કહે છે, શ્રાવક કેવા હોય? સાધુ પડતો હોય તો પડતાને સ્થિર કરે. એવાં કેટલાં દષ્ટાંત મળે કે મહાત્મા કોઇ નિમિત્તવશ પડતા હોય તો સ્થિર કરે? શાસન તો અસ્થિરને સ્થિર કરવાની વાત કરે છે, પણ તમે સ્થિરને પણ સ્થિર રહેવા દેશો? સ્થિરીકરણ માટે તો સંયમી સાધુનાં પડખાં સેવવાં પડે, પડખે રહેવું પડે.

સંયમી સાધુને દઢ બનાવવા ક્યાં ક્યાં સામગ્રીની જરૂર છે, તેના માટે સતત ચિંતિત રહેવાનું. તમારા દીકરાની ચિંતા કેટલી છે કે અમારા દીકરા સેટ નહિ થાય તો તેના ભવિષ્યનું શું? તમારા છોકરાની ભૌતિક ચિંતા છે, એટલી સંયમી સાધુના સંયમની ચિંતા ખરી? અમે દેવ-ગુરુ-ધર્મને માનીએ છીએ એટલું કહેવા માત્રથી શું? દેવ-ગુરુ-ધર્મ હૈયામાં વસ્યા છે? તમને દીકરા જ પોતાના લાગે છે, દેવ-ગુરુ-ધર્મ તો પારકા લાગે છે ને? સમકિતીને શું લાગે? આ જગતમાં દેવ-ગુરુ-ધર્મ સિવાય મને કોઇ શરણ નથી. કુટુંબ પણ તેને પરાયું લાગતું હોય. તેવા જ આત્માઓ દેવ-ગુરુ-ધર્મ માટે ઘસાવાના અને તે જ પ્રશસ્ત સ્થિરીકરણ કરી શકશે. સ્થિરીકરણ તમારી પાસેથી આ બધું માંગશે. દા.ત. **શ્રાવક નવો નવો જોડાયો હોય. તેવા શ્રાવકને વધારે સ્થિર કરવા તમારું તેની સાથેનું વલણ કેવું હોવું જોઇએ? તેના જીવનમાં રસ લો, તેની પ્રશંસા-ઉપબૃંહણા કરો, તેનાથી આગળ વધી કાંઇક એવો પુરુષાર્થ-પરિચય કરો જેનાથી પેલા ધર્મમાં સ્થિર થાય. ઘણા નવા હોય તો અધર્મના વિકલ્પો હોય, પુણ્ય-પાપમાં અશ્રદ્ધા હોય, તેવા બધાનો પરિચય કેળવી, સાથે તેમના જીવનમાં રસ લઇ, તેમની શંકા-કુશંકા દૂર કરવી, ધર્મઅનુષ્ઠાન સમજાવવાં, સંસારમાં પણ અગવડતા હોય તો ભોગ આપી સ્વસ્થ બનાવવા વગેરે બધું આવે.** લિસ્ટ બહુ લાંબું આવશે. પણ જગતમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપકાર જીવને ધર્મમાં સ્થિર કરવો તે છે. તમને થવું જોઇએ, મનુષ્ય ભવ મળ્યો છે, સાધવા જેટલું સાધવું જોઇએ; ને આ જ શાસનની ખરી સેવા છે.

ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના આ ચાર કરતાં જેને આવડે તેવો શ્રાવક જૈન શાસનની પાયાની ઇંટ બને. તેને થાય કે અનંતા ભવમાં આ શાસન મળ્યું છે અને તેની એવી ઉપાસના કરું, તન-મન-ધનથી એવો ઘસાઉં કે ભવોભવ શાસનથી વિખૂટા ન પડાય. તમને ધર્મમાં આસ્થા કેટલી? અને અમારું વર્ણન સાંભળી અમે અવ્યવહારુ લાગીએ ને? પણ આવા મહાશ્રાવકો હતા. આજે તો પંખીના મેળાની જેમ ભેગા થાય અને ઊડી જાય.

**સભા :-** અમારું Preliminary Stage(શરૂઆતનો તબક્કો) છે.

**સાહેબજી :-** કેટલાં વર્ષ સુધી Preliminary Stage રહેશે? દુનિયામાં એવી કોઇ સ્કૂલ ખરી કે તેમાં ૨૫ વર્ષ સુધી એક જ ક્લાસમાં રહે? પણ પોલ છે. આગળ વધવું જ નથી; કેમ કે સંસારમાં વિષય-કષાયનો રસ એટલો છે કે છોડવાની તૈયારી નથી અને ધર્મ હાડોહાડ વસ્યો નથી, દુર્લભ લાગ્યો નથી. મનુષ્યભવમાં આચરવા લાયક, પામવા લાયક, મેળવવા

લાયક, ઊંચામાં ઊંચી ચીજ આ ધર્મ જ છે, એવું હજી બુદ્ધિમાં બેઠું નથી. હજી સંસારમાં બીજું ઘણું દુર્લભ લાગે છે ને? અમે બોલીએ કે, **"ચિંતામણિ રત્ન કરતાં પણ ધર્મ દુર્લભ છે, સમ્યગ્દૃષ્ટિને ચિંતામણિ રત્નની જેટલી કિંમત ન હોય તેટલી ધર્મની કિંમત હોય."** પણ આની તમને કોઇ અસર થાય? ચિંતામણિ રત્ન એ છે જેના અધિષ્ઠાયક દેવતા હોય અને તે ભૌતિક મનોવાંછિત અવશ્ય પૂરાં કરે. શાસ્ત્ર કહે છે, આનાથી વધારે ધર્મ છે. તમને જે દિવસે તેવું લાગશે તે દિવસે કામ થશે. અત્યારે પણ લક્ષણોપેત રત્ન હોય અને અમારા જેવા કહે આ હીરો લેશો તો ન્યાલ થઇ જશો, તો ચોંટી પડો ને?

**સભા :-** મોક્ષ અપાવે તેવો હીરો જોઇએ છે.
**સાહેબજી :-** કોઇ હીરામાં તાકાત નથી જે મોક્ષ અપાવે અને તે હોય તો અમે છોડીએ? ભગવાને હીરા-મોતી-માણેકનો ત્યાગ કર્યો. કેમ? ભગવાનને મોક્ષ ન્હોતો જોઇતો? **ભૌતિક વસ્તુમાં ભૌતિક વસ્તુ જ આપવાની તાકાત છે. ભૌતિકતાથી પર થયેલી દૃષ્ટિ છે, તે જ ધર્મને સમજશે.**

**સભા :-** ચિંતામણિનો અર્થ શું?
**સાહેબજી :-** ચિંતા એટલે મનનું ચિંતન-અભિલાષા. તમારા મનના અભિલાષની પૂર્તિ કરે તેવો મણિ, તે ચિંતામણિ રત્ન.

**સભા :-** ધર્મની ઇચ્છા કરતા હોય, તો તે પૂરી ન કરે?
**સાહેબજી :-** ધર્મની ઇચ્છા પૂરી કરવા ધર્મ સિવાય કોઇ સાધન જ નથી. સાચા ધર્મની એ જ વ્યાખ્યા છે કે એક ધર્મ બીજા ધર્મને લાવી આપે. ચિંતામણિ સાથે ભગવાનની તુલના પણ ન કરાય. કેમ કે ચિંતામણિ તો ભૌતિક જ કામના પૂરી કરશે, જ્યારે ભગવાન તો સર્વ કામના પૂરી કરશે. અને એક સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકાને સાચા ધર્મમાં તમે સ્થિર કરો તેનું ફળ ખબર છે? કુદરતમાં વ્યવસ્થા શું છે? આપવાથી મળે. કોઇ જીવને સાચા ધર્મમાં સ્થિર કર્યો એટલે તમને ભવોભવ સાચો ધર્મ મળશે. તમારું કલ્યાણ નક્કી થશે, મોક્ષ નિશ્ચિત થશે અને અનંતા જીવોનાં દુઃખ-સંતાપ દૂર કરનારા બનશો.

આપણે ત્યાં તો લખ્યું છે કે ખરી દયા અમારિપડહ છે. ખરી અમારિ શું છે તે જાણો છો? **એક જીવ મોક્ષમાં જાય તો આખા ચૌદ રાજલોકમાં અમારિપડહ વાગે છે કે, હવે આ જીવથી કોઇને સંતાપ-દુઃખ નહિ થાય. માટે એક જીવને સ્થિર કરવામાં અનંત લાભ છે.** સ્થિર કરવા માટે ઉદારતા, ગંભીરતા આદિ ગુણો જોઈએ. દોષ ખમી ખાવા ઉદાર-ગંભીર દિલ જોઇએ. વ્યવહારમાં પણ એટલી જ ભક્તિ-સૌહાર્દ હોય તો જ સામાને સ્થિર કરી શકો. માટે સ્થિર કરનારા શ્રાવકો શાસનનાં ઉત્તમ રત્નો છે. તે અર્થમાં શાસ્ત્રમાં તેમનાં વખાણ છે. ગઇ કાલે કોશ્યાની જે વાત થઇ તે કોશ્યાનાં વખાણ છે, તે શાસનપ્રભાવક તરીકે. તે રાજનર્તકી હતી માટે વખાણ ન હતાં. પણ આવાં ભૌતિક પુણ્ય-સૌંદર્ય હોવા છતાં ધર્મમાં દૃઢતા એવી કે તેનો જોટો ન મળે.

કોશ્યાએ સિંહગુફાવાસીમુનિનું કેવું સ્થિરીકરણ કર્યું! આ સિંહગુફાવાસીમુનિ પણ હાલી-મવાલી નથી. અમે બધા એમની ચરણરજ પણ ન બની શકીએ, એટલા ઊંચા મહાત્મા હતા. માત્ર સ્થૂલિભદ્રજી આગળ એમનું સત્ત્વ નીચું હતું. સિંહગુફાવાસીમુનિ ૨૪ કલાક ઉપવાસ કરી ધ્યાનમાં ઊભા રહે. તમે કલાકમાં પગ કેટલીવાર ઊંચા કરો? વળી સિંહને ઉપદેશ નથી આપ્યો, પણ પોતાના પ્રભાવ-સાન્નિધ્યમાત્રથી હિંસક-ક્રૂર સિંહને અહિંસક-દયાળુ બનાવ્યો છે. આવા મહાત્માને પણ પ્રબળ નિમિત્ત મળ્યું એટલે પડ્યા. કોશ્યાને ત્યાં ચાર્તુમાસ ગયા હતા. કોશ્યા સમજી ગયેલી કે ગણિકાને ત્યાં કોઇ ચોમાસું કરવા આવે? સ્થૂલિભદ્રજી આવ્યા ત્યારે વાત જુદી હતી. તે વખતે ધર્મ ન્હોતી પામી, એટલે માનતી હતી કે મારા વિના સ્થૂલિભદ્રજી જીવી જ ન શકે, તે આજે-કાલે પાછા આવશે. અને વળી વર્ષો વીત્યાં છતાં વિશ્વાસ છે કે એક દિવસ જરૂર આવશે જ. રોજ પોતાના સાત માળના મહાલયમાં અગાસીમાંથી દૂર દૂર જુએ છે. વર્ષો વીત્યા પછી એક દિવસ દૂરથી જુએ છે કે સ્થૂલિભદ્રજી આવે છે. પોતાનો વિશ્વાસ સાચો પડ્યો તેમ લાગે છે અને સામેથી નાચતી નાચતી જાય છે. સ્થૂલિભદ્રજી મહાલયમાં પ્રવેશીને કહે છે કે હું સાધુ તરીકે ચાતુર્માસ માટે આવ્યો છું. ત્યારે કોશ્યા વિચારે છે કે લાજ-શરમથી આવું બોલે છે, લાજ-શરમના કારણે ખરું બોલી શકતાં નથી. માટે કહે છે જ્યાં મન થાય ત્યાં વાસ કરો. સ્થૂલિભદ્રજી બધી શરતો મૂકે છે. પણ હવે જ્યારે સિંહગુફાવાસીમુનિ આવ્યા છે ત્યારે કોશ્યા જુદી છે. શ્રાવિકા તરીકે વિનયથી આવે છે અને મુનિને આવવાનું પ્રયોજન પૂછે છે. સિંહગુફાવાસીમુનિ કહે છે, ચાતુર્માસ માટે આવ્યો છું. એક ક્ષણમાં સમજી ગઇ. એને ખાતરી છે કે સ્થૂલિભદ્રજી સિવાય કોઇની તાકાત નથી કે આ વાતાવરણમાં ટકી શકે. શ્રાવિકા તરીકે યોગ્ય મર્યાદાપૂર્વકનો વ્યવહાર કરે છે. આ બાઇ બધું સમજી શકે છે, પણ વ્યવહાર બદલાયો નથી. ક્યાં સુધી? છેલ્લે મહાત્મા કહે છે "મારે તારી જરૂર છે," ત્યારે કહે છે "આપ તો મહાત્મા છો. આપને ગણિકાની શી જરૂર હોય?" મહાત્માએ કહ્યું "તારા વિના રહી શકું તેમ નથી." ત્યારે શું કહે છે? ગણિકાને પૈસા વિના ન ચાલે. કેટલો ગુણ છે! તરત તૂટી નથી પડી કે સાધુ થઇ શું બોલો છો. તે જાણે છે કે મહાત્મા પવિત્ર છે, છતાં આ વાતાવરણ, આ રૂપ, આ કલા વચ્ચે તે ટકી શકવાના નથી, ત્યારે આવા મહાત્માને પડતા બચાવવાની ભાવના છે. માટે ધીરજપૂર્વક ગંભીરતાથી જોયા કરે છે અને તક વિના એક અક્ષર બોલતી નથી. કેટલી ગંભીર હશે! ગુણીયલ જીવના દોષ પણ કેટલા પચાવી શકી હશે! તમારો નંબર આમાં ક્યારે લાગે? તમે સારા સાધુનો એક નાનો દોષ પણ પચાવી શકો ખરા? કે હો હા મચાવો? આ ટોપ લેવલનું સ્થિરીકરણ છે. પણ તમે પ્રાયમરી સ્ટેજનું પણ સ્થિરીકરણ કરી શકશો? તમારે તો સંયમી સાધુનાં યથાશક્તિ ભક્તિ-વિનય-વૈયાવચ્ચ કરવાનાં આવે.

❀ ❀ ❀

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવોને સ્વકલ્યાણનો યથાર્થ બોધ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

પરમાત્માના શાસનમાં હરેક જીવ માટે જો કોઈ મુખ્ય મુદ્દો હોય તો તે સ્વનું કલ્યાણ કરવાની વાત છે. સ્વથી પાછો દેહ નહિ, આત્મા લેવાનો છે. જગતના જીવોની સ્વત્ત્વની બુદ્ધિ દેહ સાથે ગૂંથાયેલી હોય છે. લોકો હું એટલે દેહમય જ અસ્તિત્વ વિચારતા હોય છે. અહીં સ્વથી આત્મા લેવાનો છે અને આત્મકલ્યાણ તે જ ધર્મમાં મુખ્ય મુદ્દો છે. પણ તેનું કલ્યાણ કરવાની અભિલાષા વળી મુશ્કેલ છે. ધર્મ સમજવા માટે પણ ધર્મની અભિમુખતા થવી ઘણી દુર્લભ છે. મોટે ભાગે જીવો ધર્મસામગ્રી વિના રખડે છે. કોઈ ધર્મસામગ્રી પામે છે, તો પામેલા પણ ધર્મ સમજવાની અભિલાષા જ રાખતા નથી. વળી તેવા જીવોમાંથી પણ પ્રયત્ન કરી ધર્મ સમજનારા ઓછા હોય છે અને સમજ્યા પછી પણ ધર્મની શ્રદ્ધા થવી દુષ્કર છે. એવી શ્રદ્ધા થયા પછી પણ વર્ષોનાં વહાણાં વાય, છતાં નિઃશંકતા રહેવી મુશ્કેલ છે. નિઃશંકતા આવ્યા પછી પણ નિઃકાંક્ષા આવવી મુશ્કેલ છે અને તે આવ્યા પછી વળી નિર્વિચિકિત્સા દુષ્કર છે. કેમ કે ઘણાને દેવ-ગુરુ-ધર્મ પર વિશ્વાસ છે, છતાં બીજા ધર્મમાં કાંઈ સારું જોઈ ઉપાસના કરવાનું મન થાય તો આકાંક્ષા દોષ આવે. તેનાથી આગળ કોઈને નિષ્કાંક્ષતા આવે તો પણ લાંબો સમય ધર્મ કરતાં તેના ફળમાં શ્રદ્ધાના બદલે શંકા થાય. આમ, એક કરતાં એક દર્શનાચારનાં પગથિયાં ઊંચાં છે. એટલે નિઃકાંક્ષા કરતાં નિર્વિચિકિત્સા દર્શનાચાર ઊંચો ગણાય. માટે જ નિઃકાંક્ષા કરતાં નિર્વિચિકિત્સા જુદી પાડી છે. ધર્મની શ્રદ્ધા અને ધર્મના ફળની શ્રદ્ધા જુદી છે. ધર્મશ્રદ્ધામાં ધર્મના ફળની શ્રદ્ધા આવતી નથી. કેમ કે ધર્મશ્રદ્ધામાં ધર્મના કથન અંગેની શ્રદ્ધા છે જ્યારે ધર્મના ફળની શ્રદ્ધામાં તો ધર્મમાં ઘણો ભોગ આપ્યો હોય તેના ફળ અંગેની શ્રદ્ધા છે. એટલે આમ ને આમ ધર્મ કરવાનો ન હોય, તો દૂર બેઠાં ધર્મશ્રદ્ધા રાખવી સહેલી છે. ઘણા ભગવાન પર શ્રદ્ધા રાખે પણ ક્યાં સુધી? કાંઈ ન કરવાનું હોય ત્યાં સુધી, પણ અનુસરણ કરવાનું આવે ત્યારે એટલો શ્રમ કરવો પડે, ભોગ આપવો પડે, તકલીફ પડે, એટલે તરત થાય કે આટલું આટલું કરીએ છીએ, પણ પછી મળશે શું? ઓછું તો નહિ મળે ને? એટલે ધર્મની શ્રદ્ધાવાળા જીવોને પણ ધર્મના ફળ પર શ્રદ્ધા દુષ્કર છે.

ધર્મનાં બે ફળ છે. આંતરિક અને બાહ્ય. આંતરિક ફળ તત્કાલ મળે છે, બાહ્યફળ લાંબા સમયે મળે છે. જીવનમાં ભૌતિક કે અભૌતિક કોઈપણ ક્રિયાનાં બે ફળ હોય છે. તાત્કાલિક અને લાંબાગાળાનું. દા.ત. વ્યક્તિ ખાય તો ખાવાથી તત્કાલ શું ફળ મળે? ભૂખ શમી અને તૃપ્તિ થઈ. પણ ખાય એટલે તરત તગડો થઈ જાય? શક્તિ આવતાં તો વાર લાગે. તે માટે અંદર ખોરાકનું પાચન થશે, હોજરીમાંથી આંતરડામાં જશે, ત્યાં પોષક તત્ત્વો એબ્સોર્બ કરે, તેમાંથી રસ-રક્ત-સ્નાયુ-માંસ-હાડકાં-મજ્જા-વીર્ય એમ ક્રમસર બનતાં તો વાર લાગે ને? એટલે શક્તિરૂપે રૂપાંતર થતાં આયુર્વેદ લખે છે, ૪૯ દિવસ થાય. આ તો સામાન્ય ખોરાકમાં, પણ અમુક દ્રવ્યો એવાં હોય, દા.ત. એવી ઔષધિઓ છે કે નાનપણમાં ખવડાવો

તો ઘડપણમાં રોગ, પિત્ત,વાયુ વગેરે નહિ થાય. પરિણામ કેટલા વર્ષે આવ્યું? ફળ કેટલું દૂર મળ્યું? આ ભૌતિક ક્રિયાનું તત્કાલફળ અને લાંબાગાળાનું ફળ થયું. તે જ રીતે ધર્મક્રિયામાં, દા.ત. દાન કરે તો દાન કરવાથી ઉદારતાના શુભભાવને કારણે મનની શાંતિ કે આત્મિક સુખ પ્રાપ્ત થાય. તે વખતે જે તૃપ્તિનો અનુભવ થવાનો તે આંતરિક તત્કાલફળ મલી ગયું. ભગવાનની નિર્વિકારીતાપૂર્વકની ભક્તિથી ચિત્તની પ્રસન્નતા મળે. બાહ્ય તત્કાલફળમાં લોકો માને કે આ ધાર્મિક, દાનવીર, ઉદાર છે. તમારી પ્રશંસા પણ કરશે. આ બાહ્ય તાત્કાલિક ફળ મળ્યું. હવે પુણ્યબંધ-નિર્જરા દ્વારા વાયા-વાયા, લાંબે ગાળે જે ફળ મળે છે, તે ધર્મનાં લાંબા ગાળાનાં ફળ છે. ધર્મનાં તમામ ફળોમાં સચોટ શ્રદ્ધા જોઇએ. તે પણ જેટલું ફળ લખ્યું છે તેટલી સચોટ શ્રદ્ધા જોઇએ. બાકી ઓછી શ્રદ્ધા પણ વિચિકિત્સા દોષમાં જ આવે. આમ બાહ્ય, અભ્યંતર, તત્કાલ અને લાંબા ગાળાનાં જે ફળ શાસ્ત્રે કહ્યાં, તે મુજબ જ ધર્મનાં ફળ અંગે સચોટ શ્રદ્ધા હોય તો જીવ નિર્વિચિકિત્સા નામનો દર્શનાચાર પામેલો ગણાય.

**ધર્મસામગ્રી મળવી જ દુર્લભ. તે મળે તો ધર્મ સમજવાની ઇચ્છા દુર્લભ. તે થાય તો શ્રવણ દુર્લભ. તે પ્રાપ્ત થાય તો ધર્મ સમજવા પ્રયત્ન કરવો તે દુર્લભ. તે પ્રયત્ન કરે તો સાચો ધર્મ સમજવો દુર્લભ. કદાચ સાચો ધર્મ સમજાય તો શ્રદ્ધા દુર્લભ અને શ્રદ્ધા થાય તો નિઃશંકા દુર્લભ. નિઃશંકા આવે તો નિઃકાંક્ષા દુર્લભ. તે મળે તો નિર્વિચિકિત્સા દુર્લભ. તેનાથી દુર્લભ અમૂઢદૃષ્ટિ.** ધર્મના ફળમાં જે ઢચુપચુ છે, તે તો બીજી વાતોથી લેવાઇ જવાનો. પણ ધર્મના ફળમાં શંકા ન હોય તેવા જીવો પણ મૂઢદૃષ્ટિ હોય તો બીજા ધર્મના ઝાકઝમાળ જોઇ અંજાઇ જાય.

હવે આ ચારે દર્શનાચાર પામેલા જીવમાં પણ ઉપબૃંહણા આવવી મુશ્કેલ છે. કેમ કે તેમાં તમે જ્યાં રહો છો ત્યાં ખોટા સાથે મતભેદ રહેશે અને સાચાને કડવા થઇ સમર્થન આપવાનું રહેશે. તેના કરતાં વળી સ્થિરીકરણ દુર્લભ. કેમ કે ઉપબૃંહણામાં સારું કરતા હોય તેની પ્રશંસા, તેના પર સમર્પણ-બહુમાનનો ભાવ કરવાનો છે, જ્યારે સ્થિરીકરણમાં તો જાત ઘસીને લોકોને ધર્મમાં સ્થિર બનાવવાના છે. તમારી આજુબાજુ ગુણીયલ જીવો હોય તેઓને તમારા પ્રવૃત્તિ-ધર્મથી એટલા પૂરક બનો કે તેમાં તે સ્થિર થાય. **સ્થિરીકરણ દર્શનાચાર પાછળ મૂકવાનું કારણ એ છે કે, સાચો ધર્મ કરનારાને પણ પ્રશંસા પ્રોત્સાહન-સમર્થન-ટેકાની પણ જરૂર છે. તે ન મળે તો સાચી પ્રવૃત્તિમાંથી દૂર થતાં તેને વાર લાગતી નથી.**

તમારો દીકરો પહેલાં તો સાચા માર્ગે વળે જ નહિ, અને ઘણી મહેનતે વળે તો તેમાં ટકાવવો મુશ્કેલ છે. તમારા દીકરાની હરવા-ફરવા, વિચારવાની, બોલવાની વગેરે પ્રવૃત્તિ યોગ્ય-સારી હોય, છતાં ગૃહસ્થને ન શોભે તેવા આચાર-વિચાર હોય, તેવાને સંસ્કારિત કરવા તમારે કેટલી મહેનત પડે? અને સારા માર્ગે વળેલા, તેમાંથી ખસી ન જાય માટે સ્થિર કરવા પણ કેટલું કરવું પડે? તમારા દીકરાને એક સારી પ્રવૃત્તિ કરાવવી સહેલી, પણ કાયમ માટે તેમાં ટકાવી રાખવા હોય તો? તેનું દિલ જીતવું પડે. દિલ જીતવા માટે પ્રસંગે પ્રસંગે કેટલા સારા વ્યવહાર કરવા પડે? એટલે સ્થિરીકરણ કાંઇ સહેલું કામ નથી. જેના માટે તમે ભોગ આપ્યો છે, તેને પણ સારામાં ટકાવી રાખવા કેટલી મહેનત પડે છે? તેમ અહીં સંઘમાં

સારા માણસને ધર્માત્મા ઘણો ભોગ આપીને ધર્મમાં સ્થિર કરે. દા.ત. પહેલાં તો સંયમમાર્ગે આવનારા કેટલા? અને આવ્યા પછી સંયમની આરાધના કરનારા કેટલા? સારી રીતે આરાધના કરનારાને પણ એમાં ને એમાં ટકાવી રાખવા કેટલું દુષ્કર? તેથી શાસ્ત્ર લખે છે કે, ધર્માચાર્યો પણ આખો દિવસ સ્થિરીકરણ માટે ખૂબ પ્રયત્ન કરતા હોય છે. વડીલો, ધર્માચાર્યો, સારા મહાત્માનું કામ શું હોય? આરાધક જીવોને ધર્મઆરાધનામાં સ્થિર કરવા સવારથી સાંજ સુધી કેટલોય ભોગ આપે અને સ્થિરીકરણ કરવા દ્વારા સ્વપરનું અદ્ભુત કલ્યાણ કરે. ધર્માચાર્યો આ સ્થિરીકરણ ધર્મથી અનહદ પુણ્ય બાંધતા હોય છે.

સામાન્ય શ્રાવકે પણ આ આઠ આચારો યથાશક્તિ પાળવાના છે. ભગવાને ચતુર્વિધ સંઘ માટે આ આઠે પ્રકારનો દર્શનાચાર મૂક્યો છે, માટે બધાએ પોતપોતાની શક્તિ મુજબ પાળવાનો છે. જેટલું વાવે એટલો લાભ મેળવતો જાય. આ આઠેય દર્શનાચાર એટલું બધું શીખવે છે કે તેની સાધના દ્વારા ન્યાલ થઈ જઈએ, તમે જ્યાં જાઓ ત્યાં ધર્મ તમારા થકી દીપશે, પ્રભાવના થશે, ધર્મની છાયા પડશે, લોકો તેનાથી ભાવિત થશે અને તમારાં વખાણ કરશે. પણ આ આઠ પ્રકારનો દર્શનાચાર પાળવા ગુણ કેટલા જોઈએ?

**શાસ્ત્ર કહે છે કે સમકિત કહેવાય એક ગુણ, પણ તે હજારો ગુણોના ઝૂમખા જેવો છે. સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર એક એક ગુણ જથ્થાબંધ ગુણોનો સંગ્રહ કરનારા છે, માટે જ રત્નત્રયીમાં આત્માના તમામ ગુણોનો સંગ્રહ થઇ જાય છે. આ રત્નત્રયી ગુણની ઉત્પાદકભૂમિ જેવી છે.** ફળદ્રુપ જમીનમાં વર્ષો સુધી પાક લેતો જાય તો પાક કેટલો થાય? તેમ દર્શનગુણ સ્વયં જ ગુણની ખાણ જેવો છે. સારો પૈસો નવી સંપત્તિને લઈ આવે, તેમ સમ્યગ્ દર્શન આદિ ગુણો આત્માના ગુણોનો ગુણાકાર કરાવે તેવા છે. જતે દિવસે આત્મા ગુણનો ભંડાર બની જાય. તમને બધાને આ દર્શનાચાર ગમે છે ખરો? સાંભળતાં થાય છે કે આવો દર્શનાચાર પામી જઈએ તો ભવોભવનાં કર્મોનો અંત થઈ શકે છે?

**શાસ્ત્ર તો કહે છે કે કોઇ પણ જીવ દર્શનગુણ પામ્યા વિના ભવચક્રનો અંત કરી શકતો નથી. સંસારમાંથી મોટા ભાગના જીવો મોક્ષે કેમ નથી ગયા અને ભવિષ્યમાં કેમ નથી જવાના? તો કહ્યું કે મોટા ભાગના જીવો આ દર્શનગુણ જ પામતા નથી. દર્શનગુણ પામવાના સાધન તરીકે આ આઠ પ્રકારનો દર્શનાચાર છે.**

**સભા :-** સમકિતી જીવ અન્ય દર્શનમાં હોય તો પણ આ દર્શનાચાર પાળે?

**સાહેબજી :-** તેને પણ ઓટોમેટીક આ આઠ પ્રકારના આચારને અનુરૂપ ભાવો સ્ફુરતા હોય. દા.ત. **સમ્યગ્દૃષ્ટિ અન્યધર્મમાં હોય તો પણ સાચો ધર્મ તેને હૃદયથી ગમે છે અને સમર્થનનો ભાવ આવશે જ.** વળી ધર્માત્મા જીવોના સ્થિરીકરણ માટે પ્રયત્ન કરશે જ. દીવો જ્યાં હોય ત્યાં આજુબાજુ ઝળહળાટ ફેલાય જ. પછી તમે પૂછો કે દીવો હોય ત્યાં આજુબાજુ બધું દેખાય? તો તે પ્રશ્ન જ નથી.

પ્રશસ્ત ઉપબૃંહણા સમ્યગ્દૃષ્ટિમાં આવવાની અને તે અપ્રશસ્ત ઉપબૃંહણાનો ત્યાગ કરવાનો જ. તેમ પ્રશસ્ત સ્થિરીકરણ તેમના માટે રસનો વિષય હશે અને અને અપ્રશસ્ત સ્થિરીકરણથી ભાગશે, કેમ કે તેમાં તેમને અનર્થ દેખાતો જ હોય.

એક નાસ્તિક હોય, પુણ્ય-પાપની શંકાવાળો હોય, તેની પાસે એવી વાત કરો કે તેના નાસ્તિકતાના વિચારો દઢ થાય, તો તે અપ્રશસ્ત સ્થિરીકરણ થયું. કોઈની પણ અપ્રશસ્ત વિચારધારાને બળ મળે તેવું વર્તન થાય, તો તે વર્તન-વ્યવહારથી અપ્રશસ્ત સ્થિરીકરણ થયું.

**સભા :-** સંસારમાં રહી આઠે પ્રકારનો દર્શનાચાર સંપૂર્ણપણે પાળવો શક્ય છે?

**સાહેબજી :-** ભગવાનના લાખો શ્રાવકો દર્શનાચાર સંપૂર્ણપણે પાળતા હતા. તમારામાં સત્ય એવા ધર્મ પ્રત્યે પ્રબળ શ્રદ્ધા હોય તો બધું શક્ય છે. જૈનશાસનમાં હરેક ધર્મપ્રવૃત્તિમાં વિશેષણ શું મૂકે છે? 'યથાશક્તિ'. **શક્તિથી ઉપરવટ દાન-શીલ-તપ-ભાવ બધું જ દોષ છે. તમારી શક્તિ પ્રમાણે કરો એટલે સંપૂર્ણ કહેવાય. ધર્મ કરતી વખતે શક્તિ સ્પેરમાં હોય છે કે પૂરેપૂરી વપરાય છે?** પણ તમે તો બીજું બધું ગોઠવ્યા પછી જ ધર્મમાં શક્તિ વાપરવાના ને?

તમે આ પ્રતિજ્ઞા કરો કે ક્યાંય પણ ખોટાની મારા મોંએ પ્રશંસા ન હોય. હા, તમારી શક્તિ ન હોય અને બોલી ન શકો કે, બોલવા જાઓ ને રીસીવ(સ્વીકાર) કરે તેમ ન હોય, તો મૂંગા રહો, પણ ખોટાને સમર્થન આપવાની જરૂર ખરી? આ નક્કી કરો કે જ્યાં ધર્મ-સત્ય હશે ત્યાં જ મારું સમર્થન હશે. પણ તેવું નક્કી કરી શકશો? જે રેન્જમાં તમે છો ત્યાં આટલું કરી શકો ને? પણ તમને થાય છે કે આવો નિયમ કરીએ તો ઘણાં કામ અધૂરાં રહી જાય. કેમ કે તમને સંસારમાં ઉપયોગી લાગે તો વખાણ કરી સામાને ફુલાવો, કામ કરાવી લો અથવા સર્કલમાં બેઠા હો તો ખોટામાં ટાપસી પૂરી લો. તેથી શક્ય છે પણ તમારે કરવું નથી. ભગવાને કહ્યું છે અશક્ય ધર્મનો ઉપદેશ અપાય નહિ. શ્રોતાને અશક્યનો ઉપદેશ આપે તે ઉપદેશક ઉપદેશ આપવા લાયક નથી. તમારી શક્તિ ન હોય તેવા ધર્મની પ્રેરણા કરું તો મને દોષ લાગે, કેમ કે તમે શક્તિની ઉપરવટ જઈ કાંઈ કરો, ને જીવનમાં અનર્થ થાય તો અમને દોષ લાગે. પણ તમે શક્તિમુજબ પણ યોગ્ય કરવા તૈયાર નથી, માટે દર્શનાચાર પાળવો મુશ્કેલ છે. ધર્મશાસ્ત્ર તો જીવની ભૂમિકા-લાયકાતને અનુરૂપ શિખામણ-પ્રેરણા આપે છે. અમારે તમને ધર્મના નામે ગમે તેમ અસ્તવ્યસ્ત નથી કરવા, પણ સંસારમાં જ્યાં છો ત્યાંથી ઊંચે લાવવા છે.

**સભા :-** પાપનો ડર હોય તો?

**સાહેબજી :-** તે તો રહેવો જ જોઈએ ને? કમાવા માટે વેપાર-ધંધા કરવા બજારમાં જાય અને નુકસાનીનો ભય ન હોય તેવાને શું કહો? તેમ ધર્મમાં પાપનો ભય તો હોવો જ જોઈએ. અમે તો તેને ગુણ કહીએ છીએ. પાપભીરુતા-દોષભીરુતાને શાસ્ત્રમાં ગુણ કહ્યો છે. સાધુ તરીકે અમારે પણ તે કેળવવો જોઈએ, તેવી ભગવાનની આજ્ઞા છે. પાપનો ભય ચાલી ગયો છે, માટે જ તમે ગમે તેમ વર્તન કરો છો. જીવવાની ઇચ્છા છે માટે મૃત્યુનો ડર છે, તેમ ધર્મની ઇચ્છા હોય તો પાપનો-અધર્મનો ભય તો જોઈએ જ; અને પાપનો ભય નથી તે ધર્મનો રસિયો કહેવાય? ભયને બધે જ દોષ નથી કહ્યો. નવા જમાનામાં ધર્મગુરુઓને ખરાબ ચીતરવા કહે છે કે, "ધર્મગુરુઓ પાપનો ભય બતાવી ધર્મ કરાવે છે." અમે જે ભય ઊભો કરીએ છીએ

તે વાસ્તવિક ભય બતાવીએ છીએ. અને જેને વાસ્તવિક ભયનો ભય ન હોય તે તો મૂર્ખ કહેવાય. આ મકાનમાં આગ લાગી હોય તો સમજદાર ભાગે, પણ છ મહિનાનું બાળક ખીલખીલતું હસતું રહે, તો તે નીડર છે? ડાહ્યો છે? જેને સલામતીની ચિંતા છે એને વાસ્તવિક ભય હોય જ અને જેને ભય, ભય તરીકે ન દેખાય તે મૂર્ખો છે. જે જીવો સંસારમાં પાપ અને પાપને કારણે ઊભી થતી આત્માની અસલામતી, ચારે બાજુ દેખાવા છતાં વિચારવા તૈયાર નથી, તેને અમે નીડર-સાહસિક નહિ, પણ ગમાર કહીએ. તમે જ્યાં બેઠા છો ત્યાંથી દુર્ગતિની ભેંકારતા દેખાય છે, છતાં તેનો કોઈ વિચાર-ભય નથી, તો તમે આંધળાભીંત અને ગમાર છો. પરિણામે દુઃખ આવશે ત્યારે પોકે પોકે રડશો, પણ ત્યારે હાથમાં કાંઈ નહિ હોય. તેથી પાપનો ડર પેદા થાય એટલે સમજવાનું કે કુદરતની વ્યવસ્થાને તમે કાંઇક સમજતા થયા. તમારામાં જેમ જેમ પાપનો ભય પેદા થાય, તેમ તેમ તમારી જાતને સમજદાર માનજો, કેમ કે પાપનો ડર એ ગુણરૂપ છે.

વ્યક્તિ એક એક દર્શનાચાર સમજીને પાળતો થાય તો નવા નવા ગુણો પેદા થાય. સ્થિરીકરણ માટે ઘણા ગુણો જોઇએ. કોઇને ધર્મમાં સ્થિર કરો અને કોઈને અધર્મમાં સ્થિર કરો તો તે બંને સામ સામે વિચારશો, તો અપ્રશસ્ત સ્થિરીકરણ કેટલું ભયંકર છે તે સમજાશે. અપ્રશસ્ત સ્થિરીકરણ અને અસ્થિરીકરણ બેય જુદાં છે. દા.ત. ઘણા ઘણીવાર એક વાક્ય પણ એવું બોલી દે કે “આ મહારાજ ઠીક છે, પણ બીજા કેવા હોય છે તે ખબર છે?” તો આવું સાંભળી પેલો નવો નવો ધર્મ કરવા આવનાર ધર્મી ધર્મમાં અસ્થિર થઇ જાય, એટલે તેનાથી તે જીવનું અસ્થિરીકરણ થવાનું; અને કોઇ અધર્મી હોય તે તમારા વિચાર-વર્તનથી અધર્મમાં સ્થિર થાય, તો તે અપ્રશસ્ત સ્થિરીકરણ કર્યું કહેવાય.

શાસ્ત્ર તો કહે છે કે નવા દીક્ષિત થયેલા કે સામાન્ય કક્ષાના સાધુ સ્થિર રહે માટે, જૂના દીક્ષિત સાધુએ ખૂબ ધ્યાન રાખવાનું છે; તેમ નવા શ્રાવક-શ્રાવિકાને પણ સ્થિર કરવા જૂના ધર્મીઓએ કાળજી રાખવાની છે. પણ એ તો વર્ષોથી ધર્મ કરનારા નવાને એવું સંભળાવે, ત્રાટકે, કે ગભરાઇને બીજે દિવસથી તે આવતો બંધ થઇ જાય. નવાને ન આવડે તો શીખવાડે, પ્રસંગે પ્રસંગે પ્રોત્સાહન આપે તો પેલો સ્થિર થાય ને? વર્ષોથી પક્ષાલપૂજા કરતો હોય અને નવો કોઇ આવીને ભૂલ કરે તો તૂટી પડે ને? પેલો વિચલિત થાય તો અસ્થિરીકરણનું પાપ લાગે ને? પછી તો કાયમ ખાતે ધર્મથી અસ્થિર થયો અને પાપ કરે, તેની જવાબદારી તમારી આવે. તેમ કોઇ જીવ અધર્મમાં સ્થિર હતો અને તમારા વાણી-વિચાર-વર્તનથી ત્યાં વધુ સ્થિર બને તો કેટલું પાપ લાગે?

**સભા :-** મિથ્યાત્વી ધર્મગુરુને ઘણું પાપ લાગે?

**સાહેબજી :-** હા, જાણીબૂઝી સાચું સમજતો હોય છતાં, પોતાના સ્વાર્થ ખાતર, ભોળા લોકોને ગેરમાર્ગે લઇ જતા હોય, તો ઘોર પાપ લાગે. પણ તેમને પ્રામાણિકતાથી લાગે કે આ ધર્મ સાચો-સારો છે, મને સારું મળ્યું છે, તેનાથી મારું-બીજાનું કલ્યાણ થશે; તેમ માની ભલમનસાઇથી બીજાને ઉપદેશ આપે, તો મોટું પાપ નથી. પણ પોતાના પંથ-મત ચલાવવા, પોતાના અનુયાયી વધારવા, ખોટી વાત લોકોમાં કરે; પોતે સાચું સમજતા નથી, બીજાને

સાચું સમજવા દેતા નથી અને ભોળા લોકોને રવાડે ચઢાવે, તેવાને તો સંસારમાં ભારે સજા થવાની છે; તેવાને તો હિટલર-મુસોલીની, કસાઇથી પણ વધારે પાપ લાગે, કેમ કે પેલા તો દ્રવ્યહિંસા કરનારા છે અને આ તો ભાવહિંસા કરનારા છે. શાસ્ત્ર કહે છે કે ઉન્માર્ગ ચલાવનારા ભાવહિંસા કરનારા હોવાથી, તેમને કસાઇથી પણ વધારે પાપ લાગે; પણ અન્યધર્મના બધા ઉપદેશકો આમાં ન આવે, કેમ કે તેમાં ઘણા તો સજ્જન છે; તેમને તેમનાં શાસ્ત્રોમાંથી સાચું-સારું લાગે તેમ પોતે કરે છે અને બીજાને કરાવે છે. ત્યાં ભોળપણ છે પણ દુષ્ટભાવો નથી. તેથી તેમને અજ્ઞાનતાનું પાપ લાગે, પણ બીજાનું અહિત કરવા રૂપ મેલી ભાવનાનું કાતીલ પાપ ન લાગે. જ્યારે દુષ્ટ વિચારવાળાને તો ડૂચા નીકળી જાય તેવું પાપ લાગે છે.

**સભા :-** મરીચિને પણ આ કારણે જ પાપ લાગ્યું ને?

**સાહેબજી :-** છતાં મરીચિમાં Protection(બચાવ) તરીકે ઘણા ગુણ હતા. મરીચિને જે ફળ મળ્યું છે તે તો મામૂલી છે. બાકી તો અનંત ચોવીશી સુધી ભટકી ભટકી ઠૂંસ નીકળી જાય. તેમનામાં પણ લાયકાત હતી. ગુણિયલ જીવ હતો. છતાં એક કોટાકોટી સાગરોપમ સંસાર વધી ગયો. માટે શાસ્ત્ર લખે છે કે દુનિયામાં ધર્મના નામથી જે અધર્મ ચાલે છે તે આવા ધર્મગુરુઓના પાપે ચાલે છે અને તેના કારણે જગતમાં સાચો ધર્મ ફેલાતો નથી. દુનિયાનું ભયંકરમાં ભયંકર અહિત કરનારા આ લોકો છે. કોઇના ૫-૨૫ લાખ લૂંટો તેના કરતાં તેનો આખો ધંધો બરબાદ કરી દો તો કેટલું ભયંકર પાપ લાગે?

**સભા :-** ધર્મશાસ્ત્રો જ એવાં મળ્યાં હોય તો?

**સાહેબજી :-** તેમનાં ધર્મશાસ્ત્રોમાં એવી વાતો આવે છે કે બુદ્ધિમાં જ ન બેસે, તો વિચાર તો કરે ને? પોતાના શાસ્ત્રની વાતો પણ બુદ્ધિથી વિચારવાની હોય છે. મોટાભાગની વાતો તર્કથી ન વિચારે? જે ધર્મશાસ્ત્રો તર્ક-પ્રત્યક્ષથી વિરૂદ્ધ પડે, તેવાં ધર્મશાસ્ત્રની વાતો, ભગવાન કહે છે ઉપાડીને ફેંકી દેવી. Universal Standard(વૈશ્વિક ધોરણ) તો આ જ હોય. સત્ય પામવાનો રાજમાર્ગ આ જ છે. ઘણા લોકો પોતાનાં ધર્મશાસ્ત્રોમાં એવી વાતો હોય કે મોં માથું ન બેસે, તો પણ કેમ માને છે? અને ઘણી એવી જ વાતો બીજાનાં ધર્મશાસ્ત્રોમાં હોય તો પાછા ન સ્વીકારે.

ધર્મ એ તો આખી જિંદગીની સત્યની શોધ છે. જેને કરતાં આવડે તેનું જ કલ્યાણ થવાનું. ભગવાન કહે છે, જેને સત્યની ગવેષણા નથી, તે પહેલું પગથિયું પણ ચઢી જ નહિ શકે. કેમ કે પછી તો કોઇ કહેશે, અમારે ત્યાં બકરા કાપવા તે ધર્મ છે, તો તે ધર્મ કહેવાય? સત્યના નિયમો Universal(વૈશ્વિક) હોય, તેમાં મારા-તારાનો પ્રશ્ન નથી. ધર્મના નામથી વેચાઇ નથી જવાનું, પણ સત્ય પકડી પકડી આગળ ચાલવાનું છે. સમ્યગ્દૃષ્ટિ ગમે ત્યાં હોય, સાચું વિચારીને જ કરતો હોય. પ્રમાણિક રહેવું હોય તો મરતાં સુધી જાગ્રત રહેવું પડે. જે ઉપદેશક બીજાં ધર્મશાસ્ત્રોની સમીક્ષા કરે છે, તેણે તો પોતાનાં ધર્મશાસ્ત્રોની પણ સમીક્ષા કરવી જોઇએ. જિંદગી સુધી સત્યની ગવેષણા જોઇએ ને?

અમને કોઇ કહે, તમે જૈનધર્મ કેમ સ્વીકાર્યો? તો અમે કહીએ, બીજા ધર્મમાં ઘણી

વાતો ખોટી લાગે છે અને અહીં ઊંચું-સાચું-સારું લાગ્યું, માટે આ ધર્મ સ્વીકાર્યો છે. છતાં આના કરતાં ઊંચું લાવી આપો તો, આ પણ છોડવા તૈયાર છીએ. જેની સમીક્ષા કરવાની તૈયારી નથી, તેને તો પોતાનું ખોટું હોય તો પણ તે પકડી રાખવું છે અને બીજાનું સાચું હોય તો પણ સ્વીકારવાની તૈયારી નથી.

**સભા :-** અમારે પણ અન્ય ધર્મનો અભ્યાસ કરવો જોઇએ?

**સાહેબજી :-** શક્તિ હોય તો કરવો જોઇએ. ભગવાનની આજ્ઞા છે કે શક્તિ હોય તો સંઘમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાએ જૈનધર્મનો અભ્યાસ કર્યા પછી, સાચાને ચકાસવા બીજા ધર્મો ભણવા જોઇએ; અને તમે જૈનધર્મ ભણ્યા વિના બીજાનું જાણો તો સરખામણી ન કરી શકો ને? માટે જ અમે કહીએ છીએ કે શક્તિ હોય તો ભણો. અમે તો પ્રસંગે પ્રસંગે વ્યાખ્યાન વગેરેમાં કહીએ કે અમારે ત્યાં ઇશ્વર આ છે, ત્યાં આ ઇશ્વર છે. ઇશ્વર કેવા હોઈ શકે તે તટસ્થતાથી વિચારો વગેરે. તટસ્થતાથી તુલના કરવાની કહીએ જ છીએ. કેમ કે અમને ખબર છે કે આ રીતે જ સાચા અને સચોટની ખાતરી થાય અને જીવનમાં એપ્રીશીએશન આવે, અને તો જ ધર્મશ્રદ્ધા દૃઢ બને અને તે દ્વારા આગળ વિકાસ કરી શકો.

**અસ્થિરીકરણ અને અપ્રશસ્ત સ્થિરીકરણ :-** સ્થિરીકરણમાં અસ્થિરીકરણ અને અપ્રશસ્ત સ્થિરીકરણ જુદાં પાડી બંનેનાં ભયંકર પાપ બતાવ્યાં છે. કોઈ નવો આવ્યો હોય અને ધર્મમાં અસ્થિર કરો તો મહાપાપ છે અને કોઇને અધર્મમાં સ્થિર કરો તો મહાપાપ છે. માટે તમારાથી એવું વર્તન ન થાય કે કોઇ જીવ ધર્મમાં અસ્થિર થાય કે અધર્મમાં સ્થિર થાય.

તમે ધર્મમાં સ્થિર ન કરી શકો તેવું બને, પણ અસ્થિરીકરણ કે અપ્રશસ્ત સ્થિરીકરણ ન કરશો. ઘણા એવા ધર્મી હોય કે આખો દિવસ ધર્મ કરે, પણ દીકરાને એવું બોલે કે અધર્મમાં સ્થિર થાય. દા.ત. કોઇ એવું વાક્ય કહે કે દીકરાને પણ થાય કે ધર્મમાં કાંઇ છે જ નહિ. દીકરાને નવો-સવો ધર્મમાં રસ પડ્યો હોય અને બાપાની ઇચ્છા કરતાં વધારે ધર્મ કરતો હોય, તો શું કહે? ધર્મમાં બહુ ઊંડા ઊતરવા જેવું-પડવા જેવું નથી. છતાં તેનો દીકરો ધર્મ કરતો હોય અને સાધુથી પ્રભાવિત થઇ દીક્ષાની વાત કરે, તો શું કહે? દીક્ષાની વાત મૂક. દીક્ષા લઇ સાધુ શું ઉકાળે છે તે અમે જાણીએ છીએ. અમારી દૃષ્ટિએ આખી જિંદગીનો તેનો ધર્મ નવા પૈસાની કિંમતમાં પણ ન રહ્યો. કેમ કે તેણે ભયંકર અસ્થિરીકરણ કર્યું અને અપ્રશસ્ત સ્થિરીકરણ કર્યું.

દર્શનાચારનાં બે પાસાં છે. પ્રશસ્ત ઉપબૃંહણા ઓછી કરો તો વાંધો નથી, પણ અપ્રશસ્ત ઉપબૃંહણા કરો તો વધારે નુકસાન થશે. તેમ પ્રશસ્ત સ્થિરીકરણ ન કરી શકો તો તેનો એટલો વાંધો નથી, પણ અસ્થિરીકરણ કે અપ્રશસ્ત સ્થિરીકરણ કરશો તો બહુ ભયંકર નુકસાન થશે.

દર્શનાચારથી વિરોધી વર્તન બહુ ભયંકર છે. **જો કોઇ પૂજા ન કરે તો તેટલું ભયંકર નથી, પણ એવું વર્તન કરે કે જેથી કોઇના મનમાં પૂજા કરવા જેવી નથી એવું ઘૂસી જાય, તો મહાભયંકર છે.** માટે જ અપ્રશસ્ત સ્થિરીકરણ કે અસ્થિરીકરણ તો ન જ કરવું, તેવાં પચ્ચક્ખાણ જોઇએ.

જ્યારે તમારા જીવનમાં ડોકિયું કરીએ તો ૯૯% અપ્રશસ્ત સ્થિરીકરણ કે અસ્થિરીકરણ દેખાશે. તમને ભાન પણ નથી હોતું કે અમે ક્યાં ડાટ વાળી આવીએ છીએ. તમારા વિચાર-

વાણી-વર્તનથી અધર્મીને ટેકો ન મળે, એ માટે કેટલી સાવચેતી જોઇએ? ઘણાને તો જીભમાં ચળ જ હોય કે, કાંઇ ને કાંઇ બોલ્યા જ કરે. શ્રદ્ધાળુની પણ કેટલીય સમીક્ષા કરી આવે કે ધર્મમાં પૈસાના ધૂમાડા ઘણા થાય છે. આટલા બધા મહોત્સવ, સંઘ, ઉજમણા આદિની શી જરૂર છે? ખરું ધર્મનું કામ તો ગરીબ સાધર્મિકોની સેવા છે. વગેરે વગેરે બાફતો ચાલ્યો જ જાય. સાંભળનાર નવા ધર્મી હોય તો કેટલાયને અભાવ કરાવે. જાગ્રત ન હોય તે ગમે ત્યાં અસ્થિર થઇ જાય. અને તેમાંય અત્યારના દેશકાળ તો એવા છે કે આવું બનવાનું જ. દા.ત. એક શ્રાવક ગુણિયલ હોય. નવો સવો ધર્મમાં જોડાયો છે. તેને ધર્મમાં સ્થિર કરવા શું કરવું પડે? પહેલાં તો તેની નિકટ જવું પડે, તેનું દિલ જીતી શકો તેવો વ્યવહાર જોઇએ, પછી આત્મીયતાથી ધર્મની એક એક વાત કરો, નવી નવી પ્રેરણા થાય તેવું બોલો; સંસારમાં અગવડતા-તકલીફ હોય તો દૂર કરો અને ધર્મમાં સ્થિર કરો તો પેલો ધર્મમાં સ્થિર થાય. વળી એનામાં પણ ઘણી નબળાઇ હોય, તે તમે પચાવી શકો તો જ કામ થાય ને? પણ તમારે મેળ ક્યાં સુધી છે? દૂર રહો ત્યાં સુધી જ. કેમ કે નજીક જાઓ એટલે સામી વ્યક્તિની ખામીઓનો પણ અનુભવ થશે. તો તમે કોઇની ખામીઓ પચાવી શકો? આવા સ્થિરીકરણ કરી શકે? **એક નાસ્તિક ધર્મના માર્ગે વળે, આસ્તિક બને, ધર્મઆરાધના કરતો થાય, પછી તેને અહીં ટકાવી દિવસે દિવસે આગળ વધારે, તેવું કરનારા અમારી દષ્ટિએ શાસનની સારી સેવા કરનારા છે.**

સ્થિરીકરણથી જ શાસન **નક્કર** બને છે. **જેટલું સંઘમાં સ્થિરીકરણ** વધારે તેટલી શાસનમાં દઢતા વધારે. પણ સ્થિરીકરણ કરવા **ધર્મ**નો ભેખ લેવો પડે. **અત્યારે** તો **પૈસા** કમાવાનો ભેખ લીધો છે ને? થવું **જોઇએ કે આવો ઊંચો ધર્મ અમે પામ્યા, તો બીજા પામે અથવા પામેલા દઢ થાય, તે માટે યથાશક્તિ પ્રયત્ન કરીએ, જેથી** ભવોભવ **આવો ઊંચો ધર્મ** મળે. શાસ્ત્ર કહે છે કે ધર્મદાનમાં બીજાને **મદદ કરી** હશે તેને ભવોભવ આવો ધર્મ મળશે. તમને એમ થવું જોઈએ કે, અમારું વર્તન એવું હોવું જોઇએ કે અમારા વર્તનથી કોઇ ધર્મમાં અસ્થિર ન થાય અને ધર્મમાં જ સ્થિર થાય. ગમે તેવા સંયોગોમાં વર્તન કેવું જોઇએ? કોઇની પણ ધર્મશ્રદ્ધાને દઢ કરે તેવું જ. સ્થિરીકરણ કરવા માટે નક્કી કરવું પડે કે જીવનમાં સારાનું જ સમર્થન કરીશ. "મારું વર્તન એવું હશે કે જે જોઇ બીજાની ધર્મશ્રદ્ધા અભિવૃદ્ધિ પામે, બીજાનો ધર્મભાવ દઢ થાય." આવા પચ્ચક્ખાણ કરો તો કેટલી કસોટીમાંથી પસાર થવું પડે?

મયણાને કેવા-કેટલા સંયોગો આવ્યા? પણ કોઇનો ધર્મભાવ ઘટે તેવા વ્યવહાર-વર્તન કર્યા છે? ચઢતી-પડતી બંને આવ્યાં છે. છતાં એનામાં આઠે આઠ દર્શનાચાર ઝળહળતા છે. આઠે પ્રકારના દર્શનાચારને અણીશુદ્ધ પાળનારી છે. ખાલી દર્શનાચારને પાળી જીવનમાં એવું કરી બતાવ્યું છે, જે વાંચતાં આશ્ચર્યચકિત થઇ જઇએ. લાખોને ધર્મ પમાડ્યો છે. કુટુંબમાં બધાને સમ્યગ્દૃષ્ટિ બનાવ્યા છે. શ્રીપાળ, બાપ, બેન, બનેવી, ૭૦૦ કોઢિયા, પરિચયમાં જે આવ્યા તે સૌને સમકિત પમાડ્યું. તે સિવાય લાખો લોકોને ધર્મ પમાડ્યો. તેનામાં દર્શનગુણ તો અસ્થિમજ્જાની જેમ વણાઇ ગયો હતો. તેના જીવનમાં પ્રતિજ્ઞા છે કે ગમે તેવા સંજોગોમાં કોઇનો ધર્મભાવ નાશ પામે તેવું એક વાક્ય પણ ન નીકળે. શ્રાવકજીવનમાં પણ તમે ૧૦% શક્ય નથી કરતા.

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ સંસારના જીવોને મોક્ષમાર્ગ બતાવવા આ કલ્યાણકારી-પવિત્ર ધર્મતીર્થની સ્થાપના કરે છે.

તીર્થંકર પરમાત્માઓએ સ્થાપેલું આ શાસન જગતના જીવમાત્રને તારવાની ક્ષમતા ધરાવે છે, પણ જીવો તેનું આલંબન લે તો જ તરે. બાકી શાસન જગતમાં હોય અને જીવો બીજે રખડતા હોય અને તરી જાય તેવું ન બને. દુનિયામાં બધા રોગની ઔષધિ પડી હોય છતાં કોઇ તેનું વિધિપૂર્વક સેવન ન કરે તો રોગ મટે? તેમ ધર્મનું વિધિપૂર્વક સેવન કરો તો તારનારો બને. બાકી દુનિયામાં ક્યાંક ધર્મ પડ્યો હોય અને તમે ક્યાંક રખડતા હો તો ધર્મ કલ્યાણનું કારણ નથી બનતો. માટે જીવે ધર્મ યોગ્ય રીતે સમજવો જોઇએ, તેની સદ્દહણા કરવી જોઇએ અને શ્રદ્ધા પછી યથાશક્તિ આચરણ માટે આગળ વધવું જોઇએ.

હવે ધર્મનું પહેલું પગથિયું દર્શનાચાર બતાવ્યું છે. આખા ધર્મમાર્ગમાં પાયાનો ગુણ દર્શન છે. તે એવો ગુણ છે કે તે જો આત્મામાં પ્રગટે તો ગાઢ ગુણાનુરાગ પ્રગટાવે. પછી તેના જીવનમાં પ્રવૃત્તિ, વિચારધારા, વ્યવહાર બધું ગુણના ધારાધોરણ પર ગોઠવાઇ જાય.

આખા આઠે આઠ દર્શનાચારની ધરી શું? ગુણાનુરાગ. દર્શનાચાર તમારામાં જેટલો દઢ, તેટલો સમકિતગુણ આવે. એટલે આપમેળે ગુણી જીવોની પ્રશંસા કરવાનું, લાયક જીવોને ગુણમાં સ્થિર કરવાનું અને દોષોમાંથી અસ્થિર કરવાનું મન થશે, અને જાતે તમે એવું વર્તન નહિ કરો કે, કોઇ ધર્મમાંથી અસ્થિર થાય અને અધર્મમાં સ્થિર થાય. તમારાં વ્યવહાર-વર્તન એવાં હોવાં જોઇએ કે, તમારાથી કોઇ જીવ સ્થિર થાય તો ગુણમાં સ્થિર થાય, પણ દોષ અને અધર્મમાં તો સ્થિર થાય જ નહિ. અમારી દૃષ્ટિએ જેને ગુણ ગમે છે તે ગુણ જ ફેલાવે, બીજા જીવો ગુણમાં આગળ વધે તેવી જ ઇચ્છા-અભિલાષા તેને હોય. માટે તમારા દ્વારા કોઇના જીવનમાં દોષોને સ્થિર કરવાનું નિમિત્ત ઊભું થાય, તો તમારે સાવચેતીપૂર્વક ખસી જવું જોઇએ. માણસ ધારે તો નાના વાક્યથી પણ કેટલાયને જીવનમાં સદ્‌ગુણ-સદાચારમાં પ્રવેશ કરાવી શકે છે અને એક નાના વાક્યથી કેટલાયને ધર્મથી ચ્યૂત પણ કરી શકે તેમ છે.

મયણાના જીવનમાં કેવા કેવા કટોકટીના પ્રસંગો આવ્યા છે! તે તે સમયે જરાક પણ બોલવામાં ભૂલ કરે તો કેટલાયને ધર્મથી ચ્યૂત કરી શકે, પણ તેણે લોકોને ધર્મમાં સ્થિર કરવાનું કામ કર્યું છે. પ્રસંગે એવું બોલો કે કેટલાય પર ધર્મની જબરજસ્ત છાયા પડે. મયણામાં ગુણ કેટલા? પ્રસંગે ભગવાનના વચન ખાતર પિતા-સગાંસંબંધી-રાજપાટનો ત્યાગ કર્યો. વળી ત્યાગ કરવા છતાં લોકો તેની ઠેકડી ઉડાડે છે. સગા બાપ સાથે મેળ ન બેસે, કોઢિયા સાથે પરણવું પડ્યું, રસ્તે રખડવું પડ્યું, પણ ધીરજ એટલી કે બધું સમાધિપૂર્વક સહન કરે છે. પછી તેનો પુણ્યનો ઉદય થયો અને અવસર મળ્યો ત્યારે એક પછી એક અવળા પાસા સવળા થયા. આમ પણ સંસારમાં પુણ્ય-પાપનો જ ખેલ હોય છે. મયણાએ શ્રીપાલને સમ્યગ્દૃષ્ટિ શ્રાવક બનાવી એની પાસે નવપદજીની ઓળીની એવી આરાધના કરાવી કે, તેનો અને ૭૦૦ કોઢિયાઓનો રોગ ગયો. છતાં હોહા મચાવતી નથી એટલી ધીરગંભીર છે. તમે કોઇને ધર્મ કરાવો અને કોઇનો રોગ ગયો હોય તો પ્રચાર કેટલો કરો? એટલું બોલો કે જેને સારું થયું હોય

તે પણ થાકી જાય. અહીં મયણા કશું બોલતી નથી. તે જ નગરમાં બાપા-મામા છે, પણ કોઈને કહેતી નથી. કેમ કે બાપ પાસે પોતાને વટ નથી પાડવો પણ ધર્મ પમાડવો છે. તક આવ્યે બધું કરશે. માટે જ્યાં સુધી બાપને ખબર નહોતી ત્યાં સુધી કાંઈ નહિ, પણ પછી બાપને ખબર પડી કે શ્રીપાળ દેવકુંવર જેવો થઈ ગયો છે અને વિશ્વાસ થયો કે હું ધારું તો પણ આવો રાજકુંવર ન પરણાવી શકું. પ્રજાપાલ કરતાં શ્રીપાલ મોટા સમ્રાટનો દીકરો છે. પ્રજાપાલને થયું કે મેં બગાડવા ધારેલું પણ દીકરી જીતી ગઈ. મયણાને ચોખ્ખું કહે છે કે મયણા તું સાચી હું ખોટો. મારાથી મોટી ભૂલ થઈ ગઈ. તારી સાથે મેં ખોટો વર્તાવ કર્યો. છતાં મયણાને તો બધાને ધર્મમાં સ્થિર કરવામાં રસ છે, પોતાનો વટ પાડવામાં રસ નથી. તેથી મયણા છેલ્લે શું કહે છે? "પિતાજી! આમાં આપનો વાંક નથી. તે વખતે પણ આપને મારા માટે આવું કરવાનું મન થયું, તેમાં પણ મારા કર્મનો ઉદય કારણ હતો." તે દ્વારા પિતાને કર્મવાદનો સિદ્ધાંત બેસાડવા માંગે છે. ધર્મની વાત સ્થિર કરવા માંગે છે. મયણાનું વર્તન કેવું છે? કોઈ પણ લાયક જીવ હોય તો સ્થિર થાય ને? તે વખતે તમે ગમે તેમ વ્યવહાર કરો તો શું થાય? તમારા જીવનમાં તમે કોઈ માટે કાંઈ આગાહી કરી હોય અને સાચી પડે તો? કૂદાકૂદ કરો? નવા-સવા ધર્મમાં આવનાર હોય તો આખો ભાવ બદલાઈ જાય ને? સાચા ધર્મીના મોંમાંથી એવી વાતો જ નીકળે કે જેથી બીજા ધર્મ પામે અને પામેલા ધર્મમાં સ્થિર થાય; પણ તેવો વ્યવહાર ન થાય કે જેથી તેને થાય કે ધર્મની વાતમાં કસ નથી. તેવું થાય તો તમે અસ્થિરીકરણ કરનારા છો. સમકિતી સ્થિરીકરણ કરે, અસ્થિરીકરણ કદી ન કરે. તેમાં મૂળ કારણ તેનો દર્શનગુણ. સમ્યક્ત્વ અંદરમાં પ્રગટે એટલે વિચાર-વાણી-વર્તન પર તે ગુણની છાયા પડવાની. આખા વ્યક્તિત્વ પર તે ગુણનો પડઘો પડવાનો. સમ્યક્ત્વ અંદરમાં ચૂપચાપ બેસી ન રહે. સારા સારા કામની પ્રેરણા કર્યા જ કરશે.

દર્શનગુણનું સ્વરૂપ તત્ત્વસંવેદન છે. સાચા તત્ત્વનું સંવેદન થાય પછી વૃત્તિ-વલણ સાચાં હોય, ધર્મીને જોઈ હૈયું ઊછળે. ધર્માત્માને આગળ વધારવા પ્રશંસા, બહુમાન વગેરે આપોઆપ પ્રગટવાનાં. અધર્મી પ્રત્યે દ્વેષ નહિ કરે પણ અધર્મ પ્રત્યે વિરોધ તો રહેવાનો જ. તમારામાં સાચો ધર્મનો રાગ પ્રગટ્યો છે તેની નિશાની શું? તમને અધર્મ સાથે વિરોધ રહેવાનો. પહેલાં તો તમે ધર્મ-અધર્મનો સતત ડગલે-પગલે વિચાર કરો છો? મહાભારતમાં આવે છે કે, સત્પુરુષે જીવનમાં ડગલે-પગલે ધર્મ-અધર્મનો વિચાર કરવો જોઈએ. ધર્મની ગતિ, અધર્મની ગતિ, ધર્મનું સ્વરૂપ, અધર્મનું સ્વરૂપ વગેરેનો તથા જીવનના હરેક ક્ષેત્રમાં ધર્મ-અધર્મ જે પ્રેરણા આપે છે, તેનો વારંવાર વિચાર કરવો જોઈએ. પણ ધર્મ-અધર્મ સાથે તમારે લેવાદેવા ખરી? તમને વિચારવું ગમે? હરેક ક્ષેત્રમાં આ ધર્મ છે, આ અધર્મ છે, તે તમે સમજી શકો છો? મહાભારતનો દુર્યોધન ધર્મ-અધર્મ સમજી શકતો હતો.

**સભા :-** ધર્મીનો અધર્મી પ્રત્યે કેવો ભાવ હોય? મધ્યસ્થ?

**સાહેબજી :-** ના, મધ્યસ્થ ભાવ નહિ. **વ્યક્તિગત અધર્મી પ્રત્યે કરુણાનો ભાવ હોય. પણ જાહેરમાં ધર્મનો નાશ કરનાર અધર્મી પ્રત્યે દ્વેષનો ભાવ અને ન સુધરે તેવા અધર્મી જીવો પ્રત્યે ઉપેક્ષાનો ભાવ-માધ્યસ્થ્ય ભાવ કરવાનો છે.**

તમારી સામે સંત અને શેતાન આવે તો બંને પ્રત્યે મધ્યસ્થ ભાવ રખાય? સંત પ્રત્યે અહોભાવ રખાય અને શેતાન પ્રત્યે અહોભાવ રાખીએ તો પાપ બંધાય. સમ્યક્ત્વમાં બધા ધર્મી પ્રત્યે મધ્યસ્થ ભાવ રાખો તો પાપ બંધાય, કેમ કે ધર્માત્મા પ્રત્યે, સારા સાધર્મિક પ્રત્યે, ગુણીયલ સાધુ-સાધ્વી પ્રત્યે તમને રાગભાવ પેદા થવો જોઇએ, મધ્યસ્થભાવ નહીં. શ્રાવકને સગાં-સંબંધી પર રાગ ન હોય તેટલો રાગ સાધર્મિક પર હોવો જોઇએ. તેનો સગાં-સંબંધી પરનો રાગ નબળો હોય, સાધર્મિક સાથેનો રાગ પ્રબળ હોય. જેને દેવ-ગુરુ-ધર્મ ગમે, તેને દેવ-ગુરુ-ધર્મના ઉપાસક ગમ્યા વિના રહે? પ્રભુ ગમે અને પ્રભુના ઉપાસક ન ગમે તેવું બને ખરું? પણ તમે દેવ-ગુરુ પાસે આવો છો ખરા, પણ દેવ-ગુરુ-ધર્મ ગમતા નથી, ખાલી આંટા જ મારો છો. તમારે વિચારવું જોઇએ કે આ ગમે છે તો તેની અસર કેમ નથી થતી? દીકરો ગમતો હોય તો દીકરાને પગમાં વાગશે તો પણ તમને અસર થાય છે ને? અને પાડોશીના દીકરાને વાગે તો કશું થતું નથી.

સમ્યગ્દર્શન તે પ્રબળ ધર્મરાગને પેદા કરનારો ગુણ છે. શાસ્ત્ર કહે છે સમ્યગ્દષ્ટિને ધર્મરાગ કેટલો હોય? તો સંસારી જીવોમાં સંસારની બધી વસ્તુઓ પર જે રાગ હોય, તેના કરતાં અનંત ગુણો ધર્મરાગ હોય. **સમકિતીના હૃદયના ખુણે-ખુણામાં ગુણાનુરાગ ધરબાયેલો હોય અને દોષ પ્રત્યે ભારોભાર દ્વેષ ભર્યો હોય.** તે પોતાનામાં ગુણ જુએ તો રાજીરાજી થાય અને બીજામાં પણ ગુણ જુએ તો રાજીરાજી થાય. સમ્યગ્દૃષ્ટિને પોતાનો સગો બાપ પણ ધર્માત્મા ન હોય કે ધર્મની વિરૂદ્ધ હોય, તો તેમના પ્રત્યે તેનો રાગ ખસી જાય, અને ધર્માત્મા દૂરનો હોય તો પણ રાગ પ્રગટે, કેમ કે તેનો ધર્મરાગ દુનિયાના બધા ધર્મી જીવો પરનો પ્રેમ જગાડ્યા વિના રહે નહિ.

અસ્થિરીકરણ કે અપ્રશસ્ત સ્થિરીકરણ મહાપાપ છે. ધર્માત્મા તરીકે તમારા જીવનમાં અસ્થિરીકરણ કે અપ્રશસ્ત સ્થિરીકરણનો પડછાયો પણ જોઇએ નહિ. તેનો પડછાયો પડે ને દૂર ભાગો તેવી સ્થિતિ જોઇએ.

શાસ્ત્ર કહે છે ધર્માત્મા કેવો હોય? પ્રસંગે ગમે તેટલું ખમી ખાય પણ કોઇ જીવ અધર્મ પામે તેવું વર્તન કરવા તૈયાર ન થાય. સમ્યગ્દૃષ્ટિ જીવોની કે આરાધક જીવોની આ બધી નિશાનીઓ છે. તમે કોઇને આસ્તિક ન બનાવી શકો તો એટલું ખરાબ નથી, પણ કોઇને તમારા અધર્મથી નાસ્તિક બનાવો કે નાસ્તિકને નાસ્તિકતામાં દઢ કરો, તો તે બહુ મોટું પાપ છે. તે બાબતમાં જીવનમાં પૂરેપૂરી સાવચેતી જોઇએ. અમારું પણ એવું વર્તન હોય કે લોકો ધર્મ પામે. સાધુ પણ જ્યાં જાય ત્યાં અસ્થિરીકરણ કરે તો પછી વેશથી સાધુ હોય તો પણ તે બરબાદ થઇ જવાનો. તેના માટે શાસ્ત્રમાં "ધર્મધનના લૂંટારા"ની ઉપમા આપી છે.

**સભા :-** વ્યસની સમકિતી ધર્મના ક્ષેત્રમાં કોઇને અસ્થિર ન કરે?

**સાહેબજી :-** મહાવ્યસની સમકિતી ધર્મક્ષેત્રમાં કઇ રીતે આવે-જાય તે ખબર છે? **શાસ્ત્ર કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ ભૂતકાળના કર્મના ઉદયને કારણે વ્યસન વગેરે દુર્ગુણ-દુરાચારમાંથી બહાર ન નીકળી શકતો હોય, તો તેવો સમ્યગ્દૃષ્ટિ જાહેરમાં દર્શન કરવા પણ ન જાય. તે લપાતો છૂપાતો આવે. જે સમયે દેરાસરમાં અવરજવર ઓછી**

**હોય અને જોનાર કોઇ ન નીકળે, તેવા સમયે આવી દર્શન કરી જાય. તે સમજે કે હું જાહેરમાં દર્શન કરવા લાયક નથી. તે વિચારે કે જ્યાં સુધી મારા જીવનમાં આંગળી ચીંધી શકે તેવા આચાર-વિચાર હોય, ત્યાં સુધી મારાથી જાહેરમાં ધર્મ ન થાય.** તેથી તે જાહેરમાં દાન પણ ન આપે, જેથી તેના કારણે ધર્મ લજવાય નહિ. કોઈ વ્યક્તિને ગમે તેમ કમાયા પછી પણ ધર્મભાવ જાગે, ને થાય કે જીવનમાં ઘણાં ખોટાં કામ-ભૂલો કરી છે, પણ પાપમાંથી છૂટવા-બચવા ઉપાય શું? તો પાપથી આવેલી સંપત્તિનો સદુપયોગ તે જ યોગ્ય માર્ગ છે. કમાતી વખતે લોભમાં મર્યાદા ન રાખી, પણ પછી પસ્તાવો થાય અને સંપત્તિનો પાપથી છૂટવા ઉપયોગ કરવાનું મન થાય, તો હું શું કહું? દરિયામાં સંપત્તિ નાંખ, તેવું કહું? કે પાપમાં વાપર, તેવું કહું? અને આવું કહું તો તેનું કલ્યાણ થાય?

**સભા :-** તે રીતનો ધંધો ચાલુ જ હોય અને બીજી બાજુ ધર્મમાં પૈસા વાપરતો હોય તો?

**સાહેબજી :-** ધંધામાં સદ્‌ગૃહસ્થને ન શોભે તેવા વ્યસનોના-દુરાચારના ધંધા કરતો હોય, મોટી હિંસાના-માંસાહારના ધંધા કરતો હોય, સામાન્ય સભ્ય માણસ પણ જેને ધૃણાસ્પદ કહેતા હોય, પરંતુ તેના દિલમાં ડંખ ન હોય અને મનમાં હોય કે સારા કામમાં વાપરી સમાજમાં મોટાઇ મેળવું; બીજો ધર્મભાવ ન હોય અને તે બધા ધંધા ચાલુ રાખવા માંગતો હોય, તો તેવાને કાન પકડી બહાર કાઢીએ. અમે કહીએ આ પાપનો ધંધો છે અને પાપથી છૂટવું એવી ભાવના થાય તો આવજે. એવાને દાન કરવા દઇએ તો અમને દોષ લાગે. પણ ભૂતકાળમાં ભૂલ કરી છે, તેનો પશ્ચાત્તાપ-ડંખ છે અને હવે બચવા સારાં કામ કરવા માંગે છે, તો હું એમ કહું કે "તમારો પાપનો પૈસો છે, તે પાપમાં જ વાપર" તો તે ન ચાલે, પણ અમે તેને જાહેરમાં દાન ન કરવા દઇએ, ગુપ્તદાન કરવા દઇએ. આ શાસનમાં બધાનાં સ્પષ્ટ ધારાધોરણ છે. ૨+૨=૪ જેવી વાત છે.

**સભા :-** ગુપ્તદાનનો મહિમા વધારે નહિ?

**સાહેબજી :-** ના, **જૈનધર્મમાં ગુપ્તદાન અને જાહેરદાનનાં ક્ષેત્રો જુદાં છે.જ્યારે જાહેરમાં દાન કરવાનું હોય ત્યાં જાહેરનો આગ્રહ રાખવાનો. જ્યાં ધર્મની પ્રભાવનાનું સાધન દાન હોય ત્યાં જાહેરમાં દાન કરવું જોઇએ, નહિતર સમષ્ટિની દૃષ્ટિએ નુકસાન થાય. હા, કીર્તિ, યશ, વાહ-વાહની દૃષ્ટિથી દાન કરો તો તેનાથી પાપ બંધાય. પણ અમુક ક્ષેત્રમાં તો જાહેરમાં જ દાન કરાય.** દા.ત. સૌથી ઊંચું દાન કયું આવવાનું? તમે તમારી સંપત્તિમાંથી કેટલું દાન કરશો? દીક્ષા લેનાર તો સર્વસ્વનો ત્યાગ કરે છે. દીક્ષા ગુપ્ત રીતે લેવાની કહી કે જાહેરમાં? ભગવાને દીક્ષાંના ૧૨ મહિના પહેલાં દાન દેવાનું ચાલુ કર્યું. આજના ભણેલા કહે છે તમારે જે કરવું હોય તે કરો, પણ હો-હા શું કામ કરો છો? આવા સ્થાનમાં જાહેરમાં દાન આપવું. બૌદ્ધશાસ્ત્રમાં આવે છે કે ગૌતમબુદ્ધને વૈરાગ્ય થયો અને અડધી રાત્રે જંગલની વાટ પકડી. તેઓ રાજકુમાર હતા, છતાં સર્વત્યાગ કરી અડધી રાત્રે નીકળ્યા અને પ્રભુવીર પણ રાજકુંવર હતા અને તે પણ વૈભવ હોવા છતાં બધું છોડી નીકળ્યા. પણ પ્રભુ વીર જાહેરમાં વર્ષીદાન કરી નીકળ્યા. તમારી દૃષ્ટિ શું છે? વીરે કર્યું તે બરાબર? કે

ગૌતમબુદ્ધે કર્યું તે?

**સભા :-** ભગવાન વીરે કર્યું તે બરાબર.
**સાહેબજી :-** કેમ?

**સભા :-** શાસનની શોભા વધે!
**સાહેબજી :-** એકલું શાસનની શોભા જ નહિ, તેમની દીક્ષા જોઇ કેટલાય ધર્મ પામી ગયા. જીવનમાં તપ-ત્યાગ-સંયમ જ સાર છે. માટે ઇંદ્રો દેવલોકમાંથી આવ્યા. તે વખતે ઠઠેરો કેવો હોય! લોકો જોઇને મોંમાં આંગળાં નાંખી જાય. આ જાહેરમાં દાન કર્યું કે ગુપ્ત રીતે કર્યું? હા, શક્તિ-સંજોગો ન હોય અને ગુપ્ત રીતે દીક્ષા લે તે વાત જુદી છે, પણ તે તો કલ્યાણથી વંચિત ન રહેવા માટે. બાકી તો ધર્મપ્રભાવના થાય તે રીતે જ કરવાનું.

**હવે કોઇ સામાજિક-આર્થિક આપત્તિમાં છે, ધર્માત્મા છે, તો ધર્મી તરીકે તમારી ફરજ શું? સ્થિરીકરણ માટે બરાબર પીઠબળ આપવું જોઇએ. વળી તે સહાય નથી, મદદ નથી. 'મદદ' શબ્દ બોલશો તો પાપ લાગશે. સાધર્મિક તકલીફમાં હોય તો ભક્તિ કરવાની છે, અને ભક્તિ એટલે તેને મદદ કરવાની છે? કે તેની ભક્તિ દ્વારા લાભ લઇ પોતાના આત્માને મદદ કરવાની છે?** તમે તો પૈસા ગણો અને શું કહો? મેં પૈસા આપ્યા, તેણે લીધા. સાધર્મિકની વ્યક્તિગત ભક્તિ કરવાની આવે, તો **શાસ્ત્ર કહે છે, તેવી રીતે દાન આપે કે જમણો હાથ આપે તો ડાબો હાથ ન જાણે, તેના ઘરનાં પણ કોઇ ન જાણે. આવું ગુપ્તદાન આપવા મોટું પેટ જોઇએ. જ્યારે સાધર્મિકવાત્સલ્યની સાધર્મિકભક્તિ જાહેરમાં કરવાની છે.**

**સભા :-** બિલ્ડર દેરાસર બનાવે અને પોતાના ફ્લેટની જાહેરાત કરે તો ?
**સાહેબજી :-** દેરાસર બનાવી આપતો હોય અને જગ્યાના ભાવ વધારે લેતો હોય તો પુણ્ય નહિ બંધાય પણ પાપ જ બંધાશે. કેમ કે જૈનોમાં જે ધર્મભાવ છે તે ધર્મભાવનું શોષણ કરે છે. દેરાસર બંધાવવા દ્વારા મારી જમીનના ભાવ વધે એવો ભાવ હોય તો કર્મબંધ થાય. જૈનો માટે સારું છે પણ બિલ્ડરની મેલી ભાવના હોય તો તેને પાપબંધ થવાનો.

ધર્મનો સિદ્ધાંત છે કે ધર્મ કરતી વખતે શુભ ભાવ હશે તો જ પુણ્યબંધ થશે. પણ બિલ્ડર ધર્મભાવથી વિચારે કે પાપનો ધંધો છે, કર્માદાનનો ધંધો છે, તેમાં આટલા ફ્લેટ બાંધું અને તે કરીને હું પાપ કરું છું. મકાન બાંધે તેમાં અનંતા અનંત જીવોનો કચ્ચરઘાણ નીકળે અને મકાન બાંધી આપવાથી તેમાં આવીને રહેનાર જે કાંઇ પાપ કરશે, તે બધાં પાપ પેલા બિલ્ડરને લાગવાનાં. મનુસ્મૃતિમાં લખ્યું છે કે જે હિંસા કરે છે, કરાવે છે, હિંસા કરનારને જે સલાહ આપે છે વગેરે રીતે આઠ પ્રકારના હિંસક છે. બિલ્ડરને થાય કે મેં આટલાં પાપ કર્યાં, પણ જો અહીં ધર્મસ્થાનક હશે, તો ધર્મીને ધર્મનું વાતાવરણ મળશે, લોકો સદાચારી બનશે, તો તે ભાવ શુભ હોવાથી જમીનની કિંમત વધે તો પણ પુણ્ય બંધાશે, પણ હૃદયનો ભાવ મેલો હશે તો પાપબંધ થશે.

**સભા :-** મિલકત વોસિરાવતી વખતે શું ભાવ કરવાના?

**સાહેબજી :-** ઘણીવાર એવું બને કે તમારી મિલકત હોવા છતાં તમે બધું દાનમાં આપી ન શકો, તે વખતે તમે તેના પ્રત્યેની મમતા વોસિરાવી દો. રાગ-દ્વેષ છોડીને ત્રણે યોગથી તેની સાથેનો છેડો ફાડી નાખો તે વોસિરાવવું કહેવાય. સંસારમાં જ્યાં જ્યાં પાપસાધનો સાથે કનેક્શનથી તમે જોડાયા, તે બધાં તો સંસારમાં રહેવાનાં છે, પણ તેની સાથેનું તમારું કનેક્શન તૂટી જાય, તેટલા માટે વોસિરાવવાનું છે. દુનિયામાં ઉદ્યોગો, કતલખાનાં વગેરે ચાલે, પણ તેની સાથે તમે જેટલાં કનેક્શન તોડો તેટલું વોસિરાવવાનું. વોસિરાવાથી નવાં પાપ ન લાગે પણ જુનાં પાપ વોસિરાવાતાં નથી.

**સભા :-** ટેમ્પરરી વોસિરાવી દેવાય?

**સાહેબજી :-** શરતી હોય તે સાગારિક ત્યાગ કહેવાય છે. તેમાં એવી શરત આવે કે માંદગી વગેરેમાંથી ઊભો થાય તો છૂટ, પણ ન ઊભો થાય તો કાયમ ખાતે ત્યાગ. તે કરવામાં અમુક પાપના ભાવ મનમાંથી ત્યાગ કરી શકે છે, પણ વાસ્તવમાં વોસિરાવતી વખતે માણસ કે વસ્તુ નહિ પણ તેના પ્રત્યેની મમતા વોસિરાવવાની છે.

## ૭. વાત્સલ્ય દર્શનાચાર

હવે વાત્સલ્ય નામનો સાતમો દર્શનાચાર છે. વાત્સલ્ય શબ્દ કેમ મૂક્યો? તેના પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત બે ભેદ પડે છે. મહાપુરુષોની ખૂબીઓ એ છે કે દરેકમાં સારા-નરસાની ભેદરેખા બતાવશે જ.

પહેલાં તો ભૂમિકા તરીકે વિચારીએ તો દર્શનગુણના કારણે અંતરમાં પ્રગટેલો અનહદ ધર્મરાગ એ વાત્સલ્યનો મૂળ સ્રોત છે. દર્શનગુણ પ્રગટ્યો એટલે ધર્મરાગની તો છોળો ઊડશે જ. માટે સમકિતીને સંસારી દીકરા પ્રત્યેના રાગ કરતાં અનંતગણો ધર્મનો રાગ હોય. તેથી ધર્મનું નુકસાન સાંભળે તો જે આઘાત લાગે, તેનો ૧૦૦મા ભાગનો પણ તેની પત્ની મરી જાય તો ન લાગે. આટલા અનહદ ધર્મરાગના કારણે ધર્માત્મા કે ધર્મીને જોઇને તેના અંતરમાં વાત્સલ્ય ઊછળવાનું ચાલુ થાય છે.

વાત્સલ્ય શબ્દ ક્યાં વપરાય છે? માને દીકરા પર વાત્સલ્ય હોય. મા-દીકરાના સંબંધમાં જ વાત્સલ્ય શબ્દ વપરાય છે. મા-બાપને સંતાનો પર માત્ર રાગ-સ્નેહ નથી પણ વાત્સલ્ય ઊભરાય છે. વાત્સલ્યમાં તાકાત શું છે? સામાના હજારો દોષો પચાવી શકશે જે સામાન્ય રાગ-સ્નેહ નહિ પચાવી શકે. માટે માને પોતાનો દીકરો ગમે તેટલો ખોડખાંપણવાળો હશે, પણ તેના અંતરમાંથી દીકરાનું હિત કરવાની ભાવના જશે જ નહિ. પણ હવે તો માના હૃદયમાં પણ વાત્સલ્ય નથી રહ્યું. હવે તો દીકરાને પોષણ માટે અનિવાર્ય સ્તનપાન પણ ન કરાવે. તે પણ બ્યુટી માટે. તે મા કહેવાય? તે મા છે? જન્મ દેતાં આવડે છે પણ અંતરમાં માતૃત્વ પેદા થયું છે? વળી આને તો વિકાસ ગણવામાં આવે છે. આજનું મેડીકલ સાયન્સ લખે છે કે, બાળક માટે સ્તનપાન કરતાં વધારે ઉત્તમ પોષણ બીજા કોઇમાં નથી, એટલું જ

નહિ, જિંદગી સુધી લોહીના સંસ્કાર રહે છે. દૂધ પણ ન પીવડાવે તો શું વાત્સલ્ય આવવાનું? અને મોટો થયા પછી દીકરો ન માને તો શું કરવાનું? આર્યદેશની વ્યવસ્થા પ્રમાણે માતાનું વાત્સલ્ય અખૂટ છે. દીકરો ૬૦ વર્ષનો થયો હોય, પણ મા પાસે હાથ જોડીને ઊભો રહે. માના હૈયામાં તેનું હિત વસ્યું છે. તેમ સમ્યગ્દૃષ્ટિ આત્માનો ધર્મી પ્રત્યેનો વાત્સલ્યભાવ અખૂટ હોય.

✡ ✡ ✡

**વ્યાખ્યાન : ૧૧** **તા. ૦૧-૦૨-૯૮, મહા સુદ પાંચમ, ૨૦૫૪, રવિવાર**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રનું કલ્યાણ કરવાની ભાવનાથી આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

તીર્થંકરો પોતે તીર્થંકર બને તેમાં મૂળ કારણ "સવિ જીવ કરું શાસનરસી" એ સ્વરૂપ પ્રશસ્ત કામના, એટલે કે જગતના જીવમાત્રની ઉત્કૃષ્ટ કલ્યાણની ઉત્કટ ભાવના છે. તેના વિપાકરૂપે ધર્મતીર્થ-શાસનની સ્થાપના કરી જગતના જીવોના કલ્યાણની પ્રવૃત્તિ કરે છે.

તીર્થંકરો અંતિમ ભવમાં તીર્થંકર બને તે પહેલાં ઘણાં સમયથી, ઘણા ભવોથી અથવા ઓછામાં ઓછા ત્રણ ભવોથી સાધના કરતા હોય છે. તીર્થંકરો અંતિમ ભવમાં જે પરાકાષ્ઠાની પરોપકારની પ્રવૃત્તિ કરવાના છે, તેના માટેનો પુણ્યસંચય આગલા ભવોથી કરવાનો ચાલુ કરે છે અને અંતિમભવમાં તે પુણ્યસંચયની પરાકાષ્ઠા હોય છે. જ્યારે બીજા સામાન્ય કેવળીઓ માટે બેકગ્રાઉન્ડ તરીકે આગલા ભવોનો પુણ્યનો સંચય પણ હોય અને કેટલાક તો તે જ ભવમાં ધર્મો પ્રારંભ કરી મોક્ષ સુધી પહોંચે, તે બંને બની શકે છે.

**સમકિતમાં વાત્સલ્ય ગુણ પ્રગટાવવાની તાકાત ખરી, પણ બધા જ સમકિત પામનારમાં જીવમાત્ર પ્રત્યે વાત્સલ્ય ઊભરાતું નથી. જેવું જીવદળ હોય તે પ્રમાણે ઓછાવત્તારૂપે દરેકમાં વાત્સલ્ય પ્રગટે છે, પણ ટોપ લેવલનું વાત્સલ્ય તો તીર્થંકરને જ પ્રગટે છે. માટે તેમના સમ્યક્ત્વને 'વરબોધિ' કહે છે.** બીજા બધા સમ્યગ્દર્શન પામે તેના કરતાં તીર્થંકરના સમ્યગ્દર્શનગુણની ક્વોલિટી વિશેષ પ્રકારની જુદી હોય છે અને તેનું Demarcation કરવા(જુદું પાડવા), તેની શ્રેષ્ઠતા-અદ્વિતીયતાને સામે રાખીને તીર્થંકરના સમકિતને 'વરબોધિ' એટલે કે તેને શ્રેષ્ઠ બોધિ કહેવામાં આવે છે.

સમ્યગ્દર્શન આવ્યું એટલે શું થયું? તો કહે પોતાના હિતાહિતની સાચી સમજણ પેદા થઇ. સમકિત આવે તો જીવ પોતાનું હિતાહિત સ્પષ્ટપણે કોઇનાં સલાહસૂચન વગર આપમેળે સમજી શકે. તમને ડગલે ને પગલે હિત એ હિત તરીકે અને અહિત એ અહિત તરીકે દેખાતું નથી, તે શું બતાવે છે? હજુ તમારામાં સમ્યગ્દર્શનગુણ અંદર પ્રગટ્યો નથી. સમ્યગ્દર્શન પ્રગટે તો અંતર્દૃષ્ટિથી પોતાનું હિત શું અને અહિત શું તે બરાબર Analysis(પૃથક્કરણ)કરી સમજી શકે. સામાન્ય સમકિતીને બીજાનું હિત-અહિત સમજી શકે તેવું જ્ઞાન ન પણ હોય. સમ્યગ્દૃષ્ટિ અજ્ઞાની કે અલ્પજ્ઞાની હોય તો પણ પોતાના અલ્પ આંતરિક જ્ઞાનથી પોતાનું

હિતાહિત નક્કી કરે, પણ બીજાનું હિતાહિત ન સમજી શકે. શાસ્ત્રનો અનેક રીતે વિશાળ બોધ કરીને બેઠેલા મહાત્માઓ જે સ્વ અને પરનું ડગલે અને પગલે હિતાહિત સમજી શકે છે, તેઓ ગીતાર્થ કહેવાય. જ્યારે કોઈ જીવ શાસ્ત્રના વિસ્તૃત તત્ત્વને જાણતો ન હોય, પરંતુ તેની ભાવથી શ્રદ્ધા હોય, તો પણ સમકિતી હોઈ શકે. પરંતુ તેવો અગીતાર્થ સમ્યગ્દૃષ્ટિ બીજાને ઉપદેશ આપવા અધિકારી નથી.

તમે કહો અમને ભગવાન પ્રત્યે શ્રદ્ધા છે, પણ શ્રદ્ધા એટલે શું? ભગવાનના વચન પર શ્રદ્ધા, તો ભગવાનના વચનને સમજવું તો પડશે ને? અને પછી શ્રદ્ધા હોય તે બરાબર. ખાલી 'શ્રદ્ધા' શબ્દ પકડે નથી ચાલવાનું. 'શ્રદ્ધા' શબ્દ ખાલી બોલવાનો નથી, તેનો ભાવાર્થ સમજવો પડે. જ્યારે તમને શ્રદ્ધા છે તેમ કહો, ત્યારે તમને તમારા આત્માના સુખ-દુઃખની જેટલી પડી હોય, તેટલી તમારા શરીર માટે કે ભૌતિકતા માટે ન પડી હોય. તમે ચોવીસે કલાક આત્માની ચિંતામાં જ રહો છો? શ્રદ્ધા એટલે ખાલી વાતો નહીં, પણ હૃદયનો અસરકારક પરિણામ.

નવતત્ત્વની ભાવથી શ્રદ્ધા એટલે શું? પહેલું તત્ત્વ આત્માની ભાવથી શ્રદ્ધા, એટલે પૈસા, કુટુંબ કરતાં આત્માની વધુ પડી હોય, આત્માના સુખ-દુઃખની વધુ વિચારણા હોય, આત્માના વિકાસની વધુ ચિંતા હોય. 'શ્રદ્ધા' શબ્દનો ભાવાર્થ લેવાનો છે. 'શ્રદ્ધા' શબ્દ બોલતાં પહેલાં સાત વાર વિચાર કરવાનો છે. કારણ કે જો ભગવાનના વચનમાં શ્રદ્ધા હોય તો "તે વચનમાં જે કરવાનું કહ્યું તે કરવા જેવું લાગે અને જે નથી કરવાનું કહ્યું તે ન કરવા જેવું લાગે; જે આચરવાનું કહ્યું છે તે આચરવા જેવું લાગે અને જે ખરાબ, છોડવા જેવું કહ્યું છે તે છોડવા જેવું લાગે." તમને આવું થાય છે ખરું? જો તમને આવું થતું હોય તો જ તમારી શ્રદ્ધા ખરી. ભગવાને કહેલ જીવાદિ નવતત્ત્વ જાણતો ન હોય, પણ ભાવથી શ્રદ્ધા કરનાર સમ્યગ્દર્શન પામી શકે. સમકિતીમાં ૦.૧% પણ ઓછી શ્રદ્ધા ન ચાલે. અત્યારે તો ઘણાની શ્રદ્ધા ઢચુપચુ હોય છે. **નવતત્ત્વનું જ્ઞાન કદાચ ઓછું હોય તો હજુ ચાલે, પણ નવતત્ત્વની ભાવથી શ્રદ્ધા ન હોય તો ન ચાલે. ભાવથી શ્રદ્ધા કરવા માટે આખું માનસ બદલવાની જરૂર છે.**

ભાવથી શ્રદ્ધા એટલે શું? તમને તમારા દેહ-કુટુંબ-પરિવારની ચિંતા નથી તેના કરતાં આત્માના સુખની ચિંતા વધુ હોય. ભૌતિક સુખની ચિંતા ન હોય તેટલી આત્માના સુખની ચિંતા હોય. એટલે ભાવથી શ્રદ્ધા બાપાના ખેલ નથી. શ્રદ્ધા શબ્દનો ભાવાર્થ લેવાનો છે. સ્પષ્ટતા ન હોય, પાયાની સમજણ ન હોય તો ભાવ ન આવે, શ્રદ્ધા ન આવે. જિનવચન પર શ્રદ્ધા એટલે ભગવાને પાયામાં કહ્યું તે મૂળભૂત તત્ત્વ તમને હૃદયમાં ઉતર્યું છે? પ્રસંગે તમારી ચિંતા વધુ કે સ્નેહીની વધુ ચિંતા કરો?

તમને કુટુંબમાં નિકટમાં નિકટ સ્નેહી માટે કદાચ બૂરું કરવાનો ભાવ થયો હશે, પણ જાતનું નખ્ખોદ વાળવાનો સ્વપ્નામાંય ભાવ થયો? કેમ? જાત પર પ્રેમ છે તેટલો કોઈના પર પ્રેમ નથી માટે. છતાં જાતની-આત્માની ચિંતા તમે નથી કરતા, કારણ જાત તરીકે તમે આત્માને માનતા નથી. તમને જાત પર પ્રેમ એટલે દેહ પર પ્રેમ ને? કે જાત એટલે આત્મા?

સમ્યગ્દર્શન ભાવથી શ્રદ્ધા માંગે છે. **ભાવથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા બહુ જ્ઞાનની**

**જરૂર છે એમ નહીં, પણ વિવેકની પૂરેપૂરી જરૂર છે.** વિવેક અધકચરો હોય તો સમ્યગ્દર્શન ન આવે. આંતરિક વિવેકદષ્ટિ પરિપૂર્ણ હોવી જોઇએ. સમ્યગ્દૃષ્ટિને આત્મિક દષ્ટિએ હિત શું ને અહિત શું, તે આપમેળે સ્ફુરાયમાન થાય. મનમાં થયેલ ભાવપીડા અશાંતિ-ક્લેશ આપનાર છે અને પ્રસન્નતા સુખ-શાંતિ આપનાર છે, તે બધી જ સમ્યગ્દૃષ્ટિને ખબર હોય. માટે કયો ભાવ તેને સુખ આપશે અને કયો ભાવ દુઃખ આપશે, તે તેને ખબર હોય. તે તેના આંતરિક ભાવોનું Analysis(પૃથક્કરણ) કરી, સુખ આપનાર આંતરિક ભાવો કયા અને દુઃખ આપનાર ભાવો કયા, તેની સંવેદનથી બરાબર પરખ કરે છે. દુઃખ અને દુઃખનાં કારણોને દૂર કઇ રીતે કરવાં, તે પણ તેને ખબર હોય. તમે આંતરિક દષ્ટિએ સુખી કે દુઃખી થાઓ છો, તે આંતરિક શુભાશુભ ભાવને કારણે; અને બાહ્ય રીતે સુખી કે દુઃખી થાઓ છો, તે કર્મોદયને કારણે.

**જેનામાં સમ્યગ્દર્શન ગુણ આવ્યો તે હિતાહિત ભૌતિકતામાં નથી માનતો પણ આત્મિકદષ્ટિએ માને છે અને તે શેમાં છે તેની તેને સ્પષ્ટ સમજ હોય છે.** ઘણીવાર તો તમે શું વિચારો છો, તેની તમને જ ખબર નથી પડતી. તમે તમારા મનના ભાવોનું પણ વિશ્લેષણ નથી કરી શકતા. આંતરિક સુખ-દુઃખ શું? તેનું સંવેદન સમકિતીને હોય છે.

પોતાના હિતાહિતનો જેને બોધ થાય તેવા સજ્જન માણસને, બીજા જીવોના હિતાહિતની ચિંતા થયા વગર રહે જ નહીં. આંતરિક સુખ-દુઃખનાં કારણ શુભાશુભ ભાવ છે, બાહ્ય સુખ-દુઃખનાં કારણ પુણ્ય-પાપ છે. જે પોતાના સુખ-દુઃખનું કારણ જાણતો હોય, તે બીજાના સુખ-દુઃખનું ચોક્કસ કારણ સમકિતથી પકડી શકે. સમ્યગ્દૃષ્ટિ પાસે એવી સ્પષ્ટતા હોય કે આ દુઃખ આવવાનું કારણ ને રહસ્ય શું? તે બરાબર-ચોક્કસ કારણ સમકિતી પકડી શકે. આ જીવસૃષ્ટિમાં મોટો ભાગ દુઃખી અને નહિવત્ સુખી છે. દુનિયામાં આવા દુઃખી અને ત્રસ્ત જીવો કેમ? દુનિયામાં શોક, સંતાપ, દુઃખ બધાનું મૂળ કારણ શું? સમ્યગ્દૃષ્ટિ આ વિચાર કરે. જગતનું અવલોકન કરતાં તેને બીજા જીવો પ્રત્યે કરુણા થાય, દયા આવે. બધા જીવોની ચિંતાનો બધા સમ્યગ્દષ્ટિને ભાવ નથી થતો, પણ ગુણિયલ, લાયક, ધર્મી જીવોને જોતાં તેને વાત્સલ્ય થાય.

જીવમાત્ર પ્રત્યે વાત્સલ્ય તો તીર્થંકરને જ થશે. આવું વાત્સલ્ય વરબોધિવાળા ટોપ લેવલના જીવોને જ થશે. સમ્યગ્દષ્ટિની વાત્સલ્યની સીમા મર્યાદિત અને તીર્થંકરના આત્માના વાત્સલ્યની સીમા અમર્યાદિત હોય છે, કારણ કે દરેકનાં જીવદળ અલગ પ્રકારનાં હોય છે. દરેકના જીવદળ પ્રમાણે અલગ અલગ કક્ષાના વાત્સલ્યભાવ પેદા થાય. તીર્થંકરોનું સમકિત બીજા જીવોના સમકિત કરતાં જુદું હોય છે. તેમાં ભાવ પરાકાષ્ઠાના હોય, પણ એથીય આગળ પૂર્ણ પરાકાષ્ઠા ત્રીજા ભવમાં આવે. તે પહેલાંના ભવોમાં ભાવના આગળ આગળ વધતી હોય. પણ Peak Period(ઉત્કૃષ્ટ તબક્કો) ત્રીજા ભવમાં આવે.

ક્ષાયિક સમ્યગ્દર્શનમાં આત્મા પર મિથ્યાત્વ મોહનીયનો કણિયો પણ રહ્યો નથી અને કાયમ ખાતે તે ગુણ ટકવાનો છે, કેમ કે તે આત્માનો મૂળભૂત ગુણ છે. ક્ષાયિક સમ્યગ્દર્શનમાં નિર્મળતા વધુ જ્યારે વરબોધિ સમ્યગ્દર્શનમાં વાત્સલ્યની પરાકાષ્ઠા હોય છે.

ક્ષાયિક સમ્યગ્દર્શનમાં નિર્મળતાની કાયમ ખાતે પરાકાષ્ઠા છે, પણ શુભ ભાવની પરાકાષ્ઠાની, વાત્સલ્યની પરાકાષ્ઠાની વાત નથી. તે વરબોધિમાં છે.

સિદ્ધોને મોક્ષમાં સમકિતના સુખનો જે અનુભવ છે તેનો ક્ષાયિક સમકિતીને સમકિતના અંશ જેટલો આનંદનો અનુભવ છે. મોક્ષ એટલે આનંદનો મહાસાગર, સુખનો સ્કંધ, સુખનો પુંજ છે. મોક્ષનું સુખ કોણ સમજી શકે? આત્માના સુખને સમજે તે. પણ તમને આત્માનું સુખ દેખાય કે જડનું જ સુખ દેખાય? મોક્ષનું સુખ છે, તે સામાન્ય માણસની Beyond Range(બુદ્ધિની મર્યાદા બહારનું) છે. તમે સુખ માટે ફાંફા ક્યાં મારો? બહાર. આત્મામાં ઊંડા ઊતર્યા છો? તમે જડમાં સુખની શોધ કરી. તમે ધર્મ તો કરો, પણ પાયાની આ વસ્તુઓની ખબર જ નથી. તમને જ્યારે જ્યારે સુખની જરૂર ઊભી થાય, ત્યારે સુખની શોધ માટે આત્મામાં તલાશ કરી? કે સુખ ને તેનાં સાધનોની જડમાં તલાશ કરી? કેમ? તમે જડમાં જ સુખ માનો છો. ખાવા, પીવા, હરવા-ફરવામાં, ભૌતિક અને જડ સુખને જ સુખ ગણો ને? પેંડા, બરફીમાં જ સુખ દેખાય ને? તેમાંનું કશું મોક્ષમાં છે નહીં. મોક્ષ તમારા માટે સારી જગ્યા છે કે ખરાબ? આત્માનું સુખ એ નક્કર વસ્તુ છે. મોક્ષમાં આત્માનું અનંતું સુખ છે. જેમ સંસારમાં મોજમજાની પ્રવૃત્તિ છે તેમ મોક્ષમાં પણ આત્મા, આત્મિક ભોગોને ભોગવતો હોય છે. ત્યાં શૂન્યાવકાશ નથી. મોક્ષ નિષ્ક્રિય નહીં પણ આત્માના ગુણોનો આસ્વાદ છે. અહીં તમે ભૌતિક ભોગોને ભોગવો છો, તેમ આત્માના અનંતા ગુણોને મોક્ષમાં જીવ ભોગવે છે. તેમાંનો એક ગુણ ક્ષાયિક સમ્યક્ત્વ. ક્ષાયિક સમ્યગ્દર્શનીને જે સમ્યગ્દર્શન છે, તેવું જ સિદ્ધોના જીવોને સમ્યગ્દર્શન છે. શુદ્ધ ગુણો અહીં જ પ્રગટાવવાના છે, તેનો આસ્વાદ લેતા લેતા તે ગુણોને સાથે લઇને મોક્ષમાં જવાનું છે. ક્ષાયિકભાવના ગુણો જે સાધનાકાળમાં પ્રગટાવ્યા છે, તે આત્માએ સિદ્ધદશામાં પણ સાથે રાખવાના છે. **ક્ષાયિક ભાવનો ધર્મ અહીંથી મોક્ષમાં સાથે લઇને જવાનો છે અને જે ધર્મ અત્યારે પ્રગટાવ્યા પછી અહીં મૂકીને જવાનો છે તે ક્ષયોપશમભાવનો ધર્મ-ગુણ કહેવાય છે.**

ધર્મ મૂર્ખા માણસોની પેદાશ નથી. ધર્મ વિચારક-જ્ઞાની,પુરુષોએ કહેલો છે. માટે અન્ય કોઇ વિષય કરતાં અહીં વધુ બુદ્ધિની જરૂર છે. બુદ્ધિશાળી તેને ઊંડાણથી પકડે તો વિજ્ઞાન કરતાં અહીં વધુ સંતોષ મળે. કારણ જેના જ્ઞાનની સીમા નહીં તેવા પૂર્ણજ્ઞાનીએ ધર્મ કહેલ છે. ધર્મ એટલો ગંભીર છે કે સમજુ અને શાણા થયા વિના તેની ખબર નહીં પડે. વિજ્ઞાન પણ ન કરી શકે તેવી તર્કબદ્ધ વાતો ધર્મની છે, જે આત્માના અદ્‌ભુત સુખની ઝાંખી કરાવે છે.

ક્ષાયિક સમ્યગ્દર્શન એ આત્માનો અનુપમ ગુણ છે અને મોક્ષના સુખનો તે આંશિક અનુભવ કરાવે છે. એક ક્ષાયિક ભાવના ગુણમાં આટલો આસ્વાદ-આનંદ-મજા મળે, તો ક્ષાયિક ભાવના અનંતા ગુણોમાં કેટલો આનંદ હશે? ક્ષાયિક ભાવના અનંત ગુણોનો આસ્વાદ ગુણાકાર રૂપે હશે, તેમ ક્ષાયિક સમ્યગ્દર્શનીને સમજાય. મોક્ષનો મહાઆનંદ કેવો અદ્‌ભુત અને વિશાળ હશે તે તમને દેખાવો જોઇએ. અત્યારે ક્ષાયિક સમકિતનો ઉચ્છેદ છે, પણ ક્ષાયોપશમિક સમકિત પામી શકાય છે.

પોતાના હિતાહિતની જેમ, લાયક આત્માના હિતાહિતની ચિંતા સમ્યગ્દૃષ્ટિને થાય.

સાચી માને દિકરા પ્રત્યે અનહદ અને અપૂર્વ વાત્સલ્ય હોય, તેમ સમ્યગ્દૃષ્ટિને ધર્મી અને ગુણિયલ પ્રત્યે અપૂર્વ અને અનહદ વાત્સલ્ય હોય.

તમારામાં આ સાતમો દર્શનાચાર પ્રગટ્યો છે તેની નિશાની શું? ગુણિયલ અને ધર્મીને જોતાં હૃદયમાં એવો ઉલ્લાસ, ઉમળકો જાગે અને હૃદય વાત્સલ્યથી ભિંજાઈ જાય. સ્નેહ, ભક્તિ, બહુમાન અપૂર્વ હોય, માટે 'વાત્સલ્ય' શબ્દ વાપર્યો છે. મા, દિકરા ઉપરના વાત્સલ્યના કારણે તેના બધા દોષો પચાવી જાય, તેમ સમ્યગ્દૃષ્ટિ ધર્મીના બધા દોષોને પચાવી જાય. સમ્યગ્દૃષ્ટિ આત્મા ધર્મી પ્રત્યેના વાત્સલ્યના કારણે તેના ગુણોની સ્તવના-પ્રશંસા કરે અને અવગુણોને ઢાંકે. ધર્મીના દોષ સહન કરવાની અદ્ભુત તાકાત તેનામાં હોય છે. ધર્મી પણ સંપૂર્ણ ન હોય, ખામીઓ તો હોય. દા.ત. ઘણા કહે, "જોયા હવે પૂજા કરનારા, ગુસ્સો કેટલો છે?" પહેલા દિવસથી જ દેરાસરમાં જાય તેનામાં કોઇ દોષ ન ચાલે, તેવું અમુક વર્ગ માને છે. "દોષોવાળા દેરાસર જાય તેનો કોઇ મતલબ જ નથી" એવું તમે બોલો તો 'વાત્સલ્ય' ન આવે. **ધર્મ કરનારમાં બધા ગુણ હોય તો ધર્મને દીપાવનાર છે; પણ ધર્મ કરનાર સાધક છે, પૂર્ણ નથી અને સાધક અપૂર્ણ હોવાથી ખામી હોઇ શકે. ઘણા ધર્મ કરનાર સ્વાર્થી, કંજૂસ, આળસુ, નિંદાખોર, અસહિષ્ણુ સ્વભાવવાળા પણ હોય. દોષને તો દોષ જ કહ્યો છે, પણ દોષ હોય તેટલા માત્રથી ધર્મીને કેન્સલ કરી નંખાય?** દોષને આપણે ખરાબ જ કહીએ, સારો નથી કહેતા; પણ તેથી ધર્મી પ્રત્યે દ્વેષ-તિરસ્કાર આદિનો ભાવ રખાય? ધર્મી જીવની બંને Side(બાજુ) જોઈને સારી કે ખરાબ જે વધુ હોય તે પ્રમાણે તેની ધર્મની કક્ષાનું મૂલ્યાંકન કરવું પડે. વ્યક્તિમાં ખામીની સાથે ગુણ જોઇ યોગ્ય સમીક્ષા કરી બેલેન્સ કરવું પડે. તમે તમારા જીવનમાં દોષ વગરના છો? કે ખામીઓ દેખાય છે? પરંતુ તમને ધર્મીના ગુણો જોતાં આવડવું જોઇએ. લાયક જીવો હોય તેમનામાં પણ દોષો તો હોય, અવગુણો હોય, પણ તેમના પ્રત્યે તિરસ્કાર ન રખાય. **વાત્સલ્યવાળા સમકિતી આત્માઓ ધર્મીના અવગુણ જોઇ તેના પર દ્વેષ-તિરસ્કાર ન કરે, પણ દોષો પચાવી જાય. 'ગુણ સ્તુતિ, અવગુણ ઢાંકવા' તે ૬૭ બોલની સમકિતની સજ્ઝાયમાં છે. આ આચરણ ધર્મી પ્રત્યે કરવાનું છે, અધર્મી પ્રત્યે નહિ.** ધર્મીને પ્રોત્સાહન મળે તેવાં વખાણ, પ્રશંસા તેના ગુણોની કરે અને તેના દોષોને ઢાંકી દે. આપણે પણ ભૂતકાળમાં આવા દોષો સેવીને આવ્યા છીએ.

પરંતુ અધર્મી જીવોના ગુણનાં વખાણ કરવાં તે પાપ છે. અધર્મીના અવગુણોને ઢાંકવાનું કહ્યું નથી. ધર્મીના ગુણ ઘણા હોય પણ અમુક દોષો હોય, તો તેના અવગુણોની ઉપેક્ષા કરવી પડે. જ્યારે અધર્મીમાં-નાસ્તિકમાં પ્રમાણિકતા, સજ્જનતા, નીતિ થોડી હોય, ઉદાર હોય તો પણ તેનાં વખાણ ન કરાય, કરે તો પાપ લાગે. અધર્મીના ગુણ વખાણવાથી અધર્મને પ્રોત્સાહન મળે છે, માટે અધર્મીના ગુણ જોઇએ તો પણ તેના ગુણોની ઉપેક્ષા કરવી પડે. અધર્મીના દોષ હોય તેમાં કોઇ ફસાઈ ન જાય માટે, ઘણીવાર તેની સામે Red Light(લાલ બત્તી) કરી લોકોને Alert(જાગૃત) કરવા પડે. દા.ત. ખેરનાર. ગુણ ખરા પણ તેના ગુણ વખાણાય નહીં. તે એક નંબરનો નાસ્તિક છે. તેના વિષે જે છાપામાં આવ્યું તે વાંચ્યું? તેની સાથેના સવાલ જવાબમાં, ઇન્ટરવ્યુમાં ખુલ્લેઆમ કહે છે કે તેને ધર્મમાં શ્રદ્ધા નથી. નાસ્તિકતા

ભારોભાર છે. ઉધારપાસું ભારે હોય તો તેનામાં રહેલા થોડા ગુણોને પ્રોત્સાહન ન આપતા, નહિતર આખા ઉધારપાસાને-નાસ્તિકતાને પ્રોત્સાહન મળશે. પ્રમાણિક નાસ્તિકના પણ વખાણ ન થઇ શકે. પ્રમાણિકતાને ખાતર સંઘર્ષ, બલિદાન આપે તેવા ઘણા ઓછા હોય છે. તેથી તેમને પ્રસિદ્ધિ મળે, છતાં તેનાં વખાણ આપણે કરી શકીએ ખરા? ભગવાનને ન માને તેવા નાસ્તિકના સદ્‌ગુણોના પ્રોત્સાહનથી નાસ્તિકતાને પોષણ મળે છે. લોકો ભરમાય નહીં માટે તેના દોષોને પ્રસંગે ઉઘાડા કરવાના હોય, અવગુણને પ્રસંગે હાઇલાઇટ પણ કરવા પડે.

ધર્મી સાચા માર્ગ પર રહેલા છે માટે તેમના અવગુણ ઢાંકવા તે વાજબી છે. ધર્મી પ્રત્યે વાત્સલ્ય જેટલું વધે તેટલું તમે ધર્મ કરનાર લાયક જીવને બહુ સારી રીતે હેન્ડલ કરી શકશો અને સાચા ધર્મી પ્રત્યેનો Approach(દૃષ્ટિકોણ) જ તમારો દુનિયા સાથેના Approach કરતાં બદલાઇ જશે. ધર્મીને જોતાં વાત્સલ્યના ભાવો થાય છે? કે લુખ્ખાલસ છો? માતાને દીકરો એકનો એક હોય ને જોતાં જ ઉર્મિઓ ઊભરાય છે, તેમ ધર્મીને જોઇને હૈયું ગાંડુઘેલું થઇ જવું જોઇએ. અંતઃકરણમાં ભાવો અને ઉર્મિઓ ઊભરાવાં જોઇએ. આ કલિકાલમાં કોઇ વેલ-સેટલ્ડ, જુવાનજોધ, સુખી, શ્રીમંત સર્વત્યાગ કરી દીક્ષા લે, અથવા કોઇ યુવાનીમાં સારી રીતે ધર્મ કરી ધર્માત્મા શ્રાવક બને, તો તેવા ગુણિયલ જીવો માટે અહોભાવ, વાત્સલ્ય થવાં જોઇએ. તેને શક્તિ પ્રમાણે ધર્મમાં સહાયક બનવાનું મન થાય? કે "જેને જે ગમે તે કરે" તેવા તમારા મનના ભાવો છે?

વાત્સલ્ય એ એક અનુપમ પ્રકારનો દર્શનાચાર છે. સ્થિરીકરણ કરતાં ય કઠણ છે. સ્થિરીકરણ આચાર કરતાં વાત્સલ્ય આચારમાં લાયક જીવ પ્રત્યે અતૂટ વાત્સલ્ય છે. માતામાં સંતાનનું હિત કરવાની જેટલી તાકાત છે, તેટલી કોઇ બીજામાં તાકાત છે? નીતિશાસ્ત્રમાં એક માતા સો શિક્ષક બરાબર છે તેમ કહ્યું, અને કેવા શિક્ષકો? પગારમાત્રની અપેક્ષાવાળા નહીં. આર્યદેશમાં કલાચાર્યની પરંપરા હતી અને એમને શિષ્યને કલા શીખવાડવામાં રસ હતો. તેવા કલાચાર્ય અહીં લેવાના છે. વાત્સલ્યથી જે પરિવર્તન આવે તે બીજા કશાથી નહીં આવે. વાત્સલ્યથી કેટલાય જીવોને ધર્મ પમાડી શકો, લાયક જીવોને ધર્મમાં સ્થિર કરી શકો. ધર્માચાર્ય એ વાત્સલ્યના ભંડાર હોય છે. અને વાત્સલ્ય ઊંચામાં ઊંચો દર્શનાચાર છે. ધર્માચાર્યમાં લાયક જીવો પ્રત્યે વગર વળતરે ભોગ આપે તેટલું વાત્સલ્ય હોય. આ ગુણવાળા પાસે જો લાયક જીવો આવે, તો તે જીવોને તેમના માતા-પિતા પ્રત્યે જેટલો ભાવ ન થાય, એટલો આ ગુણવાળા પ્રત્યે ભાવ થાય. ધર્મનાં ઊંચાં કામો કરવાની જેટલી ભાવના હોય તેટલું ઊંચું વાત્સલ્ય તમારે ઓળઘોળ કરવું પડે. તો તમારા પરિચયમાં આવવા માત્રથી જીવો ધર્મમાં આગળ વધે. વાત્સલ્ય તમારી પ્રવૃત્તિમાં-વ્યવહારમાં નીતરતું હોવું જોઇએ. ખરેખર તો તમારી પાસે જેટલો આ ગુણ હશે તેનું વળતર ગુણાકારમાં મળવાનું જ છે.

તમે સંઘ-ધર્મીવર્ગમાં અવાત્સલ્ય કરો એટલે તમને દર્શનાચારમાં અતિચાર લાગવાનો ચાલુ થાય. વાત્સલ્ય એ પુણ્યબંધ અને નિર્જરાનું કારણ છે અને અવાત્સલ્ય પાપબંધનું કારણ છે.

વાત્સલ્યના બે પ્રકાર છે. (૧) પ્રશસ્ત વાત્સલ્ય અને (૨) અપ્રશસ્ત વાત્સલ્ય.

ધર્મના ક્ષેત્રમાં શિથિલાચારી, પાસત્થા, અધર્મી, અવળચંડા જીવો પ્રત્યે ભક્તિ,

બહુમાન, પ્રીતિ, વાત્સલ્યનો ભાવ રાખો તો તે અપ્રશસ્ત વાત્સલ્યનો ભાવ છે, જેનો દોષ લાગે. એટલે વાત્સલ્યમાં પણ વિવેક જોઈશે. જો ભોળા બની વિવેક વગર, લાગણીવેડા કે વાત્સલ્ય કરો તો અપ્રશસ્ત વાત્સલ્ય કહેવાય, તેનાથી પાપ બંધાય. બધે વાત્સલ્ય ખાલી નહીં ચાલે, પણ તેમાં વિવેક જોઈશે. જો વિવેકથી વિચારો તો વાત્સલ્ય દર્શનાચારના વિષયરૂપે પણ ધર્મી ને ગુણિયલ જીવો જ આવશે. તે ઊંચા આચારવિચારવાળા ધર્મી તમને ધર્મક્ષેત્રમાં જ મળશે, પરંતુ દુનિયામાં આચારવિચારની દૃષ્ટિએ ઊંચામાં ઊંચી પવિત્રતા બીજે ક્યાંય મળશે નહીં. પણ તમને વિશ્વાસ છે? નહીં તો જૈનમુનિને જુઓ ને ગાંડાઘેલા થઈ આગળ પાછળ ફરો કે આઘાપાછા થઈ જાઓ? તમને ઊંચું અને સારું મળ્યું તેની કદર-પીછાન છે? કેમ નથી? હજુ તમને ગુણો જોઈએ તેવા ગમતા નથી.

જૈનધર્મની સાધુસંસ્થા Unparallel(અજોડ) છે. દુનિયામાં બીજે ક્યાંય આવી જોવા ન મળે. તમને હજુ ગુણનો રાગ જ નથી. બાકી તમને જે મળ્યું છે તે દુનિયામાં ક્યાંય નથી. જૈનમુનિઓને હજારો પ્રતિજ્ઞાઓ હોયં છે. જગતમાં તેમના જેવા ઉત્કટ-અદ્વિતીય આચાર, અદ્વિતીય પવિત્રતા અને અદ્વિતીય ત્યાગ બીજે જોવા ન મળે. ફોરેનની યુનિવર્સિટીમાં જૈનીઝમ ભણાવતા હોય તેઓની કલ્પનામાંયે આપણા સાધુના આચારો ન આવે. ૨૦મી સદીમાં, નાસ્તિકતાના વર્તમાન યુગમાં, સાધુ જે તપ-ત્યાગ કરે છે તે અજાયબી છે, કલિકાલના અચ્છેરા જેવું છે. છતાં તમને તેનો પ્રભાવ પડે ખરો? ખરો ગુણનો રસિક હોય તેને થાય કે, ઓહોહો આટલો ત્યાગ, પવિત્રતા! તેનો જગતમાં જોટો નહીં મળે, તેમ તેને થાય. સારા સાધુને તમારી ભક્તિની પડી નથી અને તમારી ભક્તિ માટે અમે નીકળ્યા નથી, પણ તમારું હૃદય ગુણિયલ જીવના વાત્સલ્યવાળું છે કે નહીં? તમારા હૃદયમાં ધર્મીને જોઈને વાત્સલ્ય ન પ્રગટે તો તમારા હૃદયની ખામી કેટલી? તમે વિચાર કરજો, મંથન કરજો.

પ્રશસ્ત વાત્સલ્ય કલ્યાણકારી છે. અપ્રશસ્ત વાત્સલ્ય ન આવી જાય તેની તકેદારી રાખવા જેવી છે. મયણામાં જે વાત્સલ્ય હતું તે આદર્શરૂપ છે. **મયણાને જ્યારે બાપે ધુત્કારીને કાઢી ત્યારે બહેન સુરસુંદરી તેની ઠેકડી ઉડાડે છે, અને તે જ બહેન કફોડી સ્થિતિમાં આવી અને ગઇકાલની રાજકન્યા જે આજની નર્તકી બની, તેને શ્રીપાલ-મયણા સામે નાચવાનું આવ્યું અને વિષાદ સાથે ગાતાં ગાતાં પોતાની ઓળખાણ આપી ત્યારે, મયણાના હૃદયમાં વાત્સલ્ય હતું માટે શું થયું?** જેનામાં વાત્સલ્ય ન હોય તે, લાયક જીવ પ્રત્યે પણ અત્યારે શું વિચારે? એ જ લાગની હતી એમ કહે ને? તમારામાં વાત્સલ્યનું ઝરણું ન ફૂટે તો, તમે કોઈ લાયક જીવને ધર્મ પમાડી ન શકો. **મયણા બહેનને જઇ ભેટી પડી અને સાંત્વન આપે છે અને 'ધર્મ પસાયે તારે હવે દુઃખ સહન કરવાનું નથી' તેમ આશ્વાસન આપે છે.** તે વખતે સુરસુંદરી વ્યવહારથી ધર્મ નહોતી પામી તે પણ પામી ગઈ, અને બે મોઢે મયણાના ધર્મનાં વખાણ કરતાં બોલે છે કે 'તું ને તારો ધર્મ સાચો અને હું ખોટી'. **સુરસુંદરી મૂળ જિનશાસનની ઉપાસિકા નહોતી, તે અજૈન-શૈવધર્મી હતી પણ વાત્સલ્યગુણથી તેના ઉપર પ્રભાવ પડ્યો અને મયણાના વર્તનથી મિથ્યાદૃષ્ટિમાંથી સમ્યગ્દૃષ્ટિ બની.**

❄ ❄ ❄

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ ચારે ગતિના જીવોને તારવા માટે આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

તીર્થંકરો કેવળ મનુષ્યોને જ તારવાની તાકાત ધરાવે છે એવું નથી, પરંતુ પશુઓને પણ તારવાની તાકાત ધરાવે છે. અમે તો મનુષ્યને પણ બધાને તારી શકતા નથી. કેમ કે હું ઉપદેશ આપું છું, પણ અહીં કોઇ દક્ષિણ ભારતીય આવે તો તે સમજી શકે? જ્યારે તીર્થંકરની વાણી તો અતિશયોથી યુક્ત છે. તેથી ભગવાન જે વાત જે સંદર્ભથી સમજાવે છે, તે સંદર્ભથી પશુ પણ સમજી શકે. અને સમોવસરણમાં તો એક યોજન સુધી પ્રભુની સુમધુર, તાલબદ્ધ, ભાવવાહી, અલંકારિક, સુંદર વર્ણોવાળી, અતિશયોને કારણે સરળતાથી બોધ કરાવે તેવી વાણીના કારણે જ કલાકોના કલાકો સુધી સાંભળો તો પણ તૃપ્તિ ન થાય. તીર્થંકરોની દેશના સાંભળતાં ગમે તેટલા કલાકો વીતે તો પણ શ્રોતાને કંટાળો-થાક ન લાગે. પ્રભુ વીરે ૧૬ પ્રહર દેશના આપી, તો શ્રોતા બેસી રહ્યા ને? શ્રોતાઓ બોર જ ન થાય એવો પ્રભુની વાણીનો અતિશય હોય છે. શ્રોતા ધરાય જ નહિ.

**સભા :-** લાયકને જ આવું થાય ને?

**સાહેબજી :-** ના, તેમાં લાયક-ગેરલાયકનો પ્રશ્ન નથી. વાણીનું માધુર્ય પુણ્યના કારણે છે કે તે સાંભળતાં થાક કે કંટાળો ન આવે. ગેરલાયક જીવો પણ દેશના સાંભળવા આવે છે. અભવ્ય, સંસારરસિક, મિથ્યાદષ્ટિ, અન્યદર્શની, કદાગ્રહીઓ પણ આવે અને દેશના સાંભળે તો સાંભળવામાં મઝા પણ આવે; પણ પ્રશ્ન ત્યાં છે કે, ભગવાન વાણી દ્વારા જે તત્ત્વ કહે છે તે તત્ત્વ તેમના હૃદયમાં ઊતરે નહિ. સંગીત વાગે તો સુમધુરતાનો અનુભવ તો બધાને થશે પણ તેનું તત્ત્વ તો લાયકને જ ઊતરે, ગેરલાયકને અથડાઈને પાછું આવવાનું. ઘણાને તો તત્ત્વ સાંભળતી વખતે પણ ભગવાન તત્ત્વ કહે છે તેના પ્રત્યે દ્વેષ છે, પણ વાણી સાંભળતાં કંટાળો ન આવે. ઘણા ઉપદેશ આપે પણ અવાજ જ ઘોઘરો આવે, લયબદ્ધ બરાબર ન આવે. જ્યારે અહીં ભગવાનની વાણી તો તાલબદ્ધ-રસમય હોય છે. સાંભળવાનું ગમે. પશુઓ જેવાં પશુઓ પણ બેસી રહે. વળી સાંભળે ત્યાં સુધી ભૂખ-તરસ પણ ન લાગે. ૧૬ પ્રહરની દેશના સૌએ ૪૮ કલાક સાંભળી. આ બધો પુણ્યપ્રકૃતિનો પ્રભાવ છે, ગુણનો નહિ. સામાન્ય કેવલી ઉપદેશ આપે તો આવું ન બને, કેમ કે સામાન્ય કેવલીનું તેવું પુણ્ય નથી, જ્યારે તીર્થંકરનું પુણ્ય છે કે, તેની અસરના કારણે શ્રોતાનાં અશાતાવેદનીયાદિ કર્મો શાંત થઇ જાય. ભગવાનમાં પશુને પણ ધર્મ પમાડવાની તાકાત છે, છતાં બધા માનવો પણ નથી પામતા, તેમાં કારણ તે માનવોની ગેરલાયકાત છે.

**સભા :-** 'જગતતારક' બિરુદ છે ને?

**સાહેબજી :-** હા, પણ સામેનો જીવ નથી પામતો તેમાં કારણ તેનામાં બોધ ગ્રહણ કરવાની શક્તિ નથી તે છે. જગતતારક બિરુદ તેમની તારક શક્તિની અપેક્ષાએ છે.

**જૈનશાસન કહે છે, ભગવાનની સ્તુતિ કરતી વખતે, ભગવાનમાં ના હોય તેવા ગુણોનું વર્ણન કરો તો પણ મૃષાવાદનું પાપ લાગે છે.** મહાપુરુષોએ તીર્થંકર ભગ્રવાનનાં એક એક વિશેષણ સિદ્ધ કરી બતાવ્યાં છે. 'નમુત્થુણં' સૂત્રમાં આવતાં વિશેષણો જૈનધર્મના ઇશ્વર તત્ત્વની ઓળખ આપનારાં છે. બીજા ધર્મોવાળા આવા વિશેષણોયુક્ત ઇશ્વર સ્વીકારતા નથી. તમે નમુત્થુણં સૂત્ર, અર્થ સાથે બરાબર ભણ્યા હો, તો ભગવાનની સરસ ઓળખાણ આપી શકો. નમુત્થુણં સૂત્ર ઉપર પૂ.હરિભદ્રસૂરિજી મહારાજ સાહેબનું મોટું વોલ્યુમ ભરી લખાણ છે. જગતમાં કોઇ એવો જીવ નથી કે જેને તારવાની શક્તિ ભગવાનમાં ન હોય, કે તારવાની હિતકામના તેમણે ન કરી હોય. સામાન્ય જીવ પણ સમ્યક્ત્વ પામે તો તેને એટલી ભાવના થાય કે લાયક જીવને હું પમાડું. કેમ કે પોતે પામ્યાનો અનહદ આનંદ છે, ઉત્તમ વસ્તુની કદર છે, તેથી એવું થવાનું જ કે, આવું ઉત્તમ તત્ત્વ, લાયક હોય તો બીજાને આપું. આ ઉત્તમ તત્ત્વ બીજાને પમાડવાનો શ્રેષ્ઠ ઉપાય છે-પ્રભાવના.

**સભા :-** તીર્થંકરો તો અનંત શક્તિના માલિક છે ને?

**સાહેબજી :-** તીર્થંકરોની શક્તિ તો પૂરેપૂરી છે, પણ અપાત્રતાના કારણે પેલા જીવો સહકાર નથી આપતા. વરસાદ ગમે તેટલો વરસે પણ ડોલ જ ઊંધી રાખો કે કાણી રાખો તો શું થાય? વરસાદમાં શક્તિ ઓછી છે તેમ ન કહેવાય.

અપાત્રતા-પાત્રતા દરેકના વ્યક્તિગત ગુણ છે. તેને ભેદવાનું કામ તીર્થંકરોનું નથી અને તીર્થંકરો એવી શક્તિ ધરાવે છે એવું અમારાં શાસ્ત્રો નથી કહેતાં. તીર્થંકરો અભવ્યને ભવ્ય કે ભવ્યને અભવ્ય નથી કરી શકતા. ઇશ્વર એટલે બધી જ શક્તિ હોય તેવું નથી. ભગવાનની ભક્તિમાં કાળ-સ્વભાવ-ભવિતવ્યતાને બદલવાની શક્તિ છે, પણ પેલો ભક્તિ જ ન કરે તો? કેમ કે ભક્તિ મોક્ષના હેતુ માટે છે. તે હેતુ જ ન હોય તો ભગવાન શું કરે? **પૂ.હરિભદ્રસૂરિજી મહારાજ સાહેબે લખ્યું કે અનંતા તીર્થંકરો ભેગા થાય તો પણ, એક જડ વસ્તુને ચેતન ન કરી શકે કે એક ચેતનને જડ ન કરી શકે. તેવી જ રીતે ધર્માસ્તિકાયાદિને પુદ્‌ગલ ન બનાવી શકે. કેમ કે આ બધી પદાર્થવિજ્ઞાનની વિરુદ્ધની વાત થઇ. તેવું ઇશ્વર કરી ન શકે.** પછી તો અન્યના ભગવાન જેવું થાય કે ભગવાન ધારે તે કરી શકે. ભગવાન લોકને અલોક કે અલોકને લોક કરી શકે તેવું પણ નથી.

-ઇશ્વર આત્માનું પરાકાષ્ઠાનું ઐશ્વર્ય પામી ચૂકેલા છે. તેવું ઐશ્વર્ય બીજા કોઇ પાસે નથી. માટે ટોપ લેવલના ઐશ્વર્યવાળા હોવાથી ઇશ્વર કહેવાય છે. ભાષા અને ભાવની દૃષ્ટિએ બેસતો હોય તેવો અર્થ કરાય. મનસ્વી અર્થ ન કરાય. જૈનશાસનમાં તર્કબદ્ધ વાતો છે. ઇશ્વરની સર્વ જીવોને તારવાની શક્તિ છે તેમ કહીએ છીએ, પણ ઇશ્વરમાં અભવ્યને ભવ્ય કે દુર્ભવ્યને આસન્નભવી બનાવવાની તાકાત નથી. દરેક જીવ પોતાનો સ્વભાવ લઇને ફરે છે અને તીર્થંકરો પણ સ્વભાવ ફેરવી શકતા નથી.

**સભા :-** ભગવાને ચંડકૌશિકને પણ તાર્યો.

**સાહેબજી :-** સામે પાત્રતા હતી માટે જ ને? અને અપવાદ પણ નીકળ્યો ને? હાલિક નામનો

ખેડૂત ભાગી ગયો ને? ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં જે સિંહને ભગવાનના જીવે ફાડી નાખેલો તેના સંસ્કાર તે આત્મા પર ટકેલા. તે મનુષ્યના ભવમાં ખેડૂત તરીકે જન્મ્યો છે. પ્રભુએ જ્ઞાનથી જોયું કે અત્યારે આ જીવમાં ધર્મ પામવાની લાયકાત છે. તે લાયકાત સામે રાખી પ્રભુએ ગૌતમમહારાજાને પ્રતિબોધ પમાડવા કહ્યું. વળી ખબર છે કે, પામશે તો ગૌતમમહારાજાથી જ પામશે, કારણ કે સિંહના જીવને ભગવાન પર દ્વેષ છે. જયારે તે વખતે સારથિ તરીકે ગૌતમમહારાજાના જીવે મરતાં મરતાં અફસોસ કરી રહેલા સિંહને લાગણી-સ્નેહ આપેલાં, તેથી ગૌતમમહારાજા પ્રત્યે સ્નેહ છે. તે સિંહ ભારતભરમાં અગ્રેસર કહેવાય તેવો હતો, એકલા હાથે કેટલાયને હંફાવતો. મોટા મોટા રાજા એનાથી ગભરાય તેવો પરાક્રમશીલ છે. ઊંચી ગુણવત્તાનો સિંહ છે. તે કારણે તેને અંદરમાં સિંહ તરીકેના પરાક્રમનો ગર્વ છે. માટે માને છે કે મારી સામે કોઇ ટકી ન શકે. પરંતુ તેને જીવનમાં કલ્પના ન હોય તેવું બન્યું. ત્રિપૃષ્ઠવાસુદેવ ૧૭ વર્ષના છે. વળી આવ્યા પછી રથ મૂકી નીચે ઊતર્યા. કેમ કે યુદ્ધમાં સિંહ જમીન પર અને હું વાહનમાં તે ન ચાલે. હાથનાં શસ્ત્ર પણ મૂક્યાં, કેમ કે આ સિંહ નિઃશસ્ત્ર અને હું શસ્ત્રવાળો તે ન ચાલે. નજીક ગયા પછી વિચાર છે કે, ક્ષત્રિયનો ધર્મ છે કે આક્રમણ ન કરનારને સીધો ઘા ન કરે. માટે સિંહ હુમલો કરે નહિ ત્યાં સુધી મારાથી હુમલો ન કરાય. સિંહને કહે છે તું તરાપ માર. સિંહ ખીજાયો છે. સિંહને થયું કે મને આ છોકરડો છંછેડે છે. પરંતુ તેણે ન ધાર્યું હોય તેમ મોંએથી પકડી આખોને આખો ઊભો ચીરી નાંખ્યો.. સિંહને અફસોસ છે કે આ છોકરાને હાથે હું મર્યો? તે વખતે ગૌતમમહારાજાનો જીવ આશ્વાસન આપે છે અને કહે છે કે જેમ પશુમાં તું કેસરીસિંહ છે, તેમ આ મનુષ્યમાં કેસરીસિંહ છે. આ ગમે તે નથી પણ ત્રણ ખંડનો ધણી વાસુદેવ છે. તેના હાથે તું મર્યો છે. તારું વીર મૃત્યુ થયું છે. આ વાત્સલ્યનાં વચનોથી સિંહને તેમના પર સ્નેહ થયેલો છે. રાગ-દ્વેષના સંસ્કાર કેટલા ભવ સુધી ટકે છે તેનું આ ઉદાહરણ છે. માટે પ્રભુ ગૌતમમહારાજને મોકલે છે અને કહે છે કે હાલિક ખેડૂતને ધર્મ પમાડો.

ચાર જ્ઞાનના ધણી, પ્રભુ પછી શાસનના નાયક, ત્યાં ગયા. તેના દેદાર જોઇ થાય કે આવાની પાસે મોકલ્યા? પણ આ તો સમર્પિત છે, એટલે તેવું કાંઇ ન થયું. હવે ગામડાના અનપઢને ધર્મ પમાડવા વાર્તાલાપ ચાલુ કર્યો. તું શું કરે છે? તારા જીવનમાં શું લક્ષ્ય છે? તેમ કરતાં સમજાવે છે કે જમીનમાં આટલું બીજ વાવતાં આ ફળ મેળવે છે, તેમ આત્મામાં ધર્મનું બીજ વાવવા જેવું છે. પછી ધર્મનું બીજ શું, આત્મા શું વગેરે સમજાવ્યું. પેલો ખુશ થઇ ગયો. પગમાં પડે છે અને કહે છે કે આપના જેવા ગુરુ મળ્યા, મારો ઉદ્ધાર નિશ્ચિત છે. દેવ-ગુરુ-ધર્મની ઓળખાણ આપી, બોધિબીજ પમાડ્યું. લાયક જોઇ દીક્ષા આપી, શિષ્ય કર્યો. તે કહે છે કે તમે જ મારા ભગવાન. ત્યારે ગૌતમમહારાજા કહે છે કે મારા અને તારા બંનેના પરમગુરુ થાય તેવા ગુરુ બેઠા છે. પેલાને થાય છે કે આ ગુરુ આવા છે તો તેમના ગુરુ કેવા હશે! તેમના ગુણોનો પાર નહિ હોય. ભગવાન પાસે જતાં તો રુચિ-શ્રદ્ધા વધે છે, સમોવસરણ સુધી ખુશખુશ છે, હરખનો પાર નથી. પણ જેવાં સમોવસરણનાં પગથિયાં ચઢી પર્ષદામાં આવે છે, ત્યાં પ્રભુ વીર ચતુર્મુખે દેશના આપતા બિરાજમાન છે. પ્રભુના રૂપ-ગુણ વગેરે સુંદર હોવા છતાં ખેડૂતના જીવમાં સંસ્કારરૂપે દ્વેષ પડ્યો છે, તેથી જોતાં જ અણગમો ચાલુ

થયો. ગૌતમમહારાજા વંદન કરવા કહે છે, ત્યારે આ કહે છે, આ જ તમારા ગુરુ છે? તો લ્યો આ ઓઘો. ઓઘો મૂકીને ભાગી ગયો. ઇન્દ્ર મહારાજા હસી પડ્યા છે અને ગૌતમમહારાજાને કહે છે, ખરો ચેલો લાવ્યા. ગૌતમમહારાજા વિમાસણમાં પડી ગયા છે. એટલે ગૌતમમહારાજાની લબ્ધિ, પુણ્ય હોવા છતાં, જીવ જ ગેરલાયક હોય ત્યાં શું વળે? ગૌતમમહારાજામાં તેને બોધિબીજ પમાડવાની શક્તિ હતી. ગૌતમમહારાજા જેને દીક્ષા આપે તે કેવળજ્ઞાન પામે એ ખોટું પડ્યું? ના. કેમ કે જીવમાં લાયકાત હોય તો કેવળજ્ઞાન સુધી પામે. આપણે ત્યાં નિયમ છે કે ભગવાન વિચરે ત્યાં જૂનાં વેર પણ નાશ પામે, છતાં ભગવાનને જોઇને ગોશાલાને દ્વેષ થયો, તો નિયમ ખોટો? ભગવાનના અતિશયની ખામી? નિયમ હંમેશાં જનરલ હોય. ૯૯.૯૯% આમ જ બને. પણ આ તો અપવાદ કહેવાય. આમ કહેવાય કે ગૌતમમહારાજા થકી સંયમ સ્વીકારે, તે તે જ ભવે મોક્ષે જાય. અહીં ભરવાડનો-ખેડૂતનો જીવ એવા દ્વેષના સંસ્કાર લઇને આવ્યો છે કે ખુદ ભગવાનને જોઇને જ કષાય થાય, તો તેમાં ભગવાન શું કરે? કમઠ તાપસને પાર્શ્વકુમારને જોઇને દ્વેષ થયો અને સાપ જેવો સાપ શાંત થઇ ગયો, તેમાં ભગવાન શું કરે? એક જીવની ગેરલાયકાતના કારણે ગમે તેટલા સક્ષમને ગેરલાયક ન ઠરાવાય. વળી ભગવાન આ જાણતા જ હતા. મારા પર ભલે દ્વેષ હોય પણ તેનું કલ્યાણ કરી આપું. પોતાના દર્શનમાત્રથી જ દ્વેષ થાય તેવા જીવનું પણ કલ્યાણ કરાવી આપે, તેના કરતા વધારે સારો ભગવાનની વીતરાગતાનો દાખલો બીજો કયો હોઇ શકે? ખેડૂતના જીવની જ ખામી હતી. માર્ગ પર તો ચઢ્યો, છતાં પાયામાં દ્વેષના સંસ્કારો છે, જેના નિમિત્તે તે પામેલું હારી ગયો.

આપણે ત્યાં નિયમ છે કે, એક જીવ બોધિબીજ પામે, પછી ચારિત્ર જાય તો પણ તેના ભવચક્રનો અંત નક્કી થઇ ગયો. ભગવાને એક વખત તરવાના માર્ગમાં સુનિશ્ચિત કરી દીધો. આ ખેડૂતને દ્વેષનાં સંસ્કારો પડ્યા છે, એટલે વચ્ચે વચ્ચે પણ ભગવાનના આત્માને ત્રાસ આપ્યો છે. વચ્ચે વચ્ચે અસંખ્ય ભવ પસાર થયા છે.

શાસ્ત્રમાં એકપક્ષી રાગ-દ્વેષનાં પરિણામ સાંભળો તો છક્કા છૂટી જાય, એવી વાતો છે. અત્યારે જીવનમાં રાગ-દ્વેષ કરો છો પણ રાગ-દ્વેષ તીવ્ર ન થાય તેની કાળજી રાખો છો? ગમે ત્યાં ગમે તે રીતે રાગ-દ્વેષ બંધાઇ જશે તો હાલ-હવાલ ખરાબ થઇ જશે. **અધર્મી પરનો રાગ જામી ગયો તો હારી જવાના છો. પેલો નરકમાં જશે તો તમારે પણ ત્યાં જવું પડશે. અધર્મી સારા સ્થાનમાં જવાના છે?** તેવા સાથે રાગ બાંધો તો તમારે પણ ત્યાં જ જવાનું આવે. માટે અશુભ રાગ-દ્વેષ થઇ ન જાય, જામી ન જાય તેની ખૂબ જ કાળજી રાખો.

ગુણિયલ જીવ પર રાગ કરો, પણ અધર્મી-ધર્મહીન જીવ પર રાગ થશે અને છૂટશે નહિ, તો સમજી લેવાનું કે તમારા માટે ભાવિ અસલામત છે-જોખમમાં છે. વિચારવા જેવું છે, Red Signal(લાલ બત્તી) છે. મહાપુરુષોએ સાચી વાતો લખી છે, જે અમને તર્કથી બેસી ગઇ છે. અત્યારે તમને આ ભવમાં કોઇ ઊંચાં પાત્રો મળ્યાં નથી, છતાં તેમના પ્રત્યે અશુભ રાગ જામી જશે તો ભવિષ્યમાં તેમની સાથે રખડવું પડશે. તેથી તમને બીજા પર અશુભ રાગ જામે તો સાવચેત થવા જેવું છે અને બીજાને તમારા પર અશુભ રાગ જાગે તો પણ સાવચેત થવા જેવું છે. અત્યારે તો તમે બધાનો રાગ મેળવવા પ્રયત્ન કરો છો, પણ તે

જોખમી છે. તેમાંય અધર્મી જીવ હોય અને તમારા પર રાગ હશે, તો ભવાંતરમાં પાછો ભટકાશે, તે વખતે તમે સાવચેત નહિ હો અને લપસશો, તો તમારું પણ આવી બનશે. માટે શુભ રાગ બંધાય તેનું જ ધ્યાન રાખવાનું.

શાસ્ત્રમાં ઉદાહરણ આવે છે કે બે મિત્રો હતા. તેમનો ઘણા ભવનો ગાઢ થયેલો પરસ્પર સ્નેહરાગ હતો. બંનેએ વૈરાગ્યપૂર્વક દીક્ષા લઇ ઉત્કટ સંયમની આરાધના ચાલુ કરી. પછી કેવળજ્ઞાનીની પર્ષદામાં એક વખત દેશના અવસરે પ્રશ્ન પૂછ્યો કે અમારો મોક્ષ કેમ નથી થતો? તે વખતે કેવલીએ કહ્યું કે બંનેને પરસ્પર રાગ છે માટે. સભામાંથી ઊઠી પચ્ચક્ખાણ લીધાં કે હવે પછી જીવનમાં એકબીજાનું મોં નહિ જોવું.

રાગ વિના પણ સંસારમાં કેવી રીતે જીવાય તે ભગવાન બતાવી ગયા છે, એટલું જ નહિ, પોતાના જીવનમાં જીવી ગયા છે. વગર રાગે જવાબદારી અદા કરતા હતા. રાગ વિના પણ સંસાર કેમ ચલાવાય, ઉચિત આચરણ કેમ કરાય તેનો અમલ ભગવાને કરી બતાવ્યો છે. આપણને ભગવાન ઉપદેશ પછી આપે છે, પહેલાં જીવી બતાવે છે. ભગવાને શ્રાવક-સાધુને જે કાંઇ ઉપદેશ આપ્યો છે, તે પાળીને બતાવ્યો છે.

**સભા :-** બંને મિત્રો આરાધક હતા છતાં કેમ આત્મકલ્યાણ અટકી ગયું?

**સાહેબજી :-** આરાધક હોવા છતાં સ્નેહની ગ્રંથિ આગળ વધવામાં અવરોધક હતી. પ્રશસ્ત રાગ પણ ઉપલી ભૂમિકામાં છોડવાનો છે. નિરતિચાર ચારિત્ર પાળનાર સાધુ હોય પછી આગળની ભૂમિકામાં જ્યારે અભ્યુદ્યત વિહાર નામની સાધનાનો સાધુએ સ્વીકાર કરવાનો હોય, તો તે સ્વીકાર કરતાં પહેલાં કરવા યોગ્ય પ્રેક્ટીસ બતાવી છે, જેમાં શિક્ષા લેવામાં ઘણીવાર બે-પાંચ વર્ષ નીકળી જાય. શિક્ષામાં સાધુ ગુરુ પ્રત્યેનો સ્નેહ છોડવા પ્રયત્ન કરે, સહવર્તી સાધુ પ્રત્યે પણ રાગ છોડવા પ્રયત્ન કરે. ગુણિયલ ગુરુ પર રાગ-સદ્ભાવ જામ્યો હોય, તો તે તોડવા, ગુરુ સાથે રહે તો પણ આખો દિવસ ગુરુ સાથે વાર્તાલાપ પણ ન કરે. ઓળખતા નથી તેવી રીતે અલિપ્ત થઇ રહે. એવી એવી ટ્રેઇનીંગ છે. પ્રશસ્ત રાગ છોડવાની રીત બતાવી છે. અત્યારે તમને પ્રશસ્ત રાગ તો નથી અને અપ્રશસ્ત રાગમાં પણ ભોપાળા છે. સંસારનો નિયમ છે કે રાગ-દ્વેષ મર્યા પછી પણ સાથે લઇ જવાના છે, પૈસો અહીં મૂકી જશો પણ રાગ-દ્વેષ તો સાથે લઇ જવાના.

**સભા :-** સંસાર ક્યાં સુધી ચાલે?

**સાહેબજી :-** જુઓને દૃષ્ટાંત. ચીરાયેલા સિંહનો જીવ. ક્યાં સુધી દ્વેષ ચાલ્યો? ઘડી બેઘડીના રાગ-દ્વેષ ક્યાં સુધી ચાલ્યા? વિચાર કરવા જેવો છે. તમને સંસારમાં વાંધા-વચકા થાય, ત્યારે દ્વેષ કેવા થાય છે? અનુકૂળ પાત્ર મળે તો રાગ કેવા જામે છે? આ ભવના રાગ-દ્વેષ આ ભવમાં જ પૂરા થઇ જશે તેવું માનતા નહિ. હિસાબ-કિતાબ અહીં જ પતી જવાના નથી. હું વાસ્તવિકતા કહું છું, ડરાવતો નથી. સંસારનું વિકરાળ સ્વરૂપ આ જ છે.

**સભા :-** પદાર્થવિજ્ઞાનની દૃષ્ટિએ કેવી રીતે?

**સાહેબજી :-** રાગ-દ્વેષ ભાવ કોનો? ચેતનનો. હવે ચેતનનો ભાવ ચેતન પર અસર પાડવાનો જ. તે અસર ફરી નિમિત્ત મળે ફરી જાગૃત થાય. ખબર ન પડે પણ અંદરથી Instings(અંતઃસ્ફુરણા) જ એવી થાય. પૂર્વભવ છે, આત્મા છે તેના પુરાવા રૂપે શાસ્ત્રમાં આ દલીલ આપી છે. તમને જીવનમાં કેટલીય વખત એવું બન્યું હશે કે ઓચિંતા કોઇ અપરિચિત વ્યક્તિ મળે, જેની સાથે તેને દેખતાં જ લાગણી થાય; અને કોઇકવાર જેને ક્યારેય મળ્યા નથી, જોયા નથી, કાંઇ બગાડ્યું નથી છતાં પણ તેને જોતાં જ અણગમો થાય. વગર ઓળખાણ-પિછાણે આવી Instings(અંતઃસ્ફુરણા) કેમ થાય છે? આવું થાય ત્યારે વિચારો કે આની પાછળનું રહસ્ય શું? આ જ આત્મા અને પરલોકનો પુરાવો છે. જે આત્માને નથી માનતો તેની પાસે શું જવાબ? આમ, પૂર્વના રાગદ્વેષ ભવોભવ સંસ્કારરૂપે ચાલે છે. હા, કાળ જતાં તેની અસર ઝાંખી થતી જાય છે અને નિમિત્ત ન મળે તો સંસ્કાર અમુક કાળે ખલાસ થાય છે, પણ તે ભૂંસાય તે પહેલાં બીજો ખડકલો ચાલુ પણ થઇ ગયો હોય છે. માટે આત્મા પર સાચા-સારા સંસ્કાર પડે તેની સાવધાની તરીકે કુટુંબ-પરિવાર પર રાગ-દ્વેષ કરતાં વિચાર કરજો. જો રાગ-દ્વેષ થતા હોય તો ગાઢ બંધાઇ ન જાય તેની કાળજી રાખજો અને તેમાંય અયોગ્ય વ્યક્તિ હોય તો ખાસ કાળજી રાખજો.

ગૌતમ જેવા ગુરુ મળે તો પણ આપણામાં લાયકાત ન હોય તો નિષ્ફળ જાય. પ્રભુએ ખેડૂતનું રહસ્ય ખોલ્યું ત્યારે આખી સભા સ્તબ્ધ થઇ ગઇ. કટપૂતનાના ઉપસર્ગમાં પણ શું બન્યું છે? ભગવાનને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઉપસર્ગ ખીલા ઠોકનારનો અને મધ્યમમાં ઉત્કૃષ્ટ ઉપસર્ગ કટપૂતનાનો થયો છે. સામાન્ય માણસના પ્રાણ ચાલ્યા જાય તેવું કષ્ટ આપ્યું છે. તેમાં કારણ આગલા ભવનો પ્રભુ પ્રત્યેનો તેનો દ્વેષ છે. ત્રિપૃષ્ઠવાસુદેવના ભવમાં કટપૂતના તેમની રાણી હતી. હજારો રાણી હોય તેમાં આ અણમાનીતી હતી. તેનો દ્વેષ રહી ગયો છે અને સાટું વાળ્યું છે. તે વખતે ભગવાન તો ધર્મ પામેલા હતા પણ જો ભગવાન પણ ધર્મ ન પામ્યા હોત અને આવો ઉપસર્ગ થયો હોત તો પાછો દ્વેષનો ઝંઝાવાત ચાલુ થઇ જાત. જૈનકથાનકો વાંચતાં આવડે તો પણ ઘણો બોધ થઇ જાય. આમ વિચારો તો કરોડો સાગરોપમ ગયા, કેટલો સમય ગયો, છતાં અંદરમાં સંસ્કાર રહી ગયા.

અત્યારે ખબર હોય કે ન હોય, પણ અંદરમાં રાગ-દ્વેષ સંસ્કાર રૂપે પડ્યા રહે છે. વિચારો, સંસારમાં રાગ-દ્વેષનાં મૂળિયાં કેટલાં ઊંડાં રહે છે? આટલા ભવે અસર થાય તો થોડા ભવમાં અંત થોડો આવવાનો છે? અંદરમાં ભાવોનો ખડકલો છે. તેને વાળી-ઝૂડી સાફ કરવાનો છે. તે સિવાય અંતઃકરણ નિર્મલ ન થાય. પ્રશાંતતા-ઉપશમ-ઉપશાંતતાનો અનુભવ ન થાય.

શાસ્ત્ર કહે છે, પ્રશસ્ત રાગ પણ અંતે કાઢવાના છે. તે માટે પણ પુરુષાર્થ કરવો પડે છે. ગૌતમમહારાજને પણ, જો પ્રશસ્ત રાગ કાઢવા મહેનત કરવી પડે, તો બીજાની તો વાત જ ક્યાં કરવી? છેલ્લે શાસ્ત્રમાં લખ્યું કે બધા પ્રશસ્તરાગ પણ જીવ તોડી નાંખે, તો પણ અંતિમમાં અંતિમ શરીર પરનો અલ્પ રાગ નડે છે. સાધુ માટે લખ્યું કે, જિનકલ્પ સ્વીકારતાં પહેલાં અવાવરા સ્થાનમાં, કમ્પાઉન્ડમાં ઊભા રહેવું. એવા સ્થાનમાં ઊભા રહે જ્યાં કૂતરા,

બિલાડા આવી ઓચિંતા તરાપ મારે. તે વખતે શરીરમાં નાની-સરખી ધ્રૂજારી પણ આવે, તો સમજવાનું કે હજુ દેહનું મમત્વ છે. પચાસ ફૂટ ઊંચેથી બોમ્બ ફૂટે, તે અવાજથી તમે ભડકો તો પણ સમજવાનું કે હજી દેહની મમતા છે. જિનકલ્પ સ્વીકારતાં પહેલાં મહાત્મામાં કેવું સત્ત્વ જોઇએ? બાજુમાં બોમ્બ પડે તો પણ પોતાને કશું ન થાય. જીવતા સળગાવી નાખ્યા તો પણ હુંકારો ન કર્યો, તે બધા કેવા સત્ત્વશાળી? આપણે હજી આ બધાં મમત્વ તોડવાનાં છે.

શાસ્ત્રમાં જે શુદ્ધ સમતાની વાત છે તેની સાથે અમારું કોઇ સ્તર નથી. કષાયના પરિણામ ઓળખતાં આવડે તો જ આ ખબર પડે. આત્મકસોટી માટે, રાગ-દ્વેષની ચકાસણી માટે સો કિમિયા બતાવ્યા છે. હજી તમારું સ્તર નીચું છે, પણ યથાશક્તિ પ્રયત્ન કરો તો તમે પણ ધીરે ધીરે આરાધક બનશો.

દર્શનાચારમાં છેલ્લો-પ્રભાવના દર્શનાચાર જગતને ધર્મ પમાડવા દ્વારા શાસનની પ્રભાવના સ્વરૂપ છે.

❁ ❁ ❁

**વ્યાખ્યાન : ૧૩** **તા. ૦૩-૦૨-૯૮ મહા સુદ સાતમ, ૨૦૫૪, મંગળવાર**

## ૮. પ્રભાવના દર્શનાચાર

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્ર ઉપર શ્રેષ્ઠ ભાવપરોપકાર કરવાની ભાવનાથી આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

પરોપકારના પણ બે પ્રકાર છે. એક દ્રવ્યઉપકાર અને બીજો ભાવઉપકાર.

જીવનમાં દ્રવ્યઉપકાર પરાકાષ્ઠાનો કોનો ગણાય? તો કહે છે મા-બાપનો. વ્યક્તિને જન્મ આપવો, પાળી-પોષીને મોટો કરવો, કલાસંપન્ન કરવો તેના જેવો કોઇ મોટો ઉપકાર નથી. મા-બાપની તોલે કોઇનો ઉપકાર ન આવે. **વ્યવહારિક કે ભૌતિકદૃષ્ટિએ આ જગતમાં ઉપકારીમાં ઉપકારી મા-બાપ છે.** કોઇને કરોડ રૂપિયા આપો એના કરતાં જીવન આપો તે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉપકાર છે. **ત્યારબાદ કલાચાર્યનો, ત્યારપછી આજીવિકા આપનારનો એમ ક્રમસર ઉપકારી છે. અને ભાવઉપકારમાં દ્રવ્ય કે કોઇ વસ્તુ આપવાની નથી પણ આત્મિક દૃષ્ટિએ સહાય કરવાની છે. તેને ભૌતિક ઉપકાર કરતાં શ્રેષ્ઠ કહ્યો છે.** તમે કોઇને મકાન આપો અને તેનું પુણ્ય ન હોય તો ધરતીકંપ થાય અને મકાન પડી જાય. તેથી કોઇ ભૌતિક સહાય કરે પણ તેને ભોગવવા માટે પુણ્ય જોઇશે જ, અને ભૌતિક જે કંઇ છે તે આ ભવ પૂરતું જ છે. આ ભવમાં પણ પુણ્ય ન હોય તો હાલત બધી રીતે એવી રહે કે આ ભવમાં મળેલું પણ ન ભોગવી શકે. તેથી ભૌતિક ઉપકારની ઘણી મર્યાદા છે.

જો મા-બાપ ધર્મી હોય અને ધર્મના સંસ્કાર આપે અને આત્મિક માર્ગ પમાડે, તે મા-બાપનો ઉપકાર ભાવઉપકારમાં આવશે. બાકી તે સિવાય ભૌતિક જેટલા પણ મા-બાપના ઉપકારો છે, તે આ ભવ પૂરતા જ સીમિત છે, પણ પરભવમાં તેની લીન્ક આવવાની નથી. જે

આ ભવમાં આપ્યું છે તે અહીં જ મૂકીને જવાનું છે. જેમકે મા-બાપે જન્મ આપીને કરેલો ઉપકાર પણ આ ભવ પૂરતો જ છે. જન્મ આપવાનો, ઉછેરવાનો વગેરે ભૌતિક ઉપકાર, તમે જીવો ત્યાં સુધી શરીર દ્વારા ઉપયોગી થવાનો. મા-બાપે સારસંભાળ લીધી ત્યારે તમારા શરીરનો વિકાસ થયો. તેથી મૂળભૂત રીતે જીવનના અંત સુધી માબાપનો ઉપકાર રહે છે. પણ ભવ બદલાય એટલે તે મા-બાપ ભૌતિક દૃષ્ટિએ ઉપકારી બનવાના નહીં. માટે ભૌતિક ઉપકાર મા-બાપનો પરભવમાં શક્ય નથી. અને જો મા-બાપ ધર્મી હોય અને દીકરાને ધર્મમાર્ગ આપે તો તે ભાવઉપકાર છે. **દ્રવ્યઉપકાર એક ભવ સુધારે અને ભાવઉપકાર જન્મોજન્મ સુખ આપે છે અને દુઃખ ટાળે છે. તેથી ભાવઉપકાર શ્રેષ્ઠ કહ્યો છે.**

પરોપકાર આપણે ત્યાં ધર્મ છે પણ ભાવ પરોપકાર એ શ્રેષ્ઠધર્મ છે, કારણ કે તેમાં સ્વનું અને પરનું સાચું કલ્યાણ થાય છે. દ્રવ્યઉપકાર કરતાં ભાવપરોપકાર ઘણો ઊંચો છે. ટોપ લેવલનો ભાવપરોપકાર કરનારા અરિહંત છે. તીર્થંકરો પોતાના સામર્થ્યથી, પૂર્વભવના વરબોધિથી સંચય કરેલા પુણ્ય દ્વારા, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ભાવપરોપકાર કરે છે. સમ્યગ્દર્શન પામનારને થાય કે અનંતાનંત ભવોમાં મને સાચો ધર્મ મળ્યો છે. તેનાથી જ હું અનંતકાળ માટે સુખી થવાનો છું, તેવી તેને અંદરથી ખાત્રી થાય છે.

સમકિતીને, પોતાને આ અપૂર્વ મળ્યું છે, પારાવાર દુઃખનું નિવારણ પણ આ ધર્મથી થઇ શકે તેમ લાગે, તેથી બીજા પણ લાયક જીવોને શક્તિ હોય તો પમાડવાની તેને અવશ્ય ઇચ્છા થાય. ધર્મ પમાડવાનો ઉપાય પ્રભાવના છે. પ્રભાવના નામનો દર્શનાચાર કરવા પ્રભાવકતા નામનો ગુણ, શક્તિ અને તેને યોગ્ય ભાવો જોઇએ. બીજાના હૃદય ઉપર ધર્મનો પ્રભાવ પાડવો તે પ્રભાવના. ભય, દબાણો કે લાલચથી સાચો ધર્મ કોઇને પમાડાતો નથી. ધર્મ લાદી દેવાની વસ્તુ નથી. જો તમારો ધર્મ સામાના હૃદયનું પરિવર્તન કરાવી શકે તો તે જીવનમાં સાચો ધર્મ આચરી શકે, કારણ કે ધર્મ એ અંતરના પરિણામરૂપ છે.

ધર્મ પમાડવો એટલે તેના હૃદયમાં ધર્મનું સ્થાન જામી જાય અને ઉત્કૃષ્ટ રીતે તેના હૃદયમાં ધર્મ ભાવિત થાય તે. બીજા ધર્મોમાં અનુયાયી ખેંચવા બળજબરી, લાલચથી ધર્માંતર કરાવવાની વાત મળશે, પણ **આપણા ભગવાન કે પૂર્વાચાર્ય ભગવંતોએ આવી રીતે ધર્માંતર કરાવવાની વાત કરી નથી. અત્યારે જે મીશનરી રીતો અપનાવાય છે તેમાં લાલચ હોય છે. મુસલમાનોએ ઇસ્લામ ધર્મ ફેલાવવા માટે જોરજુલમ કર્યા છે. બીજાને ધર્મ અપનાવવા ભોળવીને, દમનથી, મારી નાખવાની ધમકી આપીને ધર્માંતર કરાવ્યાના ઇતિહાસમાં પુરાવા છે. પણ જૈન ઇતિહાસ કે શાસ્ત્રમાં આવી વાત નહીં મળે. ભગવાનની આજ્ઞા શું છે? તમે જે ધર્મ પામ્યા તે ઊંચો અને સારો લાગ્યો હોય તો વફાદાર બની વળગી રહો અને જો સામે વ્યક્તિ લાયક હોય તો તેને પણ યોગ્ય રીતે પ્રભાવનાથી ધર્મ આપો.**

ધર્માત્મા પ્રભાવનાથી ધારે તો નક્કર ધર્મ પમાડી શકશે; તે સિવાય સાચો ધર્મ ન પમાડાય, ને ખાલી અનુયાયીઓ વધે, ટોળું વધે પણ કલ્યાણ ન થાય. ભગવાનને સાચો ધર્મ પમાડવામાં રસ હતો કે અનુયાયી વધે તેમાં રસ હતો? **તીર્થંકરોને કાંઇ અનુયાયીઓ વધારવામાં રસ નથી, પણ ખરો ધર્મ પમાડવામાં રસ છે.** ધર્મ આ રીતે જ પમાય અને

બીજાને પમાડાય. કોઇના કહેવાથી તમે ભલે ધર્મ કરતા હો તો વ્યવહારથી કરો, પણ તે ધર્મ પામ્યા ન કહેવાય. સાચો ધર્મ પામ્યાની નિશાની શું? ધર્મ હૃદયમાં આરપાર વિંધાઇ જાય કે ધર્મ જેવું હિતકારી કોઇ નથી, એકાંતે કલ્યાણ કરનાર ધર્મ જ છે, તેવું લાગે. ધર્મ જ શ્રેષ્ઠ લાગે,ઊંચામાં ઊંચું જગતમાં મેળવવા જેવું તત્ત્વ ધર્મ જ છે, સાચાં સુખ-શાંતિ મેળવવા ધર્મના શરણે જ જવું પડે, બીજાને પણ સુખશાંતિ આપવા ધર્મને શરણે લાવવા પડે, અને તેના સિવાય જગતમાં ત્રણ કાળમાં સાચાં સુખ-શાંતિ મળે નહીં; આટલી શ્રદ્ધા હોય તો તમારા હૃદયમાં ધર્મનું સ્થાન છે. બીજાના હૃદયમાં ધર્મનું સ્થાન જમાવવા પ્રભાવનારૂપ આચાર છે. આઠમો આ ઉત્કૃષ્ટ દર્શનાચાર છે, તે જેનામાં આવે તે શાસનપ્રભાવક વ્યક્તિ છે.

આપણા ધર્મમાં પ્રભાવક સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાનું મૂલ્ય ઘણું ઊંચું આંક્યું છે, જે પોતે તરે છે અને બીજાને તારે છે. આરાધકો ખાલી સ્વયં તરે છે, **આરાધના કરનારા ફક્ત પોતાના કલ્યાણ માટે પુરુષાર્થ કરે છે, પરંતુ સદ્ધર્મનો પ્રવાહ વહેવડાવનાર પ્રભાવકો છે. પ્રભાવકો સ્વયં તરે અને બીજાને તારે છે. આરાધક કરતાં પ્રભાવક ચઢિયાતા છે.** પ્રભાવકથી ધર્મનો પ્રવાહ, ધર્મની ધુરા વહેતી રહે છે. ઉત્કૃષ્ટ દર્શનાચાર પાળનારને શાસ્ત્રમાં પ્રભાવક કહ્યા છે. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા બધા પ્રભાવક હોઈ શકે, પણ તે સામાન્ય લેવલવાળાનું ગજું નથી; શક્તિ, બોધ, પુણ્ય માંગે છે. સામાન્ય સાધુને બીજાને ધર્મનો ઉપદેશ આપવાની કે પમાડવાની પણ ના છે. સામા જીવની લાયકાત છે કે નહીં? અને જો લાયકાત છે તો કઇ ક્વોલિટીની છે,.અને કઇ રીતે ઉપદેશ આપે તો સામાને લાભ થાય, તે ખબર હોવી જોઇએ. જો સામી વ્યક્તિ ધર્મ પામવાના બદલે ધર્મ કરતી બંધ થઇ જાય, તો સાધુને તેનું પાપ લાગે છે. ધર્મ પમાડવાનો અધિકાર જેને તેને મળતો નથી. અવસરે કઇ રીતે બોલવું ઉચિત છે તે સમજે, તેવાને અધિકાર મળે; નહીં તો પોતાને ય નુકસાન કરે અને બીજાને પણ અનર્થ કરે. બધે બધા જ પ્રભાવક હોય કે થાય એવી કોઇ વાત નથી. આમાં સામાન્ય વ્યક્તિનું ગજું નથી. પ્રભાવના ઘણી શક્તિ અને પુણ્ય માંગે છે.

સાધુ, એ અહિંસક આચારમય જીવનનો આદર્શ નમૂનો છે, પણ તેટલા માત્રથી તેનાથી પ્રભાવના ન થાય. ગુણિયલ શ્રાવક પણ શ્રાવકાચાર પાળતો હોય તો તે પણ આદર્શરૂપ થાય. તે આદર્શ સાધુ-શ્રાવક જ્યાં જાય ત્યાં ધર્મની સારી છાયા ઊભી કરે, પણ તેટલા જ કારણે તેમનામાં ધર્મપ્રભાવકતા ન હોય. બીજાને ધર્મ પમાડવા વિશેષ શક્તિ અને વિશેષ ધર્મનો બોધ જોઇએ. કોઇ વાત્સલ્યથી, કોઇ સમજણથી, કોઇ તમારા વર્તનથી ધર્મમાં જોડાય. ઘણા આચારપ્રિય, ઘણા જ્ઞાનપ્રિય, ઘણા તપપ્રિય, ઘણા દાનપ્રિય હોય છે. જો વિવેકશક્તિ હોય, બોધશક્તિ હોય તો તે બીજા અનેક જીવોને ધર્મમાં સ્થિર કરાવતા આગળ ચાલ્યા જાય. તમારું કામ જાણકાર ગુરુ સુધી લીંક કરી આપવાનું. પણ લાયક જીવને અંતઃકરણમાં ધર્મ ઉતારવો તે જબરજસ્ત પ્રભાવકનું કામ છે. આ બધું કોણ સમજી શકે? વ્યક્તિને ઓળખીને તેને બોધ કોણ આપી શકે? જેની પાસે બોધ હોય તે. બાકી તો જીવ એવા મૂઢ હોય કે મરણ પથારીએ છેલ્લી દશામાં હોય તોયે મોહદશાને કારણે ધર્મનું નામ સાંભળવું પણ ગમતું નથી. અંત સમયે પણ બાધા ન લે. આવા સમયે બ્રહ્મચર્યની પણ બાધા ન લે તેવા દાખલા છે.

સુલસા, અનુપમાદેવી, દમયંતી, મયણાસુંદરી આ બધાં ધર્મ પમાડનાર બન્યાં.

સુલસા, અંબડને દઢ કરવામાં તેના વ્યવહારથી કારણ બની ને? અંબડપરિવ્રાજક ધર્મ પામેલો જ હતો અને પ્રભુએ તેને સ્થિર કરવા સુલસા પાસે ધર્મલાભ કહેવા મોકલ્યો છે. તે બુદ્ધિશાળી છે એટલે થયું કે આ બાઇમાં શું વિશેષતા છે કે ભગવાને તેને સ્પેશીયલ ધર્મલાભ કહ્યો છે? વિશેષતાની તપાસ કરવાનું નક્કી કર્યું છે. પોતે મહાવીર ભગવાનનો અનુયાયી બન્યો છે, પણ વેશ સંન્યાસીનો છે. સંન્યાસીને સમાજ પાસે ભિક્ષા માંગી જીવન જીવવાનો વ્યવહાર છે અને તે વખતે સુલસાનો ઉચિત વ્યવહાર જોઇ ધર્મમાં દઢ થયો છે. સુલસા ધર્મ પમાડી શકે છે તે પણ મહાવીર ભગવાનના અનુયાયીને- શ્રાવિકા સંન્યાસીને ધર્મ પમાડી શકે છે. તેનામાં આ વિશેષતા છે. કારણ? વિચક્ષણ છે, તત્ત્વજ્ઞાની છે, તત્ત્વ ભણેલી છે.

દમયંતી-મયણા પણ પ્રભાવક શ્રાવિકાઓ છે. વિવેકશક્તિ, બોધ, પુણ્યપ્રકૃતિ એટલી હોય કે ભગવાનના શાસનની જાહોજલાલી કરે. આ બધી ગીતાર્થ શ્રાવિકાઓ હોઇ તેમનામાં પ્રભાવકતાનો ગુણ છે. ચંપાશ્રાવિકા પ્રભાવક હતી માટે અકબરને દેવ-ગુરુ-ધર્મની ઓળખ આપી શકી. આ રીતે રાજવી જેવા પ્રતિભાશાળીને પ્રભાવિત ક્યારે કરી શકે? પહેલાં તો પોતે એટલા જાણકાર જોઇએ, પછી બીજી શક્તિઓ જોઇએ. અનેક ગુણથી ભરેલાં હોય તો જ શ્રાવક-શ્રાવિકા પ્રભાવક બની શકે. તમારા પરિચયમાં કેટલાય નાસ્તિક આવે, તેમને આસ્તિક બનાવી શકો ખરા? ફક્ત પ્રસંગે જ એવી માર્મિક ટકોર કરો, કે જે સામાના હૃદયમાં ઉતરી જાય તો તે ધર્મ પામી શકે. તમારી વાત કંઇ વિશેષ-અજોડ લાગે અને તમારાં વિશેષ શક્તિ-પુણ્ય હોય, તો તમે પણ બીજાને ધર્મ પમાડવામાં કારણ બની શકો અને તમારા દ્વારા પણ ભાવપરોપકાર થાય. પ્રભાવકતા લાવવા બોધ જોઇએ. તમારા મિત્રો સાથે જે વ્યવહાર કરો તે ફાયદામાં ક્યારે થાય? કુણી લાગણીનો ઉપયોગ કરીને કોઇવાર પ્રસંગે સાચી વાત કરો, તો તેના હૃદયમાં ઊતરી જાય. આમાં એક તો આવડત જોઇએ અને બીજું કુણી લાગણી જોઇએ, પછી બલિદાનની ભાવના જોઇએ. આ બધું હોય તે આ કરી શકે. પરમપદ સુધી આ પ્રભાવના નામનો દર્શનાચાર પહોંચાડી શકે.

• પ્રભાવના નામના દર્શનાચારથી તમે ભવોભવ દર્શનગુણ પામવાના અને તેનાથી વિખૂટા કદી થવાના નહિ, અને કલ્યાણનો માર્ગ પ્રદાન કરવાની તમારી ભાવનાથી તમારો મોક્ષમાર્ગ નિષ્કંટક બને. તમને ભવોભવ ધર્મ મળે અને પાંચ-પચ્ચીશ ભવમાં નિર્વિઘ્ને પાર પામી મોક્ષે પહોંચી જાઓ. જો તમારું માનસ પલટો તો આવો ઉચ્ચ કક્ષાનો દર્શનાચાર આવે. ધર્મની સાચી વાત કે સિદ્ધાંત સામાના હૃદયમાં ઉતારી દો તો ભાવપરોપકાર થઇ શકશે. ઘણું બલિદાન આપો ત્યારે પ્રભાવનાનો ઉત્કૃષ્ટ દર્શનાચાર પાળી શકો અને તો જ દર્શનગુણ અસ્થિમજ્જાવત્ વણાઈ જવાનો.

અનુપમાદેવી કલિકાલનાં શ્રાવિકા છે, છતાં અત્યારે તે બધું પામી ગયાં છે ને? કેમ? અનુપમાદેવીના ભવમાં અનુપમાદેવીએ દીક્ષા લીધી નથી, ફક્ત શ્રાવકાચાર જ પાળ્યો છે. તેમના અણુવ્રતો અને આચાર જોઇને બીજા મોઢામાં આંગળાં નાંખે તેવો વિશુદ્ધ આચાર-ધર્મ તેમનો હતો. એટલે બધું પામી ગયાં અને ઠેકાણે પડી ગયાં. તમે તેના સોમા ભાગનો પણ વિશુદ્ધ ધર્મ કરો છો? તો પછી તેવું ફળ ક્યાંથી મળે? વિશુદ્ધ ધર્મ વિધિપૂર્વક સેવાય તો ફળ આવતાં વાર લાગતી નથી. દમયંતી પણ થોડા ભવમાં કલ્યાણ કરી મોક્ષે જનાર છે.

શ્રાવકાચારમાં પણ આ બધી શક્તિ છે.

**સભા :-** વ્યાખ્યાન આદિ પછી કરાતી પ્રભાવના, તે આ?

**સાહેબજી :-** વ્યાખ્યાન, પ્રતિક્રમણ પછી તમે જે પ્રભાવના કરો છો તે આ નથી. તે પ્રભાવના સ્થૂલ દર્શનચાર છે, સાધર્મિકભક્તિનો જ એક પ્રકાર છે. વ્યાખ્યાન આદિ પછી ધર્મી જીવોને ભૌતિકદ્રવ્ય દ્વારા, ધર્મ ઉપર તેમની પ્રીતિ, બહુમાન, આદર વધે તેના માટે કરાતી આ પ્રભાવના છે. તપસ્વી, ત્યાગી ધર્મી જીવોને ભૌતિકદ્રવ્યની પ્રભાવના કરી, પ્રભાવના કરનાર તેમની ભક્તિનો લાભ લે છે અને પ્રભાવના લેનાર પણ તેને આ લાભ આપે છે. આ પ્રભાવનાની અહીંયાં વાત નથી. તમારા મનમાં પૈસાની મહત્તા ખૂબ ઘૂસી ગઈ છે, પણ ભૌતિક દ્રવ્યોનું મૂલ્ય શું? **જૈનશાસનમાં પ્રભાવના લેનારનો હાથ ઊંચો અને પ્રભાવના આપનારનો હાથ નીચો છે. પણ તમને તે બેસશે?** બે-પાંચ હજાર રૂપિયા કોઈ વાપરે તો તમારું મોઢું ભરાઈ જાય છે, કારણ કે તમારા મગજમાં ભૌતિક વસ્તુ-પૈસાનું મહત્ત્વ વધારે છે. પણ ભૌતિક વસ્તુ કે પૈસો એ તુચ્છ વસ્તુ છે. પ્રભાવનામાં ભક્તિ કોની કરવામાં આવે છે? ધર્મ પામેલાની; ધર્મ પામેલા ન હોય છતાં પ્રભાવનાના આકર્ષણથી આવતા હોય તેવા જીવો, જો લાયક હોય તો આગળ જઈને ધર્મ પામી જાય તો તેમાં પ્રભાવના દ્વારા સફળતા મળી કહેવાય.

**સભા :-** પ્રભાવના કેવી ભાવનાથી આપવાની?

**સાહેબજી :-** ધર્મીના દર્શન પણ દુર્લભ છે. ૧૦૦ જણને તમે સંઘમાં પ્રભાવના કરો તેમાં કદાચ ૯૯ લાલચું હોય અને એક જીવ પણ લાયક હોવાથી પામી જાય તો તમારું આપેલું સફળ છે, સાર્થક છે. **જગતમાં ધર્મ અને ધર્મીનાં દર્શન પણ દુર્લભ છે. તેમનાં ભક્તિ અને બહુમાન માટે 'મારી પાસે કંઇ નથી, પણ આ તુચ્છ વસ્તુ આપીને તેમની ભક્તિ કરી હું લાભ લઉં' તેવી ભાવનાથી પ્રભાવના કરવાની છે.**

આ જગતમાં ધર્મ, સદાચાર, સદ્‌ગુણ એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વસ્તુ છે. તે જેની પાસે છે તેઓ જ ખરેખર દુનિયાના વૈભવસંપન્ન જીવો છે. સાધુ-સાધ્વી તમારે ત્યાં ભિક્ષા માટે આવે તો તમારી પાસે આપવા માટે ઉત્તમમાં ઉત્તમ દ્રવ્ય શું છે? "આપણે જ કચરા જેવું જીવનારા તેમને શી ઉત્તમ વસ્તુ આપવાના?" જે હોય તે બધું જ ધરી દો તોય ઓછું છે. આપણી પાસેનાં તુચ્છ આહાર-પાણી કે ઔષધ સંયમી મહાત્મા લે અને આપણી પાસે રહેલી કચરા જેવી વસ્તુથી આપણે તેમના સંયમમાં પૂરક બનીએ, તેના જેવું મહાભાગ્ય શું? સાધુ વહોરે તો તમને લાભ મળ્યો અને તમારા પર તેમણે ઉપકાર કર્યો, તેમ તમને થવું જોઈએ. તમે જે આપો તે તો સાધુઓ બધું છોડીને નીકળ્યા છે. અનુપમ આત્માના ગુણો, ઐશ્વર્ય અમારે જોઈએ છે અને તેના માટે અમે નીકળ્યા છીએ. મહાત્માને આપવા તમારી પાસે કોઈ ઊંચી અને સારી વસ્તુ નથી. માટે તમારી પાસે અમારે લેવાનું કાંઇ નથી અને તમે લાયક હો તો ઊલટું અમારે આપવાનું છે. તમારી પાસે આપવા ઊંચી કોઇ વસ્તુ નથી, છતાં તુચ્છ દ્રવ્યથી તમને લાભ મળે છે. મહાત્મા આવી તુચ્છ વસ્તુ લઇ તમારા પર ઉપકાર કરી રહ્યા છે.

જ્યારે તમે દ્રવ્યપ્રભાવના કરો છો તે ભક્તિનો એક પ્રકાર છે. યોગ્ય ભાવથી કરતા હોય અને તે યોગ્ય ભાવથી લેતા હોય તો બંનેને પુણ્ય બંધાય. "આપનાર ધર્મી માની મારી ભક્તિ કરે છે, તેથી ધર્માત્મા તરીકે મારું કર્તવ્ય વધી જાય છે. માટે મારે ધર્મ કરવાનો અને મારી પણ શક્તિ હોય તો હું પણ પ્રભાવના કરું," તે ભાવથી પ્રભાવના લેવાની છે. પણ આ પ્રભાવના બહુ મામૂલી વાત છે, તે અર્થ અહીં ન લેતા. **દ્રવ્યપ્રભાવના અને ભાવપ્રભાવના બંને જુદી છે. હૃદયથી કોઇ ધર્મથી પ્રભાવિત થાય તે ભાવપ્રભાવના છે. મયણાએ કેટલાને પમાડ્યા?** તેણે ધર્મ ખાતર ઘણું બલિદાન આપ્યું. મયણાને ધર્મની પ્રભાવનાનો આશય છે. તેણે કાંઇ બધાને શ્રીફળ વહેંચ્યાં નથી. રાજ, કુટુંબ વગેરે બધાને છોડીને ગઇ છે. કોઇને શ્રીફળ આપવું તે સહેલું છે પણ કોઇના હૃદયમાં ધર્મ ગોઠવી આપવો તે દુષ્કર છે. માટે બંને પ્રભાવનાની સરખામણી ન કરાય. સાધનસંપન્ન હોય તો ભૌતિક વસ્તુની પ્રભાવના કરી શકે. પણ આ પ્રભાવના બહુ મામૂલી વાત છે. તે અર્થ અહીં ન લેવો.

સમ્યગ્દર્શન આવે પછી સંપૂર્ણપણે આઠેય દર્શનાચારનું અંતઃકરણપૂર્વક સેવન આવે અને સમ્યગ્દર્શન લાવવા પણ અભ્યાસરૂપે દર્શનાચારનું સેવન કરાય, અને તેનાથી આ ભવમાં ન પામે તો પણ પરભવમાં આ દર્શનગુણ આવે છે. આઠે પ્રકારનો દર્શનાચાર પાળતાં પાળતાં સમ્યગ્દર્શન ગુણ આવી જાય.

દર્શનગુણ પામવા અને દર્શનગુણ પામેલાને સ્થિર કરવા દર્શનાચાર તે સાધન છે. હરેક ગુણનો જુદો જુદો આચાર છે. જ્ઞાનાચાર એ જ્ઞાનગુણનો આચાર છે. જ્ઞાનાચાર એ જ્ઞાનગુણનો પાલક, પોષક અને ઉત્પાદક છે. ચારિત્રાચાર, તપાચાર તે તે ગુણના પાલક, પોષક અને ઉત્પાદક છે. આપણે ત્યાં આચાર સુબદ્ધ અને સાંગોપાંગ છે અને તેમાં તે તે ગુણની ઉપાસના આવી જાય છે.

પાલક અર્થાત્ જે છે તે ટકાવી રાખે, જે છે તે સ્થિર રાખે.
પોષક અર્થાત્ જે છે તેની પુષ્ટિ કરે, અભિવૃદ્ધિ કરે.
પૂરક અર્થાત્ જે છે તેની પૂર્તિ કરે, દઢ કરે, સપ્લીમેન્ટ કરે.
ઉત્પાદક અર્થાત્ ન હોય તો ઉત્પન્ન કરે.

સમ્યગ્દર્શનની સર્વાંગી ઉપાસના કરવા અષ્ટવિધ દર્શનાચારમાં તન્મય થઇ જાઓ. આપણે ત્યાં ખૂબી એ છે કે તે તે ગુણને સંપૂર્ણ પ્રાપ્ત કરવા તે તે આચારમાર્ગ બતાવ્યા છે. તેમાં તે તે ગુણની સંપૂર્ણ ઉપાસના આવી જાય. સમ્યગ્દર્શન ગુણ એક મૂક્યો, પણ તેની સર્વાંગી ઉપાસનાને આવરી લેવા આચાર આઠ મૂક્યા, જેથી કોઈ પાસું બાકી ન રહે. તે બધા દર્શન સાથે સંકળાયેલા છે. જૈનાચારમાં આ બધી ખૂબી છે. આટલો બધો સુબદ્ધ રીતે ગોઠવાયેલો આચારધર્મ જૈનધર્મ સિવાય ક્યાંય નહીં મળે. કેટલો વૈવિધ્યસભર, તર્કબદ્ધ અને સાંગોપાંગ જૈનશાસનનો આચારમાર્ગ છે! તે તમે જેમ જૈનદર્શનનો ઊંડાણથી અભ્યાસ કરતા જાઓ તેમ ખબર પડે.

પ્રભાવના આચારને જ્ઞાનાચારમાં ન મૂકતાં દર્શનાચારમાં કેમ મૂક્યો? કારણ સમ્યગ્દર્શન=એટલે ધર્મની તીવ્ર અભિરુચિ. આમ આ આચાર દર્શનગુણ સાથે સંકળાયેલો છે. **ધર્મની તીવ્ર અભિરુચિવાળાને બીજાને ધર્મ પમાડવાની ઉત્કટ ભાવના થાય.**

**માટે પ્રભાવના ગુણને જ્ઞાનાચારમાં ન મૂક્યો પણ દર્શનાચારમાં મૂક્યો. આમ વૈજ્ઞાનિક ઢબે વર્ણવેલ આચાર તમને બીજે ક્યાંય મળે?**

અત્યારે તો હું તમને જે કહું છું તે તો પ્રાથમિક છે. આઠ પ્રકારના પ્રભાવક કહ્યા છે. બીજા આગમમાં નવ પ્રકારની પ્રભાવકતા કહી છે. અહીં તો સામાન્યથી દર્શનાચારનું વર્ણન કર્યું છે. આનો પ્રભાવ શું તે તો વિસ્તાર કરું ત્યારે ખબર પડે. દર્શનાચારના દરેક આચારના પણ પેટા પ્રકારો પડવાના. વાત્સલ્ય, સ્થિરીકરણ, પ્રભાવના વગેરેના પ્રકારો પડે. વળી પાછા તેના અસંખ્ય પ્રકાર છે. દર્શનાચાર ભણવામાં ઘણો સમય જાય તેમ છે. ધર્મ, છ આવશ્યકમય, પંચાચારરૂપ, રત્નત્રયીરૂપ હોવાથી તેનાં ઘણાં પાસાં છે. દાન-શીલ-તપ-ભાવરૂપે પણ ધર્મ કહ્યો. આપણા ધર્મનો ખાલી નૈતિકતામાં સમાવેશ થતો નથી. જીવનનું કોઇ પાસું એવું નથી જે ધર્મમાં વણી લીધું ન હોય. જગતનાં જીવમાત્રને તેની લાયકાત પ્રમાણે ધર્મ પમાડવાની વાત આપણા ધર્મમાં છે.

**સભા :-** શાસનરક્ષા એ દર્શનાચાર છે?

**સાહેબજી :-** શાસનરક્ષા એ દર્શનાચાર છે પણ તે કટોકટીમાં હોય છે, રોજ રોજ નથી. પણ અષ્ટવિધ દર્શનાચાર રોજ પાળવાનો છે.

**ધર્મતત્ત્વ :-** દુનિયામાં કોઇ એવો જીવ ન હોય કે જેનું હિત ધર્મમાં વણાયેલું ન હોય અને તમારા જીવનનું કોઇ એવું પાસું ન હોય જ્યાં ધર્મ સમાયેલો ન હોય. પંચાચાર બારે મહિના પાળવાનો છે. એક વસ્તુનો સર્વાંગી બોધ કરો જેથી તે ધર્મ હૃદયમાં આરપાર ઉતરી જાય.

ધર્મના બે પ્રકાર પાડ્યા છે. એક સમ્યગ્જ્ઞાનરૂપ અને બીજો સમ્યક્ક્રિયારૂપ ધર્મ છે. સમ્યગ્જ્ઞાન અને ક્રિયામાં આખા ધર્મનો સમાવેશ કર્યો. તેમાં સમ્યગ્જ્ઞાન-ક્રિયા એટલે શું? મિથ્યા હોય તો શું? તે બધી ચર્ચા આવે. આ બધું સમજવા નયવાદ આવે. વોલ્યુમો ભરાય એટલું આના ઉપર શાસ્ત્રમાં વર્ણન છે. તેના માટે બાર મહિના ઓછા પડે.

મોક્ષમાર્ગ, રત્નત્રયીરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે. મોક્ષ આત્માના ત્રણ ગુણને લીધે છે. ત્યાં જુદો એંગલ છે. આત્માના અનંતાનંત ગુણોનો સંક્ષેપથી તે ત્રણમાં સમાવેશ કર્યો. બે પણ નહીં અને ચાર પણ નહીં. ત્રણ જ કેમ લીધા તેનું પણ ઊંડું જ્ઞાન જોઇએ. ધર્મ પાંચ પ્રકારનો, દસ પ્રકારનો, અગિયાર પ્રકારનો જે પ્રકારનો જોઇએ તે પ્રકારનો બતાડું અને આ દરેકમાં બધો ધર્મ સમાઇ પણ જાય. ગમે તે રીતે લો. એક જ વસ્તુને જુદા જુદા પાસાથી જોઇ સર્વાંગી અભ્યાસ કરો તો જ ધર્મ આત્મસાત્ થાય. સનાતન-શાશ્વત-કલ્યાણકારી તત્ત્વ તે જ ધર્મ છે. તીર્થંકરો હતા તે પહેલાં પણ ધર્મ હતો, પછી પણ છે. પણ તેને ઓળખવો, વિચારવો, આચરવો તે સહેલું નથી. ધર્મ કોઇની બાપિકી મૂડી નથી. એનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. કલ્પના ન થાય તેવો ધર્મ છે.

વ્યાસમુનિએ લખ્યું કે "ધર્મ એ અતિગહન છે અને સૂક્ષ્મબુદ્ધિથી ગ્રાહ્ય છે." ધર્મનો જે મહિમા ગાયો છે તે સાંભળીએ તો આભા થઇ જઇએ. ધર્મને સમજવા માટે ભલભલાંની બુદ્ધિ મુંઝાઇ જાય એમ છે. પ્રજ્ઞાવાનોની પ્રજ્ઞા પણ મુંઝાઈ જાય, ઓછી પડે. ધર્મને સૂક્ષ્મતાથી

સમજવામાં પ્રજ્ઞાવાનોની પણ કસોટી થાય. અતિ ગંભીર તત્ત્વ છે. ગંભીરતાને પામવા અનહદ બહુમાન સાથે પ્રયત્ન કરશો તો ક્ષયોપશમ થશે, અને પછી તો આ ભૌતિક બધું કચરો લાગશે અને ધર્મનો મર્મ સમજાશે. વિજ્ઞાનની અને બીજી બધી બાબતો તુચ્છ લાગશે. ગમે તેટલું સાયન્સમાં નવું નવું આવે, તે ય પછી તમને કચરો લાગવા માંડશે, અહિતકારી જ લાગશે, ધર્મ જ કલ્યાણમાર્ગ લાગશે. તમે ધીરેધીરે ક્ષયોપશમ કરીને સમજતા થશો તો આ ભવમાં જીવતાં શાંતિ અને મરતાં પણ શાંતિ. પરલોકમાં પણ સાથે આવે તેવી કોઇ વસ્તુ હોય તો તે આ ધર્મ જ છે. આ ભવમાં, પરભવમાં એકાંતે કલ્યાણકારી ધર્મતત્ત્વ જ છે, એવા બહુમાનથી ધર્મ કરશો તો ક્ષયોપશમ થશે.

*** *** ***

**વ્યાખ્યાન : ૧૪ તા. ૦૪-૦૨-૯૮, મહા સુદ આઠમ, ૨૦૫૪, બુધવાર**

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓએ જગતના જીવમાત્રને કલ્યાણની સામગ્રી પૂરી પાડવા આ ધર્મતીર્થની સ્થાપના કરી છે.

કોઇ જીવ એવો નથી જેના માટે કલ્યાણની સામગ્રી આ શાસનમાં ન હોય, છતાં જીવને ભાવથી આ શાસનની પ્રાપ્તિ થતી નથી, તેથી તેનું કલ્યાણ થતું નથી. તેથી ભાવથી તેને શાસન પમાડવું એ જ શ્રેષ્ઠ પરોપકાર છે. પારાવાર યાતનાઓ ભોગવી આ જીવ એવો થઇ ગયો છે કે, તેને ખબર પણ નથી કે તેણે કેટલું વેઠ્યું છે. જો તે જાણે તો થઇ જાય કે આ સંસારમાં જરાયે રહેવા જેવું નથી. પણ જીવને કંઇ યાદ જ રહ્યું નથી. એક નાનું સરખું દુઃખ પણ વેઠાતું નથી તો ખરેખર આપત્તિઓનો વરસાદ થશે, ત્યારે શું થશે તેની જરાયે ચિંતા નથી. ખાલી વર્તમાનમાં જ રાચે છે તે ટૂંકી દષ્ટિવાળા નાસ્તિકો છે. તેની અપેક્ષાએ પરલોકની સૂઝવાળા દીર્ઘદષ્ટિવાળા છે. મોટા માણસો સ્ટેટસ અને ડીગ્રી લઇને ફરતા હોય તેનાથી તમે ડઘાઇ જાઓ છો, પણ તમને થવું જોઇએ કે તેમને ભાન નથી કે, આગળ તેમનું શું થશે. તમને આવા જીવોની દયા આવે તો તમારી પાસે સાચી દષ્ટિ છે. મૂર્ખાઓ કે જે ધર્મનો પડછાયો લેતા નથી, તેમના પ્રત્યે તમને કરુણાનો-દયાનો ભાવ આવવો જોઇએ. મને ધર્મ મળ્યો, એટલે મારી પાસે સમજણ આવી છે અને આ લોકોને ભાન નથી થતું, તેવું જો તમને થાય તો તમે ધર્મ પામ્યા છો, તેમ માનવું. તેમાંયે લાયક જીવો ધર્મ પામે તો સારું, એવી ભાવનાથી તેમને ધર્મ પમાડવાની ભાવના સમ્યગ્દૃષ્ટિ આત્માને થાય. જેને સાચો ધર્મ બીજા જીવોને પમાડવો હોય તેને આઠમા પ્રભાવના દર્શનાચારની જરૂર પડવાની. આજ સુધીમાં જીવો ધર્મ પામ્યા છે તેમાં કારણ શું? સમ્યગ્દૃષ્ટિઓનો પ્રભાવના દર્શનાચાર. ખાલી ધર્મ પકડાવી દેવાનો નથી, પણ પમાડવાનો છે. નહીંતર તીર્થંકરોને ગામેગામ વિચરવાની શું જરૂર હતી? તેથી જ તો તીર્થંકર ભગવંતો ગામેગામ વિચરી દરરોજ બે પ્રહર દેશના આપે છે. વધારે સમય થાય તો જુદી વાત. હવે પરોપકાર માટેનો શ્રમ કેટલો? ભગવાન આટલો બધો શ્રમ કેમ કરે છે? તેની પાછળ કારણ શું? ભગવાન જાણે છે કે ધર્મ પમાડવો હોય તો ઉપાય આ

એક જ છે. **ચમત્કાર બતાવી ધર્મ ન પમાડાય, બાકી તો ભગવાન ઇંદ્રને કહી દેત કે ચમત્કાર બતાવી ધર્મ પમાડ, અથવા અજૈનને જૈન બનાવી દે. પણ તે રીતે પમાડેલા ધર્મથી અનુયાયીઓનું મોટું ટોળું થાય, પણ તે ધર્મ જગતના જીવોના કલ્યાણનું કારણ બને નહીં. આથી આપણા કોઇ તીર્થંકરોએ જગતના લાયક જીવોને ધર્મ પમાડવા આવા આડાઅવળા ઉપાય નથી બતાવ્યા.**

**સભા :-** ચમત્કાર પ્રભાવનામાં ન આવે?

**સાહેબજી :-** ખાલી ચમત્કાર પ્રભાવના નથી. ચમત્કાર તો યોગ્ય જીવને આકર્ષવા પૂરતો છે, પણ જીવ આકર્ષાયા પછી લાયક જીવને પ્રતિબોધ કરવા તો ધર્મના સિદ્ધાંતો જ સમજાવવા જોઇએ. તેનાથી જ ધર્મ પ્રત્યે આકર્ષણ/શ્રદ્ધા વધે છે. જ્યારે ચમત્કાર દ્વારા તો ભૌતિક ફ્લની શ્રદ્ધા વધે. મૂળ સાચા ધર્મ પર ચમત્કારથી શ્રદ્ધા નહીં થાય. ધર્મ એટલે શું?

**સભા :-** આત્માનો સ્વભાવ તે ધર્મ.

**સાહેબજી :-** તો પછી ચમત્કાર સાથે આત્માના સ્વભાવને કોઇ લેવા દેવા ખરી? ખાલી કોઇ જીવ ન આવતો હોય તો તેને ચમત્કાર દ્વારા આવતો કરાય. દા.ત. કોઇ દેરાસર-ઉપાશ્રય ન આવતો હોય, તો જેમ મોટો મહોત્સવ માંડો તેનાથી અહીં આવતો થાય, તેમ ચમત્કારથી આકર્ષાયેલા આવતા થાય. પરંતુ ચમત્કારથી ધર્મ પર શ્રદ્ધા નથી વધતી, પણ ધર્મના ભૌતિક ફ્લ ઉપર શ્રદ્ધા વધે છે. આવા જીવો ભગવાનંના સમવસરણમાં જાય તો પણ શું પકડે? તીર્થંકરના ગુણ પકડે કે તીર્થંકરનું પુણ્ય પકડે? ભગવાન રત્નના સિંહાસન પર બેસે, તે જોઇ આવા જીવને થાય કે, કેવાં સિંહાસન! કેવાં છત્ર! વગેરે જોઇ મોંમાં પાણી આવે, પણ તેથી આત્માનું શું વળે? તે વળગ્યો કોને? ભગવાનને કે ભગવાનની આ બહારની રિદ્ધિસિદ્ધિને? ધર્મને વળગે છે કે ધર્મના ફળને? અભવ્ય જીવ પણ આવું જોઇ ધર્મમાં માને છે, પુણ્યપાપની શ્રદ્ધા દ્વારા સંસાર ત્યાગી દીક્ષા પણ લઇ લે છે; પણ છતાં પલ્લે શું પડે? કોઇ દિવસ ધર્મ આવે ખરો? તે શ્રદ્ધાને ભગવાને ધર્મની શ્રદ્ધા નથી કહી. ધર્મના નામથી પોતાને ફાવતી વસ્તુ પર શ્રદ્ધા થઇ છે, તેમાં ધર્મને અને તેવી શ્રદ્ધાને લેવા દેવા શું? ન્હાવા-નીચોવાનો સંબંધ નથી. ધર્મને અને તેને કાંઇ લાગતું વળગતું નથી. આવી શ્રદ્ધાને ધર્મશ્રદ્ધા કહેવાતી હોત તો દુનિયાના બધા જીવોને આવી શ્રદ્ધા કરાવવાની તીર્થંકરોની તાકાત હતી. પ્રભુની સેવામાં કરોડો દેવતા હતા. પણ તમને ખબર નથી કે આવી શ્રદ્ધા પેદા કરવા જતાં ઘણી વાર તો લાલચુ સ્વાર્થી લોકોનું ટોળું ભેગું થઇ જાય. તમારે ધર્મના ક્ષેત્રમાં ધર્મીઓને કે ધર્મના નામથી લાલચુઓને ભેગા કરવા છે?

**સભા :--** આવશે તો પામશે ને?

**સાહેબજી :-** પમાડવાની જવાબદારી તમે લેશો? શાસ્ત્રમાં લખ્યું કે અહીં આવશે તો પણ કોણ પામશે? લાયક હશે તે. ગેરલાયક હજાર વાર આવશે તો પણ ધર્મ નહીં પામે. તમે ધર્મ પમાડવાના નામથી શું ઇચ્છો છો? માત્ર ઉપાશ્રય ભર્યો ભર્યો રહે તેવું ઇચ્છો છો? બાકી તો

વિચારે કે અંહીં કોને ભેગા કરવા છે? શાસ્ત્રમાં કહ્યું કે લાયક જીવોને આકર્ષવા જેવા છે. માટે ચમત્કારનો ઉપયોગ ક્યાં કરવાનો? લાયક જીવ હોય અને તે ચમત્કાર વિના ખેંચાય નહીં, તો તેને ખેંચવા પૂરતો ચમત્કાર કરાય; બાકી ચમત્કારથી જ શ્રદ્ધા જામે અને તે જ સાચી શ્રદ્ધા છે, એવું માનતા હો તો તેવું નથી. આત્માનો સ્વભાવ તે ધર્મ છે, તો પછી ધર્મની શ્રદ્ધા એટલે શું? આત્માના સ્વરૂપની શ્રદ્ધા. હવે આત્માના સ્વરૂપની શ્રદ્ધા અને ચમત્કારથી થતી શ્રદ્ધા, બે વચ્ચે તફાવત જાણો છો? તમને જીવનમાં આત્મસ્વભાવની શ્રદ્ધા છે કે ધર્મના કોઇ અવનવા ફળ ઉપર શ્રદ્ધા છે? ધર્મની શ્રદ્ધા છે ખરી?

**સભા :-** હાજી, ધર્મની શ્રદ્ધા છે.
**સાહેબજી :-** તો આત્માના સ્વભાવ પર શ્રદ્ધા છે?

**સભા :-** આત્મજ્ઞાન થાય પછી જ આત્માના સ્વભાવ પર શ્રદ્ધા થાય ને?
**સાહેબજી :-**ના, પહેલાં સ્વભાવની શ્રદ્ધા થશે, પછી જ આત્મજ્ઞાન થશે. આત્મશ્રદ્ધા પહેલું પગથિયું છે. ઘોડાગાડીમાં ઘોડો પહેલો હોય અને પછી ગાડી હોય. પૂજ્ય દેવચંદ્રજી મહારાજ સાહેબે શીતલનાથ ભગવાનની સ્તવના કરતાં લખ્યું "એમ અનંત દાનાદિક નિજગુણ, વચનાતીત પંડુરજી; વાસન ભાસન ભાવે દુર્લભ, પ્રાપ્તિ તો અતિ દૂરજી." આ તો ગુજરાતી ભાષા છે, છતાં તેનો અર્થ નહીં સમજાય. આ મહાપુરુષ શું કહે છે? "હે પ્રભુ આપનો જે આત્મા છે, તે જગતમાં મૂળભૂત વિશુદ્ધ આત્મા છે." એટલે સિદ્ધ ભગવંતનો આત્મા જ સંપૂર્ણ વિશુદ્ધ આત્મા છે. સો ટકા શુદ્ધ આત્મા ભગવાનનો છે. તેમનો સ્વભાવ તે અનંતા દાનાદિક ગુણોથી ભરપુર છે. દયા-દાન-તપ-ત્યાગ-ગંભીરતા-ઉદારતા-દર્શન-જ્ઞાન-ચારિત્ર-વગેરે અનંતા ગુણો છે. ભગવાનના ગુણોને લખવાનું ચાલુ કરો તો નોટો ભરાઇ જાય, પણ પાર ન આવે. પણ જીવને આત્માના ગુણોની શ્રદ્ધા થવી દુર્લભ છે. માટે લખ્યું વાસન ભાસન ભાવે દુર્લભ, પ્રાપ્તિ તો અતિ દૂર છે; પણ શ્રદ્ધા પણ દૂર છે. તમને તમારા આત્માના સ્વભાવની શ્રદ્ધા હોય, તો થાય કે, જગતમાં જે રિદ્ધિસિદ્ધિ, વૈભવ, ઐશ્વર્ય, સુખ, શાંતિ મારી પાસે છે, તે આ દુનિયામાં ક્યાંય નથી. આત્માની અચિંત્ય શક્તિ છે. આજના ભલભલા વૈજ્ઞાનિકો પણ આશ્ચર્ય પામે તેવી આત્માની શક્તિઓ આજે પણ જોવા મળે છે, છતાં તમે બહાર ફાંફાં મારો છો. તમને તમારી જાતમાં જ રસ નથી અને કંટાળો છે. તેમાં કારણ શું? એક જ કે હજી આત્માના સ્વભાવની શ્રદ્ધા નથી. આત્માના સ્વભાવની સાચી શ્રદ્ધા થાય, પછી વીતરાગ સિવાય બીજો દેવ ફાવે નહીં. આજે તમને વીતરાગની ઉપાસનામાં રસ નથી, અને બીજે અહોભાવ, ભક્તિ થાય છે, તે શું બતાવે છે? ગમે તે દેવ-દેવીઓને પૂજો, તેમની પાસે જાઓ તે બધું મિથ્યાત્વ જ છે ને? જૈનશાસનમાં સમ્યગ્દર્શન પામેલા જીવને ઈશ્વર તરીકે વીતરાગ-સર્વજ્ઞ જ આરાધ્ય લાગે, ગુરુ તરીકે પંચમહાવ્રતધારી નિર્ગ્રંથ ગુરુ જ આરાધ્ય લાગે, ધર્મ તરીકે કેવલી ભગવંતે પ્રરૂપેલો અહિંસામૂલક-નિષ્પાપ ધર્મ જ આરાધ્ય લાગે અને ધર્મી તરીકે તે ધર્મને આરાધનારા જ ગમે. તમને દેવ-ગુરુ-ધર્મ-ધર્મી છોડી બીજે ક્યાંય પૂજ્ય બુદ્ધિ થાય? તમારી પૂજ્યબુદ્ધિનાં આ ચાર જ કેન્દ્ર છે? જકારપૂર્વક કહું છું, તે સિવાય બીજે નહીં? હા,

ભૌતિકતાની દૃષ્ટિએ પૂજ્યબુદ્ધિ માબાપ પર થાય. સમ્યગ્દૃષ્ટિ જીવને નાસ્તિક માબાપ પણ પૂજ્ય લાગે. પણ ત્યાં ધર્મદૃષ્ટિએ પૂજ્યબુદ્ધિ નથી. સંસારમાં તમારા પર ઉપકાર હોય તેવા પર વિનય, પૂજ્યભાવ હોવો જોઇએ, પણ ત્યાં જુદી દૃષ્ટિથી પૂજ્યતા હોવી જોઇએ. ત્યાં ક્યાંય ધર્મબુદ્ધિએ વિનય, નમ્રતાનો વ્યવહાર ન હોય. ધર્મબુદ્ધિએ તો આ ચારમાં જ હોય, દેવ-ગુરુ-ધર્મ અને ધર્મી.

એ રીતે વિચારીએ તો આપણે ત્યાં દેવ-દેવીઓનું સ્થાન પણ ધર્મી, સાધર્મિક તરીકે છે. માટે જેમ સાધર્મિક ભક્તિપાત્ર છે, તેમ ચક્રેશ્વરીદેવી અને પદ્માવતીદેવી સાધર્મિક તરીકે પૂજ્ય છે. શાસનમાન્ય ન હોય તેવા ઘંટાકર્ણ, ભૈરવ વગેરે પર પૂજ્યબુદ્ધિ પણ ન હોય. છેલ્લામાં છેલ્લી કેટેગરી સાધર્મિકની છે. શાસનના ભક્ત દેવ-દેવીઓ સાધર્મિક છે.

**સભા :-** બાવન વીર સાધર્મિકોમાં આવે?

**સાહેબજી :-**ના, તેમાં કોઇ સમ્યગ્દૃષ્ટિ, ભગવાનના ભક્ત હોય, તો સાધર્મિકમાં આવે. કેમ કે તમે જો ભગવાનના ભક્ત હો, તો છેલ્લામાં છેલ્લો અહોભાવ ભગવાનના ભક્ત પર થશે. જેને ભગવાનના શાસન સાથે કાંઇ લેવાદેવા નથી એવો માંધાતા હોય તો પણ તેની તણખલા જેટલી પણ કિંમત નથી.

**સભા :-** દેરાસરમાં ઘંટાકર્ણ કેમ બેસાડે છે?

**સાહેબજી :-** તે ખોટું છે, પણ તમારે તો શું છે? જેનાથી તમારું કામ થતું હોય તે તમારે જોઇએ. તમારે તો ભક્તોની ભીડ ભાંગે તેવા જ ભગવાન જોઇએ. ગુરુ કેવા જોઇએ? જ્યારે જાઓ ત્યારે તમને સહાય કરે કે તમારાં કામ કરી આપે તેવા. પરંતુ આ બધું ધર્મમાં ઘૂસેલું દૂષણ છે.

**સભા :-** મોટા ભાગના લોકો ઘંટાકર્ણને સમ્યગ્દૃષ્ટિ દેવ તરીકે પૂજે છે.

**સાહેબજી :-** વર્તમાન સંઘમાં તમારી શું સ્થિતિ છે તેનો આ નમૂનો છે. સંઘ લેવલે જ્યારે આ પ્રશ્ન ઊભો થયો ત્યારે પણ, માત્ર ત્રણ આચાર્યોએ સંમતિ આપી અને લગભગ ૮૫ આચાર્યોએ વિરોધ કર્યો; પણ તમે તો ફાવતું જ પકડો ને? સાચું કે સારું થોડું પકડો? છતાં હજી પણ કોઇ શાસ્ત્રપાઠ લાવી આપે કે ઘંટાકર્ણ સમ્યગ્દૃષ્ટિ છે, તો અમે વિચારવા તૈયાર છીએ. જાહેરમાં બોલેલું પાછું ખેંચવા પણ તૈયાર છીએ. આ શાસનમાં હું કે બીજા કોઇ પણ હોય, પણ વ્યક્તિ તરીકે ઓથોરિટી નથી. આધાર ન મળે અને વાજબી ન હોય, છતાં લોકો પકડે છે કેમ? કેમ કે લોકો સ્વાર્થી વધારે છે. માટે જ ચમત્કાર બતાવવા જેવો નથી. સ્વાર્થી, લુચ્ચા અહીં ભેગા કરશો, તો ધર્મક્ષેત્રમાં પણ પ્રદૂષણ વધશે. ધર્મી એટલે જેને આત્મકલ્યાણમાં જ રસ છે. તેઓ અહીં તરવા, પોતાના આત્માનું ઉત્થાન કરવા આવે છે. તેવા અહીં આવશે તો જ દેરાસર કે ઉપાશ્રયનું વાતાવરણ સારું રહેશે, કે ગમે તેનાથી સારું રહેશે? માટે ધર્મ તમારે પણ પામવો હોય, તો સાચા ધર્મની શ્રદ્ધા કેળવો; અને બીજાને પણ પમાડવો હોય, તો ધર્મની સાચી શ્રદ્ધા કરાવો. આ રીતે વિચારશો તો થશે કે, ધર્મ પમાડવા માટે પ્રભાવના સિવાય બીજો કોઇ

ઉપાય નથી.

**સભા :-** શિખરજી જાત્રા કરવા જતાં પહેલાં ભોમિયાજીનાં દર્શન કરવા જાય છે ને?

**સાહેબજી :-** ભોમિયાજીને માનવાની વાત મંજૂર છે, કેમ કે તેમના માટે કહેવાય છે કે તે તીર્થના રક્ષક છે, અને રક્ષક તરીકે વચન આપ્યું છે અને ભગવાનના ભક્ત છે. તમે દર્શન કર્યા વિના જાવ અને ભૂલા પડશો કે નહિ તે બીજી વાત, પણ તમે ભગવાનની ભક્તિ કરવા નીકળો તો રસ્તામાં સાધર્મિક મળે તો આદર કરવાની તમારી ફરજ ખરી ને? અહીંયાં પણ પહેલાં ભગવાન, પછી ગુરુ, પછી સાધર્મિકને પણ હાથ જોડવાના છે ને? એટલે સાધર્મિક રસ્તામાં મળે પછી તો, સામાન્ય સાધર્મિક હોય તો પણ તેના પ્રત્યે સદ્ભાવ પ્રગટ કરવાની ફરજ છે, તો શાસનમાન્ય દેવી-દેવતાની ભક્તિ કરવાની ફરજ ખરી ને? અને તે ચૂકે તો પાપ લાગે જ. હા, આપણે ત્યાં બંને વાત છે. ઘણા એકતરફી અતિરેકવાળા થઈ ગયા અને બોલવા લાગ્યા કે જૈનશાસનમાં ભગવાનનું જ સ્થાન છે, દેવી-દેવતાનું નહીં. આ વાત પણ ખોટી છે. આપણે ત્યાં દેવી-દેવતા તીર્થંકરોના સમવસરણમાં આવતા, અને ભગવાનની હાજરીમાં જ શાસનના અધિષ્ઠાયક દેવની સ્થાપના થતી; પણ ગમે તે દેવી-દેવતાનું સ્થાન નથી. ભગવાનના પરિકરમાં નવગ્રહ આદિ દેવી-દેવતાને ભગવાનના ચરણરજની જેમ ભગવાનના ચરણ પાસે મૂકવામાં આવે છે.

**સભા :-** નવગ્રહને કેમ?

**સાહેબજી :-** ભગવાનના ભક્ત છે માટે. તે બધા ખડે પગે ભગવાનની સેવામાં હાજર રહે છે, અને તમે બધા ખડે પગે તેમની સેવામાં હાજર રહો છો? ઘણી પ્રાચીન મૂર્તિ છે કે જેમાં પદ્માવતીના માથા પર પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ હશે. આપણે ત્યાં બહુમાન વગેરેનો આચાર કેવો છે? જે વ્યક્તિની જેટલી કક્ષા હોય તેટલું તેના પર બહુમાન રખાય. ઓછું બહુમાન રાખો તો પણ મિથ્યાત્વ લાગે અને વધારે બહુમાન રાખો તો પણ મિથ્યાત્વ લાગે. ગુરુને ભગવાનથી ઊંચા માનો તો પણ પાપ લાગે અને શ્રાવકથી નીચા માનો તો પણ પાપ લાગે.

**સભા :-** સામાયિકમાં દેવ-દેવીની સ્તુતિ થાય?

**સાહેબજી :-** થાય, કેમ કે તેમના ગુણની સ્તુતિ કરવામાં શું વાંધો? નહિતર તો પછી કોઈએ માસક્ષમણ કર્યું હોય, અદ્ભુત જ્ઞાન-ધ્યાન કર્યાં હોય કે ઊંચાં દાન આપ્યાં હોય, તો પણ અમારાથી વખાણ ન કરાય. અમે મહાશ્રાવકનાં દૃષ્ટાંત આપીએ છીએ. અરે! ભગવાને સ્વમુખે આનંદશ્રાવક આદિની પ્રશંસા કરી છે. જો સારા શ્રાવકની પણ અમારાથી પ્રશંસા ન થાય તો આદર્શ તરીકે સારા શ્રાવકો પણ ઉપદેશમાં રજૂ ન કરી શકું. હા, મારાથી શ્રાવકોને પગે ન લગાય. તપસ્વી, દાનવીર શ્રાવક હશે તો તેનાં વખાણ કરીશ, તેનાં દૃષ્ટાંત આપીશ કે અનુમોદના કરીશ; પણ હાથ જોડું? ગમે તેટલા ત્યાગી-તપસ્વી હોય પણ સાધુ કરતાં તો નીચલી ભૂમિકામાં ને? દેવી-દેવતાને સાધુ-સાધ્વી પગે ન લાગે, પણ તેમની સ્તવના કરી શકે

છે, યાદ કરી શકે છે. તે નિમિત્તનો કાયોત્સર્ગ કરવામાં પણ દોષ નથી.

સિદ્ધાંત તરીકે શું આવે? તો શ્રાવકને સાધુ નમસ્કાર ન કરી શકે. માટે આજીવન સામાયિકમાં બેઠેલા સાધુથી સારા શ્રાવકની પ્રશંસા થાય, પણ તેને નમસ્કાર થાય નહિ. પ્રશંસા તો માર્ગાનુસારી ગુણવાળા જીવોની પણ કરાય. અન્ય ધર્મમાં રહેલા મોક્ષમાર્ગમાં ચઢેલાની અહીં બેઠેલા સાધુ તરીકે પ્રશંસા કરવાની મારી ફરજ છે. પૂજ્ય હેમચંદ્રાચાર્ય મહારાજ સાહેબ વીતરાગસ્તોત્રમાં ફરમાવે છે કે,

"सर्वेषामर्हदादीनां, यो योऽर्हत्त्वादिको गुणः।
अनुमोदयामि तं तं, सर्वं तेषां महात्मनाम्॥"

માત્ર માર્ગ પર ચઢેલાની અહીં બેઠાં બેઠાં પ્રશંસા કરીએ છીએ, અમે શાસનદેવતાને પગે નથી લાગતા. પણ સામે ચાલીને તેમને ધર્મલાભરૂપ આશીર્વાદ આપીએ છીએ. હું સામે ચાલીને શ્રાવકને ત્યાં શાતા પૂછવા જઇ શકું છું. આનંદ શ્રાવકને ત્યાં ગૌતમસ્વામી શાતા પૂછવા ગયા છે અને તેની ભલામણ ભગવાને કરી છે. આ શાસનમાં ધર્માત્મા શ્રાવકનું સ્થાન ઘણું ઊંચું છે. તમે ધર્માત્મા બનો તો તમારું પણ સ્થાન જામે. જ્યારે ગૌતમસ્વામી આનંદ શ્રાવકની શાતા પૂછવા ગયા, તો ત્યાં ગૌતમસ્વામી ધર્મલાભ આપે કે હાથ જોડે? આનંદ શ્રાવક તે જમાનાનો અબજોપતિ શ્રાવક છે, છતાં બધું ત્યાગ કરી, પૌષધાદિ પ્રતિમાઓનું પાલન કરી, સંલેખનાપૂર્વક અંતે અનશન લીધું છે, સમાધિથી પોતાની સાધના કરે છે, અવધિજ્ઞાન પેદા થયું છે, આવા શ્રાવકને પણ ખબર પડી કે ગૌતમ મહારાજ પધાર્યા છે, તો ઊભો થઇ સામે હાથ જોડે છે, વંદન કરે છે.

અમે ભગવાનના ભક્તને આશિષ આપીએ. તમારો વ્યવહાર જુદો છે. ભગવાનના શાસનમાં જેનું જે સ્થાન છે તે સ્થાનને અનુરૂપ પૂજો તો તે યોગ્ય છે. આપણા શાસનમાં ધર્મીનું સ્થાન ક્યાં અને કઇ કક્ષાનો ધર્મી છે, તેને અનુરૂપ વ્યવહાર કરવાનો છે. દેવી-દેવતાને ખમાસમણ ન અપાય, ખમાસમણ તો પંચપરમેષ્ઠિને જ અપાય. ભગવાનના શાસનમાં દરેક જીવ માટે ઉચિત વ્યવહાર કરતાં શીખી જશો, તો દર્શનાચારના ઘણા અતિચાર નીકળી જશે. શાસનમાન્ય દેવી-દેવતાની ટીકા પણ ન કરતા. જે શાસનમાન્ય નથી તેમની મહત્તા-ઉપાસના-પૂજા કરવાનો ભાવ જાગતો હોય, તો તે પણ મિથ્યાત્વ છે.

ધર્મશ્રદ્ધા એટલે આત્મસ્વભાવની જ શ્રદ્ધા છે. તમારી આત્મા પર શ્રદ્ધા બંધાય એટલે તમને લાગે કે જે આત્મામાં છે તે બીજે ક્યાંય નથી. આત્માથી ઊંચું ઐશ્વર્ય જડમાં ક્યાંય નથી. તે કારણે આત્મામાં શ્રદ્ધા જાગી, તો અમે માનીએ કે તમારામાં આત્મશ્રદ્ધા આવી. જે ભગવાનના નામથી મરી પડતા હોય, છતાં જેને આત્મશ્રદ્ધા નથી, તો અમે માનીએ કે તેને ભગવાન પર જ સાચી શ્રદ્ધા નથી. આત્મશ્રદ્ધા જાગે પછી રુચિ થવાની જ છે. દા.ત. તમને થાય કે આ ખોરાક ખાવાથી તમારું શરીર સારું થશે, પછી તે પર રુચિ થયા વિના રહેશે? શ્રદ્ધા, રુચિ જન્માવે જ. શ્રદ્ધા કોઇ દિવસ વાંઝણી હોતી જ નથી. શ્રદ્ધાનું અનંતર ફલ શું? જેના પર શ્રદ્ધા થઇ તેની અભિરુચિ થાય જ. ધર્મની સાચી શ્રદ્ધા થઇ હોય તેમને આત્મામાં રસ જાગે છે, બાકીના ધર્મના નામથી ભળતી શ્રદ્ધા લઇને ફરનારા છે, પછી ભલે કહે કે દર મહિને હું શંખેશ્વર જાઉં છું; પણ તેને ભગવાનનો એકેય ગુણ જોઇતો નથી. ભગવાને જે

છોડ્યું છે, છોડવાનું કહ્યું છે, તે જ તેને પકડવું છે; અને પછી કહે હું શંખેશ્વરદાદાને માનું છું, પણ તે સાચું કહેવાય?

**સભા :-** ભગવાનના ચોત્રીસ અતિશય લખ્યા, તે શું કામ લખ્યા?

**સાહેબજી :-** શાસ્ત્રમાં તો બધું લખે કે ચોસઠ ઇંદ્ર ભગવાનના ભક્ત હતા, ત્રણ લોકમાં પ્રભુનું ઐશ્વર્ય અનુપમ હતું, ચોત્રીસ અતિશયો હતા; પણ પછી એવું નથી લખ્યું કે ભગવાનને છોડી આ બધાને વળગજો. કારણ કે આ બધાં તો પુણ્યનાં ફળ છે. એટલે જ ચોવીસ તીર્થંકરો થયા, તે બધાના ચોત્રીસ અતિશયો છે, છતાં બધાનું પુણ્ય સરખું નથી. દરેકનાં પુણ્ય જુદાં હોય. જેવું પુણ્ય તે પ્રકારના બાહ્ય ઐશ્વર્ય વગેરે કે ચમત્કારિતામાં ફેર પડે. તમે મૂરતિયો જોવા જાઓ અને શર્ટ-પેન્ટની ઓળખ આપે તો તમે શું કહો? કેટલું ભણ્યો છે? ખાનદાન છે? પહેલાં તપાસ મૂરતિયાની કરો કે કપડાં-લત્તાંની? તેમ તમે ભગવાનનાં બહારનાં પુણ્ય જોઇ ભટકાવ, અને ભગવાનને છોડો તો શું થાય? કોઇ પરણવા જાય, તેને પૂછજો કે મૂરતિયાને પરણવા જાય છે કે કપડાંને ? ન્હોતું પકડવાનું તેને પકડ્યું? સંસારમાં પણ વ્યક્તિનું મહત્ત્વ કે તેના લેબાશનું? તેમ અહીં પણ વાત છે. ભગવાનનાં પુણ્ય-લક્ષ્મી-ઐશ્વર્યનું વર્ણન તો કરશે, ધર્મથી ભૌતિક વસ્તુ મળે તે લખશે, પણ તેના માટે ધર્મ કરવાનું નહિ કહે. શાસ્ત્ર તો બધું જ સત્ય વર્ણન કરે, પણ તમારે શોધવાનું છે કે, આ કહેવા શું માંગે છે? તમારે દર્શનાચારને બરાબર પામવો હોય, તો આ પણ ધ્યાનમાં રાખવાનું.

પ્રભાવનાની વાતમાં એ કહેવું છે કે, ધર્મ પમાડવાનો તે એક જ ઉપાય છે; માટે સામા જીવને ધર્મ પમાડવો હોય, તો પ્રભાવનાના રસ્તે જ જજો; બીજા બધા માર્ગ આડા અવળા અને ઉટપટાંગ છે. આજે ઘણા કહે છે કે, જૈનોની સંખ્યા ઘટી ગઇ, જૈનધર્મ ફેલાવવો જરૂરી છે..તો તે માટે આ એક જ ઉપાય છે કે પ્રભાવક બનો. તમે ધર્મના પ્રભાવક બનશો, તો તમે તમારા કુટુંબને પણ ધર્મ પમાડી શકશો. પણ તમે ધર્મના પ્રભાવક બનો તેવા છો કે અધર્મના પ્રભાવક બનો તેવા છો? ધર્મની પ્રભાવના કરવી હોય તો તમારામાં એવું તો જોઇએ જ કે, તમારા વર્તન-વિચાર-વાણીથી સામાનું હૃદય ધર્મથી પ્રભાવિત થવું જોઇએ. તે કરવા, પ્રસંગે ધર્મ ખાતર બલિદાન આપવાની શક્તિ જોઇએ. શાસ્ત્ર કહે છે, પ્રભાવક બનનારે પહેલાં પ્રતિજ્ઞા કરવી પડે કે, જે પણ સારું કામ મારા થકી થાય, તેનો યશ હું નહિ લઉં, પણ દેવ-ગુરુ-ધર્મને આપીશ. પણ તમે તો પહેલા જ ઘૂસી જાઓ ને? મયણાએ બધી હેરાનગતિ ભોગવી અને પ્રસંગે સુખ આવ્યું; મયણાએ કથીરને કંચન કર્યું, રસ્તે રઝળતી હતી તેમાંથી રાજરાણી બની; પણ આ બધાનો યશ કોને આપ્યો? ધર્મને. મેં કર્યું તેવું કહે છે? માટે તમારા જીવનમાં એક પચ્ચક્ખાણ જોઇએ કે, કાંઇપણ સારું થાય તો તેનો યશ દેવ-ગુરુ-ધર્મને આપીશ. વળી આ કૃત્રિમ યશ નથી આપવાનો. હકીકત જ છે કે, બધું સારું ધર્મથી જ થાય છે. પણ આવી વ્યક્તિ ગંભીર કેટલી હોય!

પ્રભાવકતા લાવવા તો સામાના હૃદયના ભાવ, સામાની સાયકોલોજી જાણવી પડે; અને આના હૃદયમાં કઇ રીતે ધર્મ બેસાડી શકાશે તેનું જ્ઞાન હોય, તો જ પ્રભાવક બની શકશો. પ્રભાવકતા, આરાધકતા કરતાં ઘણી ઊંચી વસ્તુ છે. સમ્યગ્દર્શનનો પાયો આચાર

છે. પ્રભાવના જેનામાં હોય તેનામાં સતત આરાધના તો આવી જ જશે. કેમ કે પોતે નિઃશંક હશે તો જ મક્કમતાથી બોલી શકશે, આગળના બધા દર્શનાચાર તો તેની સાથે વણાઇ જ જશે.

બધા પ્રભાવકો સમ્યગ્દર્શન ગુણથી ઝળહળતા હીરા જેવા છે, અને એક એક લાયક જીવ માટે આલંબન બને છે. વસ્તુપાલ-તેજપાલ તેમના દર્શનાચારને કારણે જીવનમાં કેટલાયને આરાધનામાં આલંબનરૂપ બન્યા. જેમનો દર્શન ગુણ સોળે કલાએ ખીલેલો હોય, તેમના દર્શન થકી કેટલાયને દર્શન પ્રગટે. દીવાથી દીવો પ્રગટે તેમ આ બધા દીવાઓ હજારો દીવાને પ્રગટાવનારા હોય. આવા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા શાસનની મૂડી છે. આ ધર્મ કાંઇ નિસ્તેજ નથી, પણ તેને ટકાવવા અને વિસ્તારવા આધાર-આલંબન ધર્મી જીવો જ છે. આ જીવનમાં કાંઇપણ ગુણ મેળવવાની ઇચ્છા થાય, તેની અભિલાષાપૂર્વક મહેનત કરો, તો એક ગુણ પણ મહા લાભનું કારણ છે, તેમનો આ ભવ નિયમા સફલ છે.

❋ ❋ ❋

**વ્યાખ્યાન : ૧૫** **તા. ૧૧-૨-૯૮, મહા સુદ પૂનમ, ૨૦૫૪, બુધવાર**

## -: દર્શનાચારની સમીક્ષા :-

અનંત ઉપકારી અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ જગતના જીવોને નિર્મલ સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ થાય તે માટે આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

ભગવાનના શાસનમાં સમ્યગ્દર્શનગુણની પ્રધાનતા છે, તે કયા અર્થમાં? આપણામાં જે કાંઇ તત્ત્વનું દર્શન, તત્ત્વની રુચિ, તત્ત્વનો વિવેક હોય તો તે દર્શનગુણને આભારી છે, જેનાથી તીર્થંકરો પણ પ્રગતિના માર્ગ ઉપર ચઢે છે. બીજા આરાધકોને ચઢવા માટે પણ પાયાનો ગુણ સમ્યગ્દર્શન છે. ધર્માચાર્ય વગેરે પણ તે ગુણથી વિકાસ કરતાં કરતાં પોતાના આત્મામાં દર્શનગુણને પરાકાષ્ઠાનો બનાવતા હોય છે. ઉત્તમપુરુષો દર્શનગુણથી ઝળહળતા હોય, તેથી આત્મામાં આ ગુણ પ્રગટાવવા માટે અને પ્રગટ્યા પછી તેને સ્થિર કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

**સભા :-** દર્શનગુણ ક્યાં સુધી રહે?
**સાહેબજી :-** દર્શનગુણ મોક્ષમાં પણ રહે છે.

**સભા :-** રુચિનો પરિણામ બધાનો સરખો હોય?
**સાહેબજી :-** રુચિરૂપ પરિણામ તો સરાગદશા સુધી હોય છે, પણ જીવ વીતરાગદશા તરફ ગયો પછી તત્ત્વપ્રતીતિરૂપ દર્શનગુણ રહેશે. દર્શનગુણનો પ્રારંભ ચોથા ગુણસ્થાનકથી થાય છે અને તે ઉત્તરોત્તર વિકાસ પામી અંતે મોક્ષમાં પણ રહે છે. તે આત્માનો મૂળભૂત ગુણ છે. સામાન્ય રીતે વિભાગ કરવા હોય તો બે રીતે કરી શકાય. (૧) સરાગદશા-એટલે તત્ત્વના

પક્ષપાતરૂપદશા અને (૨) વીતરાગદશા-એટલે તત્ત્વની પ્રતીતિરૂપદશા. સરાગદશા તત્ત્વના પક્ષપાતરૂપે છે; કેમ કે તે વખતે તત્ત્વ પર દૃઢ રાગ-રુચિ રહેવાની અને જેટલો ધર્મ પર રાગ રહેવાનો તેટલો પક્ષપાત રહેશે જ.

**સભા :-** ધર્મરાગ ક્યાં સુધી રહેવાનો?

**સાહેબજી :-** આત્માના સ્વભાવ પર, આત્માના ગુણો પર, આત્મગુણસાધક ક્રિયાઓ પર, દેવ-ગુરુ-ધર્મ-ધર્મી અને ધર્મની સામગ્રી બધા પર સરાગદશાની ભૂમિકા હોય ત્યાં સુધી રાગ રહેશે; વીતરાગદશાની ભૂમિકામાં રાગ ચાલી જઇ, તત્ત્વપ્રતીતિરૂપે સમ્યગ્દર્શન રહેશે. દર્શનગુણ સાદિઅનંત રહેનારો છે. સિદ્ધોને પણ ક્ષાયિકદર્શન ગુણ છે. બધા ગુણો વધારતાં વધારતાં છેક અંત સુધી પહોંચવાનું છે. તેથી દર્શનગુણ પણ સતત અંત સુધી આત્મસાત્ કરવાનો છે. મૂળથી દર્શનગુણ સદાકાળ સાથે રહેવાનો છે. આ દર્શનગુણથી જ શાસન સ્થાપાય છે, શાસનની વ્યવસ્થા ચાલે છે, અને શાસન દીપે છે પણ દર્શનગુણથી. ભગવાનના ધર્મશાસનનું મુખ્ય અંગ આ દર્શનગુણ છે.

**સભા :-** ચારિત્રગુણથી શાસન દીપતું નથી?

**સાહેબજી :-** શાસન દર્શનગુણથી દીપે છે, કેમ કે પ્રભાવકતા આદિ આચાર દર્શનગુણના છે; ચારિત્રાચારમાં પ્રભાવકતા આચાર નથી.

**સભા :-** જયણામય આચાર જોઇ પ્રભાવ ન પડે?

**સાહેબજી :-** તે તો જ્ઞાનાચારમાં પણ દર્શનાચાર રહેવાનો. જ્યાં એક આચાર છે, ત્યાં સંક્ષેપમાં બીજા આચાર છે. પ્રધાન-ગૌણરૂપ છે. જ્ઞાનાચાર છે ત્યાં દર્શનાચાર વગેરે નથી એવું સંપૂર્ણપણે નહિ બને. પણ શાસન આખું સ્થપાય છે દર્શનાચારથી જ. તીર્થંકર ભગવંત વરબોધિ ગુણ દ્વારા તીર્થંકરનામકર્મ બાંધે છે. સર્વવિરતિ વિના પણ તીર્થંકરનામકર્મ બંધાય છે; નિકાચિત થાય છે. દર્શનગુણથી જ તીર્થની સ્થાપના-વ્યવસ્થા છે. માટે દર્શનાચાર એ પ્રાણ છે.

**સભા :-** બાલ જીવો તો એમનામાં રહેલા આચાર-વિચારને જુએ ને?

**સાહેબજી :-** બાલ જીવો આચાર વર્તનમાં જુએ છે, પણ પ્રભાવ પાડી શકે તેવા આચાર હોય તે જ પ્રભાવકતા છે ને? આ પ્રભાવકતા દર્શનાચારનો પ્રકાર છે. પ્રભાવકતા જ્યાં આવશે ત્યાં દર્શનગુણ જ આવવાનો. કેમ કે બીજાને ધર્મ પમાડવાનું સાધન પ્રભાવથી જ બને છે. તપસ્વી તપ કરે છે ત્યાં સુધી તપાચાર, પણ તેના તપમાં પ્રભાવકતા આવી, તે દર્શનાચાર. સામાન્ય નવકારશી કરે તો બધા પ્રભાવિત થઇ જાય? બાલ જીવો તો ઉત્કટ જોઇને જ પ્રભાવિત થાય ને ? પ્રભાવકતા એટલે ધર્મથી પ્રભાવિત થાય, નવો ધર્મ પામે.

**સભા :-** તપની અનુમોદના કરે તો પ્રભાવક નહિ?

**સાહેબજી :-** ઉત્કટ તપમાં પ્રભાવિત થાય તે દર્શનાચાર જ આવ્યો ને? પણ ત્યાં પ્રભાવ પડવાથી Re-action(પ્રતિક્રિયા) તરીકે અનુમોદના આવી.

**સભા :-** ધર્મ પામેલાના ધર્મની અનુમોદના કરે તો?

**સાહેબજી :-** તે તો ઉપબૃંહણા કે સ્થિરીકરણ કહેવાય, પ્રભાવકતા ન કહેવાય. આનંદશ્રાવકની ભગવાને ઉપબૃંહણા કરી તો શું ભગવાન તેના ધર્મથી પ્રભાવિત થયા?

**સભા :-** એકનો એક આચાર અમુક માટે પ્રભાવના બને, અમુક માટે સ્થિરીકરણ બને?

**સાહેબજી :-** તે ગુણ એ કક્ષાનો છે કે તીર્થંકરની ઉપબૃંહણાનો વિષય બની શકે. આનંદશ્રાવકે એવો આચાર પાળ્યો કે તે પ્રભુની ઉપબૃંહણાનો વિષય બન્યો. પણ ભગવાનને તે આચારથી શું થયું? કાંઇ નહિ. તીર્થંકરે પોતાનો દર્શનાચાર પાળ્યો છે. પ્રાથમિક કક્ષાના જીવો ન પામ્યા હોય તેમને પમાડે તો પ્રભાવના, પામેલાને સ્થિર કરે તો સ્થિરીકરણ. એકના એક આચારનો પ્રશ્ન નથી, સામેવાળાની ભૂમિકા પ્રમાણે થાય છે.

દર્શનાચારથી જ શાસન દીપે છે. શાસનની સ્થાપના-સંચાલન-દીપનાં દર્શનગુણથી જ છે. દર્શનગુણ કાઢી નાંખો તો જગતમાં ધર્મ, ધર્મ પ્રાપ્તિ અને ધર્મ પ્રાપ્તિનો આખો માર્ગ લગભગ વિચ્છેદ થઇ જાય. ખાલી જ્ઞાનાચાર, તપાચારથી તે તે પોતે પોતાની આરાધનાં કરે, પણ જગતમાં ધર્મની સ્થાપના, સંચાલન કરવા દર્શનાચાર છે. પોતે ધર્મ પામવાનો અને બીજાને પમાડવાનો માર્ગ દર્શનાચાર છે. તેનો અષ્ટવિધ આચાર પણ એવો છે કે, જીવનમાં કોઇ પણ આત્મા અસ્ખલિતપણે પાળે તો તે પાળનાર, જિનશાસનનું ઉત્તમ રત્ન પોતે જ બની જાય. શાસનના રત્ન બનવામાં બધા દર્શનાચાર સમાઇ જાય છે. તે આચારો જીવનમાં વણી લેવા માટે શ્રાવક માટે શ્રાવકને યોગ્ય દર્શનાચાર છે અને સાધુ-સાધ્વી માટે સાધુ-સાધ્વીને યોગ્ય દર્શનાચાર છે. સાધુ-સાધ્વી માટે એ છે કે આપણે શાસનમાં આવ્યાં છીએ તો આ શાસન પ્રત્યેના અવિહડ રાગથી; શાસનના મોક્ષમાર્ગ પ્રત્યે, ધર્મઅનુષ્ઠાનો પ્રત્યે, અનન્ય પ્રીતિ-રુચિથી; જ્યાં પણ શાસનને અનુરૂપ કાંઇ પણ દેખાય, ગુણિયલ જીવો હોય, આરાધક જીવો હોય તેમના પર આપણને હંમેશાં અત્યંત પ્રીતિનો ભાવ રહેવો જોઇએ. ધર્મી પ્રત્યે અણગમો, અરુચિ થતાં હોય તો આપણા માટે પણ દર્શનાચારની ખામી છે. વર્તમાન સંઘમાં ગમે ત્યાં ગુણિયલ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા કે આરાધકની કક્ષામાં આવી શકે તેવા પ્રત્યે, અત્યંત પ્રીતિનો ભાવ જોઇએ. તે હોય તો આપણે તેમની અનેક ખામીઓ-દોષો પચાવી શકીએ. પણ જેઓ આરાધક કક્ષાની બહાર નીકળ્યા છે તેના પર પ્રીતિ કરવાની નથી.

**સભા :-** આરાધક ઓળખાય કેવી રીતે?

**સાહેબજી :-** તે તો બાહ્ય વર્તનથી નક્કી કરવાનું છે. જે પરલોકભીરુ છે, પાપ ન થાય વગેરેની ચિંતાવાળા છે, દોષ-અનાચાર ન થઇ જાય તેની કાળજી રાખનાર છે, ભગવાનની આજ્ઞા પર સાપેક્ષતા રાખનાર છે, વિરક્ત છે, સંસારથી ભયભીત છે તે બધા આરાધક તો છે જ, પછી તે ગમે ત્યાં રહેલા હોય; બાકી તો આરાધકતાનું ધોરણ નહિ રહે. છતાં બીજી

ખામીઓ પણ હોય, નાના નાના અવગુણો પણ હોય, પણ તે પચાવી જઈને આરાધક હોવા માત્રથી તેમના પર પ્રીતિ જોઇએ. આ પ્રીતિ આખા સંઘ પર વ્યાપેલી હોવી જોઇએ. આ પ્રીતિ-સદ્ભાવ ઓછો હોય અને જરા જરામાં બીજાના દોષો પ્રત્યે અણગમો, સંકલેશ થતા હોય, તેનો અર્થ એ કે દર્શનાચારમાં ખામી છે.

આમ પણ સાધુ તો ધર્મનું મૂર્તિમંત પાત્ર છે, કેમ કે જગતના લોકો સાધુને ધર્મના સાક્ષાત્ અવતાર તરીકે, ધર્મના આચાર-વિચાર પાળનાર ધર્મની ઓથોરીટી માની, તેમને પૂજતા હોય છે. માટે જો સાધુનો આચાર-વિચાર ધર્મવિરોધિતાની છાયા પાડે, ત્યાં દર્શનગુણનો વિરોધ આવશે. બાકી ધર્મની અપભ્રાજનાનું કે કોઇના ધર્મનું હરણ કરવાનું કારણ બન્યા, તો સાધુ થકી ધર્મને ટેકો મળવો જોઇએ, તેના બદલે ધર્મને ધક્કો લાગ્યો, એવું થશે. મહાનિશીથસૂત્રમાં નંદીષેણમુનિનો પ્રસંગ આવે છે, અને તેમાં નંદીષેણમુનિ એમ વિચારે છે કે, તે નિષ્કલંક શાસન મારા થકી કલંકિત થાય.તેનાથી ભયંકર બીજું શું? માટે વિચારે છે કે હું મરી જાઉં તો વાંધો નહિ પણ શાસન મારાથી મલિન ન થવું જોઇએ. સાધુ જીવનમાં પણ પરસ્પર જેટલા સાધુ વગેરે સાથે હોય તેમના પ્રત્યે અપ્રીતિ, અભક્તિ, અબહુમાન વગેરેનાં જે કારણો પેદા થાય, તેનું યોગ્ય રીતે નિવારણ ન કરતા હોય તો, દર્શનાચારની ખામી છે. પરસ્પર અપ્રીતિ થાય, અભક્તિ થાય, પરસ્પર વાત્સલ્ય તૂટે તેવા વ્યવહાર કરે, તો તે પોતાના જીવનમાં દર્શનાચારથી વિરુદ્ધ વર્તન કરી ગુમાવી રહ્યો છે અને બહુ સાવચેત નહિ હોય તો મિથ્યાત્વનો જ બંધ થશે. આ બધા પાયાના પરિણામો છે, કેમ કે આપણે ગુણી જીવો પ્રત્યેના રાગને ન કેળવી શકીએ તો તેનાથી હીનગુણી પ્રત્યે શું રાગ કેળવવના? દા.ત. અત્યારના ગૃહસ્થ ગમે તેટલા સારા હોય તો પણ સાધુ-સાધ્વીના ધર્મ કરતાં તેમનો ધર્મ ઘણો ન્યૂન જ હોય. વળી જેણે આખો સંસાર ત્યાગ કર્યો છે, જે જીવનમાં કષ્ટો વેઠે છે, તેવા પ્રત્યે પણ પ્રીતિ-ભક્તિ-વાત્સલ્ય ન રાખી શકીએ, તો પછી આપણે કોના પ્રત્યે પ્રીતિ-ભક્તિ-વાત્સલ્ય રાખી શકવાના? આપણને શ્રાવક પ્રત્યે સદ્ભાવ રહે અને સહવર્તી સાથે સદ્ભાવ ન રહે, તો સાચા અર્થમાં ધર્મને સમજતા નથી; કેમ કે ગુણની ખાણને દેખી શકતા નથી અને અલ્પગુણી પ્રત્યે માન થાય છે. આનો અર્થ એ કે સમજણ-બુદ્ધિ વિપરીત છે, જોઇએ તેવો વિવેક નથી. વળી આરાધક જીવ ન દેખાય તો પણ દ્વેષ નથી કરવાનો, ઉપેક્ષા કરવાની છે; પણ આરાધક જીવ હોય ત્યાં તો બહુમાન ટકવું જ જોઇએ; પછી આપણી પ્રશંસા ન કરે, આપણી સાથે તેને ન બને, તેનું આપણને અનુકૂલ વર્તન ન હોય તે વસ્તુ જુદી છે. ગમે તેવા સાધુ-સાધ્વી હોય તે આરાધક હોય તો, લેવા દેવા ન હોય તો પણ, અંતરની પ્રીતિ જોઇએ. જ્યાં જ્યાં આ ન આવે, ત્યાં દર્શનાચાર ખોઇએ છીએ. તે જાળવવા જીવનભર ખૂબ જાગ્રત રહેવું જોઇએ.

ઘણી વાર આપણને નવા જીવને ધર્મ પમાડવાની ઘણી હોંશ હોય, પણ વર્ષોથી ધર્મ આરાધના કરનારને સ્થિર ન કરી શકીએ, તો શું કહેવાય? પામેલાને સાચવી નથી શકતા અને ન પામેલાને પમાડવાના ઉમળકા કરીએ છીએ, પરંતુ પહેલાં તો જે જીવો ધર્મ પામેલા છે કે ધર્મમાર્ગ પર ચઢેલા છે, તે તો આપણાથી સ્થિર થવા જ જોઇએ, તેમાં કદી કચાશ ન જોઇએ. આપણે નિયમ જ રાખવો કે આરાધકને સહાય ન થાય તો કાંઇ નહિ પણ વિઘ્ન તો

ન જ કરવું, તે ખાતર આપણે સ્વાર્થને જેટલો છોડીશું તેમાં આપણું કલ્યાણ જ છે, પછી ભલે લાગે કે આપણો કસ નીકળે છે, પણ તેવું નથી, કેટલીય નિર્જરા છે. આરાધક જીવોને સ્થિર કરવા માટે પ્રસંગે સામગ્રી આપવી, પણ તેમને સ્ખલના ન કરવી. તેમને આર્તધ્યાન ન કરાવવું. આપણા થકી જો તેમને થાય કે અમે અહીં ક્યાં આવી ગયા, તો મહાદોષ લાગે.

આઠ પ્રકારના દર્શનાચારથી શોભતા સાધુ-ધર્માચાર્ય માટે આપણે ત્યાં લખ્યું કે, તે "શીતગૃહ" જેવો હોય. ચક્રવર્તીના શીતગૃહોનું શાસ્ત્રમાં વર્ણન છે. શાસ્ત્રમાં વારિગૃહ વગેરેનાં વર્ણન છે. ચક્રવર્તીના શીતગૃહો કેવા હોય? ગરમી પડે તો ઠંડક આપે, શિયાળામાં હૂંફ આપે અને ચાતુર્માસમાં વર્ષા વગેરેથી રક્ષણ કરે. બધી ઋતુમાં રક્ષણ આપે તે શીતગૃહ. બધી ઋતુમાં અનુકૂળતાનું કારણ બને તે શીતગૃહ. ધર્માચાર્યને લાગે કે આ ખમી ખાવા જેવું છે ત્યાં શાંત હોય, જ્યાં લાગે કે, આ દોષ ન ચલાવાય તો ઉગ્રતા પણ આવે. પચાવવા જેવા દોષ પચાવી આરાધનામાં સહાય કરતા હોય, વળી સામા જીવોમાં જોવા ન ગમે તેવા દોષો જુએ તો પણ વાત્સલ્ય ન ખૂટે. આ ઉગ્રતા અને વાત્સલ્ય બંને ગુણોને કારણે તેમને શીતગૃહની ઉપમા આપી છે. આ ગુણ દર્શનાચારના જ છે, જેનાથી પૂરેપૂરી પ્રભાવના આવે.

આપણે બીજાને સંપૂર્ણ પૂરક ક્યારે બનીશું? આપણામાં સંપૂર્ણ દર્શનાચાર પ્રગટશે ત્યારે જ. આપણામાં દર્શનાચારની ખામી છે માટે આપણી પાસે આવેલા જીવો કઈ રીતે તરે? હા, સામાની ગેરલાયકાતને કારણે ન ચઢે તો આપણા દર્શનાચારની ખામી નહિ. આપણે દર્શનાચાર સુવિશુદ્ધ પાળવો હોય તો આરાધક જીવ પર વાત્સલ્ય ખૂટે નહિ, પ્રીતિ તૂટે નહિ, છતાં આચાર-વિચારની રીતે બાધ્ય જ હોય તો વડીલો કડક થાય, આપણે નહિ. આ ભાવ જે કેળવે તે દર્શનાચારને સુવિશુદ્ધ પાળી શકે. વળી અંતરંગ જીવનમાં જેટલો દર્શનાચાર શુદ્ધ હોય તેટલો જ ધર્મ પમાડી શકીશું. ઘણા તો દૂરથી ધર્મ પમાડી શકે, પરંતુ જો કોઇ તેમની નજીક આવે તો તે જીવ ધર્મથી દૂર થાય; આનો અર્થ એ કે તેમનામાં દર્શનાચારની ખામી છે. કેમ કે દર્શનગુણથી પરિપૂર્ણ જીવ એટલો વિશેષ હશે કે તેના પરિચયમાં આવનાર ધર્મમાં દૃઢ થાય જ. તીર્થંકરોના દર્શનાચાર પૂર્ણ સુવિશુદ્ધ હોય. તેમના દર્શનાચારમાં અંશ માત્ર ખામી ન હોય. પરાકાષ્ઠાનો દર્શનાચાર હોય. છતાં કોઇ જીવ પોતાની ખામીથી ન પામે તો તેમાં ભગવાનની ખામી ન કહેવાય. ગૌતમ મહારાજ સમવસરણમાં ગયા તો ભગવાનની સૌમ્યતા જોઇને જ આશ્ચર્ય થઇ ગયું. ભગવાનની શાંતતા-સૌમ્યતા જ એટલી છે, વાત્સલ્યથી ઝરતી આકૃતિ જ એવી છે. તીર્થંકરોમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ દર્શનાચાર દેખાશે.

આપણે સમજવાનું કે મારું આ કર્તવ્ય છે. તે જાણ્યા પછી જીવનમાં અમલમાં મૂકવાનો પ્રયત્ન કર્યો, તો દર્શનગુણ પ્રગટશે. દર્શનાચાર પાળતાં પાળતાં જ દર્શનગુણનો ક્ષયોપશમ થશે. આરાધક જીવ પ્રત્યે અંતરની પ્રીતિ આવી, તો એટલો ક્ષયોપશમ તો થશે જ કે, સામેવાળાને ધર્મ કેમ પમાડાય. માને દીકરા પ્રત્યે પ્રીતિ છે, તેનાથી જ તે નક્કી કરી શકે છે કે આને કેમ અનુકૂળ બનું. રાગદશાનો સ્વભાવ જ એવો છે કે, સામાની અપેક્ષાનો વિચાર રાગી પોતે જ કરશે. અંતરમાં જેવી પ્રીતિ જન્મે, પછી આપમેળે જ આરાધકને પૂરક બનવાની સ્વયંસ્ફુરણા થશે. વળી સૂક્ષ્મ દર્શનાચાર કોને આવે? ઊંચી કક્ષાવાળા સાધુને. સામાન્ય સાધુને તો બીજાને આરાધનામાં પૂરક બનવાની જવાબદારી આવે. આરાધનામાં અનુશાસન

આપવાની જવાબદારી વડીલોને આવે. ઊંચી ભૂમિકામાં હોય તો જ ઉચ્ચ પ્રકારના દર્શનાચારની જરૂર રહેશે.

દરેકે પોતપોતાની ભૂમિકા પ્રમાણે જ દર્શનાચાર પાળવાનો છે, પણ આપણામાં દર્શનાચારનો પરિણામ આવ્યાનો અર્થ શું? તે એ કે ભગવાનના શાસનમાં જેટલા આરાધક જીવો છે, તે બધા પ્રત્યે દ્વેષ વર્જી માતાના અંતર જેવી પ્રીતિ આવે. દીકરાના હજાર દોષ હોય, છતાં માતામાં અંતરના વાત્સલ્યનો ભાવ તો રહે જ, કેમ કે રાગમાં, પ્રીતિમાં સહનશક્તિ હોય. રાગ જ સહિષ્ણુતા ખીલવે છે, દ્વેષ અસહિષ્ણુતા ખીલવે છે. રાગ સામાની ઘણી ખામી ગળી જશે. વળી અહીં રાગ આરાધક ભાવવિષયક છે. માટે તે જીવ આરાધનામાં વધે તે જ વૃત્તિ આવવાની. જ્યાં ખોટો દ્વેષ, નિંદા, અસદ્ભાવ આરાધક જીવ પર થાય તો સાવધાન થઈ દૂર કરવા જેવો છે. વિરાધક જીવને પણ તાકાત હોય તો સુધારી શકાય, પરંતુ માર્ગ પર લાવવા પણ અંતરની પ્રીતિ જોઈએ છે. આરાધક એટલે સંસારના ભીરુ, મોટા દુરાગ્રહ નથી રહ્યા વગેરે લક્ષણોવાળા ધર્મી આત્માઓ; તેમાં પણ સાધુ-સાધ્વીએ તો સંસારનાં સઘળાં ભોગસુખ છોડ્યાં છે, ધર્મ ખાતર કેટલીય વસ્તુનું બલિદાન આપ્યું છે. માટે સામે આરાધક જીવ હોય તો ખૂબ જ પ્રયત્ન કરવાના આવે. હા, બધા પ્રત્યે અહોભાવથી ઝૂકવાની વાત નથી, જેટલું ગુણમય વ્યક્તિત્વ ઊંચું તેટલો જ અહોભાવ થવાનો.

દર્શનાચારના છેલ્લા ચાર આચાર ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના વર્તનની સાથે સંકળાયેલા છે. પહેલા ચાર આચાર પાળવા માટે આપણામાં જિનમતની અતિ દઢ શ્રદ્ધા જોઈએ, જેનાથી કોઈ દિવસ શંકા-કાંક્ષા-વિચિકિત્સા કે મૂઢતા વગેરે ન આવે; કેમ કે તે ચાર ભાવો શ્રદ્ધાની ઢીલાશથી જન્મે છે. શાસ્ત્રો વાંચી-ભણી દિવસે દિવસે જિનવચનની એવી અનુભૂતિ કેળવવી જોઈએ કે જિનવચનની સ્વરૂપ-સત્યતા પર કદી સ્વપ્નમાં પણ શંકા ન થાય. તે ક્યારે બને? શાસ્ત્રપરિશીલનમાં આગળ વધતા હોય તો. અને વળી ફળમાં પણ પોતાના પુરુષાર્થ પ્રમાણે અપેક્ષા રાખવાની છે. જ્યારે પણ આપણે સારી ભાવના કરીએ તો અંતરમાં શાંતતા, પ્રશાંતતાનો અનુભવ થાય જ છે. શાસ્ત્રો ભણી ભણી શ્રદ્ધા દઢ કરવાની છે, પછી તો એવી શ્રદ્ધા આવવી જોઈએ, કે ત્રણ લોકમાં કોઈ તે શ્રદ્ધાથી આપણને ચલિત ન કરી શકે. પહેલા ચાર દર્શનાચારો ભાવ-આંતરિક શ્રદ્ધા સાથે અને પાછળના ચાર દર્શનાચારો બીજી વ્યક્તિ સાથેના તમારા વર્તન સાથે સંકળાયેલા છે. હરેક દર્શનાચાર ઉત્તરોત્તર બીજાનું કારણ બનશે. પહેલો બીજાનું, બીજો ત્રીજાનું વગેરે પૂર્વનો ઉત્તરનું કારણ બનશે. નિઃશંકતા, નિષ્કાંક્ષતાનું કારણ બનશે વગેરે.

શાસ્ત્રોમાં સાધક જીવોનાં વર્ણનો આવે. તેમાં પ્રારંભિક કક્ષામાં બોધિબીજ વાવ્યું હોય, ધીમે ધીમે સમકિતનો પરિપાક થાય, અને સ્થિરીકરણ, વાત્સલ્ય, નિઃશંકતા વગેરે ગુણો છેલ્લા ભવોમાં દઢ અને ઉત્કટ થતા જાય, તેની પરાકાષ્ઠા અંતિમ ભવોમાં આવે. શરૂઆતમાં સામાન્ય કક્ષાના દર્શનાચાર હોય અને તે બરાબર પળાય તેથી ધર્મ સાનુબંધ બને તેથી છેલ્લા ભવોમાં અનેક જીવોને પ્રતિબોધ કરતા કરતા, ધર્મમાં સ્થિર કરતા કરતા, પ્રભાવના કરતા, છેલ્લે પોતે પણ મોક્ષમાં પહોંચી જાય. સાધક જીવોનો દર્શનાચાર પણ આગળ જતાં જતાં જ વધે છે, કેમ કે દર્શનાચાર છે જ એટલો વિશાળ.

આત્મા ગુણોની ખાણ છે. તેમાં ગંભીરતા, વાત્સલ્ય, ઔચિત્યનો બોધ, નિઃસ્પૃહતા, પરોપકારરસિકતા વગેરે ગુણોનો ઢગલો કરવો જોઇએ. બધા દર્શનાચારમાં અણીશુદ્ધ રહેવા કેટલાય ગુણો જોઇએ. જ્યાં જઇએ ત્યાં દીવાની જેમ પ્રકાશ આપનારા બનીએ અને સંપૂર્ણ ઉત્કટ દર્શનાચાર પાળનારા તો વિરલા બનશે.

**સભા :-** તીર્થંકરોને તો અંતિમ ભવમાં ટોપલેવલ(ઊંચી કક્ષા)નો દર્શનાચાર આવી ગયો, પછી તેમને શું ઉત્કટ દર્શનાચાર?

**સાહેબજી :-** તીર્થંકરોને અંતિમ ભવમાં દર્શનાચાર ટોપલેવલનો છે, છતાં ચારિત્રાચાર, તપાચાર ઘણું બાકી હોય. દર્શનાચારની ઉત્કટ કક્ષા આવે ત્યારે જીવ કેવો ગુણોથી શોભતો હોય તે તીર્થંકરોના જીવનમાં જોવા મળે, પરંતુ એકલો દર્શનાચાર પરમપદે પહોંચાડે તેવું નથી. મોક્ષ તો પંચાચાર આખાથી જ થશે, જેનું સહજ પાલન તેમને પણ આવશ્યક છે.

**સભા :-** તત્ત્વની પ્રતીતિરૂપ ચારિત્ર ન કહેવાય?

**સાહેબજી :-** તત્ત્વની પરિણતિ તે ચારિત્ર છે.

**સભા :-** પરિણતિ અને પ્રતીતિમાં શું તફાવત?

**સાહેબજી :-** તત્ત્વ અંદરમાં પરિણામ પામે તે પરિણતિ. અપ્રમત્ત દશાના મુનિને સમતાનો અનુભવ છે, તે સમતાની પરિણતિ છે. પણ સમતામાં સુખ કેવું છે કે સમતાનો કેવો ઉત્તમ અનુભવ છે તેની ખાતરી તે તત્ત્વપ્રતીતિ છે. વીતરાગદશામાં તત્ત્વની પ્રતીતિ છે. સિદ્ધો જાણે છે આત્માના અનંત ગુણો કેવા સુખદાયક છે, તેની ખાતરી છે. તેમને તત્ત્વપ્રતીતિ અને તત્ત્વપરિણતિ બંને છે. ગુણોનો અનુભવ છે અને બોધ પણ છે. નીચેની ભૂમિકામાં ત્રણના ભેદ છે, આગળ જતાં તો ત્રણેનું એકત્વ છે. "ત્રિગુણ એકત્વ તુજ ચરણ આવે" નીચેની ભૂમિકામાં કોઇનામાં જ્ઞાન, કોઇનામાં દર્શન વગેરેનો તફાવત પડે, પણ અપ્રમત્ત મુનિમાં તો ત્રણેય એકરૂપ છે.

**સભા :-** અવિરત સમ્યગ્દૃષ્ટિમાં શું?

**સાહેબજી :-** તત્ત્વની દૃઢ રુચિ છે. જ્યારે તે કોઈપણ આત્માના ગુણ જુએ તો તેના પર રાગ થાય છે, બીજાના ગુણ જોઇ પ્રીતિ-સદ્ભાવ થાય છે. રાગરૂપ રુચિ ઉપરની ભૂમિકામાં ચાલી જાય છે. પણ તેનો અર્થ એ નથી કે તેનામાં સમ્યગ્દર્શનનો પરિણામ નથી. ગુણાનુરાગ પ્રગટાવવાનું કામ સમ્યગ્દર્શનનું છે અને ગુણની પ્રતીતિ કરાવવાનું કામ પણ સમ્યગ્દર્શનનું છે. ગુણ-ગુણી પરનો રાગ વગેરે નીચેની ભૂમિકામાં રહેવાનું, પક્ષપાત-રુચિ ઉપરની ભૂમિકામાં નથી. ભગવાન માટે તમે એમ ન કહી શકો કે તેમને તત્ત્વનો પક્ષપાત છે. સામાન્ય સમ્યગ્દૃષ્ટિમાં તત્ત્વનો અભિનિવેશ, પક્ષપાત, રાગ વગેરે હોય તેવું કહી શકાય; વીતરાગમાં તેવું બોલો તો વીતરાગતાની વિરુદ્ધ થઇ જાય. તેમનામાં ગુણની પ્રતીતિ અને પરિણતિ બંને છે પણ ગુણનો પક્ષપાત નથી. એક થી છ ગુણસ્થાનક સુધીનું સમ્યક્ત્વ અને પછીના સમ્યક્ત્વનો વિભાગ

પડી જશે. ઉત્કટ દર્શનાચાર આગળ જતાં જ આવે અને ઉત્કટ દર્શનાચાર સુધી પહોંચવાનું કારણ શરૂઆતનો દર્શનાચાર જ બનશે. આપણા લેવલનો દર્શનાચાર રોજ ધીમે ધીમે પાળવો જોઇએ. આપણને આરાધક જીવો પ્રત્યે અપ્રીતિ, અબહુમાન વગેરે તો નથી થતાં ને? જ્યાં તેવો ભાવ આવે ત્યાં તેટલો દર્શનાચાર ખોઇ રહ્યા છો. પછી ઘણા કહે સામાના ગેરવર્તાવમાં આપણે જ સહન કરવાનું? બીજાએ નહીં? તો તે ન ચાલે. આરાધક જીવોની ખામી વગેરે સહન કરી આપણે મેળવીએ છીએ. મેં વેઠ્યું તેમ દેખાયા કરે તો પણ હજી પરિણામથી ચૂકે છે. મેં મેળવ્યું છે, તેમ જ થવું જોઇએ. દર્શનાચાર પાળવા ચોવીસ કલાક આપણા પરિણામો ધ્યાનમાં રાખવાના જ. નહિતર ક્યાંકને ક્યાંક ખામી તો આવે જ.

**યોગશતકમાં પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ સાહેબે લખ્યું છે કે, ધર્મ માટે ઘસાવવાનું આવે ત્યારે શું વિચારવાનું? કે "અપૂર્વ લાભની પ્રાપ્તિ થઇ રહી છે". વેપારીને થાય કે ધંધામાં સીઝન આવી છે, ગુમાવવા જેવું નથી. અહીં ગુણિયલ જીવોની ભક્તિ-આરાધનામાં પૂરક બનવામાં પણ ગુમાવવાનું ભાન થતું હોય, તો તેનો અર્થ એ કે આપણે ધર્મ નથી સમજ્યા. ધર્મભાવથી આપણે વિચારવું જોઇએ કે આ તો મેળવવાનું છે.**

**સભા(શિષ્ય) :-** અમને તો ભણતા હોઇએ ત્યારે જ થાય કે, "આ મારું કરું છું."

**સાહેબજી :-** જ્ઞાન આદિનો અભ્યાસ કરવા માટે પણ જીવે બીજા પ્રમાદ આદિ ખંખેરવા પડે છે. આપણે યોગોની આરાધના પ્રમાદ આદિને કારણે ઘણી ઓછી કરીએ છીએ. વળી જ્ઞાનાચાર વગેરેમાં લાગે કે "આ મારું કરું છું" અને પેલું "પારકું કરું છું" તો તેનો અર્થ શું? આમાં દાળમાં કાળું શું આવે? તેનો જ્ઞાન આદિનો વિકાસ કરવા પાછળનો આશય તૈયાર થવાનો હશે, કે ભણી ગણી આગળ આવું. પરંતુ તે જ્ઞાન આત્મકલ્યાણનું કારણ નથી, આરાધકભાવ સિવાયનું જ હશે. તે જીવ નવ્વાણું ટકા વિષાનુષ્ઠાનની નજીક ગણાશે. કેમ કે જ્ઞાન આદિની આરાધનાનું લક્ષ્ય તો જ્ઞાનધ્યાન ભણી તૈયાર થઇ જીવનમાં ગુણો વિકસાવવાનું છે. હવે જ્યારે ખરેખર વડીલોની ભક્તિ દ્વારા વિનય-વૈયાવચ્ચ આદિ સંયમજીવનના ગુણો વિકસાવવાનો અવસર આવ્યો ત્યારે, તેને સાધનરૂપ જ્ઞાનમાં મન જાય તો તેનો અર્થ શું? વિકાસનો તેનો અર્થ શું? જાણકાર બનું કે તૈયાર થાઉં? જાણકાર બનીશ તો બધાને સમજાવી શકીશ અને તો જ હું આગળ આવીશ. એટલે વિષાનુષ્ઠાન જ આવ્યું. તેમાં તો મલિન આશય છે.

**સભા :-** આ સ્પષ્ટ ન દેખાય?

**સાહેબજી :-** દેખાય તો તેને થાય કે ભક્તિ-વૈયાવચ્ચમાં પણ મારી આરાધના કરું છું. આજ મારી ખરી આરાધના છે અને તેને પારકું માનવું તે આંતરિક ભ્રમ છે.

અહીં કોઇ વડીલો તેવા નથી હોતા કે ચોવીસ કલાક વૈયાવચ્ચ કરાવે. વડીલો પણ વૈયાવચ્ચ કરનારનું ધ્યાન રાખતા હોય છે. પણ તેને શું લાગે? ભણું-ગણું તે મારો વિકાસ છે અને વૈયાવચ્ચમાં મારો કસ નીકળે છે. આમાં નવ્વાણું ટકા જીવ વિષાનુષ્ઠાન તરફ હોય.

તેના પરિણામોમાં ઇહલૌકિક અપેક્ષા આવી અને આલોકના આશય આવ્યા, તેમાં વિષાનુષ્ઠાન છે જ. "મારું કરી લઉં" તેમાં જ આરાધના દેખાતી હોય, તો નવ્વાણું ટકા વિષાનુષ્ઠાન, પછી એક ટકો મૂઢતાને કારણે કરે, તેવું પણ બને.

## સમાપ્ત

卐 卐 卐

## પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા. નાં વ્યાખ્યાનનાં પુસ્તકો

(૧) ચાલો ! મોક્ષનું સાચુ સ્વરૂપ સમજીએ

(૨) મનોવિજ્ઞાન

(૩) ચિત્તવૃત્તિ

(૪) પ્રશ્નોત્તરી

(૫) અનુકંપાદાન

(૬) સુપાત્રદાન

(૭) યોગવિંશિકા ભાગ-૧

(૮) યોગવિંશિકા ભાગ-૨

(૯) સ્યાદ્વાદ (અનેકાંતવાદ)

| | ગીતાર્થ ગંગાના પ્રકાશિત ગ્રંથો | વિવેચક |
|---|---|---|
| (૧) | યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | પંડિત પ્રવિણભાઇ મોતા |
| (૨) | અધ્યાત્મ ઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | પંડિત પ્રવિણભાઇ મોતા |
| (૩) | શ્રાવકના બારવ્રતોનાં વિકલ્પો | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૪) | યોગદ્રષ્ટિ સમુચ્ચય | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૫) | સદ્ગતિ તમારા હાથમાં | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૬) | કર્મવાદ કર્ણિકા | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |
| (૭) | દર્શનાચાર | ગણિવર્ય યુગભૂષણવિજયજી મ.સા. |

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈનમરચન્ટ સોસાયટી, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

ફોન : ૬૬૦ ૪૯ ૧૧

*Title Design*

DHANNA COMPUTERS PH : 6609654